॥ શ્રી નવનીત પ્રિય વિજયતે ॥

શીક્ષાપત્રના રચનાર

શ્રી હરિરાયજીનાં એકસો વચનામૃત

સાથે ટૂંકું જીવન ચરિત્ર, લીલા પ્રસંગો દશર્મમનો ભાવાર્થ, સેવા વિશેની
ટૂંકી સમજુતી, પંચાક્ષર મંત્ર, ગર્ભસ્તોત્ર ભાવાર્થ સાથે આશોચ દર્પણ

શ્રી દ્વારકેશ પ્રભુના ચરણોમાં સમર્પિત



આવૃતિ પહેલી
પ્રત ૨૦૦૦
પ્ર. ૨૦૦૩

પ્રકાશન સહાય
રૂા. ૧૫-૦૦
પોસ્ટે ખર્ચ સાથે

સંકલન–પ્રકાશક–પ્રાપ્તિ સ્થાન

ઠા. ગોરધનદાસ કરશનદાસ વીઠલાણી–માંગરોળ–૩૬૨૨૨૫.

શ્રી નાથજી સ્ટોર્સ
એમ.જી. રોડ, માંગરોળ.
ફોન–૨૨૩૬૦૯,રે.૨૨૩૪૯૧

શ્રી મધુવન નોવેલ્ટી
જેઈલ રોડ, માંગરોળ.
ફોન–૨૨૩૫૩૬,રે.૨૨૩૪૯૨

શ્રી મધુરેશ સ્ટોર્સ
જોધપુર ગેઈટ,
જામખંભાળીયા.

।। શ્રી વલ્લભઃ ।।

વ્યારાવાળા પ. ભ.

શ્રી ગોપાલદાસભાઈ
કૃત

મન પ્રબોધ

: ટીકા :
પંડિત કેશવદાસજી

卐

* સંકલન *
શ્રી વલ્લભપાદપદ્મમિલિંદ

卐

—: પ્રકાશક :—
પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર,
શિહોર-૩૬૪૨૪૦

।। શ્રીવલ્લભઃ ।।

મન પ્રબોધ

* રચયિતા *

મહાનુભાવ ગોપાલદાસજી (વ્યારાવાળા)

–: ટીકા :–

પંડિત કેશવદાસજી

: સંકલન :

શ્રી વલ્લભપાદ પદ્મમિલિંદ

* ભાવાનુવાદ *

પ્રા. રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા)

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર,
શિહોર-૩૬૪૨૪૦

卐

આવૃત્તિ-બીજી

卐

પ્રત : ૧૦૦૦

卐

ન્યોછાવર રૂ. ૨૫-૦૦

卐

સંવત ૨૦૫૧ સને ૧૯૯૫

卐

મુદ્રક :

શ્રી જય ચામુંડા પ્રિ. પ્રેસ,
૧૫ વિજય પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ
ફોન : ઓ. ૪૬૫૯૮

* કેસેટ પ્રકાશન *

પુષ્ટિ સંપ્રદાયના સંગીત ગાયક કલાકાર કિર્તન ભૂષણ શ્રી વિઠ્ઠલદાસભાઇ બાપોદરાના સુમધુર કંઠથી ગવાયેલ ત્રણ કેસેટો પ્રકાશિત થયેલ છે.

૧. જીન શ્રીવલ્લભ રૂપ ન જાણ્યો	રૂા. ૪૫/-
૨. શ્રીવલ્લભ ચિંતામણી મેરે	રૂા. ૪૫/-
૩. નવ વિલાસ નવ ગરબા	રૂા. ૪૫/-

ઉપરોક્ત કેસેટો નીચેના સ્થળેથી મળી શકશે,

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર

કંસારા બજાર,
શિહોર-૩૬૪૨૪૦.

પદ

મન રે તૂ શ્રીવલ્લભ કહિ રે,
જો કછૂ કામના હોત જિયમેં;
સો તતક્ષન તૂ લહિ રે. ૧

સકલ સુકૃત કો યહ પરમ ફલ,
ઓર ન કછુ રૂચિ ચહિ રે;
'**રસિક પ્રીતમ**' એસે પ્રભુ કે,
ચરણ શરણ નિત્ય ગહિ રે. ૨

(૨)

ભજિ મન વાક્ધીશ દયાલ,
શુદ્ધ પરમાનંદ પૂરન;
ખિન્ન જન પ્રતિપાલ. ૧

સૃજી ઉર દૃગ વકત્રતે,
જો ગોપિકા ગોપાલ,
તિનૈં નિજ પદ દેન કારન,
દિયો ટીકો ભાલ. ૨

શ્રુતિ મૂલ સબ તેં સ્થૂલ મારગ,
સરલ પરમ રસાલ,
અગમ શિવ બ્રહ્માદિતેં,
જો જીવ સિખયે ચાલ. ૩

શ્રવણ રંધ્રન સુનત પ્રભુ વચ,
ભજત ભવ ભય જાલ;
દ્રવહુ '**વલ્લભદાસ**' પૈ,
જો સદા લક્ષમણ લાલ. ૪

॥ શ્રીવલ્લભઃ ॥

મન પ્રબોધ

ભૂમિકા

(૧) આ ગ્રંથ શા માટે ?

મનુષ્ય સમજણો થયો ત્યારથી તેની શોધયાત્રા સતત ચાલતી રહી છે: હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? કયાં જવું જોઈએ ? જગત શું છે ? કયાંથી આવ્યું ? તેનું ભાવિ શું ? જગતને ચલાવનાર શક્તિ કઈ ? સાચો આનંદ કયો ? કેવી રીતે મળે ?....પ્રશ્નોની વણઝાર વધતી જ જાય છે.

એના જવાબ લઈને જગતના આ રંગમંચ પર કેટલાક મહાનુભાવો આવતા રહ્યા. એ બધા ઈશ્વરના અંશાવતાર છે અને તેથી વિવિધ પ્રકુત્તિના વિવિધ અધિકારવાળા, વિવિધ બીજ ભાવવાળા મનુષ્યો માટે તેમણે વિવિધ જવાબો આપ્યા. બધાજ જવાબો આમ તો સાચા છે, પણ તેમાં વિવિધતા છે, કયાંક વિરોધાભાસ પણ છે, કયો જવાબ કોને લાગુ પડે છે, તે ન જાણવાથી આપણે માની લીધું કે બધા જવાબ બધાને લાગુ પડે. બધી ચાવીઓ કદી પણ બધાંય તાળાં ખોલી શકે ખરી ?

શ્રીવલ્લભાચાર્યજીએ સકળ શાસ્ત્રોનું દોહન કરી, તેમના સાર રૂપ સિદ્ધાંત તારવ્યો–શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો. તત્ત્વજ્ઞાન કયારેય કેવળ વાતોનો વિષય ન બની શકે. તે જીવનનો આચરણનો વિષય બનવો જોઈએ. જે તત્ત્વ–જ્ઞાન જીવનમાં ગતિશીલ ન બને, તે નિરર્થક છે, નિરૂપયોગી છે, ભારરૂપ છે. 'જ્ઞાનં ભારઃ ક્રિયાં વિના.' આથી જ શ્રીવલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના તત્ત્વજ્ઞાનને જીવનમાં ક્રિયાન્વિત કરવા પુષ્ટિમાર્ગ બતાવ્યો.

આજે પાંચસો કરતાં ય વધુ વર્ષોથી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગ આપણી સામે પ્રત્યક્ષ છે, સ્પષ્ટ છે. છતાં આપણી સ્થિતિ 'તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહિ'ના જેવી જણાય છે. સાચા સુખને સદા માટે હસ્તગત કરવાનો, આનંદ ધામને પામવાનો આ દેહથી જ પ્રભુના દિવ્ય સ્વરૂપનો સરળતા અને સહજતાથી સાક્ષાત્કાર કરવાનો સુસ્પષ્ટ માર્ગ શ્રીવલ્લભાચાર્યજીએ બતાવેલો હોવા છતાં, આપણી મર્યાદાઓને કારણે આપણને તે માર્ગ મોટા ભાગે સમજાયો નથી અને તેથી પ્રત્યેક સમયમાં આપણી સ્થિતિ 'સુન્યો તો સહી પરિ સમુઝ્યો નાહિ' જેવી જ રહી છે.

વાક્પતિ શ્રીવલ્લભાચાર્યજીની વાણી પણ વિલક્ષણ અને વિશિષ્ટ છે એમની કૃપા વિના તે વિદ્વાનોનેય સમજવી કઠિન રહી છે. 'જો લૌં હરિ આપુન પે ન જનાવે તો લૌ યહ માર્ગકો સિદ્ધાંત પઢે સુને નહિ આવૈ.' આથી શ્રીવલ્લભાચાર્યજીની કૃપાથી જેમને જેમને વાલ્લભ-સિદ્ધાંત સમજાયો, તેમણે તેમણે નિષ્ઠાપૂર્વક તેનું આચરણ કર્યું અને સાથે સાથે તેમણે પોતાના ઉદાહરણ દ્વારા બીજાઓને વધુ સરળ ભાષામાં સમજાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો, પુષ્ટિમાર્ગમાં પાંચસો વર્ષથી આ પરંપરા ચાલી આવે છે.

જેમ પ્રાચીન કાળમાં મહાવીર અને બુદ્ધ જેવા ધર્મોપદેશકોએ પોતાનો ઉપદેશ લોકોની ભાષામાં, લોકોને સમજાય તે રીતે કર્યો, તેમ આપણા સંપ્રદાયમાં શ્રીવલ્લભાચાર્યજીના પૌત્ર શ્રીગોકુલનાથજીએ તે સમયની લોકબોલી વ્રજ ભાષામાં ધર્મોપદેશ કરવાનો પ્રારંભ કર્યો. આના પરિણામ સ્વરૂપે વાલ્લભ સિદ્ધાંતની વ્યાપક સમજ વધી. તેમાંથી પ્રેરણા લઈ શ્રીગોકુલનાથજીના ઘણા સેવકોએ વ્રજભાષામાં વિવિધ સૈદ્ધાન્તિક ગ્રંથોની રચના કરી. આ સાહિત્ય આજે આપણી પાસે ઉપલબ્ધ છે. પણ આજે પાછી

પરિસ્થિતિ બદલાઈ છે. એક જમાનો એવો હતો જ્યારે મથુરાથી સૌરાષ્ટ્ર સુધી એકજ ભાષા બોલાતી, તેમાંથી વિવિધ પ્રદેશોમાં વિવિધ ભાષાઓ વિકસી વ્રજભાષા, મારવાડી ભાષા અને ગુજરાતી ભાષા શૌરસેની અપભ્રંશમાંથી ઉતરી આવી હોવા છતાં આજે સ્વતંત્ર ભાષાઓ બની છે અને તેથી વ્રજભાષામાં રચાયેલું સાહિત્ય આપણને સરળતાથી પૂરેપૂરૂ સમજાતું નથી. આ સંજોગોમાં વાલ્લભ–સિદ્ધાંતને સમજીને દઢતાથી જીવન જીવનાર આવા વિદ્વાન ભક્ત કવિઓના સાહિત્યને ગુજરાતી વિવરણ દ્વારા સમજવું સરળ બને. આ હેતુથી જ આ ગ્રંથનું સંકલન–સંપાદન–પ્રકાશન થયું છે.

(૨) ગ્રંથકારનો પરિચય :

કોઈપણ ગ્રંથ તેના ગ્રંથકારના જીવનનું પ્રતિબિંબ હોય છે, કારણ મહાપુરૂષનું લક્ષણ છે—વિચાર, વાણી વર્તનની એકરૂપતા જે વિચારે, તે જ બોલે, જે બોલે તે જ આચરે. આથી તો આવા મહાનુભાવોના શબ્દોમાં આપણને દૃઢ શ્રદ્ધા થઈ જાય છે. આપણે વગર દલીલે તેમની વાત સ્વીકારી લઈએ છીએ, કારણ આપણે જાણીએ છીએ કે તે કોરી કલ્પના નથી, કેવળ બુદ્ધિવિલાસ નથી પૈસા કમાવા લખી નાખેલા શબ્દો નથી તે નક્કર અનુભવવાણી છે.

જેમ અજાણ્યા ઘેર પાણી પીતાં પહેલાં, માણસ તે ઘરની પરિવારની ભાળ મેળવે, તેમ આપણે જે ગ્રંથને સમાજવા ઈચ્છીએ, તે ગ્રંથના લેખક ચરિત્રને જાણવાનું પણ આપણને મન થાય તે સ્વાભાવિક છે લેખકનાં ચરિત્રનું માહાત્મ્યજ્ઞાન થતાં લેખક પ્રત્યે ભાવ જાગે લેખક પ્રત્યેના જાગેલા ભાવથી, તેમનો ગ્રંથ વંચાય ત્યારે તે સ્વાધ્યાયમાં શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિ ઉમેરાય આથી તે ગ્રંથની વાતો આપણે વિના હીચકિચાટથી સ્વીકારી, જીવનમાં અપનાવવા તત્પર બનીએ છીએ.

આથી જ આપણે હવે, આ ગ્રંથકારના ગ્રંથકાર વિષે પ્રાપ્ત થતી થોડી વિગતો જાણી લઈએ.

ગ્રંથકારનું નામ ગોપાલદાસભાઇ, પિતાનું નામ દેવજી મહેતા. માતા વહાલબાઈ. જ્ઞાતિએ કાયસ્થ વતન સૂરત જિલ્લામાં આવેલું વ્યારા ગામ. પત્નીનું નામ જવાદે, તેમને બે દિકરીઓ ગોમતીબાઇ અને શ્યામબાઈ. બે પુત્રો વલ્લભદાસ અને મુકુંદદાસ આખું કુટુંબ શ્રી ગુસાંઈજીના ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજીનું અનન્ય સેવક. ગોપાલદાસભાઈને તો શ્રીગોકુલનાથજીના સ્વરૂપનો દિવ્ય અનુભવ.

તેઓ ઉત્તમ કક્ષાના ભક્ત કવિ હતા. વાલ્લભ-સિદ્ધાંતના પણ ઉત્તમ જાણકાર. શ્રીગોકુલનાથજીમાં તેમની નૈષ્ઠિક ભકિત આ ત્રણે બાબતો તેમનાં ગ્રંથોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. તેમના ગ્રંથો નીચે પ્રમાણે છે.

(૧) **શ્રીગોકુલેશ રસાબ્ધિ ક્રીડાકલ્લોલ પ્રાકટ્ય સિદ્ધાંત.**

(૨) **રસિકરસ ગ્રંથ** અથવા **ગુજરાત પ્રસંગ**, જેમાં શ્રીગોકુલનાથજીના ગુજરાતના પ્રવાસનું વર્ણન છે. આ ગ્રંથ મુજબ સંવત ૧૬૪૭ના ફાગણ સુદ ૧૦ના રોજ શ્રીગોકુલનાથજી વ્યારામાં શ્રીગોપાલદાસભાઈના ઘેર પધાર્યાનો ઉલ્લેખ છે.

'સંવત સોલ સડતાલુ ફાગુણ સુદિ દસમિ દીન ઘેર પધારા નાથ, ભાગ્ય ઐહોના ધંન્ય ધંન્ય ધંન્ય વિત્ત બુધે અનુસાર ભાગ્ય થૈ જૈ થૈ આવી સેવા વીવીધી પ્રકાર કરી, પ્રભુને મંન્ય ભાવી.

(૩) **તૃતીયતરંગ.**

(૪) **માલોદ્ધારલીલા.**

(૫) **પંચમતરંગ** (અપૂર્ણ)

(૬) **સ્વરૂપરસાવલિ**–આ ગ્રંથની પ્રશંસા મથુરાવાળા ગો. શ્રીરમણીલાલજી મહારાજ તથા તેમના લાલ ગો. શ્રી કનૈયાલાલજી મહારાજે કરી છે.

(૭) **તત્વાર્થદોહન.**

(૮) **ભક્તભાવાર્થ.**

(૯) **શ્રીગોકુલેશપુર નિવાસ**

અને

(૧૦) **મનપ્રબોધ**

ગોપાલદાસભાઇ વિષે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

(૩) ગ્રંથ પરિચય :

શ્રીગોકુનાથજી નિત્યલીલામાં પધારતાં, તેમના અનેક અનન્ય ભકતોને શ્રીગોકુલનાથજીનો વિરહ થયો. આ ગ્રંથના રચયિતા શ્રીગોપાલદાસભાઈએ તેમની આવી વિરહાવસ્થામાં જ આ ગ્રંથ 'મનપ્રબોધ'ની રચના કરી છે.

'મનપ્રબોધ' ગ્રંથ વ્રજભાષામાં છે. તેમાં ૧૩ દુહા અને ૩૬ કવિત છે. આ લઘુ ગ્રંથમાં વિરહી રસિકજનના વિરહ ભાવોનું નિરૂપણ છે. વિરહ, પુષ્ટિમાર્ગમાં પરમાવધિ પુરૂષાર્થને પ્રાપ્ત કરાવનાર પરમ ફળ છે. 'આંતરં તુ ફલમ્' પરમ પુરૂષાર્થરૂપ વિરહભાવનું દાન વિરહભાવાત્મક શ્રીમહાપ્રભુજીથી થાય છે. આવી આજ્ઞા શ્રીહરિરાયજીની છે. માટે પરમ પુરૂષાર્થ પ્રાપ્ત કરવા ઈચ્છતા ભકતોએ–વલ્લભીયોએ શ્રીમહાપ્રભુજીનો અનન્ય આશ્રય કરવો જોઈએ.

શ્રીગુસાંઈજી 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'માં આજ્ઞા કરે છે કે : સ્વવંશે સ્થાપિતાશેષ માહાત્મ્યઃ' શ્રીમહાપ્રભુજીએ પોતાનું અશેષ

માહાત્મ્ય સ્વવંશમાં સ્થાપ્યું છે. તેથી 'શ્રીવલ્લભકુલમેં સબહી શ્રીવલ્લભરૂપ.' આ ન્યાયે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રી ગોકુલનાથજીના સ્વરૂપમાં અભેદ છે બંનેના જગવિખ્યાત નામ પણ એકજ છે–'વલ્લભ.' શ્રીગોકુલનાથજીના સ્વરૂપનું નિરૂપણ કરતાં 'વલ્લભાખ્યાન'ના રચયિતા શ્રીગોપાલદાસ ભાઈ પણ ગાય છે કે : 'તાત તણો પ્રતિબિંબ રે રસના.' આમ, શ્રીગોકુલનાથજી શ્રીમહાપ્રભુજીનું જ અપર સ્વરૂપ છે.

આવા અભેદભાવથી આ ગ્રંથનું અવલોકન કરવા સુજ્ઞ વૈષ્ણવ સમાજને વિનંતી છે. આ પ્રકારથી કરેલા અવલોકનથી શ્રીમહાપ્રભુજીમાં દૃઢ અનન્ય ભાવવાળા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીમાં ભાવની સુદૃઢતા થશે અને શ્રીગોકુલનાથજીના સ્વકીય જનોને શ્રીગોકલનાથજીમાં ભાવની સુદૃઢતા થશે. જે ભગવદીયો ગુણાતીત ભાવવાળા છે તેઓ તો કોઈપણ ભગવદ્‌સ્વરૂપમાં અનાદર નહીં રાખતાં, પોતાના ભાવાત્મક સ્વરૂપમાં દૃઢાસક્ત થાય છે. તેઓ મનની વૃથા ખટપટને હૃદયમાં સ્થાન આપતા નથી.

આ ગ્રંથનું શીર્ષક પણ થોડો વિચાર માગી લે છે. આ ગ્રંથને '**મનપ્રબોધ**' નામ કેમ આપવામાં આવ્યું હશે? મહાપુરૂષોમાં એક લક્ષણ જોવા મળે છે તેઓ 'પરોપદેશે પાંડિત્યમ' કરતા નથી તેઓ મોટા ભાગે આત્મચિંતન કરે છે અને તેથી આત્મોદ્ધાર અંગેના વિચારો પોતાની જાતના સંદર્ભમાં જ કરીને તે માટે પોતાના મનને સંબોધે છે. શ્રીમહાપ્રભુજીએ આ પ્રણાલિકામાં 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથની રચના કરી છે 'અંતઃકરણ મદ્‌વાક્યં શૃણુ સાવધાનતયા...' આ જ પરંપરા અહીં શ્રીગોપાલદાસભાઈએ સ્વીકારીને સ્વમાર્ગીય સિદ્ધાંતનો પ્રબોધ પોતાના મનને કરાવ્યો છે.

માનવદેહમાં મન મહત્ત્વનું છે. મનથી માનવ કહેવાયો.

મનમાં સંકલ્પ–વિકલ્પ કરવાની શકિતઓ રહેલી છે. સારા વિચારો કરવાનો અને આચરવાનો નિર્ણય તે સંકલ્પ અને નઠારા વિચારો કરવાનો અને આચરવાનો નિર્ણય તે વિકલ્પ. સામાન્ય રીતે મન સંકલ્પોને સ્વીકારવા તરફ ઓછું ઢળે છે, વિકલ્પોને સહજ રીતે સ્વીકારી લે છે, તેથી જીવનની ઉર્ધ્વગતિ થતી નથી. આ સંજોગોમાં મનની સંકલ્પોનો વિચાર અને સ્વીકાર કરવાની વૃતિ અને શકિતને સક્ષમ બનાવવાની જરૂર છે. આમ કરવા માટે મનને સતત જાગૃત રાખવું પડે તેને રોકતા અને ટોકતા રહેવું પડે. આમ કરવું તેનું નામ પ્રબોધન.

આ ગ્રંથ દ્વારા શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત તરફ મનની સુદૃઢ ગતિ માટે મનનું પ્રબોધન કરાવવામાં આવ્યું હોવાથી તેને 'મનપ્રબોધ' તરીકે ઓળખાવવામાં આવ્યો છે.

આ ગ્રંથના કવિ શ્રીગોપાલદાસભાઈ ગુજરાતી ભાષી છે. તેમના 'રસિકરસ' જેવા ગ્રંથો ગુજરાતી ભાષામાં રચાયેલા છે, ત્યારે આ ગ્રંથની રચના વ્રજભાષામાં કેમ કરી હશે ? એનું કારણ એવું સમજાય છે કે આ ગ્રંથ શ્રીગોપાલદાસભાઈની ઉત્તરાવસ્થામાં ગોકુલવાસ કરેલો. તેમના ગુરૂદેવ શ્રી ગોકુલનાથજીનું વ્રજભાષા માટે અધિક મમત્વ અને પ્રિયત્વ હતું. તેમના ગોકુલવાસને લઈને તેમની પ્રીતિ પણ વ્રજભાષા પ્રત્યે વધી હોય એ સંભવિત છે.

આપણા ત્યાં એક બીજી બાબત પણ સ્વીકારાયેલી છે. વ્યકિત પોતાની શકિત અને પ્રયત્નોથી ગ્રંથરચના કરી શકતી નથી. વાક્‌પતિ શ્રીપ્રભુ–શ્રીમહાપ્રભુ હૃદયમાં બિરાજી ગ્રંથરચના કરવામાં તે તે વ્યકિતને નિમિત્ત બનાવે છે. 'વલ્લભાખ્યાન'ની રચના નવ વર્ષના શ્રી ગોપાલદાસભાઇના હૃદયમાં બિરાજી

શ્રી ગુસાંઈજીએ જ કર્યાના અંતઃસાક્ષ્ય અને બહિઃસાક્ષ્ય પ્રમાણો છે. 'સૂરશ્યામ'ની છાપથી શ્રીપ્રભુએ ૨૫ હજાર પદો રચ્યાનું શ્રી સૂરદાસજીની વાર્તામાં સુપ્રસિદ્ધ છે. શ્રીપ્રભુને વ્રજ પ્રિય છે, વ્રજના વાસીઓ પ્રિય છે, વ્રજની ભાષા પ્રિય છે. તેથી શ્રી ગોપાલદાસ ભાઈના હૃદયમાં બિરાજી શ્રીપ્રભુના જ અપર સ્વરૂપ શ્રી ગોકુલનાથજીએ આ ગ્રંથરચના કરાવી છે એમ ગ્રંથનો આસ્વાદ કરતાં અનુભૂતિ થાય છે અને તેથી જ આ ગ્રંથરચના વ્રજભાષામાં છે.

(૪) ગ્રંથ પરનું ટીકાસાહિત્ય અને તેના લેખક :

ઉત્તર ગ્રંથો સૂત્રાત્મક ભાષામાં લખાયેલા હોય છે. તે ભગવદ્વાણીરૂપ છે. પરિણામે તે સામાન્યજનોને માટે 'દુર્બોધ' હોય છે. 'નારિયેલપાક' જેવા હોય છે. કેટલી બધી મહેનત બાદ નારિયેરમાંથી 'ટોપરું' મળે ? આવી દુર્બોધ રચનાને 'સુબોધ' કોણ બનાવી આપે ? જેને પ્રભુકૃપાથી આ સિદ્ધાંત સમજાયા હોય તે જ. સાહિત્યની ભાષામાં તેમને 'સમાનધર્મા' કહે છે.

આવા 'સમાનધર્મા' ભક્તકવિ શ્રી કેશવદાસજીએ આ 'મનપ્રબોધ' ગ્રંથ પર વ્રજભાષામાં ટીકા લખી છે.

કપડવંજમાં વેણીભાઈ દેસાઈ નામના શ્રી ગોકુલનાથજીના કૃપાપાત્ર વૈષ્ણવ થયા. તેમની દીકરી કુલકુંવરબાઈ (જન્મ સંવત ૧૮૦૮ મહા વદ ૧) પર શ્રી ગોકુલનાથજીની પૂર્ણ કૃપા. તેમણે શ્રી ગોકુલનાથજીનાં વિરહની વિનંતીઓનાં અનેક પદ રચ્યાં છે. તેમના સંપર્કમાં ભાગનગરી કેશવદાસ પંડિત આવતાં, તેઓ શ્રી ગોકુલનાથજીના સેવક થયા અને શ્રી ગોકુલનાથજીમાં ભરરૂચિવાળા વૈષ્ણવ બન્યા. કેશવલાલ પંડિતનું મુળ વતન દક્ષિણ ભારતમાં આવેલું હૈદ્રાબાદ તે ભાગનગરીના નામે તે સમયમાં જાણીતું. ત્યાંની દશા પોરવાડ જ્ઞાતિના તેઓ હતા તેઓ વાલ્લભ–સિદ્ધાંતના ઉત્તમ જાણકાર હોવાથી પંડિત તરીકે પ્રસિદ્ધ હતા. તેમણે પણ

ઘણા ગ્રંથોની રચના કરી છે. તેઓએ 'મનપ્રબોધ'ના ગ્રંથકર્તા શ્રી ગોપાળદાસભાઈનો સંગ સેવેલો. તેમના પ્રત્યે ઘણો અહોભાવ. તેથી તેમણે શ્રી ગોપાલદાસભાઈના ગ્રંથો પર ટીકાઓ લખી છે. તેમના ગ્રંથો અને ટીકાગ્રંથો નીચે પ્રમાણે છે.

(૧) તત્ત્વાર્થદોહન પ્રકાશ (ટીકાગ્રંથ)
(૨) મનપ્રબોધ ટીકા (ટીકાગ્રંથ)
(૩) વિજ્ઞપ્તિ શ્લોક ૩૫ પર ટીકા (ટીકાગ્રંથ)
(૪) શ્રીવલ્લભવેલ.
(૫) શ્રીવલ્લભશીઘ્રપ્રાપ્તિ.
(૬) દંડાકાર તિલક નિર્ણય.
(૭) કર્મરહિત શુદ્ધ ભકિત માર્ગ.
(૮) શ્રી વલ્લભભાઇ ભગવદીનો વિરહી સમાજ.
(૯) ધોળ, પદ, કવિત વગેરે

શ્રી કેશવદાસ પંડિતે સંવત ૧૮૬૬ ના માગસર સુદ ત્રીજે મનપ્રબોધ ગ્રંથ પર ટીકા લખવાનો પ્રારંભ કર્યો તેમના હૃદયમાં શ્રી ગોપાલદાસભાઈ પ્રત્યે અનન્ય મહદ્ભાવ હતો, જે આ ટીકા દ્વારા સ્પષ્ટ સમજાય છે. પ્રારંભમાં બે દુહાથી મંગલાચરણ કરી, પછી ૪૧ દુહામાં ટીકાની ભૂમિકા રજૂ કરી છે. ત્યારબાદ કાવ્યગ્રંથ 'મનપ્રબોધ' પર વ્રજભાષામાં ગદ્યમાં ટીકા રચી છે. ટીકા વિસ્તૃત, સરળ અને મૂળગ્રંથને પૂર્ણતઃ વફાદાર છે.

(૫) ગ્રંથમાં નિરૂપિત સિદ્ધાંતની ભૂમિકા :

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના વિપ્રયોગ સિદ્ધાંતની પ્રણાલિકાનું ગૂઢ રહસ્ય :

હિંદુ ધર્મના સર્વ આચાર્યોમાં કેવળ શ્રીમદ્ વલ્લભાચાર્યજી

પરબ્રહ્મ રસઘન પરમાત્માના વિપ્રયોગાત્મક સ્વરૂપના ગૂઢ રહસ્યનો બોધ કરનાર છે. આમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ દુનિયાભરના વિદ્વાન તત્ત્વજ્ઞાનીઓ તેમજ વિચારકો સમક્ષ ભગવાન માટેના દિવ્ય પ્રેમ અને ભગવાનના આ દેહે સાક્ષાત્કાર તેમજ અનુભવ કરાવવાની પ્રણાલિકાવાળો અદ્ભૂત સંદેશો વાસ્તવિક રીતે રજૂ કરેલ છે, કે જેના વડે જીવ માત્રને વિપ્રયોગ સિદ્ધાંતના અનુસરણથી ભગવદ્ સાક્ષાત્કારવાળુ દિવ્ય નવજીવન આ જન્મમાં જ પ્રાપ્ત થાય છે.

આ રહસ્ય વડે હાલના દોષદર્શી કળીયુગના સમયમાં પણ ભગવદ્ અવતારની અપ્રકટ દશામાંય હર કોઈ જીવ ઈશ્વરનો અનુભવ કરી શકવાની સૈદ્ધાંતિક તાકાત મેળવી શકે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ભગવદ્ પ્રાપ્તિ કરાવવાની આ અનોખી રીત આજદિન સુધી નિમકહલાલી પૂર્વક રજૂ કરવામાં આવેલી નથી તેનું દુઃખ થાય છે, તેથી પાશ્ચાત્ય દેશોના વિચારકો તેમજ તત્ત્વજ્ઞાનીઓને જેની ખાસ જરૂરિયાત છે એવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ભગવદ્ પ્રાપ્તિ કરાવવાના સંદેશાને અસરકારક રીતે બહોળા પ્રમાણમાં પ્રસારાવવાની ખાસ જરૂરિયાત છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતે એકેશ્વરવાદની પદ્ધતિ પરના શુદ્ધ અદ્વૈત તત્ત્વજ્ઞાનના પ્રથમ જ માર્ગદર્શક છે અને કૃપાના સિદ્ધાંતના ગૂઢ રહસ્ય સાથે વિપ્રયોગ પદ્ધતિ દ્વારા હરેક જીવને ઈશ્વરના અનુભવની પ્રાપ્તિ કરાવવાની રીતવાળા પ્રથમ જ આચાર્ય પણ છે.

ગોપીજનોએ ભગવાન શ્રીકૃષ્ણને ભોગવ્યા અને સંયોગ રસમાં પરમ કાષ્ઠાપન્ન અનિર્વચનીય એવા રસ સમૂહ જેવી રાસરસાબ્ધિથી કલ્લોલસર્વ ઇંદ્રિયો વડે આસ્વાદન કરી રસનો અનુભવ કર્યો, પણ તે શ્રીકૃષ્ણ ભગવાનની પૃથ્વી પરની પ્રકટ અવસ્થામાં શ્રીકૃષ્ણજીની હાજરીમાં જ તેમણે આ રસનો અનુભવ કર્યો છે.

શ્રીકૃષ્ણ ભગવાનનો વેણુનાદ એ ગોપીજનોના અંગેઅંગનું ઉદ્બોધન કરાવનાર હતો. એટલે કે આ વેણુનાદથી તેમને તેમના પૂર્વજન્મની સ્મૃતિ થઈ હતી. શ્રીકૃષ્ણ ભગવાને પોતાની વાણી વેણુ દ્વારા મોકલીને પોતાના ખરેખરા સ્વરૂપનું જ્ઞાન ગોપીજનોને કરાવ્યું, કારણ કે વાણી એ દેવતારૂપ છે. જે ભગવાનની યોગ્ય પાત્ર છે તે જીવની અંદર ભગવદીય સામગ્રી ભરપુર હોય છે. તેની જ સાથે ભગવાનની વાણીનો–બોલવા ચાલવાનો વ્યવહાર હોય છે. આવાં ગોપીજનો ભગવાન શ્રીકૃષ્ણના વેણુ દ્વારા વામાદિ વ્યવહારથી પોતાની જાતને ઓળખી શક્યાં કે પોતે કોણ હતાં ? કયા કારણને લઈને તેમને આ દુનિયા પર આવવું પડ્યું તથા તેમનો નિર્દેશક ભગવાન કોણ છે ? તેણે શું વરદાન આપ્યું હતું ? તેથી ગોપીજનોને ભગવાન શ્રીકૃષ્ણનો વેણુનાદ તેમના કર્ણ દ્વારા સંભળાતાં જ તેમણે સર્વ ઈન્દ્રિયોને આસ્વાદ્ય એવો સાક્ષાત્ સ્વરૂપ સાથેનો સંબંધ પ્રાપ્ત કર્યો જે મનોરથાન્તરૂપ બન્યો.

ગોપીજનોએ ભગવાન શ્રીકૃષ્ણ સાથેની સંયોગલીલામાં શ્રીકૃષ્ણ ભગવાનનો અંગસંગ પ્રાપ્ત કર્યો, જે રાસલીલામાં પરિણમ્યો. ભગવાન શ્રીકૃષ્ણ સાથે આ સંયોગલીલા–રાસલીલા ભોગવ્યા પછી જે સંયોગલીલાનું વિયોગલીલામાં પરિવર્તન થયું.

સંયોગલીલામાં ગોપીજનોએ ભોગવેલા અતિ આનંદમાં મસ્ત બની ગોપીજનોએ અભિમાન ધારણ કર્યું. તે જાણીને ભગવાન શ્રીકૃષ્ણ તેમનું અભિમાન દૂર કરવા ગોપીજનોને છોડીને અન્તર્ધ્યાન થઈ ગયા. આથી ભગવાન શ્રીકૃષ્ણ સાથેની વિયોગલીલામાં ગોપીજનોનું પરિવર્તન થયું. ગોપીજનોની આ અગાધ ઉંડાણવાળી અને નક્કર વાસ્તવિકતાવાળી વિયોગલીલા હોઇને ગોપીજનો ભગવાન શ્રીકૃષ્ણ સાથે અતિ વિગાઢ ભાવ વડે ભગવાનમાં અભેદની સ્ફુર્તિ કરવા લાગ્યાં. ત્યારપછી

ગોપીજનો ભગવાનમાં સ્મરણ સહિત સ્નેહમાં તરબોળ થઈ ગયા એટલે સાધન દશામાં જ ફળની સિદ્ધિ પ્રાપ્ત કરી.

ભગવાન શ્રીકૃષ્ણની પ્રગટ હાજરીમાં તો સંયોગરસના આસ્વાદનોની સિદ્ધિઓ પ્રાપ્ત થાય, એમાં તો સંશય ન જ હોય, પરંતુ ભગવાનની અપ્રકટ અવસ્થાના સમયમાં આવા સંયોગ રસના આસ્વાદનોની સિદ્ધિઓ પ્રાપ્ત કરવી ઘણી અઘરી છે.

તેથી સાધન દશામાં જ ફળની સિદ્ધિઓ જીવને પ્રાપ્ત કરાવવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ વિપ્રયોગની પ્રમેય સિદ્ધાંતની પ્રણાલિકા બતાવી છે, તેથી ભગવદ્ આવિર્ભાવ સિવાય પણ ભગવાનના અંગ રૂપી–રૂપ અને નામ વડે જીવને મુક્તિ મળે છે, આસ્વાદન મળે છે.

આ રીતે ગોપીજનોએ સંયોગરસને ભોગવ્યો છે અને વિયોગરસ પણ ભોગવ્યો છે. ત્યાર પછી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ભ્રમરગીતમાં નિર્દેશ કરેલ વિપ્રયોગ રસ પણ ભોગવ્યો છે.

અત્યારના જલદ કલિયુગના દોષદર્શી પ્રવાહમાં વિશ્વનાં જડ, જીવ અને ચેતન તત્ત્વોને કેવી રીતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય તેમજ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા પૂરતી ભગવાન માટેની યોગ્યતાની લાયકાત પ્રાપ્ત થાય, તેની કોઈ ખાત્રી મળી શકે તેમ નથી. તેથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રથમ બ્રહ્મમિમાંસા હાથ પર લીધી છે અને સૂત્ર ‘અથાતો બ્રહ્મજિજ્ઞાસા’થી શરૂ કરી, વાંચનાર તેમજ અભ્યાસ કરનારને બ્રહ્મમિમાંસાનો જ અભ્યાસ કરવા સૂચવે છે અને તેથી ‘ધર્માનન્તર્ય’ તેમજ ‘સાધન ચતુષ્ટય અનન્તર્ય’ જેવાં કોઈપણ સૂત્રો અહીં વિક્ષેપ કરી શકતાં નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ અધિકારાર્થ સૂત્રને એવા સત્ય તરફ દોર્યું છે કે જીવો તો અનેક દોષોથી દુષ્ટ હોવાના કારણે તેના શ્રેય માટે અધિકાર જરૂરી છે અને તેથી ‘જન્માદ્ યદિ

યસ્ય યતઃ' સૂત્રમા બ્રહ્મન્‌ની વ્યાખ્યા-વર્ણન ફક્ત એકલા વેદ પર જ પ્રમાણિક કરી રજૂ કરેલ છે. અને તેમ કરવામાં તેમની નેમ-ઈચ્છા-જીવનમાંથી અવિદ્યા-કલ્પિતભેદ-અજ્ઞાનતાના કારણે જીવે ભગવાન માટે કલ્પેલો ભેદ દૂર કરવાની જ ન હતી, પરંતુ હરેક જીવને બ્રહ્મનો અનુભવ કરાવવાની પણ હતી.

બ્રહ્મન્ એ કર્મ સાપેક્ષ છે. વેદ પણ એ જ સૂચવે છે. ઉપનિષદનું ઈશ્વર વિષેનું જ્ઞાન પણ બ્રહ્મન્‌ને 'સત્યં જ્ઞાનં અનન્તમ્ તરીકે વર્ણવે છે. બ્રહ્મન્‌નુ સ્વરૂપ લક્ષણ કહેવાને બદલે કાર્યલક્ષણ એટલા માટે વર્ણવે છે કે બ્રહ્મન્ એ વિશ્વના સર્જનહાર છે. તેથી સૂત્ર 'જન્માદ્ યદિ યસ્ય યત :' એ ઘણું અગત્યનું છે. આ રીતે બ્રહ્મન્ ચપળતા ધરાવે છે. બ્રહ્મન્ એ શબ્દમૂળ છે.

જીવાત્મન્ એ પરમાણુ જેવડો છે પરંતુ જીવાત્મન્‌ની પરમાણુ શકિત 'જીવના આખા શરીર પર ચંદનની માફક પથરાઈ જાય છે.

જીવાત્મનનું રહેઠાણ હૃદયમાં છે, તે ગુણ દ્રવ્ય સિવાય રહી શકતો નથી. આ રીતે જીવ બ્રહ્મ બની જાય છે અને બ્રહ્મભાવનો અનુભવ કરે છે. બ્રહ્મન્‌ના ધર્મો ધારણ કરતાં પોતાના અણુત્વપણા સાથે વિભુત્વપણાનો પણ અનુભવ કરે છે. તેથી બ્રહ્મમિમાંસામાં ધર્મમિમાંસા કે કર્મમિમાંસાની કોઈ જુદી જરૂરિયાત રહેતી જ નથી.

જીવાત્મન્‌નું વિભુત્વ વગેરે જીવાત્મન્ બ્રહ્મભાવનો અનુભવ કરે તે પહેલાંથી જ તેનામાં ગુપ્તપણે સુષુપ્ત અવસ્થામાં છે જ અને તે જીવાત્મન્‌માં વિકસે છે. જેવી રીતે નાના છોકરામાં પુરૂષપણું ગુપ્તપણે સુષુપ્ત અવસ્થામાં છે જ અને તે યુવાની ધારણ કરતાં વિકસે છે તેવી રીતે આખી વિશ્વસૃષ્ટિ આ રીતે બ્રહ્મ રૂપે વિકસવાનો પ્રયત્ન કરે છે. ત્યારે એ સૃષ્ટિ ભગવાનની આત્મસૃષ્ટિ બને છે અને આવી આત્મકૃતિ એ કેવળ ભગવાનની

લીલા બને છે. એ રીતે એમ જણાય છે કે બ્રહ્મન્ પોતાની મધુર ઈચ્છાને લઇ ને પોતાની અંગત રમતમાં પોતે પોતાને જડ, જીવ અને ચેતનમાં પોતાના ચઢીઆતાપણાને બાજુ પર રાખીને પણ ફેરવે છે અને અમુક જીવાત્મન્ અમુક કામ કરશે અને તેઓ તેને અમુક ફળ આપશે એમ વિચારે છે. તેથી ફલદાન કરવાની ઈચ્છાને લઈને બ્રહ્મન્ પોતાના અંશરૂપ જીવો પર અમલ કરે છે. તેથી મનુષ્ય જાતિના જીવોની પરિસ્થિતિને એક એકટર તરીકે સરખાવી શકાય. તેણે તો ફક્ત બ્રહ્મલીલામાં જે પાઠ ભજવવાનો મળે તે જ ભજવવાનો હોય છે. આ રીતે આ જડ, જીવાત્મક અને નામરૂપાત્મક સૃષ્ટિ એ બ્રહ્મન્ની આત્મકૃતિ હોય–આત્મ પરિણામરૂપ હોઈ, બ્રહ્મન્ની કેવળ લીલા જ છે.

જે ક્ષણે મનુષ્યનો જીવ અનુભવશે કે બ્રહ્મન્ પોતાની રમતમાં જીવને અમુક કાર્ય કર એવી દોરવણી આપે છે. તે ક્ષણે તે જીવ દુઃખી થતો મટી જાય છે. જીવના પોતાના કાર્યમાં રહેલા મર્યાદિત પ્રિયત્વના વિચારો દૂર થઇ જતાં જીવ 'સાધુનામ્ વસુદૈવ કુટુમ્બકમ્' એ ન્યાયે ભગવાનની મહાન ઉદાર વિશાળના અનુભવતો થઈ જાય છે.

એ રીતે જીવ પોતાના કર્તૃત્વને ભૂલી જઈને–છોડી દઈને બ્રહ્મન્ના કર્તૃત્વને યાદ કરીને પોતે કરેલા સર્વે કામોની જવાબદારી છોડી દે છે. તે જીવને પછી કોઇ કર્મબંધન રહેતુ જ નથી. તે પોતાનાં બધાં જ કર્મોને બ્રહ્માનંદની લીલામાં બંધાયેલાં જુએ છે. આ રીતે જીવનું કર્તૃત્વ માત્ર બ્રહ્માનંદના આનંદની પ્રાપ્તિ માટેનો ઉપાય બને છે. તેથી જીવ માત્રને દેહના સંબંધને લઇને તેના જીવનમાં જે જે કર્મો કરવા પડે છે, તે બધાં દેહ સંબંધના કારણને લઈને થઈ જાય છે. એટલે જીવનું કર્મકરણપણું એ દેહ સંબંધનું કારણ બને છે. તેથી

જ્યારે જીવ એવું અનુભવે છે કે દેહથી તેનો આત્મા જુદો છે ત્યારે તે પોતે કરેલાં કર્મોથી બંધાવાનું તેમજ કરેલાં કર્મોનું ફળ ભોગવવાનું છોડી દે છે. તે બધી જવાબદારીઓમાંથી મુક્ત થઈ જાય છે.

ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે દેહના અધ્યાસ વગરના એવા જીવનમુક્ત મહાનુભાવો કેવી રીતે કર્મો કરતા હશે ? અને તેમાં યે તેમના કર્મ વડે બ્રહ્મની અભિવ્યક્તિ પણ કેવી રીતે થતી હશે ?

આ રીતે દેહના અધ્યાસ વગર તેમજ દેહના અભિમાન વગર થતાં કર્મો તે બ્રહ્મકર્મો જ હોય છે અને તે જ્ઞાનમાં ફક્ત એક જ બ્રહ્મન્‌માં અભિવ્યકિત કરાવનારાં બને છે.

આ રીતે ભગવાન એ કર્મના કર્તા છે અને તે કર્તૃપણું બ્રહ્મન્‌ના તરફથી જીવને વારસામાં મળેલ છે, તેથી જીવાત્મન્ નિત્ય છે. જો કે જીવાત્મન્ અણુ છે છતાં બ્રહ્મભાવની કક્ષામાં તે વિભુત્વપણાને ભોગવી શકે છે. જેવી રીતે તાજનો કુંવર જ હંમેશને માટે રાજા થાય છે, તેવી જ સરખામણીથી જીવાત્મન્ કાયમને માટે વિભુત્વપણાને ભોગવી શકે છે.

બ્રહ્મન્ એ શબ્દનું મૂળ છે, તેથી બ્રહ્મન્‌માં વિકાર અને નિશ્ચયત્વપણાનો ભય રહેતો જ નથી.

જગતપ્રવાહનો છેડો નથી અને બ્રહ્મન્ એ બધા જ ધર્મોને ધારણ કરે છે, જડ, ચેતન અને જગત્ તે બધાયનો બ્રહ્મન્‌માંથી ઉદ્ભવ છે, છતાં પણ જડ એ ચેતન બનતું નથી તેમજ ચેતન એ જડ બનતું નથી.

વિકારને તો તેનું આગવું વ્યકિતત્વ કે અસ્તિત્વ છે જ નહીં. 'વાચા આરંભણ વિકારો નામધેયમ્, મૃતિત્વેન સત્યમ્ ઈતિ' ત્યાં વિકાર વાણીમાત્રના આરંભથી જ શરૂ થાય છે,

પરંતુ ખરેખર તો તે વસ્તુરૂપ જ જણાય છે, તો તે કયા બ્રહ્મકારણથી થાય છે, ત્યાં શ્રુતિના વાક્યથી સમજાય છે કે વાણીનો આરંભ શબ્દો વડે જ થાય છે, તેમાં જ તેનું અનન્યપણું જણાય છે. કાર્યનું કારણપણામાં અનન્યપણું છે પરંતુ તેનું મિથ્યાપણું નથી. બધા જ પદાર્થોનું જ્ઞાન આવે ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે કે જ્યારે બધા જ પદાર્થોનું અસ્તિત્વ હોય અને જ્યારે એકની જ અંદર તેઓનું અનન્યપણું હોય ત્યારે જ એકનું જ્ઞાન બધાયના જ્ઞાનનું સાધન બની શકે છે

બ્રહ્મન્‌ભાવની કક્ષા પર સર્વેશ્વર પોતાનું અસ્તિત્વપણું બંધ કરતું નથી. પરંતુ બ્રહ્મનથી સર્વેશ્વર એ જુદું અસ્તિત્વ ધારણ કરે છે એવી જે માન્યતા છે તેનો નાશ થાય છે અને બ્રહ્મન્ પોતે જ સર્વેશ્વર છે એ માન્યતા સર્વસામાન્ય બને છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પાસે શુદ્ધ અદ્વૈત બ્રહ્મભાવનો 'રસો વૈ સઃ' એવો ઉચ્ચ કક્ષાનો દિવ્ય રસલીલાનો તદ્દન શુદ્ધ સિદ્ધાંત છે. વિશ્વના દરેકે દરેક પદાર્થો અને વસ્તુઓનો એકે એક અણુ એ અણુ માત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યજી માટે ચોકખી સમજ પડે તેવા રસની સામગ્રી છે વળી, વિશ્વના દરેકે દરેક પદાર્થો તેમજ વસ્તુઓના અણુએ અણુને પોતાનું આગવું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે હંમેશને માટે ચેતનવંતુ છે, તેનો નાશ છે જ નહીં. પરંતુ તે રૂપાન્તર પામે છે. જ્યારે જરૂરિયાત ઉભી થાય ત્યારે રૂપાન્તરમાં ફેરવાય છે. દાખલા તરીકે જેવી રીતે પાણીમાંથી તેની બનતી વરાળ. વિશ્વના દરેકે દરેક પદાર્થો અને વસ્તુઓના અણુએ અણુનો ઉપયોગ ભગવાનની રસલીલા-રાસલીલામાં જરૂરનો છે જ.

તેવી જ રીતે મનુષ્યના શરીરનો અણુએ અણુ સાચો છે તેનું પણ રૂપાન્તર કરી શકાય છે, પરંતુ તેનો નાશ થતો જ

નથી અને તે ઈશ્વરના અનુભવની પ્રાપ્તિ માટે ખાસ જરૂરનો પણ છે. તેવી જ રીતના મનુષ્યના શરીરના અવયવોમાં રહેલા ગુણ, દુર્ગુણ, દોષ, બુદ્ધિ, ઈન્દ્રિય, મન, પ્રાણ, કામ, ક્રોધ, લોભ તથા માત્સર્યાદિ સર્વની સ્વતંત્ર ચોકખી સમજ પડે તેવી હાજરી છે જ.

દરેક વસ્તુનું સ્વતંત્ર અસ્તિત્વ રહે તેમાં કાંઈ ખોટું પણ નથી. વિશ્વની રચના કરનાર પ્રભુ સાચો છે અને તેથી તેની કરેલી વિશ્વની રચના પણ તેટલી જ સાચી છે અને તે ભગવાનની કેવળ લીલા જ છે. માયાની રચના છે જ નહીં. જ્યાં ઇશ્વર સત્ય છે ત્યાં તેની વિશ્વની રચનાની કૃતિમાત્ર પણ સત્ય જ છે. વિશ્વજગત પણ સત્ય છે અને વિશ્વની રચનામાંનો દરેકે દરેક પદાર્થ જેવાં કે જમીન, પર્વત, નદી અને અઠ્ઠાવીસ તત્વો એ બધાં યે પ્રભુના 'રસો વૈ સઃ' સ્વરૂપની સમજ પડે તેવા રસના જ પદાર્થો છે. દરેક જીવ જે જે ખાય છે, પીએ છે, પહેરે છે અને જે પથારી પર પોઢે છે તે સર્વે પદાર્થો આ જ રસની સામગ્રી છે.

જીવાત્મન્‌ને પોતાની પ્રકૃતિથી જુદા પડવાની કોઇ જ જરૂરિયાત નથી. રસલીલામાં તો મનુષ્યની પ્રકૃતિની સુવાસ કોઈ પણ પ્રકારનો વિકાર ધરાવતી જ નથી કારણ કે ત્યાં વિકારનું અસ્તિત્વ જ નથી. ત્યાં પ્રકૃતિ એ રસની સરખામણીનું તત્વ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ઇશ્વરનો અનુભવ કરાવવા માટે વિપ્રયોગને બતાવ્યો છે.

વિપ્રયોગમાં પ્રભુનું 'રસો વૈ સઃ' સ્વરૂપને પસંદ કરવામાં આવેલ છે. એટલે ત્યાં સંયોગ કે વિયોગની જરૂરિયાત છે જ નહીં, કારણ કે વિપ્રયોગમાં જ સંયોગ અને વિયોગનું ગુપ્ત

અસ્તિત્વ છે. જ્યારે જ્યારે મનુષ્ય ‘રસો વૈ સઃ’ સાથે જોડાય છે–સંબંધ બાંધે છે ત્યારે ત્યારે મનુષ્યમાં રહેલી સુષુપ્ત એવી સંયોગ અને વિયોગની ગુપ્ત શક્તિઓ સરખી રીતે જાગૃત થાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાના કેવળ (વિપ્રયોગના) ગુપ્ત રહસ્યના માલિક છે અને તેઓ પોતાની અંદર રસલીલા તેમજ રાસલીલાની આખીએ કક્ષાનું રહસ્ય ધારણ કરે છે તેથી જ પોતે એમ કહી શકે છે કે મારા સંબંધી સર્વ સકામ તેમજ નિષ્કામ વ્યવહારો કેવળ નિષ્કામ જ છે. ભગવાનનું કાર્ય એટલે જગતની ઉત્પત્તિ અને તેમાં ભગવાને કરેલી લીલા એ વૈષ્ણવ પ્રકાર જ છે. અને તેથી બ્રહ્મન્‌ને જાણનાર અને ઓળખનારના સર્વે વ્યવહારો બ્રહ્મપરા એટલે ભગવાન પરત્વેના જ છે. તેથી તે જીવના કોઈપણ કર્મને અન્ય કોઈનો સંબંધ થતો જ નથી, તે સિદ્ધ થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાના પ્રમેયના–કૃપાબળના–સિદ્ધાંતથી કહે છે કે ભગવદ્ અનુભવ મેળવવા માટે ફક્ત ભક્તિ એ એક જ સાધન છે, પરંતુ એ ભક્તિ સાચા સ્નેહના સંબંધવાળી એટલે કે પરસ્પરના વરણના પ્રકારની હોવી જોઈએ, ફક્ત નવધા સાધનભક્તિના પ્રકારવાળી ન હોવી જોઈએ. એ ભકિતનો સ્નેહ પ્રકાર સતત ઈશ્વર માટેના સ્નેહનો કાયમ રહેતો અને વહેતો પ્રકાર તથા ભગવાનના હૃદયમાંથી ભકત તરફ વહેતો સ્નેહનો ઝરો હોવો જોઇએ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિશ્વને અને જીવમાત્રને સત્ય તેમજ ભગવાનની જ શુદ્ધ સુવાસ તરીકે માને છે. એમનું શુદ્ધ અદ્વૈત એ સાચા અર્થમાં ફકત બ્રહ્મવાદ સિવાય બીજું કંઈજ નથી.

બ્રહ્મન્ દિવ્ય ગુણો ધરાવે છે. બ્રહ્મન્‌નું સ્વરૂપ આનંદ અને કૃપાનું જ છે, જે ફકત બ્રહ્મન્‌ની સુવાસ જ છે. જેવી રીતે

કેવળ ખાંડમાંથી બનાવેલ હરેક વસ્તુમાં ગળપણ હોય છે તેવી રીતે બ્રહ્મન્‌ની રચેલી હરેક વસ્તુમાં બ્રહ્મન્‌ની જ સુવાસ હોય છે તેથી જ બ્રહ્મન્‌ની કૃપા આનંદ વિશ્વના અણુએ અણુમાં છે. વિશ્વની દરેક વસ્તુ એ બ્રહ્મન્‌ના જ કોઈને કોઈ ગુણોને બતાવનારી છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી માટે તો જગત સત્ય છે અને તેમના પોતાના સ્નેહપાત્ર એવા ભકતોના સંસાર પણ સત્ય જ છે. વિશ્વનો દરેક પદાર્થ જેવો કે જવાર વગેરે પણ ઇશ્વરથી જુદો નથી. વિશ્વનો દરેક પદાર્થ એ પ્રભુની જ અમુક પ્રકારની વિભુતિરૂપ સામગ્રી છે.

મોક્ષ એ ભગવાનની જીવનમાં પ્રવેશ દ્વારા થતી પ્રક્રિયા તેમજ જીવની ઈશ્વરમાં પ્રવેશ દ્વારા થતી પ્રક્રિયા જ છે. એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં જીવના સ્વતંત્ર અસ્તિત્વનો નાશ થતો નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ભકિતમાં ઉચ્ચ કક્ષાની ભકિત એટલે પ્રભુ માટે નિઃસ્વાર્થ પ્રેમ ભકિત છે, જેનું અસલ રૂપ પ્રેમ, આસકિત અને વ્યસન છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે કે જીવાત્મનના મોક્ષ પ્રાપ્તિમાં પ્રભુ જીવાત્મન્ પર પોતાની કૃપાનું દાન કરે છે અને ભગવાનના આનન્દ સ્વરૂપમાં ભાગીદાર બનાવે છે.

પ્રભુના ભકતોએ પ્રભુને જ્ઞાનાવતાર તરીકે નહીં પણ સ્નેહની વિભુતિ તરીકે અનુભવવાના છે અને આનન્દ મેળવવાનો છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંત અનુસાર ઈશ્વરના સ્નેહને ભોગવવાનો આનન્દ એ જ ઉચ્ચ કક્ષાનો આનન્દ–મોક્ષ છે.

આ કળિયુગમાં જ્યારે ભગવદ્ પ્રાપ્તિ માટેનાં બધાં જ સાધન બળોએ પોતાનું વિદ્યાબળ તથા શકિતબળ ગુમાવી દીધાં

છે, ત્યારે પ્રભુની કૃપા પ્રાપ્ત કરવાને માટે ફક્ત સ્નેહભક્તિ એ એક જ પ્રક્રિયા બાકી રહે છે.

તેથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જીવાત્મન્‌ને ભગવદ્ પ્રાપ્તિ કરાવવા માટે કીટ ભ્રમર ન્યાયની સૈદ્ધાંતિક પ્રક્રિયા અપનાવી છે કીટ ભ્રમર ન્યાયમાં જેવી રીતે ભ્રમર પોતે પોતાના જેવો બીજો ભ્રમર બનાવવા માટે જાતે શ્રમ લઈ પ્રથમ પોતે માટી તથા પોતાની લાળ વડે તે ભ્રમરને તૈયાર કરવા માટે ઘર–પ્રયોગશાળા બાંધે છે. પછી તે પોતે કોઈપણ જાત કે રંગના કીડાને ઉપાડી લાવી તે ઘરમાં–પ્રયોગશાળામાં લાવી વસાવે છે. ત્યાર પછી તે કીડો જેટલું સહન કરી શકે એટલો જ ડંખ તે કીડાને લગાવે છે. જેમ જેમ કીડામાં સહન શક્તિ વધતી જાય છે તેમ તેમ તે ભ્રમર તે કીડાને વધુને વધુ જોરથી ડંખ લગાવી તે કીડાનું સેવન કરે છે. , આ પ્રક્રિયાથી ધીમે ધીમે તે કીડો પોતાનો રંગ, તેમજ આકાર બદલતો જાય છે અને ભ્રમરે તે કીડામાં સેવનદ્વારા દાખલ કરેલ ભ્રમરપણું ઉત્તરોત્તર વિકસતું જાય છે અને છેવટે તે કીડો પેલા ભ્રમર જેવો જ ભ્રમર બની ઉડી જાય છે. ત્યાં સુધી મૂળ ભ્રમર પેલા કીડાની પૂરેપૂરી કાળજીથી જતન કરે છે. અને પોતાનું રૂપ તેમજ સ્વભાવ તે કીડામાં દાખલ કરે છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં તો ભગવાન જ પોતે શ્રમ લઈને પોતાના પ્રિય એવા ભક્તોને પોતાને લાયક--સ્નેહની પરમકાષ્ઠાવાળા ભગવાનનો અનુભવ કરવાની તાકાતવાળા બનાવે છે. ખરી રીતે તો જીવે જ ભગવાનમાં પ્રથમ પ્રવેશ મેળવવો જોઈએ, પરંતુ અહીં તો ભગવાન જ પ્રથમ શ્રમ લઈને જીવમાં દાખલ થાય છે. અને આ રીતે ભગવાન જ જીવને પોતાના જેવો બનાવવા માટે તેને શુદ્ધ કરે છે અને જીવને બધી બાજુથી ભગવાનનો અનુભવ કરતો કરી દે છે.

પ્રથમ તો ભગવાને દરેક જીવને વિવેક વગેરેથી ભરપુર

ઈન્દ્રિયોવાળું શરીર આપીને તે જીવને અર્ધકૃપાયુક્ત બનાવ્યો જ છે. જો તે જીવ પછી પૂર્ણકૃપાયુક્ત બનાવાની પ્રક્રિયા મોહને વશ થઈને કદાશ પ્રાપ્ત ન કરે તો તેણે શરમાવા જેવું છે. તે જીવ પોતાના આત્માને છેતરનારો બને છે. જેવી રીતે ઘરમાં નિધિ સ્વરૂપ એવા ભગવાન પ્રાપ્ત થયેલા હોવા છતાં મંદ ભાગ્યને લઈને તે નિધિ સ્વરૂપ ભગવાનની કિંમત જીવ સમજતો નથી અને અજ્ઞાનતા તેમજ મોહવશતાના કારણને લઇને તે નિધિ સ્વરૂપ ભગવદ્‌મૂર્તિને પત્થર–કિંમત વગરની–સમજી પોતાનો પગ તે મૂર્તિ પર મૂકે છે, આ કેવળ મંદ ભાગ્યનું લક્ષણ છે.

જીવના અધિકારની આવી પરિસ્થતિ ટાળવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ઘણો શ્રમ લઈને વિપ્રયોગ સિદ્ધાંતની પ્રક્રિયા બતાવી, આ પ્રક્રિયા જીવને ઈશ્વરમાં બ્રહ્મસંબંધ દ્વારા જોડવા તેમજ ભગવાનનો અનુભવ કરાવવા દાખલ કરી છે. અને તેથી પહેલાં તો જીવ પોતે પોતાને પોતાનામાં જુએ છે કે પોતે કોણ છે? તેના અસ્તિત્વનું કરાણ શું છે? તથા પોતે શું કરવા આવેલ છે? તે માટેની પૂર્વજન્મની સ્મૃતિને અનુભવે છે. અને પોતાના ચાલુ જીવનમાં પોતાના સંસારમાંના એકમેક સાથેના સાચા સંબંધોનો અનુભવ કરે છે. પછી જીવ એની મેળે પોતાની ધન સંપત્તિ શું છે? લોક સંપત્તિ શું છે? કામ સંપત્તિ શું છે અને સંસાર સંપત્તિ શું છે? તેનું યથાર્થ જ્ઞાન પામી જાય છે અને પોતાની ધન સંપત્તિ, લોક સંપત્તિ, કામ સંપત્તિ તથા સંસાર સંપત્તિના બધા જ પદાર્થોનો પોતાના ચાલુ જીવન સાથે કેવા કેવા પ્રકારનો સંબંધ છે તે અનુભવવા માંડે છે. પછી તે જીવ વિશ્વના દરેક પદાર્થો તેમજ વસ્તુઓને અને પોતાને ઈશ્વરની સામગ્રી તરીકે માનતો થઈ જાય છે અને સામગ્રી સંપાદન કરવી તે અલંકાર રૂપ છે એમ

અનુભવે છે. પછી તે જીવ દરેક સામગ્રીના અણુએ અણુના પ્રભુ સાથેના સાચા સંબંધ વડે પ્રાપ્ત થતી દિવ્યતા મેળવવામાં ઘણો જ ચકોર બને છે. કારણ કે ભગવાનને સમર્પિત થયેલી સર્વે સામગ્રીઓ ભગવદીય બની જાય છે. કેવળ બુદ્ધિ સમર્પિત થતાં સર્વનું જ સમર્પણ સહજ રીતે થઇ જાય છે.

આવી રીતે જીવનું સર્વાંગી ઉત્થાન શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિપ્રયોગ રહસ્ય વડે પ્રાપ્ત થાય છે અને સાથોસાથ જીવ સાચો ભક્ત અને ભગવદીય બની જાય છે. પછી તે જીવને ભકિતરસની અપેક્ષા હોવા છતાં પણ તે જીવને ભગવદ્ સ્વરૂપ વડે ફરી ઈન્દ્રિયોનું ભકતપણું-પવિત્રતાપણું-પ્રાપ્ત થતાં તે ભકિત રસ કરતાં પણ અધિક રસ પ્રાપ્ત કરે છે. ભકિતમાર્ગમાં અંગિકાર એ ભાગ્યરૂપ હોવા છતાં પણ પુષ્ટિપુષ્ટૌ અંગિકારનું મહત્વ તે જીવ અનુભવી શકે છે. કેટલીક વખત વિષયબુદ્ધિનું વિદ્યમાનપણું હોવાના કારણે કોઈક વખત મોહ પણ થઈ જાય, છતાં પણ તે જીવનો ભકિતમાર્ગમાં કાલગ્રાસ થતો નથી. જે જીવ ભગવાનનું સેવન કરે છે તેને ફરી મોહમાયા ચોકકસપણે ઉદ્ભવતાં જ નથી, માયામોહને તે જીવ વશ થતો જ નથી એ રીતે જીવ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં પોતાના જીવભાવમાંથી નિવૃત્ત થાય છે અને ભગવદ્ભાવમાં પ્રવૃત્ત થાય છે.

આ રીતે શ્રીમદ્ વલ્લભાચાર્યજી જીવ માટે આશ્ચર્યકારક પગલું બતાવે છે. એટલે કે પ્રભુ પોતાના સ્નેહ વડે તે જીવના સર્વકાલના સર્વે દોષો દૂર કરે છે અને જીવ પાસે ભગવાનની સેવા કરાવી, જીવના મનના દોષો પણ નિવૃત્ત કરે છે. ભગવાન સર્વના આત્મા છે એટલે ભગવદ્ અર્થે જીવે કરેલા દરેક ત્યાગને અનુલક્ષીને પ્રભુ જીવ માટે તે તે રૂપ ધારણ કરે છે, કારણ કે પરસ્પર વરણ-સ્નેહના સંબંધનો પ્રકાર જ એવો છે, આ જ ફળરૂપાભકિત છે.

આવા ભકતો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી આવી ફળરૂપ ભક્તિમાં જ જીવન વ્યતીત કરે છે.

આવી ફળરૂપતા તો ત્યારે જ પ્રાપ્ત કરે છે કે જ્યારે ભગવાનનું સેવાસ્મરણ કરતાં કરતાં બહુ પ્રકારથી રસ અભિવ્યક્ત અનુભવયુક્ત થાય. તે રસના અનુભવથી ભગવાન સાથે એકાત્મપણું પ્રાપ્ત થાય છે. એટલે પછી તે ભક્ત ભગવાનના સાયુજ્યની ઈચ્છા રાખતો નથી. પરંતુ ભગવાન સાથે પ્રેમનો સંબંધ પ્રાપ્ત કરે છે. જે રીતના તે ભક્ત ભગવાનમાં પ્રેમવાળો થાય છે, તે જ રીતના ભગવાન પણ તે ભક્તમાં પ્રેમવાળા થાય છે, કારણ કે પ્રિય વસ્તુ સ્નેહીને જ આપી શકાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિપ્રયોગ સિદ્ધાંતમાં ભગવાને પોતે જ જીવ માટે શ્રમ લેવાનો હોય છે એટલે કે ભગવાને જ જીવને ઈશ્વર સંબંધી સાચું જ્ઞાન આપવું પડે છે. ભગવાને જ જીવને તેના ચાલુ જીવનને દિવ્ય બનાવવાનું જ્ઞાન આપવું પડે છે. અને જીવને તેના સાચા અસ્તિત્વ માટે અને તેના જન્મના કારણ માટે ચકોર બનાવવો પડે છે. તે જીવને તેના ચાલુ જીવનમાં ચારે બાજુથી ઈશ્વર પ્રાપ્તિ માટે તૈયાર કરવો પડે છે. આથી જીવને કાંઈ જ કરવાનું રહેતું નથી, કારણ કે ભગવાને જ જીવ માટે કામ કરવાનું હોય છે.

આ કલિયુગમાં જીવાત્મન્ માટે ઈશ્વર પ્રાપ્તિ માટે પોતાની લાયકાત તૈયાર કરવાનું તદ્દન અશક્ય છે. અહીં ભગવાન જ કર્મ સાપેક્ષ છે. ભગવાન જ જીવને તૈયાર કરવા માટેના પગલાંની વ્યવસ્થા કરે છે. જીવ જે ભગવાનનો આશ્રય કરે છે તે જ ભગવાન તે જીવના આત્મા બની પ્રકાશે છે. આ પુષ્ટિમાર્ગમાં તો જીવ માટે શરૂઆતથી જ ભગવદ્ભાવ કરવાનો હોય છે. અહીં જીવભાવની ગૌણતા છે. ભગવદ્ભાવની મુખ્યતા

છે. કારણ કે જીવાત્મન્‌માં તેનું મન માયામોહમાં વિક્ષિપ્ત હોવાવાળું હોવાથી ક્ષણે ક્ષણે અનેક વ્યસનવાળો થઈ જાય છે. આવાં વ્યસન લાગુ ન પડે તે માટે પ્રથમ ગુરૂ એ જ એક સાધન છે અને પુષ્ટિમાર્ગમાં તો ભગવાન એ જ ગુરૂ છે. એટલે જીવે ભગવાનમાં જ ગુરૂપણું રાખવાથી તેને પ્રભુ માટેનો પ્રેમ-આસક્તિ અને વ્યસન લાગુ થતામાં જ રસનો અનુભવ થાય છે.

અહીં એમ સંશય-શંકા થાય કે જ્યારે વિષય-માયામોહ-વ્યસન વગેરે ઈશ્વરે જ આપેલી સામગ્રી છે, તો પછી, તે સામગ્રીનો ત્યાગ શા માટે કરવો જોઈએ ? ત્યાં કહે છે કે સર્વ સામગ્રીમાત્ર રસ રૂપ છે અને એ બધા ય રસો અહીં પ્રકટ છે. પરંતુ તે બધા કેવળ મધુર રસ વ્યક્ત કરનાર નથી. સ્ત્રી સહિત ભગવાનનું ભજન મુખ્ય કર્તવ્ય છે, પરંતુ કોઇપણ સામગ્રીનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવાનું નથી.

જીવ જ્યારે સુખની અપેક્ષા કરે છે ત્યારે ભગવાન પોતે જ જીવના સુખરૂપ થઇને સુખ પ્રદાન કરે છે, વળી જીવ જ્યારે ભગવદ્‌ પ્રાપ્તિ માટે સાધનોની અપેક્ષા કરે છે ત્યારે ભગવાન પોતે જ જીવ માટે સાધનરૂપ બની જઈ અલૌકિક સાધનો પ્રદાન કરે છે. ભગવાન તો પોતાના ભક્તને – જીવને વૈકુંઠ પર્યંત જવા માટે શ્રમ-દુઃખ ન પડે તે માટે વૈકુંઠરૂપી ભગવાન પોતે પોતાને જીવ પાસે લાવી દે છે. ભગવાન જીવને સહેજ પણ દુઃખ પડવા દેતા નથી એટલી બધી કાળજી ભગવાન જીવ માટે રાખે છે.

જીવને સારા તેમજ ખરાબ પ્રકૃતિના વિચારો જે પદાર્થોના રંગ, સુગંધ અને અવાજ વગેરેથી ઉદ્‌ભવે છે તે બધાનું મૂળ ઇશ્વરની ઈચ્છા હોય છે અને તે ભગવાનની લીલાના દિવ્ય

હેતુઓસર જ ભગવાન પોતે યોજે છે. તેણે જીવે તો આનંદથી ઈશ્વરની કૃપાના ફળ તરીકે સ્વીકારી, દુઃખની નિવૃત્તિ કરવાની છે.

મનુષ્યની એકેએક પ્રવૃત્તિના અણુએ અણુની કાંઈને કાંઈ કિંમત હોય છે જ. ભગવાનના આનંદનો ગુણ વિશ્વની રચનાના અણુએ અણુમાં હરેક જગ્યાએ વિદ્યમાન છે. નિરાશા, હતાશા, દુઃખ, મહેનત, મુશીબતોમાં તેમજ આંસુ જેવા પદાર્થોમાં પણ એ જ ભગવાનનો દિવ્ય આનંદ ભોગવી શકાય છે. ટૂંકામાં ભગવાનને શોધવામાં એકાગ્રતા તેમજ મક્કમતાથી દરેક પ્રવૃત્તિમાં ભગવાનના આનંદને અનુભવવાની પ્રવૃત્તિ જ હિતાવહ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પૃથ્વી પર સર્વના ઉદ્ધાર માટે પ્રકટ થયા છે. અને તેથી તેમણે વિપ્રયોગના રસાત્મક એટલે પૂરેપૂરા સ્નેહ અને કૃપાના સિદ્ધાંતની ઉચ્ચ કક્ષા બતાવી છે. તેમનો દિવ્ય પ્રેમ એ ખરેખર અગ્નિ જેવો તાપાત્મક છે, જેના સ્પર્શ માત્રથી જ પદાર્થમાં રહેલ મૂળની વિકૃતિ દૂર થાય છે અને પદાર્થની પ્રકૃતિને શુદ્ધ કરી નરમ બનાવી રસાળ બનાવે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાની સર્વોદ્ધારની પ્રક્રિયામાં તેમની અંદર ગુપ્તપણે રહેલો રસાળ તાપાત્મક પ્રકાર અપનાવે છે અને વિશ્વના દરેક પદાર્થને શુદ્ધ કરી, નરમ બનાવી, રસાળતા પ્રાપ્ત કરાવી તેણે 'રસો વૈ સઃ' ના એટલે ભગવાનના રસ સ્વરૂપના ચોકખા રસની દિવ્યતા પ્રાપ્ત કરાવી, રસરૂપ બનાવે છે. આ રીતે ભક્ત–જીવાત્મન્–ભગવદ્‌મય બને છે અને ભગવાનનો બની રહે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાની ગુપ્ત રસાળ તાપાત્મક તાકાત વડે વિશ્વના દરેક પદાર્થને જાગૃત કરી, મૂર્ત બનાવવાની પ્રક્રિયા આદરી છે. અને તેમ કરવા માટે તેઓએ ત્રણ વખત

પૃથ્વી પરિક્રમા ઉઘાડા પગે ચાલ ા કરી છે, જેથી કરીને પૃથ્વી તત્વના અણુએ અણુના રજકણોને એમના ખુલ્લા ચરણારવિંદનો સ્પર્શ થતાં જ પૃથ્વીતત્વને ગૃત-મૂર્ત બનાવ્યું છે. અને પરિક્રમા દરમ્યાન જળાશય પાસે મુકામ કરીને, સ્નાન વગેરે કરી, તેમના દેહ સાથે જલતત્વને સંબંધ થતાં જલતત્વને મૂર્ત બનાવેલ છે. દરેક વિશ્રામ સ્થળે ભગવદ્દપારાયણ કરીને તેમની વાણીના સ્પર્શ વડે આકાશતત્વ, ચુતત્વ અને તેજતત્વ વગેરેને મૂર્ત બનાવેલ છે. આમ વિશ્વના પંચાત્મક તત્વો તેમજ અન્ય અઠ્ઠાવીસ તત્વો સાથે પોતે ાના સંબંધ દ્વારા પોતામાં ગુપ્તપણે રહેલ રસાળ તાપાત્મક કાત વડે વિશ્વના જડ, જીવ, પશુ, પક્ષી વગેરે સર્વેને સર્વોદ્ધા માટે જાગૃત કર્યા છે અને તે બધાંયને ભગવાનના ઉચ્ચ ‘રસે વૈ સઃ’ એવા રસ સ્વરૂપમાં અંગિકાર માટે અર્પણ કર્યા છે. ા રીતે પોતે વિશ્વના પદાર્થો તેમજ તત્વોને જાગૃત કરી, પ્રભુ -મુખ કરી સર્વોદ્ધાર આદર્યો છે.

આ રીતે પોતે દેવ તથ દેવીઓની જુની પત્થરમાં, લાકડામાં, કાગળમાં તેમજ ધ ઓમાં કોતરેલી મૂર્તિઓને પોતાની ગુપ્ત રસાળ તાપાત્મક ત ત વડે મૂર્ત બનાવી, સાચા વૈદિક માર્ગ પ્રમાણે પત્થરોને મેશ્વર બનાવવાની ગુપ્ત મૂર્તિ-પૂજાને જાગૃત કરી, નિરંજન નિરા એવા ભગવાનના ‘રસો વૈ સઃ’ ના રસરૂપ સાકાર સ્વરૂપને પ વગેરે તત્વોમાં મૂર્ત કરી, સ્વરૂપની પ્રતિષ્ઠા કરી, રસરૂપ પ્રકાર પ્રકટ બતાવી, જીવને ભગવાનના રસરૂપ આનંદનું દાન યું છે.

શ્રીમદ્દ વલ્લભાચાર્યજી વિ યોગ રહસ્ય પ્રકટ કરી, તેને અપનાવવામાં વધારે સાચા છે, રણ કે આવા કલિયુગમાં જીવને ભગવદ્દ સંબંધ કે સાક્ષા ર મળવો દુર્લભ જ હતો. આ વિપ્રયોગ રહસ્યમાં ઈશ્વરનો જીવ માટેનો પ્રેમ એ જ

મુખ્ય સિદ્ધાંત બને છે. સર્વાત્મભાવના પ્રાથમિકપણામાં જીવ પ્રથમ ઈશ્વર માટે પોતાનો અંગત પ્રેમ ધારણ કરે છે જે ઉચ્ચ કક્ષાએ જતાં ભગવાન જીવ માટે પોતાનું ઉચ્ચપણું છોડી, જીવને પોતાનો માની નીચે આવે છે. અને આ રીતે ભગવાન પોતે પ્રેમાસ્પદ પ્રભુ બને છે.

અંગત સ્નેહ એ બીજ છે, વિશ્વપ્રેમ એ ડાળીઓ-પાંદડાં સાથેનું વૃક્ષ છે જયારે ઈશ્વર માટેનો પ્રેમ એ પુષ્પ છે અને ઇશ્વરનો જીવ માટેનો પ્રેમ એ જ ફળ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મ સંબંધનો સિદ્ધાંત ભગવાન સાથે જીવને સીધો સંબંધ કરાવવા માટે અપનાવ્યો છે. તેમણે આ બ્રહ્મસંબંધ તત્વ વડે વિશ્વમાત્રના દરેક જીવને તેના ચાલુ જીવનમાં જ ભગવાનનો સીધો જ સંબંધ સાક્ષાત્કાર કરાવવાનાં દ્વાર હંમેશ માટે ખુલ્લાં જ રાખ્યાં છે.

આ રીતે જે જીવ બ્રહ્મસંબંધથી જોડાયો છે, તે ભગવાન સાથે દિવ્ય જીવન જીવવાનો આનંદ લઈ શકે છે. તે જીવ ભગવાનની લાલસાવાળો થવાથી ભગવાનમાં જ તેની આસકિત અને વ્યસન થાય છે. આ રીતે તે જીવ પોતાના અવયવોના પદાર્થો અને વસ્તુઓમાંની વિકૃતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના રસાળ તાપાત્મક સિદ્ધાંતની તાકાત વડે દૂર કરે છે અને સમજી શકાય તેવી શુદ્ધિ પ્રાપ્ત કરી, નરમ રસાળતા પ્રાપ્ત થતાં ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે છે અને ભગવાન સાથે પ્રેમબદ્ધ થાય છે એટલે અંતઃકરણથી પ્રેમાળપણે ભગવાનમાં બંધાયેલા જીવને ભગવાન પણ ભૂલી શકતા નથી. આવા જીવને ભગવાન પોતાનો માની, અંગત આશ્રય અને રક્ષણ તળે રાખે છે અને તેનો પછી અન્યત્ર વિનિયોગ થવા દેતા નથી.

સાક્ષાત્ ભગવાનનો દેહ સંબંધ જેનામાં સર્વભાવ વડે હોય છે તેના કરતાં ભગવાન સાથેનો પ્રેમયુકત આન્તર સંબંધ વધારે ઉંચો છે એટલે જે જીવની દેહ, ઈન્દ્રિય, મન વગેરેની ઉત્પત્તિ ભગવાનને બદલે અન્યને માટે હોવા છતાં જો તે ભગવદ્ પરત્વે ઉપભોગમાં આવે તો તે જીવના દેહ, ઈન્દ્રિય, મન વગેરે ભગવદીય બની જાય છે. ભગવાનમાં જ જેનું મન છે, ભગવાનમાં જ જેના પ્રાણ અને ઈન્દ્રિયો છે અને ભગવાન માટે જ જે જીવ જીવી રહયો છે, ભગવાનમાં જ જે જીવી રહ્યો છે તે જીવની સર્વે ઈન્દ્રિયો વડે ભગવાનના સંબંધવાળા જ વિષયો ઉદ્ભવે છે. તે જીવનો દેહ પણ ભગવાન માટે જ વપરાય છે. એનો અર્થ એ થયો કે તે જીવ ભગવાન માટે જ પોતાના દૈહિક બધા જ વિષયો છોડી દે છે અને ભગવાનને જ ગ્રહણ કરે છે. તેવી રીતે જીવનારના કામ, ક્રોધ વગેરે પ્રકૃતિના દોષો એ ભગવાનના જ દોષો બને છે, જીવના દોષો ગણાતા નથી. આવા જીવની ચાલુ જીવનની પ્રવૃત્તિમાં પણ તે જયારે જયારે ભગવાનની સેવા કરે છે ત્યારે તે વખતે સેવાયેલા ભગવાન જગત્‌માં એકલા સેવાયેલા ગણાતા નથી. પરંતુ ભગવાન મૂળમાં જ્યાં બિરાજે છે તેવા વૈકુંઠધામ સુધી તેના હાથ લંબાઈને તેની કરેલી સેવા ત્યાં પહોંચે છે અને ભગવાન જ્યાં બિરાજતા હોય તે વૈકુંઠમાં થયેલી સેવા ગણાય છે, પછી તે કેવળ જગતમાં લૌકિકમાં કરેલી સેવા રહેતી નથી. તેથી ભગવાનના ગુણનું અનુશ્રવણ એ જ જીવનનું નિત્યકર્મ બને છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાની અંદર જ ગુરૂ અને ભગવાનને ભોગવવાનો આનંદ લીધો છે. તેઓ એકલા જ વિશ્વના જીવમાત્રને ભગવદ્ સાક્ષાત્કાર કરાવવાની ઉંચી કોટીની દિવ્યતા રજૂ કરનાર શોધક છે. તેમને માટે ગુરૂ અને ભગવાન એક જ છે, ભિન્ન નથી. તેમની વિપ્રયોગ સિદ્ધાંતની પ્રણાલિકા

હંમેશને માટેની રસાત્મક અને ન પડકારી શકાય તેવી પ્રક્રિયા છે. આ જ પ્રક્રિયા વડે તેઓ પોતે જ દરેક જીવને તેની બુદ્ધિને પ્રેરણા આપી જાગૃત કરે છે. તેના વડે ભગવાનનું બધું જ પ્રેરકપણું તે જીવ માટે થાય છે. તે જીવને મૂળ પુરૂષોત્તમ ભગવાનના સ્વરૂપ સંબંધીનું જ્ઞાન ભગવાન પોતે પ્રેરણા કરી આપે છે. એ રીતે જીવનમાં તે સ્વરૂપનું ઉત્થાન કરીને ભગવાન તે જીવને પોતાની સાથે ફ્લ સંબંધ કરાવે છે. આ રીતે પ્રેરણા મેળવનાર જીવને ઈશ્વર સિવાય બીજા કોઈપણ ગુરૂના માધ્યમની ઈશ્વર સંબંધીના જ્ઞાન માટે કે વિશ્વ અને પ્રપંચ વગેરેના જ્ઞાન માટે જરૂર રહેતી નથી. આ સિદ્ધાંત અનુસાર ભગવાન જ જીવ માટે ગુરૂ બની જાય છે અને પોતાની સીધી પ્રેરણાથી જીવને જરૂરી બધું જ જ્ઞાન કરાવે છે. અને આ રીતે જીવ પોતે સ્વતંત્ર ભગવાનના કૃપારસનો ભોક્તા બને છે અને આવો વિપુલ પ્રસાદ–કૃપા એ સ્વતંત્ર ભકિત જ છે.

પદ

ભયે હમ શ્રી વલ્લભ કે દાસ,
વર્ણાશ્રમ મિટાય સુખ દીનો;
હરી સકલ ભવ ત્રાસ.....૧

વૈષ્ણવ નામ પર્યો તા દિન તેં,
સુની આનંદ હુલાસ;
હૃદય જુડાત અકિન યહ બાની,
ગિરિધર કેરિ ખવાસ.....૨

વકમ્રજ ચરણરેણુ ચિંતામણિ,
તા બલ સહયો સુપાસ;
‘વલ્લભદાસ’ પાય સુરતરુ ફલ,
કરૈ કૌન કી આસ ૩

શ્રી ગોકુલેશ પ્રભુના કૃપાપાત્ર અનન્ય વ્રતધારી
મહાનુભાવ ભક્ત કવિ શ્રીગોપાલદાસજી વ્યાસ કૃત

મનપ્રબોધ ગ્રંથ

(મુળ-અનુવાદક : પં. કેશવદાસજી (કવિ))

ટીકા-પ્રારંભ : મંગલાચરણ

શ્રી ગોકુલનાથજીના સેવક શ્રીગોપાલદાસજી વ્યારાવાળાએ સાક્ષાત્ અનુભવ કરીને અનેક જીવોના પરોપકાર અર્થે આ ગ્રંથ પ્રકટ કર્યો. આ ગ્રંથ રત્નરૂપ વિરહભાવ સંયુકત છે. શ્રીગોપાલદાસજીનો હું ચરણરજ છું. તેથી મારા હ્રદયમાં વસીને, તેમણે આ ટીકા રચવાની પ્રેરણા કરી અને આ ટીકાને અલંકૃત કરી છે. તેમની કૃપાથી મેં કવિ કેશવદાસે આ ટીકા પ્રકટ કરવાનો મનોરથ કરી, સંવત ૧૮૬૬ના માગશર સુદ ત્રીજના રોજ ટીકા લેખનનો પ્રારંભ કર્યો, તેઓ આ મનોરથ પૂર્ણ કરશે.

શ્રીગિરધરલાલ મહા દયાલ અંગ અંગ રૂપ રસાલ,
નિજજનકે પ્રતિપાલ રાખોં અંક ભરકે.
બંક લોચન વિશાલ મુખ સોહે બીરા લાલ,
ચલત ગજરાજ ચાલ નિરખ નૈન હરખે.

આ બે કડીઓમાં કવિ કેશવદાસજીએ ટીકા-લેખનના પ્રારંભમાં મંગલાચરણ કર્યુ છે. સામાન્ય રીતે, મંગલાચરણના બે હેતુઓ હોય છે. (૧) ગ્રંથરચનામાં વિઘ્ન ન આવે તે માટે પોતાના ઈષ્ટને નમન કરી વિનંતી કરવી. (૨) ગ્રંથરચના દ્વારા પોતાના ઈષ્ટના ગુણગાન નિષ્કામભાવે ગાવાના હોવાથી, પ્રેમ પૂર્વક ઈષ્ટનું સ્મરણ કરવું. અહીં બીજો હેતુ સ્પષ્ટ જણાય છે. તેથી ટીકાકાર પોતાના ઈષ્ટનું પ્રેમપૂર્વક બે કડીઓમાં સ્મરણ કરે છે.

‘શ્રી ગિરધરલાલ’ શબ્દ પોતાના ગુરૂદેવ ચતુર્થ કુમાર શ્રી ગોકુલનાથજીના પ્રાણપ્રેષ્ઠ સેવ્ય સ્વરૂપ માટે પ્રયોજાયો છે. ઠાકોર શ્રી ગોકુલનાથજીની મુખ્ય લીલા ગોવર્ધનધારણની છે. આ લીલાનો હેતુ વ્રજવાસીઓનો અનન્યાશ્રય દૃઢ કરી, તેમનો નિરોધ કરવાનો છે. તેથી આ લીલાના સૂચન માટે અહીં ‘શ્રી ગિરધરલાલ’ શબ્દ પ્રયોગ છે.

અનન્ય ભકતોને ગુરૂ–ગોવિન્દમાં સદાય અભેદભાવની અનુભૂતિ હોય છે. આ ભાવ વિચારીએ તો ઠાકોર શ્રી ગોકુલનાથજીનું નામ, રૂપ, ગુણ અને ધર્મ ગુરૂદેવ શ્રી ગોકુલનાથજીમાં અનુભવીને ટીકાકાર મહાનુભાવ ગુરૂ–ગોવિન્દ બંનેના અભેદનું નિરૂપણ આ મંગલાચરણમાં કરે છે. આ બંને ભાવથી આ મંગલાચરણનો અર્થ વિચારવો જોઈએ.

પ્રથમ કડીમાં શ્રી ગિરધરલાલના નામ, રૂપ, ગુણ અને ધર્મનું નિરૂપણ છે.

‘ શ્રી ગિરધરલાલ ’ નામથી લીલાનું નિરૂપણ છે. ગિરિરાજ ધારણ લીલા દ્વારા વ્રજવાસીઓનો અન્યાશ્રય છોડાવી, અનન્યાશ્રય દૃઢ કર્યો. આ લીલા ભક્તના નિરોધ માટેની હતી. બીજી રીતે વિચારીએ તો, ગિરિરાજજી હરિદાસવર્ય છે. ભક્તના તદાશ્રિત બનવાની લીલા કરનાર તે શ્રી ગિરધરલાલ. આમ આ નામ સેવ્ય–સેવક લીલાનો રસાસ્વાદ કરાવે છે.

નામ દ્વારા લીલા સ્મરણ કરી, હવે, તેમના ગુણનું નિરૂપણ કરે છે. **‘મહા દયાલ’**. દયાનો ગુણ તો માનવીમાં સહજ હોય. પરંતુ પ્રભુ પોતે તો મહા દયાળુ છે. પતિતપાવન અને અધમ ઉદ્ધારણલીલા પ્રભુના મહા દયાળુપણાની દ્યોતક છે. સાધનહીન જીવને પોતાનો કરવાની કૃપા એ મહા દયાળુપણું છે. આ જ પુષ્ટિમાર્ગ છે. જીવ થાકી હારીને બેસી જાય ત્યારે

મહા દયાળુ પ્રભુ પુષ્ટિના માર્ગે ચાલીને જીવની પાસે પધારે અને અનાથને સનાથ કરે.

ગુણના નિરૂપણ બાદ રૂપનું દર્શન કરાવતાં ટીકાકાર કહે છે : **‘અંગ અંગ રૂપ રસાલ’** રૂપ બે પ્રકારનું (૧) લૌકિક રૂપ બીજાને દઝાડનારૂં (૨) અલૌકિક રૂપ સૌને સ્વરૂપાનંદનો અનુભવ કરાવનારૂં ‘રસો વૈ સઃ’, ‘આનંદકરપાદમુખોદરાદિ’ સ્વરૂપનું આમાં નિરૂપણ છે. મહા દયાળુપણાના ગુણથી ઘનીભૂત રૂપરસ દ્રવીભૂત બની અંગઅંગમાં પ્રસર્યો છે. આ રસાળ રૂપરાશિ મહાદયાના ગુણથી વિભૂષિત છે. આ ગુણ અને રૂપ ઉભય સ્વરૂપોમાં પ્રકટ છે.

પ્રથમ કડીની બીજી પંક્તિમાં **‘નિજજનકે પ્રતિપાલ’** કહીને ધર્મનું નિરૂપણ છે. મહા દયાળુપણાનો ગુણ નિજજનોના રક્ષણ રૂપે પ્રકટ થાય તે જરૂરી છે. ગુરૂ–ગોવિન્દ બંને સ્વરૂપ નિજજનોનું રક્ષણ કરવામાં સદા તત્પર છે.

આવા ઉભય અલૌકિક સ્વરૂપોને ટીકાકાર કેવળ વંદન કરીને નથી અટકતા. વંદનમાં દાસભાવ છે. અહીં તો ટીકાકાર પોતાના પ્રાણપ્રેષ્ઠ ગુરૂ–ગોવિંદને હૈયાસરસા આલિંગનબદ્ધ કરવાનો મનોરથ સેવતાં કહે છે : **‘રાખોં અંક ભરકે’** ભક્તનો આ વિપ્રયોગ–ભાવ છે–પોતાના પ્રેષ્ઠ સાથેના દિવ્ય રમણનો.

આ વિપ્રયોગ ભાવ આ ગ્રંથનું બીજ છે તેથી અહીં ટીકાકાર મંગલાચરણ દ્વારા બીજનિક્ષેપ કરે છે.

વિપ્રયોગ ભાવ સિદ્ધ થતાં, વિપ્રયોગ ધર્મી સ્વરૂપનો હૃદયમાં સતત અનુભવ થાય છે. આ અનુભવનું નિરૂપણ હવે ટીકાકાર બીજી કડીમાં કરે છે. બીજી કડીમાં ઉભય સ્વરૂપનું સ્વરૂપવર્ણન છે, **‘બંક લોચન વિસાલ’** અનુરાગનો પ્રારંભ નેત્ર–રાગ–થી

થાય છે. પરિણામે પ્રેમાસ્પદનાં નેત્રોમાં નેત્રો મેળવતાં ભક્તને અનુભૂતિ થાય છે: 'કમલ સી અખિયાં લાલ તિહારી, ઈન્હેં તકિ તકિ તીર ચલાવે, બેંધત છતિયાં હમારી.'

નેત્રોના અનુરાગનું પાન કરતાં પ્રેમીની દૃષ્ટિ, પ્રેમાસ્પદના અરૂણ અધરોષ્ઠ પર મંડાય છે. એ અધરોષ્ઠનો આરક્ત વર્ણ, પ્રેમાસ્પદના હૈયાના અનુરાગનો દ્યોતક છે. તેથી ટીકાકાર નેત્ર-અનુરાગનું નિરૂપણ કર્યા પછી, અધરોષ્ઠના અનુરાગનું વર્ણન કરતાં કહે છે: **'મુખ સોહે બીરા લાલ'** આવા પ્રેમાસ્પદ પ્રિયતમ ભક્તની, હૃદયનિકુંજ તરફ ગજગતિએ પધારે છે.

સૌ પ્રાણીઓમાં ગજરાજ વિશિષ્ટ છે. અનેક હસ્તિનીઓને સાથે રાખી, સૌને જાહેરમાં પ્રણયભાવોથી સંતોષવાની આવડત તેને મળી છે. માટે તેની ગજગતિ પ્રસિદ્ધ છે. આ ગજરાજ 'બહુનાયક' હોવા છતાં ય બધી હસ્તિનીઓની 'આંખનો તારો' છે. આથી ટીકાકાર પોતાના અલૌકિક સ્વામીની આવી નિષ્કામ અલૌકિક રસરીતનું નિરૂપણ કરતાં સંકેતસૂચન કરે છે: **'ચલત ગજરાજ ચાલ'** ચતુર્ભુજદાસજીએ આ ગજગતિલીલાનું નિરુપણ કરતાં ગાયું—

'આવત રતિ રણ જિતે કરિણિ સંગ ગજવર ગિરિધારી'
ભકત કવિ ઘોંધીએ આ ભાવ નીચેની પંકિતમાં વ્યકત કર્યો—
'ઘોંધી કે પ્રભુ તુમ બહુનાયક, તો હું મેરે નયન કે તારે.'
આ વિપ્રયોગધર્મી-સ્વરૂપ છે.

આવા સ્વરૂપનો અનુભવ કરતાં દર્શન કરતાં **'નિરખ નૈન હરખે'** આ વિપ્રયોગ ભાવનું પરમ ફળ છે-આંતરરમણ છે-પુષ્ટિમાર્ગનો મોક્ષ છે.

આમ ટીકાકાર, મૂળ ગ્રંથમાં વર્ણવાયેલા વિપ્રયોગભાવ અને તેના પરમ ફળરૂપ પોતાના પ્રિયતમ ગુરૂ-ગોવિંદનો

સ્વરૂપાનુભવ આ બે કડીઓના મંગલાચરણમાં વ્યક્ત કરે છે.

ટીકાની ભુમિકા :

આમ ગુરૂ–ગોવિંદનુ સ્વરૂપાનુસંધાન કરી, તેમને હૃદયમાં પધરાવી, ટીકા રચના માટે તત્પર થયેલા ટીકાકાર હવે ૪૧ દોહાઓમાં ટીકાનો હેતુ, ટીકારચના માટેની પોતાની યોગ્યતા, ભગવદીઓની કૃપાયાચના વર્ણવે છે.

આ ભૂમિકાની રજૂઆત ૪૧ દોહાઓમાં શા માટે? ૪૧ના આંકમાં ૪ નો અંક અંતઃકરણને સૂચવે છે. અંતઃકરણનાં ચાર અવયવો; બુદ્ધિ, મન, ચિત્ત, અહંકાર આ ચાર અવયવો શુદ્ધ, પવિત્ર અને વિરહતપ્ત થતાં પ્રભુ અંતઃકરણમાં પધારે. એકનો અંક દઢ અનન્યતાનું સૂચન કરે છે. અનન્ય ભાવથી પરિપૂર્ણ અંતઃકરણ માટે, વિપ્રયોગાનુભવ આવશ્યક છે, તેથી અહીં ૪૧ દોહા છે. આપણે આ દોહાઓનો ભાવાર્થ સમજીએ.

નમન કરૂં જુગ ચરણરજ, મોહન રત્ન ગોપાલ,
'મનપ્રબોધ' વિવરન કરન, કરીએ કૃપા દયાલ. (૧)

શ્રી ગોકુલેશ પ્રભુના સેવકોમાં અમૂલ્ય રત્નરૂપ મોહનભાઈ અને ગોપાલદાસભાઈનાં યુગલ ચરણોની રજને હું નમન કરૂં છું. આ બંને દયાળુ ભક્તરત્નો મારા ઉપર એવી કૃપા કરો કે હું 'મનપ્રબોધ' ગ્રંથનુ વિવરણ કરવા સક્ષમ બનુ. (૧)

અનન્ય બિન નહિ પાઈએ, શુદ્ધ પુષ્ટિ રસ રૂપ,
પરિપૂરણ નેહ નવનંદ, વલ્લભ ગોકુલ ભૂપ. (૨)

શુદ્ધ પુષ્ટિ પુરૂષોત્તમ પ્રભુના અલૌકિક રસ અને રૂપની પ્રાપ્તિ અનન્યતા વિના સંભવિત નથી. ગોકુલનાથ શ્યામસુંદર નવ નંદાદિક વ્રજવાસીઓના વલ્લભ–પ્રિયતમ–છે. તેથી વ્રજવાસીઓ તેમના સ્નેહથી પરિપૂર્ણ છે. આનું કારણ પરસ્પરની અનન્યતા છે.

આજે શ્રી ગોકુલનાથ-શ્રીવલ્લભ નંદનંદનનું જ અપર સ્વરૂપ છે. તેમનામાં જેમની અનન્યતા છે, તેવા ભકતો જ શુદ્ધ પુષ્ટિના રસરૂપ પરિપૂર્ણ સ્નેહને પામી શકે છે. (૨)

અનન્ય ઐસે કૌન હૈ, કહો સુજાન સુમિત,
અનન્ય શિર પર શીખ રહૈ, દાસ ગોપાલ સુમિત (૩)

હે સુજાન, સુમતિવાળા, તમે કહો તો ખરા આજે આવા અનન્યવ્રતધારી કોણ છે? જેમ મસ્તકે અનન્યતાના પ્રતીક રૂપે શિખા રહેલી છે. (બધા વાળ કપાય, પણ શિખા ન કપાય) તેમ બધા ભકતોમાં શિરોમણિ રૂપ અનન્યતાના વ્રતધારી સુમતિયુકત ગોપાલદાસભાઈ છે. (૩)

ગોકુલ-મોહન રતન કો, રૂપ કરન બપસીસ,
જાકે વશ વલ્લભ સદા, ગોકુલપતિ જગદીશ. (૪)

આવા બીજા અનન્યવ્રતધારી, ભક્તરત્ન ગોકુલભાઈ અને મોહનભાઈ છે, તેમને સ્વરૂપાનંદનું દાન કરવા માટે ગોકુલપતિ જગદીશ શ્રીવલ્લભ સ્વરૂપે અવતર્યા છે અને આવા ભક્તરત્નોને સદા વશ થયા છે. (૪)

અવધિ રસિક રસ અનન્ય યે, કોટિ ભક્ત કિયે કાજ,
ગોકુલપતિ સન્મુખ કિયે, ધન્ય ગોપાલ સિરતાજ. (૫)

કરોડો ભકતો માટે પ્રકટ કરેલો, આ રસિક રસ અનન્ય છે. જેમણે આવાં ભક્તહૃદયોને શ્રી ગોકુલનાથજીની સન્મુખ આણ્યાં અને આ રસિક-રસનો આસ્વાદ કરાવી અનન્ય નિષ્ઠાવાળા કર્યા, તે મારા શિરતાજ ગોપાલદાસભાઈને ધન્ય છે. (૫)

હો પદરજ મન રંચ ધરિ, ઓર રૂપ ઉર માંહિ,
દાસ ગોપાલ કૃપા કરો, નિગમ ન જાનત તાહિ. (૬)

આવા મહાનુભાવ ભગવદીયની ચરણરજ હું મારા મનમાં ધારણ કરૂં છું. અર્થાત મારા મસ્તકે લગાવું છું. કારણ મસ્તકમાં

મન રહેલું છે. ચરણરજના પ્રતાપે મન આ ગ્રંથને સમજવા લાયક બને. એ ભગવદીયનું સ્વરૂપ મારા હૃદયમાં ધારણ કરું છું, કારણ આ ટીકાના લખાવનાર તેઓજ છે. હે શ્રી ગોપાલદાસભાઈ, આપ મારા પર કૃપા કરો, કારણ હું વેદાદિ શાસ્ત્રોના જાણકાર નથી, આ ગ્રંથની ટીકા રચવાની મારી પાત્રતા નથી. (૬)

પરમ કૃપાલ કૃપા કરો, દાસ ગોપાલ સહાય,
મહા અનાદિ રસદાન કિયે, ગોકુલપતિ મન ભાય. (૭)

હે શ્રીગોપાલદાસજી ! આપ મારા ઉપર પરમ કૃપા કરી મને આ ટીકા રચવામાં સહાય કરો, કારણ કે શ્રીગોકુલનાથજીએ તમને કૃપા કરી સ્વરૂપામૃતના મહારસનું દાન કર્યું છે. તે મહારસ તમારી કૃપાથી જ પ્રાપ્ત થશે. (૭)

આયો કબ રસ જાનિયે, અન્ય રસ રૂચૈ જુ નાહિ,
સો ગોપાલ મોકો કરિ, અન રસ પરસે ન જાહિ. (૮)

સ્વરૂપામૃતનો રસ ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે આપણા મન અને હૃદયની એવી અનન્યતા બને કે તમને બીજો કોઈ રસ જરા ય રૂચે નહીં. આવી અનન્યતા જેમને પ્રાપ્ત થઈ છે, તેવા હે ગોપાલદાસભાઈ, મારા ઉપર પણ એવી કૃપા કરો કે મને અન્ય રસનો સ્પર્શ જ ન થાય. (૮)

રસસર્વસ્વ ગોકુલપતિ, અંગ અંગ રસ ખાન,
દાસ ગોપાલ કૃપાલને, કિયો સુધારસ પાન. (૯)

આવા રસસ્વરૂપ, શ્રીગોકુલપતિ–શ્રીગોકુલનાથજી છે. વેદની શ્રુતિઓએ તેમને 'રસો વૈ સઃ' કહ્યા છે. તેમનું અંગે અંગ પ્રાકૃત નથી, અપ્રાકૃત છે અને તેથી પ્રત્યેક અંગ રસની ખાણ રૂપ છે– 'આનંદકરપાદમુખોદરાદિ' છે. આપના આ સ્વરૂપામૃતનું પાન કૃપાળુ એવા ગોપાલદાસભાઈએ કર્યું છે. (૯)

કિયો સુધારસ પાન જબ, હિયરા બસે સુજાન,
સો જલકત નૈના ઝરે, કિનો પૂરણુ દાન. (૧૦)

ગોપાલદાસભાઈએ આ સ્વરૂપ–સુધા–રસનું પાન કર્યું, તેથી તેમના હૈયામાં, એ સુજાન અલૌકિક સ્વરૂપ, સદાને માટે બિરાજી ગયું, એટલું જ નહીં, એ સ્વરૂપ તેમનાં નેત્રામાં પણ ઝળકે છે. આમ, તેમને અલૌકિક સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થઇ છે. (૧૦)

પૂરણુ રસ બસ દાન તે, બરને ગોકુલ ભૂપ,
વિઠ્ઠલનંદન અચલ રસ, હોત આનંદ અનૂપ. (૧૧)

શ્રી વિઠ્ઠલનંદન શ્રી ગોકુલનાથજીમાં અચલ રસ રહેલો છે. તેથી આપ પૂર્ણ રસનું દાન કરે છે. આ સ્વરૂપાનંદની પ્રાપ્તિથી અતિશય આનંદ મળે છે. (૧૧)

નવ રસમય શૃંગાર રસ, સબ રસ પર સિરતાજ,
રોમ રોમ રસ રમ રહે, ગોકુલેશ રસરાજ. (૧૨)

બધા રસોમાં શ્રેષ્ઠ રસ શૃંગાર રસ છે, તે સદાય નવીન જ લાગે છે. આવો અલૌકિક શૃંગાર રસ, શ્રી ગોકુલેશ પ્રભુના રોમ રોમમાં રમી રહ્યો છે. આથી આપ રસરાજ છે. (૧૨)

સબ રસમય શૃંગાર રસ, માન કિયે રસ રૂપ,
નવરસમય ગોકુલપતિ, શ્રી વિઠ્ઠલનંદન ભૂપ. (૧૩)

શૃંગાર રસ સર્વ રસમાં શ્રેષ્ઠ છે, કારણુ તેમાં બીજા બધા રસ રહેલા છે. તેથી શ્રી વિઠ્ઠલનંદન શ્રી ગોકુલનાથજીએ નવરસ સહિત, શૃંગાર રસનું સ્વરૂપ ધારણ કર્યું છે. (૧૩)

વલ્લભ અંગમેં રસ છને, સો શૃંગાર સિરતાજ,
ફરસ પરસ રસ હોત હે સબ રસ બસ સિરતાજ. (૧૪)

શ્રીવલ્લભ–શ્રી ગોકુલનાથજીના અંગ અંગમાં અલૌકિક

રસ બિરાજે છે, એ રસ બીજો કોઈ નહીં, પણ સર્વ રસનો શિરતાજ શૃંગાર રસ છે તેથી આપનાં દર્શન કરતાં અને આપને સ્પર્શ કરતાં તે અલૌકિક રસનો અનુભવ થાય છે. આપ સાચે જ રસરાજ છે, કારણ સર્વ રસ આપને વશ છે. (૧૪)

મહા રસરૂપ સ્વરૂપ યે, શ્રી વિઠ્ઠલ સુત જુ સુદેશ,
ભકત હેત ભુવ પર પ્રગટ, ગોકુલપતિ દ્વિજ વેશ. (૧૫)

શ્રી વિઠ્ઠલસુત શ્રી ગોકુલનાથજીનુ, આવું અલૌકિક મહા રસરૂપ સ્વરૂપ છે. આપ દ્વિજ રૂપ ધારણ કરી, ભકતો પ્રત્યેના હેતને લઈને, ભકતોને સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા, પૃથ્વી પર પ્રગટ થયા છે. (૧૫)

મહદ શિખર શિર છત્ર છબિ, દાસ ગોપાલ કૃપાલ,
નિજ ઈચ્છા રસ રહસ્ય કો, દાન કરો જુ કૃપાલ. (૧૬)

કૃપાળુ ગોપાલદાસ મહદ્ ભકતોમાં શિખર રૂપ અને શિરછત્ર રૂપ છે. માટે હે કૃપાળુ, આપ આપની ઈચ્છાથી, આ અલૌકિક રસનું રહસ્ય સમજાવવાની કૃપાનું દાન કરો. (૧૬)

સર્વોપરિ તર શિખર યે, અવતારી વરરાય,
પઢે પુરાન ન જાન હી, મહદ કૃપા ફલ પાય. (૧૭)

આ અલૌકિક રસનું શિખર સર્વોપરિ છે તે પ્રાપ્ત કરવાનો વર આપવા તો, શ્રી ગોકુલાથજીએ અવતાર ગ્રહણ કર્યો છે. આ રસનું રહસ્ય પુરાણ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી, જાણી શકાતું નથી. તેની પ્રાપ્તિ તો મહદ ભકતોની કૃપાથી જ થાય, (૧૭)

'મનપ્રબોધ' શુભ ગ્રંથ રસ, કીનો આપ રસાલ,
અનિર્વચ પુનઃ નવલ અતિ, પ્રગટ નવલ રસ જાન. (૧૮)

શ્રી ગોકુલનાથજીની કૃપાથી, હે ગોપાલદાસભાઈ આપે

રસયુક્ત અને શુભ (કલ્યાણકારી) એવો '**મનપ્રબોધ**' ગ્રંથ રચ્યો છે. તે અનિર્વચનીય છે અર્થાત્ તેની પ્રશંસા શબ્દોમાં થઈ શકે તેમ નથી. વળી તે તદ્દન નવલ પ્રકારનો છે. તે નવલ અલૌકિક રસને જણાવનાર છે. (૧૮)

અનન્ય બિન નહિ પાઈએ, શુદ્ધ પુષ્ટિ રસ રૂપ,
પરિ પૂરણ નવ નેહ નંદ, વલ્લભ ગોકુલ ભૂપ. (૧૯)

શ્રીવલ્લભ એવા શ્રી ગોકુલનાથજી, પૂર્ણ પુરુષોત્તમ નંદનદન જ છે. આપમાં બિરાજતું શુદ્ધ પુષ્ટિ રૂપ અને રસ, આ ગ્રંથમાં નિરૂપાયાં છે, જે અનન્યતાથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે. (૧૯)

ચૌદ લોક વૈકુંઠ સબ, આદિ ધામ પ્રગટાય,
તા પર વર વલ્લભ સદા, શ્રી ગોકુલ કે રાય. (૨૦)

શ્રીપ્રભુએ પોતાના સ્વરૂપમાંથી પોતાની ક્રીડા માટે પોતાનું આદિ ધામ-અક્ષરબ્રહ્મ પ્રકટ કર્યું. તેમાંથી જ વૈકુંઠ, ચૌદ લોક આદિ પ્રકટ કર્યાં. એ સર્વના સ્વામી શ્રીવલ્લભ શ્રી ગોકુલનાથજી છે. (૨૦)

મહા અનાદિ આનંદનિધિ, ભક્ત કમોદિની વૃંદ,
બરખત રૂપ સદા સુખદ, આનન ગોકુલ ચંદ. (૨૧)

શ્રી ગોકુલનાથજી પૂર્ણ પુરૂષોત્તમ છે, તેથી આપ અનાદિ અને આનંદનિધિ છે. આપના ભકતો કુમુદનાં પુષ્પવૃંદ જેવાં છે. જેમ કુમુદ પુષ્પો ચંદ્ર માટે પ્રીતિ ધરાવે છે, તેમ આપના ભકતો માટે આપ શ્રી ગોકુલચંદ્ર સ્વરૂપ છે. આપ આપનું સુખદ સ્વરૂપામૃત સદા વરસાવી ભકતોને આનંદ આપનારા છે. (૨૧)

કર વચનામૃત પાન, રોમ રોમ સુખ કંદ,
દરસ પરસ રસ અનુભવ્યો, બરન્યો નવ શુભ ચંદ. (૨૨)

શ્રી ગોપાલદાસભાઈએ શ્રી ગોકુલનાથજીનાં વચનામૃત

રસનું પાન કરી, રોમ રોમ સુખનો અનુભવ કર્યો છે. વળી આપનાં દર્શન અને ચરણ સ્પર્શ દ્વારા અનુભવેલા અલૌકિક રસ રૂપી, સુંદર અલૌકિક ચંદ્રનું વર્ણન કર્યું છે. (૨૧)

નેહ આસક્તિ વ્યસન અતિ, નિઃસાધન ફલ મુલ,
મહાતમ રસ શિક્ષા અવધિ, કરી જુ અતિ અનુકૂલ

શ્રી ગોકુલનાથજીએ પોતાનાં વચનામૃતોમાં સ્નેહ, આસક્તિ અને વ્યસનનું સ્વરૂપ સમજાવ્યું છે. આપે બતાવ્યું કે ભક્તિ રૂપી વૃક્ષનાં સ્નેહ પાન છે, આસક્તિ ફૂલ છે, વ્યસન ફળ છે અને નિઃસાધનતા મૂળ છે. ભક્તહૃદયને યોગ્ય આ રસરૂપ શિક્ષા આપે મહત્તમ રીતે આપી છે. (૨૩)

જગ ઉપકારન મન હી ધરિ, ફિર શિક્ષા મન માંય,
ધન્ય ધન્યદાસ ગોપાલ બલિ, અનન્ય રસમેં રહાય.

શ્રી ગોકુલનાથજીએ આપેલી આ રસ રૂપ શિક્ષા શ્રી ગોપાલદાસભાઈએ જગત પર ઉપકાર કરવા પોતાના મનમાં સારી રીતે ધારણ કરી અને તે અનન્ય રસમાં પોતે પણ ડૂબેલા રહ્યા. તેમને ધન્ય છે. (૨૪)

શ્રીવલ્લભ આચાર્ય જુ, મારગ મહા રસ પૂર,
પુષ્ટિ પુષ્ટિ રસ તત્ત્વ કો, પ્રકટ કિયો રસ સૂર. (૨૫)

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો આ માર્ગ આવો મહારસથી ભરેલો છે. તે શુદ્ધ પુષ્ટિ રસતત્ત્વને રસશૂરાઓ માટે, આ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવ્યું છે. (૨૫)

સો રસ સબ કરતલન મેં, આન લખાયો લેખ,
પતિવ્રત વિરલા પાવહી, દીન દશા જુ વિશેષ (૨૬)

હથેળીમાં રહેલ આંબળુ જેમ સ્પષ્ટતાથી જોઈ શકાય, તેમ આ રસનો ગ્રંથ સ્પષ્ટ શબ્દોમાં લખાયો છે. છતાં જેમણે

અનન્ય પતિવ્રત ધારણ કર્યું છે, અને દીનતા પ્રાપ્ત કરી છે, તેઓ જ આ રસને પ્રાપ્ત કરી શકશે. (૨૬)

દીનતા બિન નહીં પાઈએ, પૂરન પ્રેમ પ્રતીત,
પદ પદ અક્ષર અર્થ સુન, ભર રસ મારગ રીત. (૨૭)

આ ગ્રંથમાં વર્ણવાયેલ અલૌકિક, શુદ્ધ અને પૂર્ણ પ્રેમની સમજ ગ્રંથના અક્ષરો અને શબ્દો સાંભળવા-વાંચવા માત્રથી મળશે નહીં. તે માટે રસમાર્ગની રીત છે. દીનતા વિના પૂર્ણ પ્રેમનું રહસ્ય સમજાતું નથી. (૨૭)

વલ્લભ પ્રાણ પ્રિય બિન, જાને જગતકો તૂલ,
અરૂ પરલોક કથા ન સુની, ધરે ન શ્રવણન ભૂલ. (૨૮)

આવા પ્રેમમાર્ગી ભક્ત, પ્રાણપ્રિય શ્રીવલ્લભ વિના આખા જગતને તણખલા સમાન ગણે છે. તેઓ શ્રીવલ્લભ સિવાયની અન્ય કથાઓ ભૂલથી પણ સાંભળતા નથી (૨૮)

અવતારી અવતાર સબ, કલા વિભૂતિ અંશ,
ચાહત પદરજ શેષ શિવ, વલ્લભવર અવતંશ. (૨૯)

શ્રીવલ્લભવર અવતારી-પૂર્ણ પુરુષોત્તમ છે, જ્યારે અન્ય દેવરૂપો કલા, વિભૂતિ કે અંશ સ્વરૂપે તેમના અવતાર છે. તેથી શેષજી, શિવજી જેવા દેવો પણ શ્રીવલ્લભવરની ચરણરજ ચાહે છે. (૨૯)

કહત અનુગ્રહી સૃષ્ટિ સબ, મારગ પુષ્ટિ આધાર,
પરમ અનુગ્રહી જાનકે, યે ગોકુલપતિ રતિ સાર. (૩૦)

શ્રીવલ્લભની સમગ્ર કૃપાપાત્ર સૃષ્ટિ કહે છે કે, શ્રીવલ્લભ જ પુષ્ટિમાર્ગના આધાર અને પરમ કૃપાનું દાન કરનાર છે. તેઓ જ સાક્ષાત્ પ્રેમસ્વરૂપ શ્રી ગોકુલનાથજી છે. (૩૦)

દ્વિદલાત્મક રસમય સદા, નેહ નિપૂન રીઝવાર,
નિરહેતુક નવ નેહ નિત, પિય દુઃખ સુખ હી વિચાર. (૩૧)

શ્રીવલ્લભ પણ દ્વિદલાત્મક-સંયોગવિપ્રયોગભાવરૂપ શૃંગાર રસનું જ સ્વરૂપ છે. તેથી આપ પોતાના પ્રાણપ્રિય પ્રભુને રીઝવવા નિપૂણ છે આપ નિર્હેતુક ભાવે, સદા પ્રાણપ્રિય પ્રભુને, નિત્ય નૂતન સ્નેહના મનોરથોથી રીઝવે છે અને સતત પ્રભુના તત્સુખનો જ વિચાર સેવે છે. (૩૧)

સુન સખીકો અનુભવ હિયો, બિન સાધન રસ દાન,
લીલ નિજ બ્રજધામ કી, બિન સાધન રસ પાન (૩૨)

હે હૃદય! નિત્યલીલાના આધિદૈવિક રૂપે મારી સખી એવા શ્રી ગોપાલદાસભાઈના અનુભવને સાંભળીને ધારણ કર. શ્રીવલ્લભે કૃપા કરી વિના સાધને, તેમને અલૌકિક રસનું દાન કર્યું છે. નિજધામ વ્રજની લીલાઓનું વિના સાધને રસપાન કરાવ્યું છે. (૩૨)

સો સખીને વા બીરીયાં, કરિ દીનો સમે સાન,
અનિર્વચ રસ ભર દિયો, કેશવ કરત બખાન. (૩૩)

મારી એ સખીરૂપ શ્રી ગોપાલદાસભાઈએ તે જ સમયે પોતાના હૃદયને સાવધાન કરી, તેમાં આવો અવર્ણનીય રસ ધારણ કરી લીધો. હું કેશવદાસ તેમના મહદ્ ભાગ્યનાં શા વખાણ કરૂં ? (૩૩)

આશય અપને હિય ધર્યો, આજ્ઞા કરી સુજાન,
દાસ ગોપાલ શ્રીમુખ કહ્યો, પિય સંગ હૈ સુખદાન. (૩૪)

શ્રી ગોપાલદાસભાઈએ પોતાના મુખથી મને આજ્ઞા કરી કે પ્રિય પ્રભુ સાથેના સુખદાન માટે આ અલૌકિક પ્રેમરસનો સિદ્ધાંત તમારા હૃદયમાં ધારણ કરો. (૩૪)

જો અનુભવ હિય મેં રહે, સમે સમે સુખ સાજ,
પ્રકટ કરૂં નિધરક ભયે, કીજે પૂરન કાજ. (૩૫)

આ અનુભવ હ્રદયમાં રાખવા યોગ્ય છે, જેથી વારંવાર અલૌકિક સુખનો અનુભવ થયા કરે. આ હેતુથી મને પ્રાપ્ત થયેલ અનુભવ પ્રકટ કરવા હું તત્પર થયો છું. મારૂં આ કાર્ય પૂર્ણ કરવાની કૃપા કરજો. (૩૫)

મહદ્ કૃપા રસ બરનિયે, યથા સુમતિ અનુસાર,
લીલા સિન્ધુ અગાધ યશ, ગિરા રહી મતિ હાર. (૩૬)

શ્રીગોપાલદાસભાઈ જેવા મહદ્ ભકતોની કૃપાથી અને તેમણે આપેલી સુમતિથી જ આ રસનું વર્ણન થાય. બાકી તો ભગવદ્ લીલાનો સાગર અગાધ છે. તેના યશનું વર્ણન કરતાં બુદ્ધિ હારી જાય તેમ છે. (૩૬)

યશ પ્રસંગ સિદ્ધાંત રસ, બરન્યો કરિ વિસ્તાર,
અબ શુભ જો 'મનપ્રબોધ' કી, ટીકા કરન બિચાર. (૩૭)

ઉપર વર્ણવ્યો તેવો શુભ સિદ્ધાંતરસ જેમાં ભરેલો છે, એવા 'મનપ્રબોધ' ગ્રંથની ટીકા કરવા માટે, તેની ભૂમિકા રૂપે મેં વિસ્તાર પૂર્વક આ સિદ્ધાંત રસનું નિરૂપણ કર્યું છે. (૩૭)

સુનો સકલ રસ ભક્ત મિલ, ચિત હિત સજિ શ્રુતિ દ્વાર,
લેશ કલેશ હોવે નહિ, હોવે ભવ ભય પાર. (૩૮)

હે સર્વ રસિક ભકતો, આપના શ્રુતિદ્વાર રૂપ કાનને તત્પર કરી, હિતની બાબતમાં ચિત્તને એકાગ્ર કરી, આ ગ્રંથ સાંભળો–સમજો. તેમ કરવાથી લેશ પણ કલેશ નહીં રહે અને ભવપાર કરવાનો ભય પણ નહીં રહે. (૩૮)

દોહા તેર છપ્પન કવિત, પઢિ ચિન્તા સબ જાય,
વિપ્રયોગ રસ સરસ છનિ, ગોકુલપતિ પિય પાય (૩૯)

આ ગ્રંથમાંના તેર દોહા અને છપ્પન કવિત સમજવાથી બધી ચિંતાઓ દૂર થશે, હ્રદય ચિંતામુક્ત નિર્દોષ અને પવિત્ર

[illegible] શ્રીગોકુલનાથજી સ્વયં કૃપા કરીને આ ગ્રંથ દ્વારા સુંદર રીતે સિદ્ધ થયેલ વિપ્રયોગ રસનું પાન કરાવશે. (૩૯)

મહારસ રૂપ હ્રદે બસે, નેન કમલ રસ ફૂલ,
રોમ રોમ રસ રગમગે, પ્રેમ પૂરન રસ કુલ, (૪૦)

વિપ્રયોગ રસ હ્રદયમાં ધારણ થતાં મહારસરૂપ પ્રભુ હ્રદયમાં બિરાજશે. આથી એ ભક્તનાં નેત્રો અલૌકિક રસયુક્ત બનતાં, કમળની જેમ પ્રફુલ્લિત થશે. તે ભક્તનું રોમ રોમ આ અલૌકિક, પૂર્ણ પ્રેમરસથી પરિપૂર્ણ થશે. (૪૦)

પઢે નિરંતર નેહ સોં, સબ સાધન ધરે દૂર,
મન વચ કર્મ પદ રતિ રમણ, તબ રસ પાવે ભરપૂર. (૪૧)

આ અલૌકિક રસને ભરપૂર માત્રામાં પ્રાપ્ત કરવા માટે પ્રેમથી હંમેશા આ ગ્રંથ વાંચો. અન્ય સર્વ સાધનો તજો અને મન, વચન, કર્મથી શ્રીવલ્લભના ચરણકમળમાં જ પ્રેમપૂર્વક રમણ કરતા રહો. (૪૧)

રાગ – બિહાગ

લગે જો શ્રીવલ્લભ પદ રજ રતિ રંગ;
જાકુ દુસંગ નેક નહી વ્યાપે,
આય મિલે સતસંગ. ૧

શ્રી ગોવરધન ધરન ધીરકો,
ધ્યાન ધરત અંગ અંગ;
'રસિક' પ્રીતમકી બાનક ઉપર,
વારૂં કોટિ અનંગ. ૨

卐

પ્રથમ નમન કરી નવ કુંવર, ગોકુલેશ રસ રાસ ।
મમ ચિંતા ચૂરન કરિ ચતુર, પૂરો મનકી આસ ॥૧॥

ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટ દેવતા માટે મંગલાચરણ કરવાની પ્રણાલિકા છે, તેથી ગ્રંથકર્તા પ્રથમ નમન કરે છે.

મંગલાચરણ ત્રણ પ્રકારનાં છે. (૧) વસ્તુનિર્દેશાત્મક (૨) આશીર્વાદાત્મક (૩) નમસ્કારાત્મક. ભગવદ્‌સ્વરૂપનું પરમ રમણીય, કમનીય, સુંદર એવું વર્ણન કરવામાં આવે, તો તે વસ્તુનિર્દેશાત્મક કહેવાય. 'જય જય આનંદનિધિ' શબ્દોથી જયઘોષ કરવામાં આવે, તો તે આશીર્વાદાત્મક કહેવાય, ઉપરોકત મંગલાચરણ નમસ્કારાત્મક છે, કારણ તેમાં 'પ્રથમ નમન કરી' શબ્દોથી નમન કરવામાં આવ્યું છે. તેમાં પ્રભુની પ્રાર્થના કરવાનો હેતુ રહ્યો છે.

અહીં એવો પ્રશ્ન થાય કે, પ્રભુ ભકતોને વશ છે, તેથી ભગવદીયની પ્રાર્થનાનું મંગલાચરણ કરવું જોઈએ. આનો જવાબ એ છે કે ભગવદીયનું સર્વસ્વ ભગવાન છે. સર્વ વસ્તુઓના કારણરૂપ પ્રભુ છે, તેઓ અનાદિ રૂપ છે, તેથી તૈલંગકુલદીપક શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર ગોસ્વામી શ્રી વિઠ્ઠલેશ્વર પરમાનંદરૂપ છે. તેમના પુત્ર કુલભૂષણ, પ્રાણવલ્લભ શ્રી ગોકુલેશ અનાદિ પુરુષોત્તમ આનંદઘન, રસરૂપ છે. તેથી તેમને નમન કરીને ગ્રંથકર્તા ગ્રંથનો પ્રારંભ કરે છે.

અહીં શ્રી ગોકુલેસજીને '**નવ કુંવર**' કહ્યા. તેનો ભાવાર્થ વિચારીએ. '**નવ**' એટલે નવીનતા. ભગવદ્ સૌંદર્યની એ વિલક્ષણતા છે કે તે પ્રતિક્ષણ, નિત્ય નૂતનતા ધારણ કરે છે અને પ્રગટ કરે છે. તેથી આપ પ્રતિક્ષણ અલૌકિક નૂતનતાને ધારણ કરનારા છે.

'**નવ**' શબ્દનો બીજો અર્થ છે નવરસમય. શ્રી ગોકુલેશ

પ્રભુ નવે રસથી અને નવીન રસથી એમ બંને પ્રકારે રસપરિપૂર્ણ **'રસો વૈ સઃ'** છે.

હવે **'કુંવર'** શબ્દનો ભાવાર્થ વિચારીએ. જેમ રાજકુંવરને કોઈ પ્રકારની ચિંતા ન હોય, તે સૌનો લાડિલો હોય અને આનંદ રૂપ હોય તેમ કુંવર શબ્દથી અહીં એવું અભિપ્રેત છે કે શ્રી ગોકુલેશ પ્રભુ પૂર્ણ આનંદરૂપ અને સૌના લાડિલા છે.

શ્રી ગોપાલદાસભાઈ શ્રી ગોકુલેશ પ્રભુ માટે **'રસ રાસ'** શબ્દ વાપરે છે. સમુદ્રમાં અપાર જળ ભરેલું હોય છે. તેને આપણે જળરાશિ કહીએ છીએ. રાશિ એટલે અપાર ભંડાર. તેવી રીતે શ્રી ગોકુલેશ પ્રભુ સ્નેહ રસના સમુદ્રરૂપ છે, તેથી આપને રસ રાસ કહ્યા છે. જે સ્થળે કોઈ વાતની ચિંતા કે સંકોચ હોય ત્યાં રસની ન્યૂનતા જણાય, પરંતુ શ્રી ગોકુલેશ પ્રભુમાં એવી કોઈ વિષમતા નથી, કરણ કે આપ પૂર્ણ રસરૂપ છે.

આવા **'રસો વૈ સઃ'** શ્રી ગોકુલેશ પ્રભુ માટે એક બીજું સંબોધન વાપર્યું છે. તે છે **'ચતુર'** ભક્ત કવિ કહે છે કે 'હે ચતુર! મારી ચિંતાના આપ ચૂરેચૂરા કરો. અર્થાત. ચિંતાને દૂર કરો.'

અહીં એક પ્રશ્ન થાય કે, ભગવદીયને કોઈ પણ બાબતની ચિંતા કરવી જોઈએ નહીં, તો પછી અહીં કઈ ચિંતાની વાત કરવામાં આવી છે? ચિંતા લોભમાંથી જન્મે છે. જો આપણને લોભ ન હોય તો ચિંતા બાધક થતી નથી. ભગવદ્ ભકતને અહંતા-મમતાના સંસારમાં કદી આસક્તિ હોતી નથી. તેથી તેમને ચિંતાનું કારણ પણ હોતું નથી. ભકતોને પ્રભુ ગૃહસ્થાશ્રમમા રાખે છે. ગૃહસ્થાશ્રમમાં લૌકિક વિષયોની પ્રબળતા હોય છે, લૌકિક સંગથી લૌકિક આસક્તિ વધે છે અને તેથી

અહંતા-મમતાત્મક સંસાર જન્મે છે, તેમાંથી ચિંતા જન્મે છે, લૌકિક વિષયોનો સંગ પ્રભુની સ્વરૂપાસક્તિમાં ઘણો જ બાધક છે, તેથી ભગવદ્ ભક્તને લૌકિક વિષયોનો સંગ થઈ જવાની ચિંતા રહે છે. માટે અહીં ભક્તકવિ પોતાની આવી ચિંતાને દૂર કરવા વિનંતી કરે છે.

ભક્તોને એક અલૌકિક ચિંતા પણ હોય છે. અને તે છે પ્રાણનાથ પ્રભુના શ્રીમુખનું દર્શન કરવાની ચિંતા રૂપી આર્તિ. આવી આર્તિ રસિક ભગવદીયોને માટે ફળરૂપ છે. આવા રસિક ભગવદીયોને પ્રભુમાં નિર્હેતુક સ્નેહ હોવાથી તેમને પ્રભુના મિલનની ચિંતા રહે છે. આવી અલૌકિક ચિંતા ભગવદીય માટે દોષરૂપ નથી, પણ ગુણ રૂપ છે. ભગવદીયને આવી પ્રભુને મળવાની અત્યંત આર્તિ થાય ત્યારે તે વિરહાગ્નિ સહન થઈ શકતો નથી, છતાં તેમના ચિત્તમાં એટલી સ્વસ્થતા હોય છે કે આખરે એક દિવસ તો પ્રભુ જરૂર મળશે જ. જો આવી સ્વસ્થતા હૃદયમાં રહે અને તેના કારણે શીતલ ભાવ આવે, તો પ્રભુ પ્રત્યેના સ્નેહમાં હાનિ થાય, કારણ કે સ્નેહીને સ્નેહાસ્પદના સાક્ષાત સંબંધ વિના કોઇ પણ પ્રકારે ધીરજ રહી શકે જ નહીં. જ્યાં સુધી આવો વિરહાગ્નિ પ્રબળ ન બને ત્યાં સુધી પ્રભુ ફળદાન પણ ન કરે, કારણ, આપણા ચિત્તમાં શીતલ ભાવ હોય અને પ્રભુ ફળદાન કરે તો તે પ્રેમની રીત નથી, તેમાં રસાભાસ થાય, કારણ કે પૂર્ણ રસને પાત્ર બન્યા વિના પૂર્ણ રસને ધારણ કરી શકાતો નથી, તેથી જ્યારે જગતમાં સૌનું વિસ્મરણ થતાં, પ્રભુના સ્વરૂપનું જ નિરંતર ધ્યાન બન્યું રહે, ત્યારે એ સ્વરૂપમાં તદાત્મકતા પ્રગટે, અને ત્યારે જ પૂર્ણ રસ ધારણ કરવા માટે, પાત્રતા આવે. જેવી રીતે અતિશય તરસ લાગે, ત્યારે જ જળનો સ્વાદ અને તેની કિંમત સમજાય, તેવી રીતે પ્રભુ પોતાના ભક્તોને પોતાના વિયોગનું દાન કરીને

પોતાના સ્વરૂપામૃતની તેમની તરસને વધારે છે. આવી સ્વરૂપામૃતની ઉત્કટ તરસ થયા પછી, જ્યારે પ્રભુનો સંગમ થાય ત્યારે વાણીથી ન વર્ણવી શકાય એવા, પ્રભુના સ્વરૂપની લાવણ્યસુધાનો આસ્વાદ પ્રાપ્ત થાય છે. આવો આસ્વાદ મળ્યા પછી પણ, ભકતને તેનાથી સંતોષ થતો નથી. પ્રભુની રૂપસુધાનું પાન પ્રત્યક્ષ રીતે કરતા રહેવા છતાં રૂપસુધાની તરસ વધતી જ જાય છે.

આવો અનુભવ પોતાના પ્રેમી ભકતોને કરાવવા માટે, પ્રભુ તેમને વિપ્રયોગનું દાન કરે છે, માટે વિયોગના આ સમયમાં હૃદયમાં જેટલી સ્વસ્થતા રહે, તેટલું પૂર્ણ રસને પાત્ર બનવામાં અધુરપ રહે છે. જેમ તેજ અગ્નિ સળગતો હોય, તે ઉપર ધરેલું વાસણ નિભાડામાં જલ્દી પાકે છે, પરંતુ અગ્નિ મંદ હોય તો માટીનાં તે વાસણો કાચાં રહી જાય છે. આવાં કાચાં વાસણોમાં જળ ભરી શકાતું નથી.

આ જ પ્રકારે, વિપ્રયોગનો અગ્નિ આપણા હૃદય રૂપી ઘડાને જલ્દી પરિપકવ કરે છે, ત્યારે તેમાં પ્રભુના સ્વરૂપામૃતનો રસ પૂર્ણ રૂપે ભરાય છે. પ્રભુના સમાન પાત્ર બનવાથી આવું પાત્ર પ્રભુને સુખરૂપ બને છે, કારણ કે રસમાર્ગમાં બંનેની સમાનતા થાય, ત્યારે જ બંનેને પૂર્ણ સુખનો અનુભવ થાય છે, માટે પ્રભુએ ભકતને પોતાના જેવો બનાવવા તેને વિયોગનું દાન આપ્યું છે. જ્યારે ભકત પ્રભુનો આ વિયોગ સહન કરી શકતો નથી, ત્યારે તે અધીરો બનીને ચિંતા કરે છે. એ સ્થિતિમાં ભકત પોતાની આ ચિંતા દૂર કરવા પ્રભુને પ્રાર્થના કરે છે કે, આપ ચતુરશિરોમણિ છો. આપને મળવાની મને અભિલાષા છેઃ માટે મારી ચિંતા દૂર કરીને મારી અભિલાષાને આપ પુર્ણ કરો. વિયોગના દુઃખનો સમય અસહ્ય બને, ત્યારે રસિકપ્રેમી ભકત પોતાના પ્રિયતમ પ્રભુને, આવી રસભરી પ્રાર્થના કરે, તો તેથી નિર્હેતુક સ્નેહના સિદ્ધાંતમાં કોઇ ન્યૂનતા થતી નથી.

શ્રી ગોકુલેશપ્રભુને પોતાની આવી અલૌકિક ચિંતા દૂર કરવાની વિનતી કર્યા પછી, હવે બીજા દોહામાં શ્રી ગોપાલદાસભાઈ પોતાની અભિલાષા વ્યક્ત કરે છે.

આશ એક તુવ દરસ કી પરમ પરસ સુખ રૂપ ।
દરસ પરસ રસદાન કે, દાતા શ્રી ગોકુલ ભૂપ ॥૨॥

ભાવાર્થ :

ભક્તકવિ કહે છે : 'મને કેવળ આપના સ્વરૂપનાં દર્શનની એક માત્ર અભિલાષા છે, કારણ કે, સ્વરૂપ પ્રાપ્તિ વિના બીજા બધા પદાર્થો વ્યર્થ છે. જો કોઈ વ્યક્તિ સ્વરૂપની અભિલાષા ન રાખતાં, બીજા બધા પદાર્થોની આશા કરે, તો તેમાં કેવળ તેનો સ્વાર્થ છે, ત્યાં તેનો પ્રભુમાં સ્નેહ નથી, એમ નિશ્ચિત જાણવું. સ્વરૂપ આસક્તિમાં બધા જ અલૌકિક પદાર્થોનો સમાવેશ થઈ જાય છે.

આ સિદ્ધાંત પર એક વખત શ્રી ગોકુલેશ પ્રભુએ વચનામૃત કરતાં આજ્ઞા કરી હતી કે : 'હું મારા સ્વકીય જનો માટે, મારા પરમ દુર્લભ પ્રેમ સ્વરૂપનો અનુભવ કરાવવા, મારૂં સ્વરૂપામૃત, લાવણ્યામૃત અને હાસ્યામૃત પ્રગટ કરૂં છું : જેથી મારા સ્વકીય જનો જ્યારે તેનો અનુભવ કરે, ત્યારે તેમને ફળ પ્રાપ્તિ થાય. આમાં પ્રભુનું સુખ પણ સિદ્ધ થાય છે.'

આ સિદ્ધાંતમાં કોઈ શંકા કરે કે, પ્રભુ પોતાના સ્વકીયોને પોતાના સ્વરૂપામૃત, લાવણ્યામૃત અને હાસ્યામૃતનું પાન કરાવે, ત્યારે તેમાં ભકતોને સુખ મળે; પરંતુ પ્રભુનું સુખ તેમાં કેવી રીતે માનવું ?

આનો જવાબ એ છે કે, પ્રભુનું સ્વરૂપ રસાત્મક-ભાવાત્મક છે. તેથી જ્યારે ભક્ત પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરે છે ત્યારે તેના હૃદયમાં તે વખતે, પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ બિરાજેલું હોય

છે. તેથી બંનેને સુખનો અનુભવ થાય છે. જેમ બહાર પ્રકટ સ્વરૂપ સાથેના રમણમાં બંનેને સુખ થાય, તેમ જયારે પ્રભુ પ્રકટ ન હોય, ત્યારે પ્રભુના ભાવાત્મક સ્વરૂપનું પરોક્ષમાં ધ્યાન કરતાં. તે સ્વરૂપના સૌંદર્ય અને લાવણ્યની ભાવના કરવામાં આવે, ત્યારે હૃદયમાં ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થાય છે.

રસાત્મક સ્વરૂપ બે પ્રકારનાં છે. એક સંયોગાત્મક સ્વરૂપ, જે બહાર પ્રગટ બિરાજે છે. બીજું વિપ્રયોગાત્મક સ્વરૂપ, જે ભાવાત્મક છે. જેમ બહાર પ્રકટ સ્વરૂપના સ્વરૂપામૃત, લાવણ્યામૃત અને હાસ્યામૃતનો અનુભવ, ભકતોને નેત્ર અને ઈંદ્રિયોથી થાય છે, તેમ વિપ્રયોગમાં ભાવાત્મક સ્વરૂપનો અનુભવ મન દ્વારા ભાવનામાં થાય છે. જયારે માનસીમાં સ્વરૂપ ભાવના કરવામાં આવે છે, ત્યારે ભક્તના મનમાં પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ રમણ કરે છે, તેથી પ્રભુને પણ સુખ થાય છે.

હવે ભકતકવિ આ દોહામાં પ્રભુનાં દર્શન અને સ્પર્શથી રસદાન માટેની અભિલાષા વ્યકત કરે છે. તેનું રહસ્ય પ્રકટ કરવા યોગ્ય નથી, તેથી પ્રાર્થનાના રૂપમાં રસદાનની અભિલાષા વ્યકત કરી છે. પ્રભુનાં દર્શનથી પ્રભુ કૃપાકટાક્ષ દ્વારા, પોતાના સ્વરૂપામૃત, લાવણ્યામૃત અને હાસ્યામૃતની વર્ષા કરીને, ભકતના ઘણા સમયના વિરહતાપને, તે જ ક્ષણે દૂર કરે છે. જેમ ઉનાળામાં સૂર્યના ઉગ્ર કિરણોથી ભુમિ, પશુ, પક્ષી, મનુષ્ય-બધાં તપી જાય છે, પછી વર્ષાઋતુ આવતાં આકાશમાં વાદળો છવાય છે, તે વાદળો જયારે વરસે છે ત્યારે, તે જ ક્ષણે બધાનો તાપ દૂર થાય છે અને શીતળતાનો અનુભવ થાય છે. તેવી રીતે, સ્વરૂપામૃત, લાવણ્યામૃત અને હાસ્યામૃતની વર્ષા કૃપાકટાક્ષ દ્વારા કરીને, પ્રભુ ભકતનો ચિર કાળનો વિરહતાપ દૂર કરે છે. આ બધો અનુભવ કૃપાકટાક્ષ દ્વારા જ કરાવે છે. પછી તેઓ તેમના શ્રી અંગનો સ્પર્શ કરાવે છે. પ્રભુના શ્રી અંગમાં કરોડો

કરોડો ચંદ્રમાની શીતળતા રહેલી છે. પ્રભુના શ્રી અંગના સ્પર્શ માત્રથી, ભક્તના રોમરોમમાં રસ છવાઈ જાય છે, તેથી ભક્તને સર્વાંગમાં સુખનો અનુભવ થાય છે. દર્શન અને સ્પર્શનું રહસ્ય આવું ગૂઢ હોવાથી, અહીં ભક્તકવિએ ગૂઢતાપૂર્વક દર્શન અને સ્પર્શની વિનંતી કરી છે.

ભક્તકવિ અહીં પ્રભુને 'શ્રી ગોકુલભૂપ' કહે છે. તેનો ભાવ એવો છે કે 'ગો' એટલે ઈંદ્રિયો. ભક્તની બધી ઈંદ્રિયોનો સમૂહ એટલે ગોકુલ. આવા ગોકુલમાં પ્રભુ રસ સ્વરૂપે પ્રવેશ કરી, સર્વ ઈંદ્રિયો સાથે રમણ કરે છે, તેથી તેઓ શ્રી ગોકુલભૂપ છે.

શ્રી ગોકુલભૂપ સાથેના રમણની આવી રહસ્યમય અભિલાષા, બીજાઓની સામે કહી ન શકાય. પ્રભુના પ્રેમી જન માટે, પ્રભુનું સ્વરૂપામૃત જ જીવન છે, તેથી ભક્ત પોતાની સકલ ઈંદ્રિયોથી, પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરવા તલસે છે. પ્રભુના પ્રેમી જનની આવી અભિલાષાને, પ્રેમી જન જ સમજી શકે છે. તેથી બીજાઓની આગળ આ અભિલાષા કેવી રીતે પ્રગટ કરવી, એની મુંઝવણ ભક્તકવિ હવે ત્રીજા દોહામાં વ્યકત કરે છે.

યહ અભિલાષા મનમેં રહે, કહું કૌન પે જાય ।
જીવન ધન સંપત્તિ, સુખદ મેરે શ્રીગોકુલરાય ॥૩॥

ભાવાર્થ :

ભક્તકવિ કહે છે કે : 'મારી અભિલાષા રૂપી મનોરથ, મારા અલૌકિક પતિ રૂપી પ્રભુ જ પૂર્ણ કરી શકે, બીજા કોઈથી તે પૂર્ણ થઈ શકે નહીં. કારણ, પરમાનંદ સ્વરૂપ પ્રભુ વિના, બીજા સર્વ પદાર્થોમાં કેવળ કલેશ ભરેલો છે. તેથી શ્રી ગોપીજનોએ પણ પ્રભુને કહ્યું હતું કે : 'હે પ્રિય ! આપના માટે અમે બધાનો ત્યાગ કર્યો છે અને અમે આપનાં ચરણકમળના

મૂળમાં આવ્યાં છીએ. પતિ, પુત્ર વગેરે સૌ દુઃખ દેનારાં છે. તેમનાથી અમને શું સુખ મળવાનું છે ? અક્ષય એવું સુખ તો કેવળ આપનાં ચરણકમળમાં જ છે, તેથી હવે અમને ઘેર મોકલવાની આજ્ઞા કરશો નહીં.' આમ, પ્રભુના પ્રેમી જનોને, પોતાના પ્રિયતમ પ્રભુ વિના, બધું દુઃખદાયક લાગે છે. કારણ કે પૂર્ણ પુરુષોત્તમમાં જ અંશ માત્ર ક્લેશ નથી, અલૌકિક સુખના બધા પદાર્થો મૂર્તિમંત બનીને, પ્રભુ સન્મુખ હાથ જોડી, સ્થિર ઉભા છે. તેથી પ્રભુ જ બધા પ્રકારની અભિલાષાઓ પૂર્ણ કરવા સમર્થ છે. શ્રીવલ્લભ, પ્રેમી ભકતોના જીવનનો સાર છે, ભકતોના જીવનરૂપ છે. તેમના વિના ભકત જીવી શકતો નથી. આ જીવન-ધનની પ્રાપ્તિ વિના જીવવું વ્યર્થ છે. તેમની પ્રાપ્તિ થતાં અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ, તેવા ભકતોના ઘરમાં બુહારી કરે છે. આવા શ્રી પ્રાણવલ્લભ વિના, જીવનની પણ કોઈ શોભા નથી.

આપની રસ સંપત્તિ મહા અલૌકિક છે. કરોડો અલૌકિક શોભાયુકત ભગવદીયો, આવા પ્રભુનું સેવન કરે છે આપનું લીલા ધામ મહા અલૌકિક છે, આપની કુંજ-નિકુંજ લીલાની બધી સામગ્રી, મહા સુખરૂપ છે. આપ કરોડો કામદેવના લાવણ્યથી પણ, વિશેષ સુંદર અને રસરૂપ છે. શેષજી, શિવજી, નારદજી, શારદા અને રમા નિશદિન આપનાં યશોગાન ગાય છે, તો પણ આપના યશ પૂરા થતા નથી.

આપ વાણીથી અગોચર છે. નિગમ (વેદ) થી અગમ્ય છે. એવા પ્રભુ મારા ગોકુલના રાજા છે, અખિલ ભુવનના પતિ છે. આવી મહા અલૌકિક સંપત્તિ રૂપી પ્રભુને છોડીને, જીવને સંસારમાં શું સુખ મળશે ?

અહીં કોઈ પ્રશ્ન કરે કે, તમે કહ્યું કે પ્રભુ મારા

ગોકુલરાય છે. રાયનો એક અર્થ પતિ થાય છે. તેથી પ્રભુ તમારા પતિ થયા. આ જ પ્રમાણે, પ્રભુ તો બધાના પતિ છે, તમારા એકલાના નથી. ત્યાં ભકતકવિ જવાબ આપે છે કે: તમારી વાત સાચી છે, પ્રભુ બધાના પતિ છેઃ પરંતુ બીજા જીવો પ્રભુને પતિ રૂપે જાણતા નથી.' જ્યારે અહીં શ્રી ગોપાલદાસભાઈએ, પોતાના અલૌકિક પતિ રૂપે જાણ્યા છે, તેથી હવે આવા પોતાના અલૌકિક સ્વામીના ચરણારવિંદનું, તેઓ ચિત્તમાં ધ્યાન કરે છે તે વાત આગલા દોહામાં વર્ણવી છે.

ચરણ શિશ અરુ ચિત્ત ધરી, ધરી અંતર્ગત ધ્યાન ।
મનપ્રબોધ યશ ગ્રંથ કો, દેહુ કૃપા કરિ જ્ઞાન ॥૪॥

ભાવાર્થ :

પ્રભુના ચરણકમળ ભક્તિનું સ્વરૂપ છે, તેથી ભક્ત માટે સર્વસ્વ છે. માટે ભકતકવિ દીનતાપૂર્વક, પ્રભુના ભકિતરૂપા ચરણ-કમળોને, પોતાના મસ્તકે ધારણ કરે છે. ભકતકવિ કહે છે કે: જો પ્રભુના ચરણકમળમાં ચિત્ત ન લાગે તો, કાર્ય સંભવે નહીં હૃદયમાં ચરણકમળનુ ધ્યાન કર્યા વિના, પ્રભુના સ્વરૂપમાં મનનો પ્રવેશ ન થાય, તેથી સ્વરૂપામૃતનો સ્વાદ ન આવે. આમ થતાં સ્વરૂપામૃતનું ધ્યાન ન થાય, અને મનોરથ સિદ્ધ પણ ન થાય.'

તેથી ભકતકવિ શ્રીપ્રભુને પ્રાર્થના કરતાં મનને સમજાવે છે. મન ચિંતાને વશ છે. મનની ચિંતા દૂર કરવા, મનને શિખામણ આપવા, તેઓ આ ગ્રંથ પ્રકટ કરે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ગ્રંથ રચ્યા વિના શું મનને સમજાવી ન શકાય? ત્યાં એવું સમાધાન થઈ શકે કે, શ્રી ગોપાલદાસભાઈ તો, સદા સ્વરૂપાસકત છે, પરંતુ પોતાના સ્વકીય જનોને શિખામણ આપવા માટે, તેઓ આ ગ્રંથ પ્રકટ કરવાનું વિચારે છે. જે ભકતોમાં ભગવદ્ લીલાના રસનું અને ભગવદ્

સ્વરૂપનું જ્ઞાન પ્રકટ ન હોય તેમના માટે આ ગ્રંથ રચ્યો છે. આવા ભકતો જ્યારે પ્રમેયમાર્ગના સિદ્ધાંતને જાણે, ત્યારે કૃતાર્થ બને, ત્યારે પરમાર્થતા સિદ્ધ થાય.

સ્વકીય ભકતોના ઉદ્ધાર માટે પ્રભુએ. પૃથ્વી પર અવતાર ધારણ કર્યો છે. પ્રભુની પરોક્ષ સ્થિતિમાં, ભકતના ઉદ્ધારનું કાર્ય આવા ગ્રંથ દ્વારા થઈ શકે, તેમ થવાથી પ્રભુને ઉદ્ધાર કરવાનો શ્રમ લેવો ન પડે. આમ દાસ્ય ભાવથી પ્રભુના શ્રમની નિવૃત્તિ માટે, ભકતકવિએ આ ગ્રંથની રચના કરી છે. આવો દાસ્ય ભાવ, પ્રભુના કૃપાપાત્ર મહાન ભગવદીયોમાં જ હોય, કારણ કે, ભગવદીયોનું સ્વરૂપ વૃક્ષ જેવું છે વૃક્ષ પરમાર્થ માટે દેહ ધારણ કરે છે બીજાને શીતળતા આપતું વૃક્ષ પોતે ગરમી સહન કરે છે. તેવી રીતે, ભગવદીયોનું હૃદય, શ્રી પ્રાણવલ્લભને મળવાના ચિંતારૂપી દાવાગ્નિમાં બળતું રહીને, પ્રભુનાં વચનામૃતોની વૃષ્ટિ કરી, અન્ય ભકતોના હૃદય લીલાં રાખે છે અને પોતે શ્રી પ્રાણવલ્લભના વિયોગનો અનુભવ કરે છે

સાધનદશાવાળા ભકતોના મનમાં સ્થિરતા થતી નથી. ચિત્તનો સ્વભાવ ચંચળતાનો છે. તેનું નિરૂપણ હવે આગલા દોહામાં કરે છે.

સબતે ચિંતા કો અતિ, પ્રબલ કહ્યો સ્વભાવ ।
ઉભય ઉથ કો વિજય કરી, વંદુ મૃદુ જુગપાંવ ॥૫॥

ભાવાર્થ :

બધા કરતાં ચિંતાને અતિ પ્રબળ કહેવામાં આવી છે, કારણ કે, ભયથી ચિંતા થાય છે. પ્રભુ કૃપાથી દૈવી જીવોને, પોતાના દોષોનું જ્ઞાન હોય છે, તેથી આવા દોષોની સ્ફૂર્તિ રહેવાથી, ભય ઉત્પન્ન થાય છે કે પ્રાણનાથ પ્રભુ મારો અંગીકાર કરશે કે નહીં કરે? આવા ભયને લઈને ભકતને ચિંતા થાય છે.

ચિંતા થવાનું એક બીજું કારણ પણ છે. ભગવદીયોનો જાણતાં-અજાણતાં દ્રોહ થઈ ગયો હોય ત્યારે, તે અપરાધની નિવૃત્તિ માટે, પ્રભુ ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન કરે છે. આવા ઉદ્વેગને લઈને, પ્રભુની પ્રાપ્તિ માટેનાં સાધન સિદ્ધ થતાં નથી, ત્યારે જીવને ચિંતા થાય છે.

શ્રી આચાર્યચરણ **'નવરત્ન'** ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :

'ચિત્તોદ્વેગમ્ વિધાયાપિ, હરિર્યદ્યત્ કરિશ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ, મત્વા ચિંતામ્ દ્રુતમ્ ત્યજેત્ ॥'

ચિત્તમાં ઉદ્વેગ થાય, તો પણ શ્રીહરિ જે કંઈ કરે છે, તે તેમની લીલા છે, એમ માનીને ચિંતાનો તત્કાલ ત્યાગ કરવો. આ શ્લોકમાં 'હરિ' પદ મૂકવામાં આવ્યું છે. સર્વ પ્રકારનાં દુ:ખને હરનાર તે હરિ. તેથી પ્રભુ જે કંઈ કરશે, તે મારા હિતનું જ કરશે, એવું જાણીને ભકતે ચિંતાનો ત્યાગ કરવો અથવા એમ માનવું કે, પ્રારબ્ધના ભોગથી અનેક પ્રકારનો પાપ રાશિ એકત્ર થયો છે, તેનો નાશ કરવા માટે, પ્રભુએ મારામાં ઉદ્વેગ ઉત્પન્ન કર્યો છે. તેને પ્રભુની કૃપા જાણીને, ચિંતાનો ત્યાગ કરવો અને દૈન્ય ભાવપૂર્વક પ્રભુની સન્મુખ રહેવું. આપણા દૈન્યથી, પ્રભુની પ્રસન્નતા થાય છે. ચિંતા અને ચિંતા કરવાનો સ્વભાવ, બંને જીવના સામર્થ્યથી દૂર થઈ શકતાં નથી, પરંતુ પ્રભુકૃપાથી દૂર થાય છે, તેથી કૃપા પ્રાપ્ત કરવા, દીનતા મુખ્ય છે. માટે અહીં ભકતકવિ પ્રભુનાં બંને ચરણકમળને વંદન કરે છે. કારણ, પ્રભુના ચરણકમળમાં ભકતોના બધા પ્રતિબંધ દૂર કરનાર કમળ, વજ્ર, ધ્વજા, અંકુશ વગેરે ચિહ્નો છે. તેથી ભકતે દીનતા અને ભાવપૂર્વક પ્રભુનાં ચરણકમળનું હૃદયમાં ધ્યાન કરવું. પ્રભુનાં ચરણકમળ ભકતના પક્ષપાતી છે, તેથી તેઓ ભકતના બધા પ્રતિબંધોને દૂર કરી, પ્રભુ સાથે ભકતનો સંગમ કરાવનારાં છે, માટે ચરણકમળને વંદન કરવામાં આવ્યું છે.

જાકે મન ચિંતા રહે, ભાવ સુદૃઢ નહીં ગાત ।
મનપ્રબોધયહ ગ્રંથ સુન, અબુધ સુબોધ વહી જાત ॥૬॥

ભાવાર્થ :

જ્યારે મનમાં ચિંતા વસે છે, ત્યારે ભાવ દૃઢ થતો નથી, પ્રભુના સ્વરૂપમાં ચિત્ત લાગતું નથી અને પ્રભુની પ્રાપ્તિમાં અંતરાય આવે છે. કદાચ પ્રમેયબળથી પ્રભુ, આવા જીવને સંસારમાંથી બહાર કાઢે, તો પણ તે જીવને સ્વરૂપમાધુરીનો સ્વાદ મળતો નથી, કેવળ તે કૃતાર્થ થાય છે. કૃતાર્થતા એટલે મોક્ષપ્રાપ્તિ. તે જીવને પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ નથી થતો, માટે સ્નેહમાર્ગ, જ્ઞાન અને કર્મમાર્ગ કરતાં જુદો જ છે. આવા સ્નેહમાર્ગની રીતનું જ્ઞાન, આ ગ્રંથ સાંભળવા, સમજવાથી થશે. ત્યારે તેવા જીવની કુબુદ્ધિ દૂર થશે અને સુંદર બુદ્ધિ પ્રાપ્ત થશે. સુંદર બુદ્ધિ દ્વારા તે સ્નેહના માર્ગને જાણી શકશે.

અહીં કોઇ એવી શંકા કરે કે, આ ગ્રંથ પ્રગટ છે, તેને બધા વાંચશે અને સાંભળશે, છતાં બધાની બુદ્ધિ સુંદર બનશે નહીં, તેનું શું કારણ ? તો તેનું કારણ કહે છે કે, જે અંતઃકરણપૂર્વક મન-વચન-કર્મથી, પોતાના હિતનો અર્થ સમજશે, તે ગ્રંથનો આશય અનન્યતાપૂર્વક સાંભળશે, તો જ તેના હૃદયમાં આ ગ્રંથ આરૂઢ થશે. વિજાતિઓના સંગદોષથી હંમેશાં વિપરીત બુદ્ધિ થાય છે

લૌકિક મેં વ્યાસંગ સુનિ, દેખ્યો સમય વિરૂદ્ધ ।
મનપ્રબોધ કરિ આપુ તે, સબ કર લિયો વિશુદ્ધ ॥૭॥

ભાવાર્થ :

ભકતોએ પોતાના મનને સેવા, સ્મરણ, ગુણગાન વગેરે અલૌકિક વિષય-સાધનોમાં લગાવવું જોઈએ, કારણ કે ભકતને પ્રિયતમ પ્રભુનો વિયોગ છે. જ્યારે શ્રીવલ્લભનું સાક્ષાત

સાનિધ્ય હોય, ત્યારે તો ભકતને કશું પણ બાધક થતું નથી, પરંતુ, શ્રીપ્રભુનો હાલ સાક્ષાત્ સંબંધ નથી. આવા સમયમાં, જીવ સમય વીતાવવા અન્ય વાતો કરે, ખાનપાન વગેરેના વિષયોમાં મન લગાવે અને રાતદિવસ વિજાતિઓનો સંગ કરે, તો તે બહિર્મુખ થઈ જાય, તેથી ભકતકવિ પોતાના મનના પ્રબોધ માટે, આ ગ્રંથ દ્વારા શિખામણ આપે છે. મનને વિશુદ્ધ અર્થાત વિશેષ રૂપે મજ્જન કરી, સાવધાન કરે છે.

કબહું અતિ ઉદ્વેગ મન, રહેત કછુ જંઝાલ ।
મનપ્રબોધ યહ ગ્રંથ, તબ કીનો દાસ ગોપાલ ॥૮॥

ભાવાર્થ :

દૈવી જીવો ત્રણ પ્રકારના અધિકારી છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) હીન. જે ઉત્તમ અધિકારી છે, તેમના મનમાં ઉદ્વેગ થતો નથી. જ્યારે મધ્યમ અને હીન અધિકારીના મનમાં ઉદ્વેગ થાય છે. હીન અધિકારીમાં થોડાક આસુરી ભાવનો આવેશ પણ રહે છે, તેથી પ્રવાહી આસુરી જીવની જેમ, તેમનું મન લૌકિક વિષયોના લોભમાં ભમતું ફરે છે. કામ, ક્રોધ વગેરેમાં મગ્ન રહે છે. પરિણામે આવા હીન અધિકારી દૈવી જીવો આસુરી જીવોના સંગદોષથી પોતાના પ્રાણવલ્લભ શ્રીપ્રભુની સુરતને ભૂલી જતાં, બહિર્મુખ થાય છે. તેથી તેઓ આસુરી, પ્રવાહી સૃષ્ટિમાં, સદૈવ વિષયવાસનામાં તત્પર રહે છે.

જ્યારે આવા હીન અધિકારીઓને જ્ઞાન થાય છે કે, શ્રીપ્રભુએ મારો અંગીકાર કર્યો છે, ત્યારે તેમને પ્રભુના પ્રમેય બળના પ્રતાપે સમજાય છે કે, લૌકિક વિષયો મારૂં અહિત કરનારા છે. પરંતુ તેમને પ્રભુથી જેટલી બહિર્મુખતા થઈ હોય, તેટલો તેમના અંગીકારમાં જન્માંતરોનો વિલંબ થાય છે. શ્રીહરિરાયચરણ એક કીર્તનમાં આજ્ઞા કરે છે કે :

‘ભૂલ જિન જાય મન અનત મેરો,
અન્ય સંબંધ તેં અધિક ડરપત રહો.’

માટે જ અહીં શ્રી ગોપાલદાસજીએ કહ્યું : **‘રહેત કછુ ઝંઝાલ.’** વિષયભોગની ઝંઝાળથી પ્રતિબંધ થાય છે, પરિણામે જીવ પ્રભુથી વિખુટો રહે છે અથવા પ્રભુની વિમુખતા થાય છે. માટે મધ્યમ અને હીન અધિકારીના મનને સમજવા માટે, **‘મનપ્રબોધ’** ગ્રંથ પ્રકટ કર્યો છે, એવું સમજાય છે.

ઉદ્વેગનું એક કારણ એ પણ છે કે, જ્યારે પ્રભુ જીવને તેના પ્રારબ્ધના ભોગ ભોગવાવે છે, ત્યારે તે જીવનું મન નિશ્ચયપૂર્વક પ્રભુના સ્વરૂપમાં લાગતું નથી, તેથી તે જીવ આઠે પ્રહર, પોતાની અયોગ્યતાનો વિચાર કરે છે કે, હું પહેલાં કોણ હતો ? હવે આવો કેમ થયો ? હું અત્યારે શું કરી રહ્યો છું ? આવી અયોગ્યતાનો વિચાર કરતાં કરતાં તે ચિંતા કરે છે. આવા જીવોને ઉપદેશ આપવા માટે **‘મનપ્રબોધ’** ગ્રંથ રચ્યો છે.

પુષ્ટિ પ્રભુ જેનો અંગીકાર કરે છે, તેને છોડતા નથી. દૈવી જીવ ગમે તેવો પતિત થયો હોય, તો પણ પ્રભુ પોતાના સામર્થ્યબળથી તેનો ઉદ્ધાર કરે છે, અથવા ઉત્તમ અધિકારવાળા ભગવદીયનો સંગ મેળવી આપી, તેમના દ્વારા જીવનો ઉદ્ધાર કરે છે. આવા ઉદ્ધારનું કાર્ય કરવા માટે, પ્રભુએ શ્રી ગોપાલદાસજી દ્વારા આ **‘મનપ્રબોધ’** ગ્રંથ પ્રકટ કરાવ્યો છે, તે વાત શ્રી ગોપલદાસભાઈ આગળના દોહામાં કહે છે.

‘મનપ્રબોધ’ શુભ ગ્રંથ, યહ કીનો કરિ જુ પ્રકાશ ।
મનપ્રકાશ બોધક નિપટ, સબતે કરે જુ ઉદાસ ॥૯॥

ભાવાર્થ :

મનપ્રબોધ એટલે મનને બોધ કરનાર. પોતાના મનને બોધ કરવો, તે સર્વ શ્રેષ્ઠ છે. આપણે જગતને શિખામણ આપીએ

અને પોતે પ્રપંચના વિષયોમાં ડુબેલા રહીએ અને પોતાની જાતને ઉત્તમ માનીએ, તે બરાબર નથી. કેટલાક લોકો પોતાની પ્રતિષ્ઠા અને સ્વાર્થ માટે, જગતને શિખામણ આપે છે. તે બધું પાખંડ છે. માટે જીવે પોતાના મનને શિખામણ આપતા રહેવું જોઈએ, તો જ પ્રભુ સાથે સત્ય સંબંધ બંધાય. જ્યારે પ્રભુ સાથે આપણો સત્ય સંબંધ થાય છે, ત્યારે આપણી આપેલી શિખામણ, જગતના મનમાં ઉતરે છે.

આ વિષયમાં શ્રીગોકુલેશ પ્રભુનું એક વચનામૃત છે. એક ભગવદીયે આપને પ્રશ્ન કર્યો : 'રાજ ! શ્રી આચાર્યજી મહાપ્રભુનાં વચનામૃત એવા 'શ્રી સુબોધિનીજી' આદિ ગ્રંથો હું સાંભળું છું, પરંતુ મનમાં તેની અસર થતી નથી, તેનું કારણ શું ? ત્યારે શ્રી ગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી : 'શ્રી આચાર્યજીની વાણી પતિવ્રતા રૂપ છે. જેની બુદ્ધિ વ્યભિચારિણી છે, તેની બુદ્ધિમાં આ વાણી સ્થિર થતી નથી. જે મનુષ્ય વાદવિવાદ કરવા માટે, અથવા બીજાને ઉપદેશ આપવા માટે અથવા પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે, શ્રી આચાર્યજીની વાણીનો ઉપયોગ કરે છે, તે મનુષ્ય દ્વારા કહેવાયેલી વાણી, હૃદયમાં કેવી રીતે સ્થિર થાય ? પરંતુ જે મનુષ્ય પોતાનું કર્તવ્ય સમજવા, પોતાના મનને શિખામણ આપવા, શ્રી આચાર્યજીની વાણીનું શ્રવણ કરે છે તેના હૃદયમાં તે સ્થિર થાય છે. જે ભક્તે પોતે કર્તવ્યપરાયણ રહીને, સાથે-સાથે બીજા જીવોનાં હિતની ભાવના રાખીને, બીજાઓને ઉપદેશ આપે છે, ત્યારે તેમનો ઉપદેશ ફલિત થાય છે. આવી પરમાર્થ ભાવનાથી પ્રભુને પણ પ્રસન્નતા થાય છે.'

આથી ભક્તકવિએ દોહામાં ગ્રંથ માટે 'શુભ' વિશેષણ મૂક્યું, જેમાં પોતાનો સ્વાર્થ ન હોય તે શુભ. ભક્તકવિ આ દોહામાં કહે છે કે : **'કીનો કરિ જુ પ્રકાશ.'** તેનો અર્થ

એવો સમજવો કે, જગતને શિખામણ આપવા માટે, આ ગ્રંથ પ્રકટ કર્યો છે, આમ કહીને તેઓ પછી કહે છે કે : '**મન-પ્રકાશ બોધક નિપટ.**' તેનો અર્થ એવો કે, જેના મનમાં પ્રાણવલ્લભ પ્રભુનાં સ્વરૂપ પ્રત્યે રૂચિ હોય, તે જીવને આ ગ્રંથના શ્રવણથી સ્વરૂપાસકિત દૃઢ થાય. પ્રભુમાં પ્રેમ રૂપી બીજ હોય તો શ્રવણથી તે બીજનું પોષણ થાય. ત્યારે તે પ્રેમરૂપી બીજ અંકુરિત, પુષ્પિત અને ફલિત થાય. અર્થાત્, તે ભકતમાં પ્રેમ, આસકિત અને વ્યસન ભાવ સિદ્ધ થાય. '**નિપટ બોધક**' એટલે પ્રકટ પ્રમેય સ્વરૂપ, એવા પ્રાણવલ્લભ શ્રીપ્રભુનો અનુભવ કરી. બધાના અનુભવ માટે આપેલી શિખામણ. 'નિપટ' એટલે સારી રીતે. જેમ બાળકને સમજાવી-પટાવી ભણાવવામાં આવે, તેમ જીવનું મન પ્રભુ વિના બધાથી ઉદાસ બને, એમ તેને સારી રીતે સમજાવવાતાં આવે.

આમ થતાં, ભકતનું મન પ્રાણવલ્લભ પ્રભુના સ્વરૂપ સિવાય, બીજા બધા વિષયોમાંથી નિવૃત્ત થાય, તેની વાત આગળના દોહામાં કહેવામાં આવી છે.

ચરન કમલ મેં મન રહે, આન રહે નહીં આસ ।
ઉદ્દીપન સદ્ભાવ કરિ, મનકો કરે પ્રકાસ ।।૧૦।।

ભાવાર્થ :

શ્રી પ્રાણવલ્લભના ચરણકમળમાં મન કયારે લાગે? જ્યારે પતિ, પુત્ર, સ્રી, શરીર, ઘર, ધન વગેરે બધી વસ્તુઓ તરફ ઉદાસિનતા થાય. કારણ કે, મનનો એવો સ્વભાવ છે કે, કોઇ એક વસ્તુના અવલંબન વિના, મન એક ક્ષણ પણ સ્થિર થઈ શકતું નથી. સાથે સાથે મનનો સ્વભાવ સંકલ્પ વિકલ્પ કરવાનો પણ છે, તેથી મનને બીજી બધી વસ્તુઓમાંથી દૂર કરી, પ્રભુમાં લગાવવામાં આવે અને પ્રભુના વિષયમાં સંકલ્પ-વિચાર કરવામાં

આવે તો મન પ્રભુમાં સ્થિર થાય. માટે, મનને બીજા વિચારોમાં પરોવવું જોઈએ નહીં.

અહીં પ્રશ્ન થાય કે આપણે ગૃહસ્થાશ્રમમાં રહીએ છીએ, તેથી લૌકિક વિષયો અને તેનો ઉદ્યમ કરવો જરૂરી બને છે. આ સ્થિતિમાં આપણું મન અનેક ઠેકાણે લગાડવું પણ પડે. તેથી મન ઠેર–ઠેર ભટકયા કરે છે. જે યોગીઓ, યોગસંધાન કરે છે તેમનું મન પણ, ઘણી કઠિનતાથી વશમાં રહે છે. આ સ્થિતિમાં ગૃહસ્થીનું મન, પ્રભુના સ્વરૂપમાં કેવી રીતે લાગેલું રહે ? આ પ્રશ્નનું સમાધાન એ છે કે, યોગીઓ ઘણી સાધના કરીને મનમાં બ્રહ્મનું સ્વરૂપ અંગુષ્ઠ સમાન છે, એવી ધારણા કરી, મનને તેમાં લગાવે છે. આમ કરતાં યોગીઓ અક્ષરબ્રહ્મ સુધી પહોંચે છે. તેઓ કેવળ જ્ઞાની છે, તેમનામાં સ્નેહ રસનું એક બુંદ પણ હોતું નથી. તેથી સ્નેહમાર્ગમાં યોગીનો અંગીકાર પ્રભુએ કર્યો નથી. લગાવ માટે ચિકણાઈ જરૂરી છે. યોગી કોરા જ્ઞાની છે, તેમનામાં સ્નેહરૂપી ચિકણાઇ હોતી નથી તેથી તેમનું મન પ્રભુમાં લાગવું કઠણ છે. જેમ ગુંદર ચીકણો પદાર્થ છે, તેથી તેમાં બીજા પદાર્થો ચોંટી જાય છે, તેમ હૃદયમાં સ્નેહ હોય તો તેવી વ્યકિતનું મન પ્રભુના સ્વરૂપમાં ચોંટી જાય છે. દૈવી જીવ, જે પુષ્ટિમાર્ગીય છે, તે સ્નેહમાર્ગીય હોવાથી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપ સાથે સંબંધી છે તેથી તેમને તેમના નેત્રોથી શ્રી પ્રાણવલ્લભ પ્રભુની, સ્વરૂપ માધુરીનું પાન કરવાની જ અભિલાષા રહે છે; એ જ તેમને માટે ફળ છે. આથી શ્રી ગોપીજનોએ પણ કહ્યું કે : ‘ઇંદ્રિયવાળાનું ફળ એક જ, અને તે પ્રભુની રૂપમાધુરીનું નેત્રોથી પાન કરવું.’

અહીં એવો પ્રશ્ન થાય કે, પ્રભુના સ્વરૂપમાં આવા વ્યસન ભાવવાળા તો, કેવળ વ્રજભકતો જ થઈ ગયાં, હવે એવો કોઈ જીવ જણાતો નથી. તેના જવાબમાં જણાવે છે કે, શ્રી

આચાર્યજી મહાપ્રભુએ શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે, તે પ્રેમમાર્ગ છે. તેમાં શરણે આવેલ જીવને પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ ન થાય તો પ્રકટ કરેલો પ્રેમમાર્ગ વ્યર્થ જાય અથવા તે પ્રેમમાર્ગ પ્રકટ કરવાનું કોઈ પ્રયોજન સિદ્ધ ન થાય તેથી આ પ્રેમમાર્ગ યોગીઓને ભલે દુર્લભ હશે, પરંતુ સ્નેહી એવા દૈવી જીવોને અતિ સુગમ છે, જેમ કોઈ પુરુષનું મન કોઈ વેશ્યા સ્ત્રીમાં લાગેલું રહે, તો તેવા પુરુષને લાખ પ્રકારની શિક્ષા કરીએ તોયે, તે પોતાની વાત ભૂલશે નહીં. ખાનપાન કરતાં, કુટુંબ સાથે રહેતાં, બધા સાથે વાત કરતાં તેનું ચિત્ત તો પેલી વેશ્યામાં જ લાગેલું રહેશે. તેવી રીતે, જે દૈવી જીવ છે તેઓ ગૃહસ્થીમાં રહેવા છતાં પોતાનું મન, શ્રી પ્રાણવલ્લભ પ્રભુમાં લગાવેલું રાખે છે. તેથી ભક્તકવિએ કહ્યું : **'આન રહે નહીં આસ.'** જ્યારે મન પ્રભુના સ્વરૂપમાં લાગેલું રહે, ત્યારે તે સ્વરૂપમાધુરીના સ્વાદથી સ્વાભાવિક રીતે બીજી વસ્તુઓની આશા જ રહેતી નથી. આવા ભકતને ઈંદ્રલોકનો વૈભવ આપવામાં આવે, તો પણ તે તેનો સ્વીકાર કરતો નથી.

આવા જે ભકતનું મન પ્રભુના સ્વરૂપમાં લાગેલું રહે છે, તેનો સ્વભાવ કેવો હોય, તે એક બીજા દોહામા કહેવામાં આવ્યો છે.

'જો ન જુગતિ પિય મિલન કી, ધૂર મુક્તિ હુ દીન ।
જો લહિયે સંગ સજ્જન કી, ધરક નરક હુ કીન ।।

જેને પ્રિયને મળવા માટેની ચતુરાઇ નથી, અને જે મુક્તિની ઈચ્છા રાખે છે, તેને પ્રેમી કહેનારના મુખમાં ધૂળ પડી. આ દોહાનો બીજી રીતે અર્થ કરીએ તો પ્રેમનો મહિમા જાણ્યા પછી, પણ જે મુક્તિની ઇચ્છા રાખે છે, એવા જીવને ધિક્કાર છે. પ્રિયને પ્રાપ્ત થયા પછી, નરકમાં રહેવું પડે તો પે

સાચો પ્રેમી નરકના દુઃખનો ભય રાખતો નથી ! આ તો લૌકિક પ્રેમીની વાત થઈ, ત્યારે જે ભકતને શ્રી પૂર્ણ પુરૂષોત્તમ સંબંધી સ્નેહ હોય તેનું તો કહેવું જ શું ! !

પ્રભુનો સ્વભાવ મહા ઉદાર છે. કોઈ ભક્ત પ્રભુને એકગણો સ્નેહ કરે, તો પ્રભુ તેને હજારગણો માને છે. પ્રભુ આવા પ્રેમીજનને પોતાના સમાન બનાવી, તેની સાથે રમણ કરે છે. પ્રભુનાં ચરણારવિંદ આવાં રસરૂપ છે. તેમની સાથે જેનો સંબંધ થાય, તે ભકતની બધી આશાઓ છૂટી જાય છે, તેથી આ '**મનપ્રબોધ**' ગ્રંથ પ્રભુના સ્વરૂપમાં આપણો સ્નેહ ભાવને ઉદ્દીપન કરનારો છે. જેમ રસિક જનનો કામ ભાવ વન, વાદળ, ચંદ્ર વગેરેથી ઉદ્દીપન થાય, તેમ આ પ્રમેય ગ્રંથનું શ્રવણ કરતાં જ ભકતના હૃદયમાં પ્રભુના સ્વરૂપ વિષે, સ્નેહ પ્રકટ થાય છે અને 'મનમાં તેનો પ્રકાશ થાય છે. જેમ દીવો મંદ જયોતથી બળતો હોય, ત્યારે તેને કોઈ ચતુર મનુષ્ય સંવારે તો તે દીવાનો પ્રકાશ વધારે તેજથી, ચારે દિશામાં ફેલાય છે અને તેના પ્રકાશમાં દૂરની વસ્તુ પણ દેખાય છે, તેવી રીતે ભકતના હૃદયરૂપી કંદરામાં શ્રીપ્રભુનું સ્વરૂપ ગૂઢ રૂપે છુપાયેલું છે. જયારે સમાનશીલ ભગવદીયો આપસમાં મળીને પ્રભુની પ્રેમકથા કરે છે, ત્યારે હૃદયમાં ગૂઢ ભાવનો પ્રકાશ થાય છે. ત્યારે ભકતની બધી ચિંતાઓ દૂર થાય છે.

પ્રભુની પ્રેમકથાના શ્રવણથી બધી ચિંતાઓ, કેવી રીતે દૂર થાય છે, તે આગળના દોહામાં સમજાવે છે.

જિન સુન કે ચિંતા સકલ, લૌકિક અલૌકિક શેષ ।
કોઉ દુઃખ વ્યાપે નહીં, દોષ રહે નહીં લેશ ॥૧૧॥

ભાવાર્થ :

બધી ચિંતાઓમાં મુખ્ય ચિંતા બે, એક લૌકિક અને બીજી

અલૌકિક. લૌકિક ચિંતામાં સ્ત્રી પુત્ર વગેરેનો નિર્વાહ કેવી રીતે કરવો, તે મુખ્ય ચિંતા. અલૌકિક ચિંતામાં પરલોકનું ફળ કેવું પ્રાપ્ત થશે, તે મુખ્ય ચિંતા.

પરલોકમાં સ્વર્ગનું સુખ મળે, તો તે પ્રવાહી ફળ છે. મુક્તિ એ મર્યાદામાર્ગીય ફળ છે. આ બંનેથી શ્રી પૂર્ણ પુરુષોત્તમ પ્રાપ્તિ તદ્દન, અલગ વાત છે અને તેજ પુષ્ટિ ફળ છે.

ભક્તને શ્રીપ્રભુમાં જરા સરખો પણ વિશ્વાસ આવી જાય, તો તેને કોઈપણ પ્રકારની ચિંતા કરવાનું કારણ રહે નહીં. અને દુઃખ થાય નહીં. તેના ચિત્તમાં કોઈ પ્રકારનો દોષ પણ ન રહે.

શ્રી પુરૂષોત્તમ સાથેના સંબંધમાં, મોટામાં મોટો કોઈ દોષ હોય તો તે જીવના પક્ષે અન્ય સંબંધ-અન્યાશ્રયનો છે. આ અન્ય સંબંધને સમજવો મુશ્કેલ છે. તેનું નિરૂપણ આગળ ઉપર થશે. આ અન્યાશ્રય દૂર થાય તો કોઈપણ પ્રકારનું દુઃખ રહે નહીં.

ચિત્તના દોષ શ્રવણ, દર્શન અને સ્મરણથી નિવૃત્ત થાય. જીવ અન્ય સંબંધનો દોષ સમજે, ત્યારે તે દોષ પણ નિવૃત્ત થાય. આ બધા દોષ દૂર કરવા માટે આ ગ્રંથનું શ્રવણ આવશ્યક છે. જે જીવ આ ગ્રંથનું શ્રવણ કરીને, પ્રભુના ગૂઢ રસ સ્વરૂપને સમજે, તેના બધા દોષ દૂર થાય. પ્રમાણ ગ્રંથના શ્રવણથી આ દોષ નિવૃત્ત થતા નથી, કારણ કે તેમાં આનું રહસ્ય પૂરેપૂરૂં સ્પષ્ટ કરવામાં આવ્યું હોતું નથી. શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી આદિએ 'શ્રીસુબોધિનીજી' અને 'શ્રીટિપ્પણીજી' વગેરે ગ્રંથોમાં મોટેભાગે પરોક્ષ વાદથી સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે, તેથી તે ગ્રંથો દ્વારા મધ્યમ અને હીન અધિકારી જીવો દોષને સમજી શકતા નથી. શ્રી ગોકુલેશ પ્રભુ અને શ્રી હરિરાયચરણે પણ તેમનાં વચનામૃતો અને ગંથોમાં આ દોષ સમજાવ્યો છે પરંતુ જે ભક્તો

અનન્ય ભાવવાળા નથી, તેમની સમજમાં તે ગ્રંથ આવતા નથી. તેથી મધ્યમ અને હીન અધિકારી જીવો, તે ગ્રંથોને પણ સમજી શકતા નથી. આથી ભકતકવિ શ્રીગોપાલદાસજીએ, પરમ અનન્ય ભાવથી આ દોષ સરલ ભાષામાં, આ ગ્રંથમાં સમજાવ્યા છે. વળી, તેમણે પોતે મન–વચન–કર્મથી તેનું આચરણ પણ કર્યું છે, તેથી તેમની કૃપાથી આ ગ્રંથ દ્વારા આ દોષો મધ્યમ અને હીન અધિકારીઓને પણ સમજાઈ શકે તેમ છે. અને તેમ થતાં તેમનો અન્યાશ્રય છૂટે.

પ્રભુનું જ્યારે પ્રાકટ્ય નથી હોતું, ત્યારે ભગવદીય દ્વારા પ્રભુ જીવનો ઉદ્ધાર કરે છે. આવી આજ્ઞા શ્રીઆચાર્યચરણે ‘શ્રીસુબોધિનીજી’ માં કરી છે, તેથી પ્રભુ જે જીવનો ઉદ્ધાર કરવાનું વિચારે છે, તેને ભગવદીયનો સંગ પ્રાપ્ત કરાવે છે. આથી શ્રીઆચાર્યચરણે ‘**નવરત્ન**’ ગ્રંથમાં આજ્ઞા કરી કે : ‘નિવેદનમ્ તુ સ્મર્તવ્યમ્, સર્વથા તાદૃશૈર્જનૈઃ’ તાદૃશી ભગવદીયોના સંગમાં નિવેદનનું સ્મરણ કરવાથી બધી ચિંતાઓ દૂર થાય છે.

અહીં શ્રીગોકુલેશ પ્રભુનું એક વચનામૃત યાદ કરવા જેવું છે. એક ભગવદીયે પ્રશ્ન કર્યો : ‘પ્રભુએ પાંડવો પર ઘણી કૃપા કરી હતી, છતાં પાંડવો હિમાલય ઉપર હાડ ગાળવા કેમ ગયા?’ આપે આજ્ઞા કરીઃ ‘પાંડવોને અન્યાશ્રય થયો હતો, તેથી તેઓ બદ્રિકાશ્રમ ગયા. ત્યાં તેમને ઘણુ કષ્ટ પડયું. તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, દેવી પોતાના સેવકો પર તરત કૃપા કરે છે અને સંકટ દૂર કરે છે. આમ દેવીનો મનમાં ઉત્કર્ષ વિચારવાથી, તેમણે બદ્રિકાશ્રમ જઈને અન્યાશ્રય કર્યો છતાં પ્રભુ પરમ દયાળુ હોવાથી, તેમણે પાંડવોને મુકિત આપી. માટે, શુદ્ધ પુષ્ટિમાર્ગનું આચરણ કરવું મહા કઠણ છે. જે ભકત પૂર્ણ સ્નેહી હશે, તે જ પુષ્ટિમાર્ગને સમજી શકશે.’

આવા સ્નેહી ભકતો નું પોષણ, શ્રીપ્રાણવલ્લભે પોતાનાં વચનામૃતો દ્વારા કર્યું છે, તે આગળના દોહામાં કહે છે.

જામેં શ્રીમુખ કે વચન, ઉપપત્તિ સહિત અનૂપ ।
સ્વકીયન કે શક્ષા નિમિત્ત, કહે હે કારણરૂપ ॥૧૨॥

ભાવાર્થ :

જ્યારે પ્રભુના શ્રીમુખના વચનામૃતનું જીવ શ્રવણ કરે, ત્યારે તેના કરોડો જન્મોના દોષ દૂર થાય, તેમાં સંદેહ નથી. પ્રભુનાં વચનામૃત યુક્તિપૂર્વકનાં હોય છે, કારણ કે, તે વિના જીવ સમજી શકતો નથી. જેમ છંદશાસ્ત્રમાં ઉપમાનથી ઉપમેયનું સ્વરૂપ જાણી શકાય, અથવા દૃષ્ટાંતથી સ્વરૂપ જાણી શકાય, તેમ પ્રભુનાં વચન મહા રસરૂપ હોય છે. પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ, અગણિતાનંદ અચિંત્ય, અનંત શકિતઓવાળા છે, તેથી નિગમને પણ અગમ છે. તેમની કૃપા વિના, તેમના સ્વરૂપને જાણી શકાતું નથી તેથી શ્રીગુસાંઈજી 'શ્રીવલ્લભાષ્ટક'માં કહે છે કે : 'અનુભવ નિગમાદ્યુકત માનૈર્વેત્ય,' –અનુભવ રૂપ વેદથી જ પ્રભુનું સ્વરૂપ જાણી શકાય અથવા જે ભગવદીયોએ તે સ્વરૂપનો અનુભવ કર્યો છે. તેઓ જ જાણી શકે. તેથી શ્રીમહાપ્રભુજી નિજ સૃષ્ટિને માટે, પ્રકટ થયા છે. માટે નિજ સૃષ્ટિના પોષણ માટે, આપ રસાત્મક સ્વરૂપથી વચનામૃત કરે છે. આ વચનામૃત પણ આનંદમય આધિદૈવિક રસાત્મક છે. આપનું નામાત્મક વાણી સ્વરૂપ આ વચનામૃતોમાં બિરાજે છે. તે વાણી દ્વારા સ્વકીય ભકતોના હૃદયમાં પ્રવેશ કરીને, ભકતોના ત્રિવિધ તાપને દૂર કરે છે.

પ્રભુનું સ્વરૂપ બે પ્રકારનું છે. (૧) પ્રકટ સ્વરૂપ (૨) નામાત્મક સ્વરૂપ. જ્યારે પ્રભુ ભકતોના ઉદ્ધાર માટે પૃથ્વી પર પ્રકટ હોય છે, ત્યારે સાક્ષાત્ સ્વરૂપ દ્વારા ઉદ્ધાર કરે છે. જ્યારે પ્રભુ પૃથ્વી પર પ્રકટ હોતા નથી, ત્યારે પ્રભુના નામાત્મક સ્વરૂપ

દ્વારા ભક્તોનો ઉદ્ધાર થાય છે. પ્રભુનું આ નામાત્મક સ્વરૂપ વચનામૃત દ્વારા પ્રકટ થાય છે અથવા ગ્રંથોમાં બિરાજે છે.

મર્યાદા દૈવી સૃષ્ટિનો ઉદ્ધાર વેદ વાણીથી થાય છે, કારણ કે વેદ વાણીમાં પ્રભુનું આધ્યાત્મિક સ્વરૂપ બિરાજે છે. નિજજનો માટે આધિદૈવિક રસાત્મક સ્વરૂપ રૂપે, વચનામૃતોથી આનંદનું દાન કરે છે, કારણ કે પુષ્ટિ સૃષ્ટિનો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ સાથે સંબંધ છે, મર્યાદા સૃષ્ટિનો સાક્ષાત્ સંબંધ નથી. પ્રભુએ અનેક પ્રકારની સૃષ્ટિ રચી છે અને તે બધી સૃષ્ટિના નિયામક પ્રભુ સ્વયં છે.

આવાં પ્રભુનાં વચનામૃતોથી યુક્ત 'મનપ્રબોધ' ગ્રંથનું શ્રવણ કરવાથી જે કાર્ય સિદ્ધ થાય તેનું નિરૂપણ હવે કરે છે.

'મનપ્રબોધ' યહ ગ્રંથકો, પઢે સુને જો દાસ ।
જગત તુચ્છ કરી, કાહૂકી કરે ન કબહુ આસ ॥૧૩॥

ભાવાર્થ :

આ ગ્રંથ જે વાંચે અને સાંભળે તે દાસ, એવો આ પંક્તિનો અર્થ સમજવાનો નથી. જે આ ગ્રંથ વાંચે અને સાંભળે તે દાસ, એવો અર્થ પણ નથી. કારણ કે જગતમાં અનેક ગ્રંથો જોવા અને સાંભળવા મળે છે. એવી રીતે, આ ગ્રંથ પણ કોઈ ભક્તના સંગમાં જોવા–સાંભળવામાં આવે, તેથી દાસપણું પ્રાપ્ત ન થાય. અહીં એવો અર્થ હોવાનો છે કે જે દાસભાવ ધારણ કરીને, નિરાભિમાની બનીને, આ ગ્રંથનું પઠન શ્રવણ કરે, તેને આ ગ્રંથ હૃદયારુઢ થાય.

એક ભક્તકવિએ દાસનું લક્ષણ નીચે પ્રમાણે બતાવ્યું છે :

'મૈં મેરી જ્યોંલો રહે, ત્યોંલો તુ નહીં દાસ ।
દાસ ભયો જબ જાનિયે, હોય હોઉકો નાસ ॥

જેનામાં અહંતા-મમતા રહેલી છે, તે દાસ નથી, જેની અહંતા-મમતા છૂટી ગઈ છે, તે દાસ છે. દાસ સ્વામીની આજ્ઞા પર વિશ્વાસ રાખી તન, મન, ધન અને વચનથી સેવાસ્મરણ આદિને, પોતાનું કર્તવ્ય જાણીને કરતો રહે, તે સદૈવ સ્વામીને આધીન રહે, તે જગતને તૃણવત સમજે. જગતને તૃણવત સમજવું એટલે મનુષ્ય, દેવતા, પોતાના ઈષ્ટ પ્રભુ સિવાય અન્ય ભગવદ્ અવતાર એ બધાની પાસે કોઈપણ પદાર્થની આશા ન રાખવી. કોઈનો યશ પુરૂષાર્થ સમજીને કે કાલનિર્વાહ માટે ન સાંભળવો, આપણા પ્રાણપતિ શ્રીવલ્લભની બડાઈ વિના, બીજા કોઈની બડાઈ મનમાં ન વિચારવી. દેવી, દેવતા અને અન્ય અવતારોની બડાઈને મનમાં વિચારી, તેમનો આશ્રય કરવાથી, આપણો દાસભાવ નાશ પામે છે, અનન્યતાનો ભંગ થાય છે. શ્રીપૂર્ણ પુરૂષોત્તમ મારા સ્વામી છે, તેઓ સર્વ સામર્થ્યવાન છે. ત્રિભુવનમાં તેમના સિવાય તેમની બરાબર કરી શકે તેવું અન્ય કોઈ નથી, તેમનું આવું મહાત્મ્ય સમજીને, તેમને સહજ રીતે સુદ્રઢ સ્નેહ કરવામાં આવે, ત્યારે આપણો દાસ ધર્મ સિદ્ધ થયો એમ સમજવું.

પુષ્ટિમાર્ગ રસમાર્ગ છે. તેની વાત જ જુદી છે. જ્યારે પ્રભુમાં આવો પૂર્ણ સ્નેહ થાય, ત્યારે પ્રભુના મહાત્મ્ય જ્ઞાનની સ્મૃતિ અંશમાત્રથી પણ રહેતી નથી. સમજપૂર્વકના કોઈપણ ત્યાગ વિના જ લાજ, પ્રતિષ્ઠા વગેરે સૌ મનમાંથી ભાગી જાય છે. તે ક્યારે ભાગી ગયાં, ક્યાં ગયાં તેની ખબર પણ પડતી નથી. આવી ભાવસ્થિતિ માટે, નિરપેક્ષતા જરૂરી છે, તેથી અહીં તેનું સ્વરૂપ બતાવતાં એમ કહેવામાં આવ્યું કે 'ન કરે કાહૂકી આસ.' આપણા પ્રાણપ્રિય પ્રભુ વિના બીજા કોઈની પાસે આશા ન રાખવી. આ પૂર્ણ સ્નેહની રીત છે. સ્નેહીજનો ચાતક પક્ષીની જેમ અનન્યતાના ટેકધારી છે. ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રમાં

વરસતા વરસાદના જળ વિના બીજું જળ પીતું નથી. તે વર્ષભર તરસ્યું રહે છે. ગંગાજીના પવિત્ર જળનું પણ તે પાન કરતું નથી. આવા ચાતક પક્ષી જેવા, સ્નેહીજનો પણ અનન્યતાની ટેકવાળા હોય છે.

આ પ્રમાણે ભક્તકવિ શ્રીગોપાલદાસભાઈએ **'મનપ્રબોધ'** ના પ્રારંભમાં ૧૩ દોહાઓમાં ગ્રંથનું સ્વરૂપ, તેને વાંચનાર, સાંભળનાર અને ઝીલનાર પાત્રનું સ્વરૂપ અને હાલના દેશકાળ, સમય ઈત્યાદિનું સ્વરૂપ બતાવ્યું. હવે વિવિધ કવિતો દ્વારા તેઓ શ્રીપ્રાણવલ્લભ એવા શ્રી પૂર્ણ પુરૂષોત્તમના વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરે છે.

કવિત – ૧

ગુનિગન જ્ઞાની કવિ પંડિત વિચાર દેખો,
સુનો શિખ મેરી મેરો વચન નિદાન હે.
ગોકુલ કે નાથ ગુન ગાથ જો સુનિ પ્રસિદ્ધ,
જાકી આદિ મધ્ય સિદ્ધ સદા એકરસ બાત હે. (૧)

આદિ હુ તે આદિ અનાદિ જાસો કહિયત હે,
સોઈ એ સ્વરૂપ ઉપમા નહીં આન હે.
ઉપમા અદ્ભુત અભૂતન કો ભાવિભૂત,
કાહૂ સમ એ ન કોઈ ન ઈનકે સમાન હે. (૨)

ભાવાર્થ :

આ એક જ કવિતનો અર્થ કરવા બેસીએ તો હજાર શ્લોક પણ ઓછા પડે. વળી દોહા અને કવિતમાં નિરૂપાયેલા અલંકારાદિ અને નવ રસના ભેદ વર્ણવીએ, તો ઘણો મોટો વિસ્તાર થાય. તેમજ બધાને સમજવું પણ કઠિન બને. તો ગ્રંથ રચવાનો શ્રમ વ્યર્થ જાય, તેથી ભક્તકવિ યથામતી સંક્ષેપમાં પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છે. પ્રથમ પંક્તિમાં તેઓ કહે છે : 'ગુનિગન

જ્ઞાની કવિ પંડિત વિચાર દેખો.' ગુનિગન એટલે ગુણીજનોનો સમૂહ. તેવી જ રીતે જ્ઞાનીઓનો સમૂહ, કવિઓ અને પંડિતોનો સમૂહ. આ સૌ સમૂહોને સંબોધીને તેઓ કહે છે કે તમે વિચાર કરી જુઓ.

અહીં ગુણી કોને કહેવા ? જે ભગવદ્ યશનું ગાન કરવામાં સૌથી મોટા હોય તે ગુણી; એવા નારદજી છે, જેમના મુખમાંથી સંગીતના સ્વરો સ્વતઃ નીકળ્યા કરે છે દેવોએ નારદજીને આવી વીણા આપી છે. આ વીણા હાથમાં લઈ, ભગવદ્ યશ ગાતાં-ગાતાં તેઓ ત્રિલોકમાં વિચરે છે અને ભગવદ્ યશનું અખંડ ગાન કરે છે, તેથી ગુણીઓમાં નારદજી સૌથી મોટા છે.

જ્ઞાની એટલે શુકદેવજી, કવિ એટલે વેદ વ્યાસજી અને પંડિત એટલે બ્રહ્માજી.

આ સૌને સંબોધીને ભક્તકવિ કહે છે કે : 'તમે મારી શિખામણ સાંભળો.

અહીં એવી શંકા થાય કે નારદજી, શુકદેવજી, વ્યાસજી અને બ્રહ્માજી–બધા મહાન છે. તેમને કેવી રીતે કહેવાય કે મારી શિખામણ સાંભળો ?

ત્યાં એમ સમજવાનું કે આ બધા ગુણી, જ્ઞાની, કવિ અને પંડિત મર્યાદામાર્ગીય છે. અને આ ગ્રંથના રચયિતા ગોપાલદાસભાઈ આ સૌથી જુદા, સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમના સંબંધવાળા, શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્ત છે. તેથી તેઓ નારદજી, શુકદેવજી, વેદ વ્યાસજી અને બ્રહ્માજીથી પણ શ્રેષ્ઠ છે.

શ્રીભાગવતના દસમ સ્કંધના પ્રક્ષિપ્ત અધ્યાય ત્રણના બત્રીસમાં શ્લોકમાં બ્રહ્માજી આશ્ચર્યપૂર્વક કહે છે કે : 'શ્રીનંદરાયજીના વ્રજમાં વસનારા આ ગોપલોકોનું મહા ભાગ્ય છે, કારણ કે શ્રી પૂર્ણ પુરૂષોત્તમ એમના મિત્ર બનીને રહ્યા છે.'

આજ પ્રમાણે એક પુરાણમાં પણ લખ્યું છે કે શ્રીવ્રજવલ્લભા એવાં ગોપીજનોની ચરણરજ પ્રાપ્ત કરવા માટે બ્રહ્માજીએ ૬૦,૦૦૦ વર્ષ તપશ્ચર્યા કરી, છતાં તેમને તે ચરણરજ પ્રાપ્ત ન થઈ, તેથી આવા પુષ્ટિભકતો દેવોને પણ શિખામણ આપવાના અધિકારી છે. માટે કહ્યું કે તમે વિચાર કરી જુઓ. તેઓ ખૂબ ઉંડાણથી વિચાર કરે. તો તેમને થોડુંક સમજાય, કારણ કે, પુષ્ટિ પુરૂષોત્તમ પ્રમેય સ્વરૂપ છે. તે પ્રમાણ બળથી જાણી શકાતા નથી.

શ્રીગોકુલેશજીએ શ્રીમુખથી કહ્યુ છે કે: 'મારૂ સ્વરૂપ વેદ પણ જાણી શકતા નથી, કારણ કે હું વેદાતિત છું. તેથી પ્રમેય સ્વરૂપ જાણવું ઘણું દુર્લભ છે પ્રભુના ગુણ અને ચરિત્ર અપાર છે. તેમની રસરૂપ અનંત શકિતઓ છે. તે પણ સમજી શકાતી નથી, પ્રભુના અનુગ્રહથી તેમના અંતરંગ જનોને તેનો અનુભવ થાય છે.

આપણા આવા પ્રભુ કેવા છે, તેના જવાબમાં ભકતકવિ કહે છે કે તેઓ શ્રીગોકુલના નાથ છે. 'ગો' શબ્દના ઘણા અર્થ થય છે. ગો અટલે ગાય, ગો એટલે ઈન્દ્રિયો, ગો એટલે જ્ઞાન શક્તિ. ગો એટલે પૃથ્વી. તેમાં વ્રજભૂમિ સર્વ દેવલોકથી લઇને વૈકુંઠ કરતાં ય ન્યારી અને સર્વોત્તમ છે. આવી વ્રજભૂમિના બધા જીવોના તેઓ નાથ છે. રાજાની જેમ તેમના નિયામક અને પાલક છે. તેઓ શ્રીયશોદોત્સંગલાલિત છે. આવા શ્રીગોકુલેશ પ્રભુની ગુણગાથા ભક્તકવિઓએ સાક્ષાત્ અનુભવ કરીને પદ, છંદ, કવિત અને ગ્રંથોમાં લખી છે.

આ ગુણગાથા કેવી છે? ભક્ત કવિ કહે છે: 'આદિ મધ્ય ધ્ધ.' જ્યારે જુઓ ત્યારે તેમાં હંમેશા એક જ વાત છે, એક જ રસ છે. તે કદાપિ ઘટતા નથી, પરંતુ પ્રતિદિન વધે છે.

ભકતકવિ કહે છે: 'આદિ હૂતે આદિ અનાદિ જાસું કહિયત હૈ.' આ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુની પહેલાં બીજું કોઈ ન હતું, તે જ સર્વ તંત્ર સ્વતંત્ર છે. તેઓ જ આદિ સ્વરૂપ છે, તેમના સમાન બીજું કોઈ નથી. તેઓ જ અનાદિ પણ છે. આ સ્વરૂપની ઉપમાં આપી શકાય તેમ નથી, તેથી અહીં કહ્યું કે : 'ઉપમા અદ્ભુત' અદ્ભુત શબ્દનો એક અર્થ છે આશ્ચર્યજનક.

સારસ્વત કલ્પમાં પૂર્ણ પુરૂષોત્તમ નંદાલયમાં પ્રકટ થયા. પોતાના સ્વકીય ભકતોનો નિરોધ કરવા માટે અનેક બાલ-લીલાઓ કરી. આ બાલલીલાઓમાં અનેક અદ્ભુત ચરિત્રો પ્રકટ કર્યાં. તેનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ તામસ, પ્રમેય અને સાધન પ્રકરણોના શ્રીસુબોધિનીજીમાં કર્યું છે અને અષ્ટસખા આદિ મહાનુભાવોએ, તેમનાં પદોમાં વર્ણવ્યું છે. આ જ શ્રીયશોદાનંદન ફરીથી કલિયુગમાં શ્રીવિઠ્ઠલનંદન શ્રીગોકુલેશ સ્વરૂપે પ્રકટ થયા છે.

એક વખત પ્રભુ સખામંડલી સાથે વનમાં છાક આરોગી રહ્યા હતા. તે સમયનાં દર્શન અંતરિક્ષમાંથી બ્રહ્માજીએ કર્યાં. ત્યારે બ્રહ્માજીના મનમાં ઈચ્છા થઈ કે, પ્રભુનું અધરામૃત મને મળે તો હું કૃતકૃત્ય થાઉં. બ્રહ્માજી શ્રીયમુનાજળમાં માછલું બનીને રહ્યા. પ્રભુ દરરોજ છાક આરોગી, સખામંડલી સાથે શ્રીયમુનાજળમાં હસ્ત અને મુખ ધોતા. આજે પ્રભુએ બ્રહ્માજીનો મનોરથ જાણી લીધો, તેથી છાક આરોગીને પ્રભુએ સખાઓને કહ્યું : 'ભૈયા, આજ આપણે શ્રીયમુનાજીમાં હાથ-મોં ધોવા જવું નથી, સૌ પોતપોતના વસ્ત્રથી હાથ-મોં લૂછી લો. 'બ્રહ્માજી માછલાના સ્વરૂપે યમુનાજીમાં રાહ જોતા રહ્યા, તેમને પ્રભુનું અધરામૃત ન મળ્યું. તેઓ નિરાશ થયા બ્રહ્મલોકમાં પાછા ફર્યાં. આમ, પ્રભુએ શ્રીયશોદાનંદન સ્વરૂપે, અનેક અફ્ભુત બાલ

ચરિત્રો કર્યાં છે. આ બધાં ચરિત્રો સ્વકીય ભક્તોના સુખ માટે છે.

એક વખત પ્રભુના પ્રેમ સંબંધથી બંધાયેલી, પ્રૌઢા ગોપીઓ નંદાલયમાં શ્રીનંદનંદનનાં દર્શને આવ્યાં હતા. તે વખતે પ્રભુએ માતૃચરણ શ્રીયશોદાજીને કહ્યું કે : 'મૈયા, મોહે ઐસી દુલહન ભાવે,' માતૃચરણે પૂછ્યું 'લાલા, તને કેવી દુલ્હન ગમે ?' ત્યારે પ્રભુએ કહ્યું :

જૈસી યે કાહુકી દીઠોનિયા, રૂનક ઝુનક ઘર આવે,
કર કર પાક રસાલ રસોઈ, અપને કર સોં મોહી જિમાવે

વશીકરણ આવી મધુરી વાણી સાંભળી, શ્રીમાતૃચરણ, સૌ ગોપીજનો હસતાં-હસતાં લોથપોથ થઈ ગયાં. આ બાલલીલા પાંચ વર્ષની ભિતરની છે.

અષ્ટસખા મહાનુભાવોએ, વ્યાહનાં પદોમાં આ પદ ગાયું છે. આ જ પ્રકારે પોતાનાં પ્રિયતમાં એવાં ગોપીજનો સાથે પ્રભુએ જે કિશોરલીલાઓ કરી છે, તે કેવળ અનુભવથી જ જણાય તેવી છે, તેનું અહીં વર્ણન કરવું ઉચિત નથી. પ્રભુનાં આવાં અનેક અદ્દભુત ચરિત્રો હોવાથી, તેની ઉપમા આપી શકાય તેમ નથી.

આમ, આ પહેલા કવિતમાં પ્રભુના સ્વરૂપનું વર્ણન કર્યું. હવે બીજા કવિતમાં તે સ્વરૂપનો અનુભવ કેવી રીતે થાય, તેનું નિરૂપણ કરે છે.

કવિત-૨

એ સ્વરૂપ ગોકુલેશજુ કો જાન્યો હેં યથાર્થ હી,
આન્યો હેં ઉરમાંય મન વચ કર્મ કરકે;
પ્રણય સહિત રસભાવ પરમાવધિ હેં,
સ્વરૂપ રસ પાન કિયો નૈન ભરિ ભરિ કે. ॥૧॥
સોઈ મેરે મહદ,
સોઈ વાકે અરુણારવિંદ રાખોં ઉર ધરિ કે:

વાહી સો આલાપ ઔર મિલાપ રહે વાહી સોં,
એસી મેરી મતિ વાકે પદ અનુસરીકે. ॥૨॥

ભાવાર્થ :

પહેલા કવિતમાં પ્રભુનું અનાદિ સ્વરૂપ વર્ણવવામાં આવ્યું, તે સ્વરૂપને હૃદયમાં ધારણ કરવું ઘણું કઠણ છે. જેમ આપણને કોઈ અમૂલ્ય હીરો પ્રાપ્ત થાય અને આપણે તે બીજા કોઈને આપી દઈએ, ત્યારે તે આપણા હાથમાંથી ચાલ્યો જાય, તેમ શ્રીપ્રભુનું આવું મહાન અલૌકિક સ્વરૂપ જાણીને, તેને આપણા હૃદય સંપુટમાં ધારણ કરવું. પૂર્ણ સ્નેહપૂર્વક મન, વચન અને ક્રિયાથી આ સ્વરૂપને ધારણ કરવું, કેટલાક જીવો એવા હોય છે કે, તેઓ નામ એકનું લે અને સેવા બીજાની કરે ! આમ ન કરવું, મનપૂર્વક સેવન અને સ્મરણ શ્રી વલ્લભનું જ કરવું.

સેવન અને સ્મરણ કેવી રીતે કરવું તે ભકતકવિ બતાવે છે. પ્રણય સહિત રસભાવ પરમાવધિ હૈં. સેવન અને સ્મરણ સ્નેહભાવ સહિત કરવું પ્રણયનો અર્થ અહીં પ્રભુની રસભરી તત્સુખતાનો છે. સેવન અને સ્મરણ આવા પ્રણયભાવ સહિત દીનતાપૂર્વક કરવું.

પ્રભુનું સ્વરૂપ એવું છે કે, તેમના સ્વરૂપામૃતનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. તેથી હાવ-ભાવાદિપુર્વક તથા અર્તિપૂર્વક નેત્રો ભરી-ભરીને તેમના સ્વરૂપામૃતનું પાન કરવું. અહીં 'ભરી' શબ્દ બે વાર કહ્યો છે. તેનો અર્થ એ છે કે, અતિ આદરથી નેત્રોમાં રૂપામૃતને ભરવું. આવા સ્વરૂપામૃતનું જેમણે પાન કર્યું છે, તે મહાન ભગવદીયો છે. આવા ભગવદીયે પ્રાણવલ્લભ પ્રભુને જ પોતાનું સર્વસ્વ કરીને જાણ્યા છે.

જ્યાં સુધી શ્રીવલ્લભના સ્વરૂપને પોતાનું સર્વસ્વ ગણવામાં ન આવે ત્યાં સુધી અનન્ય આસક્તિ દ્રઢ થતી નથી અને રસિકતા

પ્રાપ્ત થતી નથી. જેમને આવી દ્રઢ આસકિત થઈ છે, તેવા ભગવદીયોના સંગથી આપણામાં પણ આસકિત દ્રઢ થાય. જેમણે શ્રીવલ્લભને સર્વસ્વ રૂપે જાણ્યા નથી, તેમનામાં સ્વરૂપાસકિત નથી થતી. આવા જીવ વ્યભિચારી છે, તેથી તેમનો સંગ કરવો નહીં; કારણ કે જેમનો સંગ કરવામાં આવે, તેમના ઉંચ અને નીચ ભાવો, આપણા હૃદયમાં પ્રવેશે છે, તેથી સ્વરૂપાસકિત દ્રઢ થવામાં આપણને પ્રતિબંધ થાય છે. ભગવાને ગીતાજીમાં આજ્ઞા કરી કે : 'સર્વધર્માન્ પરિત્યજય મામ એકં શરણં વ્રજ ।' વિજાતિય ભાવવાળા બધાનો સંગ છોડી દેવો. તો જ્યાં સુધી આમ ન કરવામાં આવે, ત્યાં સુધી કેવળ સ્વરૂપમાં દ્રઢ આસકિત થતી નથી. માટે, સજાતિય દ્રઢ સ્વરૂપ આસકિતવાળા ભગવદીયનો જ સંગ કરવો અને તેમની સાથે જ વાર્તાલાપ કરવો. આવા ભગવદીયના ભાવ પ્રમાણે આપણે પણ ચાલવું. 'શ્રીવલ્લભાખ્યાન' માં કહ્યું છે કે :

'ભક્તાજન પદ રજ પ્રતાપે સકલ સરિયાં કાજ.

પ્રભુના સ્વરૂપમાં જેની દ્રઢ આસકિત થઈ છે અને જેના હૃદયમાં પ્રભુનું રસ સ્વરૂપ બિરાજે છે, એવા ભગવદીયોની ચરણરજના પ્રતાપથી, આપણામાં સ્નેહભાવ પ્રકટ થાય છે. ભગવદીયોને પ્રભુમાં પૂર્ણ સ્નેહ છે, તે સ્નેહભાવને જ ચરણરજ કહી છે. તેથી ભગવદીયોના સ્નેહભાવને આપણા હૃદયમાં ધારણ કરવો તેને જ ભગવદીયના ચરણરજની પ્રાપ્તિ કહી છે. જેમ ઉદ્ધવજીએ શ્રીગોપીજનોની ચરણરજની અભિલાષા રાખી હતી, કારણ કે તેમણે ગોપીજનોમાં પ્રભુ પ્રત્યેનો પૂર્ણ સ્નેહ જોયો હતો. જેમ સમુદ્રની ધારા અખંડ વહ્યા કરે, તેમ શ્રીગોપીજનોના સ્નેહની ધારા પ્રભુ પ્રત્યે, અખંડ વહી રહી છે. આવો ગોપીજનોનો સ્નેહ જોઈને તે સ્નેહભાવ રૂપી ચરણરજ, પ્રાપ્ત કરવાની ઉદ્ધવજીએ અભિલાષા સેવી હતી. આ જ પ્રકારે જે ભગવદીયોને શ્રીવલ્લભમાં

પૂર્ણ પ્રેમ છે, એવા ભગવદીયના સ્નેહભાવરૂપ ચરણરજને આદરભાવપૂર્વક, આપણા હૃદયમાં ધારણ કરવાથી આપણો સ્નેહ પણ દ્રઢ થાય છે.

હવે ભક્તકવિ આગલા કવિતમાં સમજાવશે કે, કોઈપણ પ્રકારે સાધન બળથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી, કેવળ પ્રભુની પૂર્ણ કૃપાથી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે.

કવિત–૩

ન્યામક ન કૃતિ આદિ વ્રત આચરણ કછુ,
સાધના સહાયક કો ન્યામક ન માનિયે;
ન્યામક ન નેમ ધર્મ પીઠિકા પ્રસિદ્ધ સિદ્ધ,
સોઇ કાજ આવે એસે મનમેં ન આનિયે ॥૧॥

ન્યામક ન સંગ ન સુશીલતા ન ગ્રંથ પાઠ,
ભાવ ભગવદ્ નામ ન્યામક ન જાનિયે;
ન્યામક હૈં એક ઢરન ગોકુલેશજીકી,
જાહી ભાંતિ ઢર આવે સોઇ પ્રમાનિયે ॥૨॥

ભાવાર્થ :

દાન, ધર્મ, વ્રત, આચરણ આદિ સાધનોથી પ્રભુની પ્રાપ્તિ થશે, એવું વિચારવું નહિં. કારણ કે સૌથી શ્રેષ્ઠ આપની કૃપા, અર્થાત્, ઢરન છે. તે જ પુષ્ટિમાર્ગમાં નિયામક છે, કોઈ સાધન કે સંગ નિયામક નથી. જેના આશ્રયથી કાર્ય સિદ્ધ થાય તે નિયામક કહેવાય. જેની ઈચ્છાથી જ બધાં કાર્ય બને અને તેની ઈચ્છા વિના કોઈ કાર્ય સિદ્ધ ન થાય તેને નિયામક કહે છે. પ્રાણવલ્લભ શ્રીપ્રભુની ઈચ્છાથી જ બધાં કાર્ય સિદ્ધ થાય છે, તેથી પ્રાણવલ્લભ શ્રીપ્રભુ જ આપણા નિયામક છે.

પરંતુ જીવ એમ વિચારે કે, આ માર્ગમાં જે મોટાં મોટાં આચરણ, ક્રિયા વગેરે ચાલતાં આવ્યાં છે તે સાધનોના બળથી

હું પ્રભુને વશ કરીશ, તો તે સાધનો કદી નિયામક બનતાં નથી.

જીવ એવો વિચાર કરે કે હું ફલાણો ધર્મ આચરીને, અમૂક દિવસમાં તે પૂર્ણ કરીશ, અથવા આટલા જપ કરીશ અથવા આટલાં વર્ષ પ્રયંત નિત્ય સ્તોત્રપાઠ કરીશ અમૂક વસ્તુ આટલાં વર્ષ સુધી નહીં ખાઉં, તો આ બધી કૃતિઓ કદી નિયામક બનતી નથી. પરંપરાથી માર્ગની જે મર્યાદા બંધાઈ છે, તે પદ્ધતિથી બધાં કાર્યો કરતાં, તે સાધન બળનો વિચાર કરવામાં આવે તો તેથી પ્રભુ પ્રાપ્ત થતા નથી અમૂક પુરૂષે આ સાધન કર્યાં તેથી તેનું કાર્ય થયું; એવું મનમાં કદી માનવું નહીં : કારણ કે, તેને સાધનબળથી કાર્યસિદ્ધિ થઈ નથી, પરંતુ પ્રભુના કૃપાબળથી જ, તેનું કાર્ય સિદ્ધ થયું છે એમ જાણવું : કારણ કે, પ્રભુ કયા પ્રકારે કૃપા કરશે, તે આપણે જાણી શકતા નથી.

જીવ ઉત્તમ ભગવદીયનો સંગ કરે અને મનમાં તેનું અભિમાન રાખે તો, તેથી તેનું કાર્ય સિદ્ધ થતું નથી. જીવ સુશીલ સ્વભાવ રાખે અને કોમળ વચન બોલે અને પોતાના આવા સુંદર સ્વભાવ માટે અભિમાન કરતો ફરે તો પણ તેનું કાર્ય સિદ્ધ થતું નથી. કોઇ જીવ સ્વમાર્ગીય ગ્રંથોનો ઘણો સ્વાધ્યાય કરે, ગ્રંથોમાંથી ઘણા ભાવ વિચારે અને તેનો બીજાઓને ઉપદેશ કરે અથવા કોઈ જીવ ભગવાન્નામ ઘણું જ લે અને એમ વિચારે કે આમ કરવાથી પ્રભુ સ્વરૂપાનંદનું દાન કરશે, તો તેમ કરવાથી પણ પ્રભુની કૃપા પ્રાપ્ત થતી નથી. માટે જીવે સાધનના બળનો કદી વિચાર કરવો નહીં.

અગાઉ અનેક મહાનુભાવોએ, અનેક ગ્રંથો રચ્યા છે. શેષજી સહસ્રમુખથી નિત્ય પ્રભુનાં નવાં નવાં નામ જપે છે, તો પણ આ સૌને પ્રભુનું રસદાન પ્રાપ્ત થયું નથી વ્રજભક્તોના માન-મદથી પ્રભુ અંતર્ધાન થયા, ત્યારબાદ વ્રજભક્તોએ તેમને

શોધ્યા છતાં પ્રભુ મળ્યા નહીં. જ્યારે વ્રજભક્તોએ હારીને રૂદન કર્યું અને તેઓ નિઃસાધન થયા, ત્યારે પ્રભુએ પ્રકટ થઈ દર્શન આપ્યાં. આ પ્રસંગ પરથી સિદ્ધાંત સમજાય છે કે, પ્રભુ કેવળ જીવના દીનતા ભાવથી જ પ્રસન્ન થાય છે. શ્રીગોપીજનોને લઘુ રાસમાં પ્રભુએ, પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો, તેનું તેમને અભિમાન થયું. જ્યાં અભિમાન છે ત્યાં સ્નેહનું તિરોધાન છેઃ કારણ કે અભિમાનમાં સ્વાર્થનો અંશ રહેલો છે. જ્યાં સુધી સ્વાર્થ આવે છે, ત્યાં સ્નેહ છુપાઈ જાય છે અને સ્નેહ વિના પ્રભુ પ્રસન્ન થતા નથી. આથી સ્નેહનું મૂળ દીનતા છે. જ્યારે જીવમાં દીનતા આવે ત્યારે જીવ પ્રભુના અધીન બનીને રહે ત્યારે પ્રભુ તે જીવ ઉપર અવશ્ય કૃપા કરે છે. આથી સિદ્ધાંત સમજાય છે કે પ્રભુની ઢરન, અર્થાત્, પ્રસન્નતા કેવળ દીનતાથી જ છે.

આપણા માર્ગમાં સેવા-સ્મરણ વગેરે બધાં સાધનો કરતાં મનમાં એવો વિચાર રાખવો કે, પ્રભુએ મારો અંગીકાર કર્યો છે. તેથી પ્રભુ કૃપા કરીને મને સન્મુખ રાખશે, પ્રભુની કૃપાથી જ હું સેવા-સ્મરણ વગેરે સાધન કરી શકું છું. આવો દીનતા ભાવ રાખીને બધાં સાધન કરવાથી પ્રભુ કૃપા કરીને સ્નેહનું દાન કરે છે. આ સ્નેહ રૂપી રસ, દીનતા રૂપી પાત્રમાં રહે છે, તેથી પ્રભુની પ્રસન્નતામાં દીનતા જ નિયામક છે.

પ્રભુની પ્રસન્નતા કેવી રીતે થાય, તે આગળના કવિતમાં બતાવે છે.

કવિત - ૪

સાધકકી સાધના આરાધના અનહુકી,
યે પરમ પવિત્રતાકો બલ ન વિશેષ હૈ;

ગુનકો ન ગાનકો ન આન સન્માનકો,
ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશ હૈ ॥૧॥

કાહૂકો ન ત્રાસ હે ન આસ કાહુ ઓરકી,
સંસ્કારકો ન બલ ના ભરોંસો વેશ કો;

મહદ્ કૃપા કે બલ ડર નહીં એક પલ,
નીડર રહત હું ભરોંસો ગોકુલેશકો ।।૨।।

ભાવાર્થ :

સાધક એટલે ભગવદ્ ભક્ત. ભગવદ્ ભક્તની સાધના, એટલે સેવા. પણ અહીં 'સેવા શબ્દ વાપર્યો નથી; કારણ કે સેવા શબ્દ પુષ્ટિમાર્ગીય છે, જ્યારે સાધના શબ્દ મર્યાદામાર્ગીય છે. મર્યાદામાર્ગમાં કાલ નિયામક છે, તેથી ભૂલ થાય તો, સાધનાની બધી ક્રિયા વ્યર્થ જાય છે. પૂજામાર્ગમાં પ્રભુનો સાક્ષાત સંબંધ નથી અને પુજાના અંતમાં ફળની કામના રહેલી હોય છે. અમૂક દેવનું પુજન કરવાથી અમૂક ફળ સિદ્ધ થશે. આમ, પુજામાર્ગમાં સ્વાર્થ છે, સ્નેહ! નથી, ત્યાં અનેક પ્રકારની સાધનાઓ છે જેવી કે અનુષ્ટાન, મંત્ર, જાપ, હોમ, યજ્ઞ, વ્રત વગેરે. આવી આરાધનાથી કોઈ દેવતાની સાધના કરી, તેમને પ્રસન્ન કરી તેમને પોતાના વશમાં કરવામાં આવે, આરાધનના સમયે, દેવતાને બોલાવવામાં આવે, આરાધના પુરી થતાં, દેવતાને વિદાય આપવામાં આવે. આ બધું સ્નેહમાર્ગમાં નથી, તેથી અહીં કવિએ કહ્યું કે 'આરાધના અનહુકી.'

જીવ આચારવિચાર ઘણા પાળે. પરમ પવિત્રતાથી અષ્ટપ્રહર અપરસમાં રહે, અન્ન અને જળ પણ અપરસમાં જ લે. ૮૪ વૈષ્ણવોમાં આવા રામદાસજી હતા. તેઓ અપરસમાં જ જળ લેતા અને સેવા કરતા. ઘરમાં જેટલું દ્રવ્ય હતું તેટલું બધું, ધીમે-ધીમે વપરાઈ ગયું. દેવું થયું. ત્યારે રામદાસજીનું રૂપ લઈ, શ્રીઠાકોરજીએ દેવું ચૂકવ્યું. રામદાસજીએ આ વાત જાણી, ત્યારે તેઓ અપરસ છોડી નોકરી કરવા લાગ્યા. હથિયાર બાંધી નોકરી કરતા રામદાસજીને જોઈને શ્રી મહાપ્રભુજીએ કહ્યું : 'રામદાસજી,

તને ધન્ય છે. તેં પ્રભુને શ્રમ કરાવ્યો નથી.' ત્યારે એક વૈષ્ણવે કહ્યું : 'મહારાજ, રામદાસજીને ધન્ય કહો છો, પણ તેમણે તો અપરસ છોડી દીધી છે.' ત્યારે આપે કહ્યું : 'અરે, તેણે તો પોતાનો ધર્મ રાખ્યો છે.'

આનું નામ પુષ્ટિમાર્ગ, અન્ય માર્ગમાં દેવતાઓની આરાધના કરી, જીવ દેવતાઓ પાસે પોતાનું કાર્ય કરાવે છે, તેવું પુષ્ટિમાર્ગમાં નથી. અહીં તો ભક્ત સ્નેહપૂર્વક, પ્રભુના મનોરથ સિદ્ધ કરે છે અને સાથે સાથે મનમાં એવું વિચારે છે કે મારા માટે પ્રભુને શ્રમ ન કરવો પડે, આનું નામ જ પૂર્ણ સ્નેહ.

આથી જ ભક્તકવિ અહીં કહે છે કે, પુષ્ટિમાર્ગીય જીવે, મનમાં પવિત્રતાનું અભિમાન ન રાખવું. વળી કહે છે કે, જીવ ગુણગાનમાં ઘણો પ્રવીણ હોય, ગાનની કલા જાણતો હોય, ગંધર્વ, અપ્સરા વગેરેની જેમ તેના ગાનથી, પથ્થર પણ દ્રવીત થતા હોય, તેના ગાનથી પ્રભુ પ્રસન્ન થતા હોય, છતાં મનમાં તેણે પોતાના ગાનનું અભિમાન અને ભરોંસો રાખવા જોઈએ નહીં: કારણ કે, પ્રભુ આવા કોઈ પદાર્થને વશ નથી. શિવ, સનકાદિક ભક્તો, નારદ, સરસ્વતી વિદ્યાધર, કિન્નર વગેરે બધા ગુણગાનમાં પ્રવીણ છે, છતાં તેમનો રસાત્મક પૂર્ણ પુરૂષોત્તમની રસલીલામાં પ્રવેશ નથી, કારણ કે, તે સૌ મહાત્મી છે, પ્રભુના મહાત્મ્યને જાણનારા છે, સ્નેહને જાણનારા નથી.

ભક્તકવિ કહે છે, 'આન સન્માનકો, ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશ હેં.' અહીં આપણને શંકા થાય કે પુષ્ટિ ભક્તે લીલા અવગાહન અવશ્ય કરવું જોઈએ, એવી શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરી છે તો પછી એવું કેમ કહ્યું કે લીલા અવગાહનનો પણ ભરોંસો ન કરવો ? ત્યાં એવું સમાધાન મળે છે કે, લાખો ભક્તજનો ભગવદ્ લીલાનું

ગાન કરે છે અને સાંભળે પણ છે. પરંતુ તેઓ તેમના સ્વાર્થ માટે, શ્રવણ-કીર્તન કરે છે, તેથી તેમાં સ્નેહનો છાંટો પણ નથી. પરિણામે તેનાથી પ્રભુનો સાક્ષાત્ સંબંધ થતો નથી. કેટલાક લોકો પોતાની પ્રતિષ્ઠા વધારવા ગુણગાન કરે છે. તેમાં પણ સ્વાર્થ રહેલો હોવાથી, પ્રભુ મળતા નથી કેટલાક લોકો જપ, તપ, દાન વગેરે કાર્યો પરમાર્થના હેતુથી કરે છે. તેમાં પણ પ્રતિષ્ઠા મેળવવાની ઈચ્છા હોય છે, તેથી તેમને પ્રભુની પ્રાપ્તિ થતી નથી. કેટલાક મનુષ્યો એવા પણ છે કે, જેમને કોઈ દુઃખ આપે તો તેને દુઃખ માનતા નથી, કોઈ સુખ આપે તો તેને સુખ માનતા નથી અને કોઈની આશા રાખતા નથી. આશામાંથી લોભ જન્મે છે. બીજાની આશા રાખનારો જગતનો દાસ બનીને રહે છે. જ્યારે જીવ સર્વ પ્રકારની આશા છોડી દે, ત્યારે તેને કોઈ પ્રતિબંધ રહેતો નથી.

અહીં કોઈ એમ કહે કે પૂર્વ જન્મના કર્મોના લેણદેણના હિસાબ ચૂકવવા પડે છે, તેથી જગતનો સંબંધ છૂટતો નથી. ત્યાં કહે છે કે, જ્યારે જીવે પ્રભુને પોતાનું સર્વસ્વ નિવેદન કરી દીધું છે, ત્યારે તેને પૂર્વજન્મની લેણદેણ બાકી રહેતી નથી; કારણ કે પ્રારબ્ધનાં કર્મોથી ઉભી થયેલી લેણદેણ, પ્રભુને નિવેદન કરી દેતાં પ્રારબ્ધ ભોગવવાનું પણ નિવેદન થઇ ગયું. તેથી પ્રભુ સ્વામી બન્યા અને જીવ દાસ બન્યો.

એક વૈષ્ણવે શ્રીગોકુલેશજીને પ્રશ્ન કર્યો: 'મહારાજ, મારાથી સેવા બને છે તેનું કારણ શું?' ત્યારે આપે આજ્ઞા કરી : 'તારા પૂર્વ જન્મના સંસ્કાર છે.' પછી એકાંતમાં તેને બોલાવીને કહ્યું : તેં સેવા વિષે પૂછ્યું અને મેં જવાબ આપ્યો તેમાં તાર પૂર્વ જન્મના સંસ્કાર માનવા નહીં: પરંતુ પ્રભુના પ્રમેય બળથી તને સેવાનું દાન મળ્યું છે.' ત્યારે તે વૈષ્ણવે પૂછ્યું :

'મહારાજ: પ્રમેય બળ એટલે શું?' આપે આજ્ઞા કરી : 'શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીએ ભકતોને સેવામાં સેવ્ય સ્વરૂપના રૂપમાં પરમ ફલનું દાન કર્યું છે. એ પ્રમાણે તને પણ સેવામાં પરમ ફલનું દાન મળ્યું છે.'

પુષ્ટિ સૃષ્ટિના જીવો પૃથ્વી પર પણ, પ્રભુની લીલામાં સહાયક બનવા માટે જ આવ્યા છે. તેમનામાં જે ઉંચા–નીચાં કર્મ જણાય છે, તે પ્રભુની લીલારૂપ છે, તેથી તેમને કર્મોનું બંધન નથી.

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ગુલાબદાસ નામના એક વૈષ્ણવ વેશ્યા પર આસક્ત થઈ ભ્રષ્ટ બન્યા હતા. તેમનો પણ શ્રીગુસાંઈજીએ ઉદ્ધાર કરી, તેમનો લીલામાં પ્રવેશ કરાવ્યો હતો.

પુષ્ટિ પ્રભુને નિવેદન કરનાર ભકતોને પ્રવાહી જીવ જેવું કર્મોનું બંધન હોતુ નથી. ત્યાં પૂર્વ જન્મના લેણદેણનો પ્રશ્ન ઉભો થતો નથી.

સેવા સ્મરણ વગેરે સાધન જે આપણાથી બને છે, તેમને સાધનરૂપ માનવા નહીં, કારણ કે પુષ્ટિ સૃષ્ટિના માટે પ્રભુ પોતે જ સાધન રૂપ બનીને, જીવને પોતાની સન્મુખ રાખે છે. પુષ્ટિ સૃષ્ટિ ઉપર પ્રભુનો આવો પક્ષપાત જાણવો.

આ કવિતમાં જપ, તપ વગેરે સાધનોનો ભરોંસો ન કરવાનું કહ્યું છે. ત્યાં મર્યાદામાર્ગીય સાધનોની વાત છે પુષ્ટિ–માર્ગીય સેવા, સ્મરણ, લીલાગુણગાન વગેરે કરવાની મનાઈ કરવામાં આવી નથી. પુષ્ટિમાર્ગીય સાધન પ્રભુની લીલામાં સહાયક છે, તેથી દૈવી જીવનો સહજ ધર્મ અને કર્તવ્ય છે કે તેમણે આ સાધન કરવાં. જેમ બ્રાહ્મણ માટે સંધ્યા વંદન અને ગાયત્રી સ્વધર્મ છે, તેમ પુષ્ટિ જીવ માટે સેવા, સ્મરણ, ગુણગાન સહજ ગુણધર્મ છે પુષ્ટિ જીવે આ પુષ્ટિમાર્ગીય સાધન સ્નેહ સહિત કરવાં જોઈએ. પ્રભુમાં

સ્નેહ રાખ્યા વિના બધી ક્રિયા કરવામાં આવે અને તે ક્રિયા ઉપર ભરોંસો રાખવામાં આવે, તો તેથી પ્રભુને પ્રસન્નતા થતી નથી, કારણ કે પુષ્ટિમાર્ગમાં સ્નેહની મુખ્યતા છે. જ્યારે જીવ સ્નેહ સહિત સેવા, સ્મરણ વગેરે કરે, ત્યારે પ્રભુ અંગીકાર કરે છે અને તે જીવને આનંદનું દાન કરે છે. જો જીવ સાચો સ્નેહી હશે, તો તે પોતાની જાતને ધિક્કારતો રહેશે અને દીનતાપૂર્વક એમ કહેતો રહેશે કે, મારામાં તો સ્નેહનો છાંટો પણ હોત તો પ્રભુ કૃપા કરત; પરંતુ મારામાં સ્નેહ નથી. સ્નેહપૂર્વક સેવા-સ્મરણ કરતાં કરતાં જીવ આવું વિચારીને, પ્રભુની કૃપા ઉપર ભરોંસો રાખે તે જરૂરી છે, કારણ કે પુષ્ટિ સૃષ્ટિમાં કૃપા જ નિયામક છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે તમે કહ્યું કે જીવે સાધન બળનો ભરોંસો રાખવો નહીં. તો પછી પ્રભુ-પ્રાપ્તિ માટે તેણે શું કરવું જોઈએ ? ત્યાં કહે છે કે સ્નેહમાર્ગના સાધન છે, તે સાધનના બળનો ભરોંસો છોડીને પ્રભુના મધુર સ્વરૂપને, પોતાના નેત્રોમાં પધરાવવું. જ્યાં-જ્યાં આપણી દ્રષ્ટિ જાય ત્યાં ત્યાં પ્રભુનાં દર્શન કરવાં. આ કેવી રીતે થઇ શકે, તે સમજાવવા, ભક્તકવિ આગળનાં કવિતમાં કહે છે.

કવિત – ૫

જાહી છિનુ સુરત ન આવે પ્રાણવલ્લભજુ કી,
તાહી છિનુ આસુરાવેશ કરી ઠાનિયે,
વલ્લભકે રસ બિનુ રૂચે જો અનરસ;
સોઈ રસ અનરસ વિષ કરી માનિયે. ॥૧॥

રૂપ રસ ભાવ બિનુ આન ભાવે,
તબ હીયે માંય આન આસરો જાનિયે,
યહાં રૂચિ માન આન ઉપજે જો વસ્તુ બુદ્ધિ;
તબ તો જિયે આપુને અનન્ય ન પ્રમાનિયે. ॥૨॥

ભાવાર્થ :

જે ક્ષણે આપણાં નેત્રોમાં પ્રભુના સ્વરૂપનાં દર્શન ન થાય, તે સમયે આસુરાવેશ થયો જાણવો. અહીં પ્રશ્ન થાય કે આટલા સમયમાં આસુરાવેશ કેવી રીતે થઈ જાય ? તેનું સમાધાન એ છે કે, જ્યાં સ્નેહની પરાકાષ્ઠા છે, ત્યાં પ્રિયતમ પ્રભુનું સ્વરૂપ ભૂલવાનો પ્રયત્ન કરીએ, તો પણ ભૂલાતું નથી, કારણ કે, તે આસક્તિનું રૂપ છે. જ્યાં આસક્તિ છે, ત્યાં પ્રભુનું સ્વરૂપ છે; કારણ કે, આવા આસક્તિવાળા ભક્તની પાછળ પાછળ, પ્રભુ ડોલતા ફરે છે. જ્યાં સ્નેહની ન્યૂનતા થાય છે, ત્યાં પ્રભુ તિરોધાન રહે છે. તેથી તે સ્થિતિમાં આસુરાવેશ થાય, તેમાં શો સંદેહ છે ?

મહાત્મી જીવ અને સ્નેહી જીવમાં ઘણો તફાવત છે. મહાત્મી જીવ પોતાના સ્વાર્થ માટે, પ્રભુમાં સ્નેહ રાખે છે. આવા મહાત્મી જીવોમાં સહજ રીતે એવો ભાવ હોય છે કે, પ્રભુથી મને સુખ મળે. આવા જીવમાં સ્નેહની પરાકાષ્ઠા હોતી નથી.

શુદ્ધ અને તત્સુખનો વિચાર કરનારા સ્નેહી જીવ એક ક્ષણ પણ સ્વરૂપમાધુરીના પાન વિના રહી શકતો નથી. સ્વરૂપ આસક્તિવાળા ભક્તનાં નેત્રોમાં પ્રભુનું સ્વરૂપ નિરંતર બિરાજે છે. તેઓ એક ક્ષણ પણ દૂર થતા નથી. પ્રભુ નિરંતર આવા સ્નેહીજનને વશ રહે છે.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે, જીવ પ્રભુને ભૂલી જાય; પરંતુ પ્રભુ તે જીવને ભૂલતા નથી; કારણ કે પ્રભુ ઘણા દયાળુ છે અને જીવનો ઉદ્ધાર કરવા માટે પૃથ્વી પર પ્રકટ થયા છે. આ સ્થિતિમાં પ્રભુ જીવને ન ભૂલતા હોય, તો તે જીવમાં આસુરાવેશ કેવી રીતે આવે ? ત્યાં ભક્તકવિ સમજાવે છે કે તમે કહ્યું તે સાચું છે. પ્રભુ ત્રિલોકના ભૂષણ રૂપ છે. આપનો એવો યશ છે કે, આપ જેને અંગીકાર કરે તેને છોડતા નથી. પરંતુ જીવ

પ્રભુને ભૂલી જતાં, પ્રભુનાં પૂર્ણ રસના પાત્ર બનવામાં કસર રહી જાય છે, જેમ વૈદ ચંદ્રોદય નામની એક દવા બનાવે છે, તેમાં અગ્નિના એક હજાર પુટ આપવામાં આવે છે. અગ્નિના એક પુટની પણ કસર રહી જાય તો આ દવા નકામી નીવડે છે.

એક બીજું દ્રષ્ટાંત જોઈએ. માટીના કાચા ઘડાને નીભાડાના અગ્નિમાં પકવવામાં આવે છે. જ્યારે અગ્નિથી તે પૂર્ણ રીતે પાકી જાય, ત્યારે તેમાં જળ ભરાય છે. આ જ પ્રમાણે પૂર્ણ પુરૂષોત્તમના રસપાત્ર બનવામાં પ્રભુને ભૂલવાથી થોડી કસર રહી જાય છે. જ્યારે જીવ પુર્ણ રસપાત્ર બને, ત્યારે પ્રભુ અને ભક્ત બંનેને પુર્ણ રસાસ્વાદ પ્રાપ્ત થાય છેઃ કારણ કે પ્રભુ જીવને પોતાના સમાન બનાવે છે. આ સ્થિતિમાં આવો સ્નેહી ભક્ત, જે ક્ષણે પ્રભુને ભૂલી જાય, તે જ ક્ષણે તેને આસુરાવેશ થયો જાણવો.

ભક્તકવિ આગળ કહે છે કે, વલ્લભ એટલે પ્રાણથી પણ અતિ પ્રિય, એવા પ્રભુ તેમના રસરૂપ ચરિત્ર વિના, અન્ય અવતાર-અવતારીના ચરિત્ર રૂપી રસમાં જો રૂચિ થાય, તો તેને અન્ય રસ જાણવો આ સંજોગોમાં લૌકિક વિષયોનો રસ તો તદ્દન તુચ્છ છે, તેથી લૌકિક અને અલૌકિક બધા રસો, જેમાં શ્રીવલ્લભના સ્વરૂપનો રસ નથી, તેમાં જો રૂચિ થાય તો તેને ઝેર સમાન જાણવા

પ્રભુમાં માધુર્ય ભાવ સિવાય મહાત્મ્ય ભાવ કે બાલ ભાવ પણ હોઈ શકે. જેમ નંદરાયજીને અને યશોદાજીને બાળભાવ છે. જ્યારે મર્યાદામાર્ગના ભકતોને સ્વામી-સેવક ભાવ છે. આવો મહાત્મી ભાવ જો પ્રભુ વિશે આવે, તો અન્ય આશ્રય થયો જાણવો. શ્રી પ્રભુના સ્વરૂપમાં જ કેવળ સ્નેહભાવ રહે, તે અનન્ય આશ્રય. શ્રીવલ્લભના સ્વરૂપમાં સ્નેહભાવ વિના, બીજા ભાવ આવે તો તેને અન્યાશ્રય જાણવો. આ સ્થિતિમાં અન્ય અવતાર વિષે અથવા કોઈ જીવ વિષે, મોહ-મમતા રહે તો તે અન્યાશ્રયનું

તો પૂછવું જ શું?

અહીં કોઈ પ્રશ્ન કરે કે, જીવને શ્રીવલ્લભ વિષે ભાવ છે, તે શ્રીવલ્લને નમન, ભજન, સેવન વગેરે કરે છે, તો તે સર્વોપરી ભક્ત ખરો કે નહીં? આના જવાબમાં ભક્તકવિ સમજાવે છે કે, એક વખત પ્રભુના સ્વરૂપમાં રૂચિ થયા પછી, કોઈપણ અવતાર–અવતારી કે, અન્યનું મહાત્મ્ય જોઈને લલચાઈ જવાય, તો અનન્ય ધર્મ રહેતો નથી. પ્રભુના પૂર્ણ કૃપાપાત્ર ભગવદીયોની બડાઈ વિચારવામાં દોષ નથી, કારણ કે ભગવદીય અને પ્રભુમાં કોઈ ભેદ નથી. પરંતુ તે સિવાયમાં મહાત્મ્ય જ્ઞાનથી જીવ લલચાય તો તેનો અનન્ય ધર્મ ચાલ્યો ગયો જાણવો. જ્યાં પ્રાણવલ્લભ એવા પ્રભુનો સંબંધ છે, ત્યાં પ્રભુનો સંબંધ માનીને આદર સન્માન આપવું તેમાં દોષ નથી.

અનન્યતાના બે પ્રકાર છે. (૧) ધર્મરૂપ અનન્યતા. (૨) ધર્મીરૂપ અનન્યતા. શ્રીમહાપ્રભુજીના શરણે આવીને જીવ પુષ્ટિમાર્ગીય' કહેવડાવે છે, એવા વૈષ્ણવમાં શ્રીમહાપ્રભુજીનો સંબંધ જોવો, તે ધર્મરૂપ અનન્યતા છે. પ્રભુના સાક્ષાત્ સ્વરૂપ સિવાય બીજો કોઈનો પણ સંબંધ ન રાખવો, તે ધર્મીરૂપ અનન્યતા છે. આવો જીવ જ્યાં જ્યાં નજર કરે ત્યાં ત્યાં તેને પ્રભુના સ્વરૂપનાં જ દર્શન થાય. તે સિવાય સ્થાવર, જંગમ, જડ, ચેતન એવા સમસ્ત જગતનું, તેને વિસ્મરણ થાય. આવા પ્રેમી ભક્તજનનાં વિશ્વમાં, પ્રભુના સાક્ષાત્ સ્વરૂપ વિના અન્ય કોઈ પ્રાકૃત પદાર્થ કે વ્યક્તિ નજરે પડતી નથી. તેનું સમગ્ર વિશ્વ પ્રભુના સ્વરૂપથી જ ભરાઈ જાય છે. આવા ધર્મી અનન્યતાવાળા પ્રેમી ભક્ત, પોતાના પ્રિયતમ પ્રભુમય પોતાનું નિરાળુ વિશ્વ બનાવે છે. આવી ધર્મી અનન્યતા સિદ્ધ કરવી ઘણી કઠણ છે, કારણ કે તેમ કરવા માટે પ્રભુના સ્વરૂપ સિવાય, સર્વનો ત્યાગ કરવો પડે છે.

શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ પ્રવાહ-મર્યાદા' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : 'શુદ્ધ પ્રેમવાળા ભકતો અતિ દુર્લભ છે.' શુદ્ધ પ્રેમ એટલે પ્રભુમાં પ્રેમ. આવા ધર્મી અનન્યતાવાળા શુદ્ધ પ્રેમીજનોની, અતિ દુર્લભતા બતાવી છે. શ્રીમહાપ્રભુજીની પૂર્ણ કૃપા વિના આવી અનન્યતા સિદ્ધ થતી નથી. આવી અનન્યતા માટે વિરહાનુભવ જરૂરી છે. વિરહાનુભવમાં શ્રીવલ્લભના સ્વરૂપ સિવાય બીજા બધાનો ત્યાગ કરવો પડે છે, તેથી આ ધર્મી અનન્યતાની સિદ્ધિ ઘણી જ કષ્ટસાધ્ય છે.

આ ધર્મી સ્વરૂપાત્મક અનન્યતા કેવી છે, અને તે કેવી રીતે સિદ્ધ થાય તે હવે છઠ્ઠા કવિતમાં બતાવે છે.

કવિત—૬

જાહી કો સ્વરૂપ રૂચ્યો તાહી કો ન રૂચે આન.
આન રૂચે તબતો એ સ્વરૂપ રૂચ્યો નાહી યે.
પ્રથમ અનન્યતા અનન્યતા તહાં સ્નેહ,
સ્નેહ તહાં રસ એસે આવે મન માંહી એ. (૧)

જાકે વિલંબ કીત કરત કુબુદ્ધિ કુર,
સુર વૈ સ્વરૂપ દ્રઢ કર અવગાહિયે,
ગોકુલ કે નાથ નિજ હાથ દાન લિયે હૈ,
યે જીવકી હું તાહી ઔર સન્મુખકો તો ચાહિ યે (૨)

ભાવાર્થ :

સર્વાત્મ ભાવપૂર્વક ભગવદ્‌સ્વરૂપમાં રૂચિ પ્રકટે, તો તે રૂચિ પૂર્ણ કહેવાય. મહાત્મ્ય જ્ઞાન વડે દરેક ઠેકાણે રૂચિ હોય, તો તે રૂચિ પૂર્ણ ગણાય નહીં. જ્યારે ભગવદસ્વરૂપ વિના બીજું કશું રૂચે નહીં, ત્યારે જાણવું કે શ્રીપ્રાણવલ્લભના તે સ્વરૂપમાધુર્યનું પાન કર્યું છે અને તે સ્વરૂપમાં આસક્તિ થઈ છે. આ ભગવદ્‌સ્વરૂપ સિવાય બીજા કોઉ રૂપ, રસ કે સૌંદર્યમાં રૂચિ થાય તો

જાણવું કે સ્વરૂપ – રૂચિ થઈ નથી.

શ્રીગુસાંઈજી ‘વિજ્ઞપ્તિ’ માં આજ્ઞા કરે છે કે : ‘આંખ મીંચીને રહેવું સારૂં, પરંતુ તમારા સ્વરૂપ વિના બીજાને જોવા તે સારૂં નથી, એકાંત અરણ્યમાં રહેવું સારૂં, પરંતુ તમારા સ્વરૂપ વિના બીજાને મળવું સારૂં નથી. મૌન રહેવું સારૂં, પરંતુ બીજા સાથે વાર્તાલાપ કરવો સારો નથી.’

આવા જ આશયથી શ્રીગુસાંઈજી ‘વિજ્ઞપ્તિ’ માં આગળ ઉપર ઘણું કહે છે. તેથી સમજાય છે કે, જેને સ્વરૂપમાં આસક્તિ થઈ છે તેને સ્વરૂપ વિના બીજું કંઇ રૂચતું નથી. આવા અનન્ય ભાવ વિના, આવી દશા થાય નહીં. આથી અહીં ભક્તકવિ કહે છે કે ‘પ્રથમ અનન્યતા, અનન્યતા તહાં સ્નેહ.’ ભગવદ્-સ્વરૂપમાં પ્રથમ અનન્યતા થવી આવશ્યક છે. તો જ ભગવદ્-સ્વરૂપમાં સ્નેહ થઈ આવે. શ્રી પ્રાણવલ્લભના સ્વરૂપમાં જ સમગ્ર ભરોંસો રહેવો જોઈએ, તેમનો જ કેવળ આશ્રય થવો જોઈએ. એ પ્રિયતમ વિના એક ક્ષણ પણ રહી ન શકાય, એવી મનની સ્થિતિ થવી જોઈએ. આવો જીવ ભગવદ્ આશ્રયમાં એવો દ્રઢ હોય કે, કોઇ તેને કરોડો રૂપિયાનું દાન આપે, તો પણ તેનો આશ્રય કે ભરોંસો ન કરે. આવો અનન્ય ભાવ પ્રભુમાં થાય, ત્યારે જ પ્રભુમાં સ્નેહ પ્રકટ થાય છે, પછી ઉત્તરોત્તર આસકિત અને વ્યસનથી સ્નેહ પુષ્ટ અને પૂર્ણ બને છે, ત્યાં જ સર્વોપરી રસ પ્રકટ થાય છે.

ભગવદ્ સ્વરૂપમાં આપણી અનન્યતા હનુમાનજી જેવી કોરી અનન્યતા નથી. આ અનન્યતા એટલે રસસંયુકત સ્નેહ છે. જ્યાં સ્નેહ છે ત્યાં રસ છે, તેથી પ્રથમ અનન્યતા સિદ્ધ થાય, પછી પ્રભુમાં સ્નેહ પ્રકટ થાય, પછી તેમાંથી આસકિત થાય અને અંતે વ્યસન થાય. શ્રી મહાપ્રભુજી ‘ભકિત વર્ધિની’ ગ્રંથમાં

આજ્ઞા કરે છે કે : 'જ્યારે જગતના સર્વ પદાર્થોમાંથી આપણા સ્નેહની નિવૃત્તિ થાય, ત્યારે એક પ્રભુના સ્વરૂપમાં સ્નેહ થાય છે. જ્યારે બધાનો ભરોંસો અને આશ્રય છૂટે, ત્યારે કેવળ પ્રભુનો ભરોંસો અને આશ્રય થાય છે.' આમ, સ્નેહ અને પ્રભુની પ્રાપ્તિ માટે, પ્રભુનો જ આશ્રય કરવો તેનું નામ અનન્યતા છે.

આવો સ્નેહ થાય, ત્યારે પ્રભુ પોતાના રસનો અનુભવ કરાવે છે, કારણ કે, અનન્યતા સિદ્ધ થતાં, પ્રભુમાં પતિભાવનો સ્નેહ પ્રકટે છે. તેથી પ્રભુ તે જીવને રમણરસનું દાન કરે છે. આવા પતિ ભાવનો રસરૂપ અનુભવ, પુષ્ટિજીવો સિવાય બીજા ભક્તિમાર્ગીય જીવોને થતો નથી.

શ્રીકૃષ્ણ ચૈતન્ય, શ્રીરાધાવલ્લભીય હિત હરિવંશ આદિ મહાનુભાવોએ પણ ભક્તિમાર્ગ પ્રકટ કર્યો છે અને યુગલ સ્વરૂપની રસરૂપ લીલાઓનું વર્ણન કર્યું છે. તેમાં શ્રીરાધિકાજીની મુખ્યતા છે, પરંતુ યુગલસ્વરૂપની સમાનતા રાખી નથી. આથી જેમ શ્રીરાધિકાજીનો પ્રભુ સાથે સંબંધ છે, તેવો સમાનશીલતાપૂર્વકનો પતિભાવનો સંબંધ પ્રભુ સાથે, આ સંપ્રદાયના ભકતોએ રાખ્યો નથી. તેમણે શ્રીરાધિકાજી વિષે ઈષ્ટ ભાવ રાખીને શ્રીરાધિકાજીનાં દાસીનો ભાવ સ્વીકારી, યુગલ સ્વરૂપના લીલાવિહાર અને માધુરીનું વર્ણન કર્યું છે. તેમણે વ્રજભકતો સહિત, પ્રભુના વિહારનું વર્ણન કર્યું નથી. જ્યારે શ્રીગુસાંઈજીએ 'શૃંગારરસમંડન' ગ્રંથમાં વ્રતચર્યા, દશોલ્લાસ અને દાનલીલાનાં પ્રકરણોમાં વ્રજભકતો સાથે, પ્રભુના વિહારનું વર્ણન કર્યું છે. દશોલ્લાસમાં મુખ્ય સ્વામિની શ્રીરાધિકાજીના વિહારનું વર્ણન છે, દાનલીલામાં શ્રીચંદ્રાવલિજી અને તેમના જૂથનાં વ્રજભકતોના પ્રભુ સાથેના રમણવિહારનું વર્ણન છે, તો વ્રતચર્યાના પ્રકરણમાં

અગ્નિકુમારિકાઓનો પ્રભુ સાથે, રસવિહાર સિદ્ધ થયો છે. આવું વર્ણન અન્ય ભક્તકવિઓએ કર્યું નથી.

જેમ 'રાસપંચાધ્યાયી' માં જણાવ્યું છે કે પશુ, પક્ષી, અપ્સરા, ગંધર્વ, વિદ્યાધર વગેરે નિર્વિષયી બની, રાસલીલાનાં દર્શન કરે છે, તેમ હરિવંશજી આદિએ રસલીલાનું વર્ણન સાક્ષીવત્ બનીને કર્યું છે, કારણ કે, તેમને રસદાન થયું નથી. તેમણે રાધાકૃષ્ણના વિહારનો મહારસ વર્ણવ્યો હોવા છતાં, હાવ, ભાવ, કટાક્ષપૂર્વક સ્નેહના ભાવથી, પ્રિયતમ પ્રભુને પોતાનું સર્વાંગ વિનિયોગ કરવાનો ભાવ, તેમનામાં જન્મ્યો નથી.

આથી શ્રીગુસાંઈજી 'ભક્તિહંસ' અને 'વિદ્વમંડન' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : 'પુષ્ટિમાર્ગ જ શુદ્ધ ભક્તિમાર્ગ છે, બીજા બધા મર્યાદામાર્ગ છે. કારણ કે ભક્તિમાર્ગમાં પ્રભુ સાથેના રસરૂપ રમણનો સંબંધ છે. રસ સહિત શૃંગાર રસાત્મકતાથી, પ્રભુમાં આત્મસમર્પણનો પ્રકાર અન્ય ભક્તિમાર્ગોમાં નથી, તેમજ પ્રભુ સાથે રમણ-વિહારનો અધિકાર પણ અન્ય ભક્તિમાર્ગમાં નથી.'

આત્મસમર્પણ તો બલિ રાજાએ પણ કર્યું છે, પરંતુ, તે કેવળ મર્યાદા છે. જ્યારે શુદ્ધ પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોને સર્વાંગ રમણવિહારનો અધિકાર સિદ્ધ થયો છે, તેથી તેઓ આ માર્ગમાં શુદ્ધ પુષ્ટિજીવો જ શરણે આવ્યા છે. આમ, જ્યાં રસાત્મક ભાવથી પોતાના પ્રભુ વિષે, પતિવ્રત ભાવનો સંબંધ દૃઢ થાય, ત્યાં જ પૂર્ણ રસમાર્ગ કહેવાય. આથી પ્રભુમાં પતિભાવ પ્રાપ્ત કરાવી, રસવિહારનો અધિકાર આપવાનું સામર્થ્ય પુષ્ટિમાર્ગના પ્રગટકર્તા શ્રીવલ્લભાચાર્યજીમાં જ છે. આવું સામર્થ્ય અન્ય ભક્તિમાર્ગના આચાર્યોમાં નથી. તેથી પુષ્ટિમાર્ગની સમાન બીજો કોઈપણ ભક્તિમાર્ગ નથી, કે જે માર્ગમાં પ્રભુ સાથે

સમાનશીલતા પ્રાપ્ત કરીને રમણવિહારનું સુખ મળે, તેથી બીજાં બધા ભક્તિમાર્ગ મર્યાદામાર્ગ છે.

પોતાના પતિ સાથે રમણવિહારનો જે અધિકાર પત્નીને છે, તે દાસીને નથી. તેથી હિત હરિવંશ અને કૃષ્ણ ચૈતન્ય આદિ આચાર્યોના સેવક દાસીભાવના અધિકારી છે, પતિવ્રતા ભાવના અધિકારી નથી. આથી પુષ્ટિમાર્ગના સમાન બીજો કોઈ ભક્તિમાર્ગ નથી, તેમજ પુષ્ટિમાર્ગના પ્રગટકર્તા શ્રીવલ્લભાચાર્યજી સમાન ભક્તિમાર્ગના બીજા કોઈ આચાર્ય નથી. આથી શ્રીગુસાંઈજી 'સપ્ત શ્લોકી' માં આજ્ઞા કરે છે કે : 'શ્રીવલ્લભના નામ સમાન બીજા કોઈ આચાર્ય ભૂતકાળમાં થયા નથી, વર્તમાનમાં પણ છે નહીં અને ભવિષ્યમાં થશે પણ નહીં. જ્યાં શ્રીવલ્લભના નામની પણ સમાનતા, બીજા આચાર્યોમાં નથી, ત્યાં સ્વરૂપની સમાનતાની સંભાવના પણ કેવી રીતે હોય ?'

નંદાલયની બાલલીલાની ભાવના આપણે કરવી. જેમ શ્રીનંદરાયજી, યશોદાજી વગેરેને પ્રભુની બાલલીલામાં સ્નેહ છે, તેવો શ્રીગોપીજનોને નથી. શ્રીગોપીજનો પણ બાલલીલાનાં સ્વરૂપનાં દર્શન કરે છે, પરંતુ તે સમયે તેમના હૃદયમાં, રસાત્મક માધુર્યભાવ જ પ્રકટે છે અથવા શ્રીગોપીજનો બાલલીલાના સ્વરૂપમાં કિશોરભાવવાળા સ્વરૂપનો અનુભવ કરે છે. શ્રીગુસાંઈજી પલનાના પદમાં ગાય છે કે 'માનિની માન હરણમ્ ।' પ્રભુ પલનામાં ઝૂલી રહ્યા છે, ત્યારે શ્રીગોપીજનો દર્શન કરે છે, ત્યારે પ્રભુ એવા રસભર્યા કટાક્ષ ગોપીજનો તરફ કરે છે કે, જેથી માનભાવવાળાં ગોપીજનોના માનનું પ્રભુ હરણ કરી લે છે. આમ, કિશોરલીલાનો અનુભવ, બાલ સ્વરૂપે ગોપીજનોને થાય છે.

શ્રી વલ્લભે પુષ્ટિ સૃષ્ટિને, બ્રહ્મસંબંધના દાનથી રસાત્મક સ્વરૂપનો સંબંધ કરાવ્યો છે. તે દ્વારા પ્રભુના સ્વરૂપમાં રહેલ રમણરસનો અનુભવ કરવાનો અધિકાર આપ્યો છે, પરંતુ પ્રભુ

જેને જેવો અધિકાર આપે છે, તેવો અનુભવ જીવ કરી શકે છે. જેમ અવતાર લીલામાં, શ્રીનંદરાયજી શ્રીયશોદાજી અને વૃદ્ધ ગોપ–ગોપીઓને બાલ ભાવના સ્નેહનું પ્રભુએ દાન કર્યું અને તેમના દ્વારા પ્રભુ વાત્સલ્યના સ્નેહ રસનો ભોગ કરતા રહ્યા. પ્રભુએ પોતાના સખાઓને સખ્ય ભાવના સ્નેહનું દાન કર્યું. તેના દ્વારા પ્રભુએ સખ્ય ભાવના સ્નેહનો ભોગ કર્યો. શ્રીગોપીજનોને કાન્ત ભાવ, અર્થાત, મધુર ભાવના સ્નેહનુ દાન કર્યું અને તેમના દ્વારા રમણાત્મક મધુર સ્નેહ ભાવનો અનુભવ કર્યો. આમ, અનેક રસના ભોકતા પ્રભુ, વિવિધ ભાવ રૂપી રસનું દાન કરી, તે તે રસનો આપ ભોગ કરે છે. એ જ પ્રકારે આધુનિક પુષ્ટિ સૃષ્ટિમાં પણ, આવા ભિન્ન ભિન્ન અધિકાર છે. તેમાં કાન્ત ભાવનો રસાત્મક વિહારનો અધિકાર મુખ્ય ફળ છે. તેના સમાન બીજું કોઈ ફળ નથી.

શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં કૃષ્ણાધરામૃતાસ્વાદ એમ કહ્યું છે. શ્રીપુરૂષોત્તમના અધરામૃત રૂપી, મહા ફળનું દાન ગોપીજનોને થયું છે. આધુનિક સૃષ્ટિમાં પણ આવો અધિકાર, શ્રીવલ્લભ દ્વારા મળે છે, તેથી માર્ગનો મુખ્ય સિદ્ધાંત એ છે કે, સમર્પણમંત્ર, અર્થાત, ગદ્યમંત્ર શ્રીપ્રભુની આજ્ઞા પ્રમાણે, શ્રીમહાપ્રભુજીએ આપ્યો છે અને તે દ્વારા જીવોનો અંગીકાર કર્યો છે. જો આમ ન કર્યું હોત, તો આ જન્મ વ્યર્થ જાત. પત્ની, પુત્ર, પ્રાણ, દેહ, અંતઃકરણ વગેરે જે જે બાબતોમાં જીવની સત્તા છે તે બધાને શ્રીપુરૂષોત્તમના સાક્ષાત રસાત્મક સ્વરૂપનો સંબંધ કરાવી, તેનો અંગીકાર કર્યો છે અથવા પ્રભુમાં રસરૂપ પતિ ભાવનો જ સંબંધ કરાવ્યો છે. આમ, પ્રભુએ જીવનું જે પ્રકારે વરણ કર્યું છે. તે સમજવાની જીવની બુદ્ધિ નથી.

પુષ્ટિ સૃષ્ટિમાં શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, પુષ્ટિ મર્યાદા અને

પુષ્ટિ પ્રહાર એવા ચાર પ્રકારના વરણ ભેદ છે. તે અનુસાર જીવને પ્રભુના સ્વરૂપનો અનુભવ થાય છે. પરંતુ બ્રહ્મસંબંધનો સિદ્ધાંત તો રસરૂપ છે, તેના દ્વારા જીવનો પતિ ભાવથી પ્રભુ સાથે સંબંધ કરાવવામાં આવ્યો છે. જેમ કન્યાનું લગ્ન થાય ત્યારે રસ ભાવના અનુભવની તેનામાં યોગ્યતા હોતી નથી, છતાં એવું ન કહી શકાય કે તે પતિ વિષે ભ્રાતૃભાવ રાખે અથવા બાલ્ય ભાવ રાખી, પતિની લજ્જા ન સેવે તેનાં માતા, અને સખીઓ તેને રસ ભાવની શિક્ષા આપે છે, તેથી તેનો રસ ભાવ દિવસે દિવસે વધે છે. આમ જીવે પુષ્ટિમાર્ગમાં પ્રભુનું રસાત્મક મહાત્મ્ય જાણી, રસાત્મક સ્નેહમાર્ગને અનુસરવું જોઈએ. આવો અધિકારી આજે કયાંક કયાંક દેખાય છે.

હવે ભક્તકવિ મન પર કૃપા કરી તેને શિખામણ આપે છે કે, આવા પ્રભુના રસરૂપ સ્વરૂપને જાણીને, તારો સંબંધ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી પ્રભુની સાથે રસ પ્રકારે કરાવ્યો છે, તેથી હવે તું પ્રિયતમના રસાત્મક વિલાસમાં સુખ આપવામાં વિલંબ કેમ કરે છે ? શરીરનાં સુખ અને ઈન્દ્રિયોના ભોગમાં કેમ પરવશ બની રહ્યો છે ? તારી ખોટી બુદ્ધિ છોડી દઈ તું કુરમાંથી સૂર બની, તારૂં સર્વસ્વ પ્રિયતમને સમર્પણ કરી દે. તેમાં વિલંબ શા માટે કરે છે ?

શ્રી આચાર્યચરણ 'અંતઃકરણ પ્રબોધ' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : 'જ્યારે કન્યા મોટી થાય, ત્યારે તેનાં માતાપિતા કન્યાના સ્નેહને વશ થઈ, તેને તેના પતિ પાસે ન મોકલે, તો તેનો પતિ અપ્રસન્ન થાય છે, તેવી રીતે જીવને જ્યારે પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય કે, મારા સર્વસ્વ મારા પ્રિય પ્રભુ છે, તેમની સાથે મારો નિત્યનો સંબંધ છે, તેઓ મારા આત્માના પતિ છે, ત્યારે આ જાણવા છતાં, પોતાના દેહમાં મમતા રાખી, પોતાનું સર્વસ્વ સમર્પણ પ્રભુને કરવામાં જીવ વિલંબ કરે છે

ત્યારે પ્રભુની અપ્રસન્નતા થાય છે.

લૌકિક–અલૌકિક બધાનો ત્યાગ કરીને, આપણે પ્રિયતમ પ્રભુમાં મન લગાવીએ, ત્યારે સ્ત્રી, પુત્ર, માતા, પિતા, ભાઈ–સૌ કઠોર વચનો કહે છે. તેમને સહન કરી, શ્રી પ્રાણવલ્લભના સ્વરૂપમાં દૃઢ આશરો રાખવો, પ્રિયતમ પ્રભુના સ્વરૂપને નેત્રોમાંથી દૂર ન કરવું. પ્રિયતમ પ્રભુ જ આપણું સર્વસ્વ હોવાથી, તેમને કેવી રીતે ભૂલી જવાય ? શ્રી પ્રાણવલ્લભ મહારસ દાન કરવા તત્પર છે, પરંતુ આપણી સન્મુખતા પણ હોવી જોઈએ.

ભકતકવિ કહે છે કે : 'ગોકુલકે નાથ નિજ હાથ દાન લિયે હૈ.' શ્રી પ્રભુએ આપણું પાણિગ્રહણ કર્યું છે, તેઓ આપણા પતિ બન્યા છે. જેમણે પાણિગ્રહણ કર્યું છે, તેમની ફરજ છે તેથી તેઓ છોડશે નહીં. આવા મહા અલૌકિક પ્રભુ આપણા પતિ બન્યા છે. આપણને મળેલું આ મોટામાં મોટું દાન છે. કોટિ બ્રહ્માંડના કર્તા પ્રભુ પતિ બની, આપણો હાથ પકડે, છતાં, આપણે તેમના સન્મુખ ન થઈએ, તે કેટલો મોટો અપરાધ છે ? સન્મુખ થયા વિના રસદાન કેવી રીતે મળે ?

અહીં એક શંકા થાય કે, જ્યારે પ્રભુએ હાથ પકડયો છે, ત્યારે સન્મુખતામાં શું બાકી રહ્યું ? જેથી તમે કહો છો કે, સન્મુખતા વિના રસદાન ક્યાંથી થાય ? ત્યાં ભકતકવિ કહે છે કે જ્યાં સુધી ચિત્તની ચંચળતા છે, ત્યાં સુધી સન્મુખતા કેવી રીતે કહેવાય ? હવે આગળના કવિતમાં તેઓ સન્મુખતાનું સ્વરુપ બતાવે છે.

કવિત – ૭

હલકી અપેક્ષા તું કરત પ્રાણવલ્લભ સોં,
સો તો આપ કહ્યો સન્મુખ ભયે દીજીયે;

એવા સન્મુખતાકો સ્વરૂપ જાન્યો જાત નહીં,
કૌન ભાન્તિ કેસે પ્રાન સન્મુખ કીજીયે. (૧)

સ્વરૂપ દર્શન કો અયોગ્ય અંતરાય સબ,
ગુન ગાન આન લીલા મેં જુ કહા લીજીયે;

ઇંદ્રિય સકલ કો વિલાસ એક સ્વરૂપમાંય,
આરત સુ સન્મુખ ભયે તબ રસ પીજીયે. (૨)

ભાવાર્થ :

પહેલાં રસનું સ્વરૂપ બતાવ્યું. હવે ફળ અને પાત્રનું સ્વરૂપ બતાવે છે. અહીં ફળરૂપ પ્રાણવલ્લભ શ્રીપ્રભુ છે. તેમની પ્રાપ્તિ કરવાની ઈચ્છા કરીએ છીએ. તે ફળ 'સન્મુખ ભયે દીજીયે' એમ કહ્યું સન્મુખતાનો અર્થ શો ? તેનો જવાબ એ છે કે પ્રિય માટે હંમેશાં અનુકૂળ રહેવું તેનું નામ સન્મુખતા. શ્રીપ્રભુની આજ્ઞામાં તત્પર રહેવું. પ્રભુની કૃપા કયા ભગવદીય પર થાય છે તે જોતા રહેવું. ભગવદીયો પ્રભુને કયા પ્રકારે રીઝવે છે ? ભગવદીયો પ્રભુને રસદાનથી કેવી રીતે સુખ આપે છે ? હું પ્રભુને કેવી રીતે રીઝવીશ ? હું કયારે પ્રભુના માટે સુખરૂપ બનીશ ? હાય મારૂ જીવન વ્યર્થ જઈ રહ્યું છે, તો હું શું કરૂં ? આવો પરિતાપ આપણે કરવો જોઈએ.

ભકતકવિ સન્મુખતાનું સ્વરૂપ વર્ણવતાં વિશેષમાં કહે છે કે, 'એવા સન્મુખતા કો સ્વરૂપ જાન્યો જાત નહીં.' સન્સુખતાનું સ્વરૂપ સમજી શકાતું નથી. ભકતકવિએ આવું કેમ કહ્યું હશે ? વ્યસન દશા વિના, રસ સ્વરૂપ જાણી શકાતું નથી, તો રસનો અનુભવ તો કયાંથી થાય ? આપણા પ્રાણને પ્રભુની સન્મુખ કેવી રીતે કરવા ? કારણ કે વચમાં ઘણા અંતરાયો રહેલા છે. આપણને પ્રભુના સ્વરૂપનો વિયોગ છે, તેથી સન્મુખતા માટે આપણી યોગ્યતા થઈ નથી. વળી સમય વીતાવવા આપણે

પ્રભુ સિવાય બીજી વાતો કરીએ છીએ તે પણ વિમુખતા છે.

ભકતકવિ કહે છે કે 'સ્વરૂપ દર્શન કો અયોગ્ય અંતરાય સબ.' સાક્ષાત સંબંધની આપણામાં યોગ્યતા નથી. પ્રભુ વિના આપણે કાલનિર્વાહ કરીએ, ત્યારે આપણે પ્રભુના સાચા સ્નેહી નથી. પ્રભુ જગતને શિક્ષા આપવા અને જગતનો મોહ કરવા અનેક લીલાઓ કરે છે. જેમ કે સંધ્યાતર્પણ, હોમ, યાગ કર્મ વગેરે. આ બધી પણ પ્રભુની લીલા છે: પણ આ લીલા આપણા માટે નથી, તેથી તે લીલાનાં ચરિત્રોનું શ્રવણ કરવાની આપણે જરૂર નથી. જો પ્રભુના રસ સ્વરૂપમાં આપણી આસકિત રહેતી હોય, તો પછી પ્રભુના મર્યાદા ચરિત્રોમાં ચિત્ત રહેશે નહીં. પ્રભુ ષટ્ગુણ ઐશ્વર્યાદિક અપાર ગુણ, લીલા, મહાત્મ્યનું શ્રવણ કરી સમયનો નિર્વાહ કરવો, તેથી સ્વસ્થતા પ્રાપ્ત થશે; પરંતુ આ બાબત સાક્ષાત સ્વરૂપના અનુભવમાં અંતરાયરૂપ બને છે.

'ન્યાસાદેશ' ગ્રંથમાં શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે : 'પ્રભુના સાક્ષાત સંબંધ વિના ભગવદીયો માટે બીજુ બધું પાપરૂપ છે.' અહીં કોઈ શંકા કરે કે, જો સેવા-સ્મરણ વગેરે સાધનો પ્રભુની પરોક્ષતામાં કરવામાં આવે, તો તે તેમને પાપરૂપ કેવી રીતે કહેવાય? તેનો જવાબ એ છે કે, સેવા, સ્મરણ વગેરે સાધનો પાપરૂપ નથી, પરંતુ પ્રભુના સાક્ષાત સંબંધની આર્તિ રાખ્યા વિના, આ બધાં સાધન કરવામાં આવે તો તેમને પાપરૂપ કહ્યાં છે, તેમને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બતાવ્યાં છે. અંતરાયને કારણે તેઓ પાપરૂપ છે. આપણે આર્તિ સહિત સેવા, સ્મરણનાં સાધનો કરતા નથી અને તે બાબતમાં સ્વસ્થતા રાખીએ છીએ, તેથી આવી સ્વસ્થતા પ્રભુના સંબંધમાં અંતરાયરૂપ બનતાં, તેને પાપરૂપ જાણવી. તેથી ભકતકવિ કહે છે કે 'ગુન ગાન આન લીલા મેં જુ કહા લીજીયે.'

હવે સિદ્ધાંતરૂપ પાત્રનું સ્વરૂપ કેવું હોય તે બતાવે છે. બધી ઈંદ્રિયોનો વિલાસ પ્રભુના સ્વરૂપમાં જ હોય. રમણ ઉપયોગી બધી ઈંદ્રિયોનો રમણ વિલાસ, પ્રભુના સ્વરૂપ સાથે હોય તેને સન્મુખતા કહે છે. આ રમણની અભિલાષા પણ પ્રભુના સુખ માટે હોય. પ્રપંચની વિસ્મૃતિપૂર્વક પ્રભુના સ્વરૂપમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન-ભાવપૂર્વક આપણું સર્વાંગ અંગીકાર કરાવવું અને છતાં તેમાં સંતોષ ન માનવો. પ્રભુ સાથેના રમણ વિલાસના સમયમાં પણ, પ્રભુના સુખ માટે મનમાં પરિતાપ રહે અથવા પ્રભુ સાથેના રમણ વિહારમાં, જે સુખાનુભવ થાય તેનાથી તૃપ્તિ ન થાય. આમ, અતૃપ્ત ભાવથી પ્રભુને રમણ વિલાસ કરાવવો. આવી આર્તિપૂર્વક પ્રભુના સન્મુખ થવાથી, પ્રભુ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરે છે.

અહીં કોઈ પૂછે કે પૂર્ણાનંદ સ્વરૂપના દાનથી કેવા પ્રકારનો રસાનુભવ થાય ? તેના જવાબમાં ભક્તકવિ આગળનું કવિત કહે છે.

કવિત—૮

સુરત કીયે તે રોમરોમ સુખ પાઈએ
સુરત કે માન લિયે દુઃખ પરહરીયે;
રંચ એક સન્મુખતા મેં હિત કર માન લેત,
હિત કરિ સુખ કે સમુદ્ર પાર કરીયે. (૧)

માનુષ કી પ્રીત કેસી, મનકી ન જાને બાત,
મનકી ન જાને તાસો કહા પચી મરીયે;
યહ જિય જાન તોંકો સમજાવું વારંવાર,
પ્રીત કરીયે તો શ્રીગોકુલેશજુસો કરીયે. (૨)

ભાવાર્થ :

પ્રાણવલ્લભ એવા પ્રભુના સ્વરૂપ સાથે રમણ કરવાથી

રોમરોમ સુખનો અનુભવ થાય છે. આર્તિ જેટલી વધારે તેટલો રસાનુભવ અધિક. પ્રભુ સાથે રમણ કરતાં જે સુખનો અનુભવ થાય છે, તેમાં જ્યારે તૃપ્તિ ન થાય, ત્યારે પ્રભુ અધિક રસાનંદનું દાન કરે છે. જેમ ઘડામાં જળ અપૂર્ણ હોય, તો તેમાં બીજું જળ ભરી શકાય છે, તેવી રીતે પ્રભુના સુખથી સુખી થનાર સ્નેહવાળા ભક્તમાં, પ્રભુના સુખનો તાપ રહે, તો પ્રભુના સુખનો વિશેષ અનુભવ થાય છે. આવો તાપ રમણ સમયમાં પણ રહેવો જોઈએ. અને તેમાં તૃપ્તિ ન થવી જોઈએ. આપણા હૃદયમાં પ્રભુને અધિક અને અધિક રમણ સુખનો અનુભવ કરાવવાના મનોરથ બન્યા રહેવા જોઈએ. આવો ભાવ જે ભક્તો તત્સુખનો વિચાર કરે છે, તેમનામાં જ જાગે છે.

રોમ રોમમાં સર્વાંગ સુખની વાત કરવામાં આવી, તેનું સારસ્ય એ છે કે, પ્રભુનો આનંદ વ્યાપક છે. જેમ વર્ષા ઋતુમાં જળની વર્ષા સમગ્ર પૃથ્વીને ભીંજવે છે, તેમ પ્રભુનો આનંદ વ્યાપક હોવાથી, ભક્તના દેહ, પ્રાણ, ઇંદ્રિયો, અંતઃકરણ, જીવાત્મા અને દેહના પ્રત્યેક રોમને ભીંજવે છે.

અહીં ભક્તના રોમ કહેવામાં આવ્યા તે રોમ નથી, પરંતુ વૃક્ષાવલિ છે. જેમ વેણુનાદ દ્વારા ભગવદ્‌સુધાનો પ્રવેશ વૃંદાવનના વૃક્ષોમાં થતાં, વૃક્ષોમાંથી મધુધારા વહેવા લાગી, તેમ અહીં આધિદૈવિક અવસ્થાવાળા ભક્તના દેહની રોમાવલિ વિલાસરૂપ છે. રમણ સમયે પ્રભુ પોતાનો રસ, તેમાં સ્થાપિત કરે છે. તેથી આ રોમાવલી ઉદ્દીપન ભાવાત્મક સામગ્રી બને છે, તેથી રોમરોમમાં પ્રભુના સુખનો અનુભવ થાય છે.

ભક્તકવિ આગળ કહે છે 'સુરત કે માન લિયે દુઃખ પરહરીયે.' સુરત એટલે રતિરણસંગ્રામ, પ્રભુના પરોક્ષ કાળમાં,

અર્થાત્ વિપ્રયોગ અવસ્થામાં સાક્ષાત્ રમણ સંભવિત નથી, ત્યારે વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનું ધ્યાન કરીને. ભાવના દ્વારા રમણ રસનો અનુભવ થાય છે. તેથી 'માન લિયે' એમ કહ્યું.

પ્રભુનું સ્વરૂપ બે પ્રકારનું છે. એક સંયોગાત્મક, જે બહાર પ્રકટ છે. બીજું વિપ્રયોગાત્મક, જે ભાવાત્મક છે. આ વિપ્રયોગાત્મક સ્વરૂપ ભક્તના હૃદયમાં બિરાજે છે. તેનો અનુભવ માનસી સ્વરૂપ ભાવના દ્વારા થાય છે, જ્યારે સંયોગમાં બહાર પ્રકટ સ્વરૂપનો અનુભવ, ક્રિયા દ્વારા રમણ રસથી થાય છે. આવો જ અનુભવ ભાવ દ્વારા વિપ્રયોગ સ્વરૂપનો પણ થાય છે. માનસીમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ કરવાથી, વિયોગનું દુઃખ રહેતું નથી. તેથી ભક્તકવિએ કહ્યુ કે 'દુઃખ પરહરીયે.'

સૂરદાસજી એક પદમાં કહે છે : 'રાઈ જિતની સેવા કો ફલ માનત મેરૂ સમાન.' રંચક તાપભાવપૂર્વક પ્રભુના સુખની ભાવના કરવાથી, પ્રભુની સન્મુખતા થાય છે. તેને પ્રભુ સેવા માનીને પ્રેમનું દાન કરે છે. આવા પ્રેમના દાનથી, પ્રભુના સુખ માટેના વિશેષ મનોરથો થાય છે. તેથી ચિત્ત પ્રભુના સ્વરૂપમાં આસકત બને છે. આમ થતાં ભકત અનેક પ્રકારના સુખના વિલાસ સમુદ્રમાં નિમગ્ન બની અનુભવ કરે છે, તેથી કહ્યું કે 'હિત કરિ સુખ કે સમુદ્ર પાર કરીયે.' અહીં 'પાર કરીયે' એમ કહ્યું તેનો અર્થ એ છે કે, આ સમુદ્રને આદિ અને અંત નથી. સમગ્ર રસ સમુદ્રનો સર્વદા અનુભવ કરવો. થોડા દિવસ અનુભવ કરવાથી આપણે પાછા દુઃખમાં ભટકતા થઈ જઈએ છીએ. એમ ન કરવું. જેમ સમુદ્રમાં જળનો પ્રવાહ રાત્રિદિવસ ચાલ્યા જ કરે છે, છતાં તે ઘટતો નથી, તેમ પ્રભુના સ્વરૂપનો પૂર્ણાનંદ સમુદ્ર જેવો છે. પ્રભુ મહા ઉદાર છે. પોતાના ભકતોને હંમેશા રસ સમુદ્રમાં ડૂબાડી તેનો અનુભવ કરાવે છે.

આવો અનુભવ ક્યારે થાય? તો જ્યારે રસાત્મક સ્વરૂપનું મહાત્મ્ય જાણવામાં આવે. કારણ કે, રસ સમુદ્ર એવા પ્રભુની રસરૂપ સેવા, તેમનું મહાત્મ્ય જાણ્યા વિના થઈ શકતી નથી, તેથી વેણુગીતના પાંચમાં શ્લોકના 'સુબોધિની' માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે: 'પરમ જ્ઞાત્વા પાને મહાન રસઃ ।' 'પરમ' એટલે અગણિત આનંદ-જેમનામાં છે, એવા પૂર્ણ પુરુષોત્તમના રસ મહાત્મ્યને જાણવાથી, તેમનો અનુભવ થાય છે. દૈવી જીવો લીલાધામમાંથી વિખૂટો પડતાં, પ્રભુના સ્વરૂપને ભૂલી ગયા છે, તેથી રસ સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે, શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી પર પ્રાકટ્ય થયું છે. 'શ્રી સર્વોત્તમસ્તોત્ર'માં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે: દયયા નિજ માહાત્મ્યં કરિષ્યન્ પ્રગટમ્ હરિઃ ।' પૃષ્ટિ પ્રભુ અગણિત આનંદરૂપ છે. તેમનું રસ મહાત્મ્ય જાણવાથી દૈવી જીવ ભગવદ્ સંબંધી અલ્પ આનંદમાં સ્વસ્થતા મેળવતો નથી.

મનુષ્ય બીજા મનુષ્યના મનની વાત જાણી શકતો નથી, કારણ કે, તેને અવિદ્યા લાગેલી હોવાથી, તે પરતંત્ર અને દોષ નિધાન છે. આપણે જેવા છીએ તેવા અન્ય પણ છે, તેથી જીવ સાથે પ્રીત કરવાથી કશું મળતું નથી. પ્રીતની રીત કઠણ છે. તે જીવ નભાવી શકતો નથી. પ્રભુ પ્રીતની રીત જાણે છે. જીવ અલ્પ સમર્થ હોવા છતાં, સર્વસમર્થ પ્રભુ દોષવાળા જીવનો પણ અંગીકાર કરીને, તેને કદાપિ છોડતા નથી. તેથી ભકતકવિ કહે છે કે 'યહ જિય જાન સમજાવું તોકું વારંવાર, પ્રીત કરીયે તો શ્રીગોકુલેશજુ સો કરીયે.'

'ગો' એટલે ઈંદ્રિયો. ઈંદ્રિયો કુલ અગિયાર છે. આ અગિયાર ઈંદ્રિયોના સમૂહના ઈશ એવા પ્રભુ અર્થાત શ્રીગોકુલેશ છે. તેથી તેઓ ઈંદ્રિયોનું પાલન કરનારા છે. જે પ્રભુએ આ એકાદશ ઈંદ્રિયોમાં પોતાનો સ્વરૂપાત્મક રસ ભર્યો છે, તેઓ

તેનું પાલન કરે છે. એવા શ્રીગોકુલેશ સાથે હે જીવ, તું પ્રીત કર,

અવતાર લીલામાં પ્રભુ શ્રીમદ્ ગોકુલમાં શ્રીનંદરાયજીને ત્યાં પ્રકટ થઈ, નિઃસાધન એવાં વ્રજભકતોને, પોતાના પ્રમેય બળથી સ્વરૂપાનંદનું દાન કરતા હતા, તેથી પણ તેમને શ્રીગોકુળના ઈશ કહ્યા છે.

વ્રજભકતોની અવિદ્યાને કારણે, જે પ્રતિબંધોનો સમૂહ અંતરાયરૂપ હતો, તેમને પોતાના પ્રમેય બળથી દૂર કરીને, પ્રભુએ સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો છે. જેમ કે પૂતના, શકટાસુર, તૃણાવર્ત વગેરેને માર્યા. ઈંદ્રિયોના અધ્યાસરૂપ કાલિય નાગનું દમન કર્યું, લિંગ દેહના અધ્યાસરૂપ ધેનૂકાસૂરને માર્યો, પ્રાણાધ્યાસરૂપ દાવાનળનું પાન કર્યું, અંતઃકરણના મોટા અધ્યાસરૂપ પ્રલંબાસુરનો સંહાર કર્યો, દૈવી જીવોને લીલાધામસંબંધી અલૌકિક સ્વરૂપનું વિસ્મરણ થયું હતું, તે વિસ્મરણરૂપ બીજા દાવાનલનું પાન કર્યું. આમ પોતાના મહા અલૌકિક કરોડો કામદેવથી અધિક સૌંદર્યવાન સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરવામાં જે અલૌકિક પ્રતિબંધો હતા, તેમને ગિરિરાજધારણ લીલાથી નિવૃત્ત કર્યા. ઈંદ્રની વૃષ્ટિના નિમિત્તે, આ પ્રતિબંધોને દૂર કરાવી, સ્વરૂપાનંદના અવિચલ સુખનું દાન આપ્યું. આમ, પોતાના નિઃસાધન જીવોના બધા પ્રતિબંધ પ્રમેય બળથી દૂર કરી, નિરૂપાધિક અને નિરવધિ આનંદ સિદ્ધ કરાવ્યો. આવા ગોકુળના ઈશ શ્રીગોકુલેશ છે, તેથી હે જીવ તું તેમને પ્રીત કર.

પ્રાણવલ્લભના સ્વરૂપ વિના, બીજી જગ્યાએ પ્રેમ કરવાથી દૈવી જીવનની વ્યર્થતા થાય છે, તેથી આ બાબતમાં આપણને સાવધાન કરવા માટે, કવિ આગળના કવિતમાં શિખામણ આપે છે.

કવિત — ૯

મન વ્રત જાનવે કો હિત પહિચાનવે કો,
ગુન ગાન માનવે કો ગોકુલેશ નિધિ હૈ;
યા સુખ બિન રંચ ઔર સુખ માનત હૈ,
સોઇ દુઃખરૂપ યહ તોં અનુભવ સિદ્ધ હૈ. (૧)

ઈન સો હિત કરિ ધીર તું નિડર રહે,
ઈનહીં સોં જો હિત સોઈ હિત નિરવધિ હૈ;
છાંડ તું ક્લેશ લેશ મનમેં ન આન કછુ,
ગોકુલેશ ભજ ફલ આગે તેરે સિદ્ધ હૈ. (૨)

ભાવાર્થ :

ભકતકવિ કહે છે : 'હે જીવ, તું બીજું બધું છોડીને શ્રીગોકુલેશના સમાગમની અભિલાષા રાખ.' અહીં શંકા થાય કે, લૌકિક અથવા અલૌકિકમાં સાચો સમાનશીલ સંગ પ્રાપ્ત થયો હોય અને તેથી બંનેમાં પ્રેમનો સંબંધ બંધાયો હોય, પછી વિયોગ થતાં સ્નેહીના વિયોગમાં દેહ છૂટી જાય, ત્યારે તેને સાચો સ્નેહ થયો એમ કહેવાય. જયારે તમે કહો છો કે, શ્રી ગોકુલેશ વિના બીજે કયાંય પ્રીત કરવી નહીં. તો તેનું કારણ શું ? તેના જવાબમાં કહે છે કે, દુનિયામાં સ્નેહીઓના સ્નેહની જે સ્થિતિ છે, તે જીવ ભાવની સ્થિતિ છે, તેથી જીવનો વિચારેલો સંકલ્પ હંમેશાં સિદ્ધ થતો નથી. જીવ સ્વતંત્ર નથી. સ્નેહીજીવભાવવાળા મનુષ્યને જન્મમરણ પણ હોય છે, તેથી સ્નેહીઓને છૂટા પડવાનું પણ બને છે. વળી તે બંનેને તેમના જન્મ જન્માંતરની કોઈ જાણકારી પણ હોતી નથી. જીવ જાણતો નથી કે હું કોણ છું ? મારૂં કર્તવ્ય શું છે ? સ્નેહીનો સંગ મળે, તો તે તેટલો સમય પોતાનાં પુણ્ય ફળ ભોગવી લે છે પરંતુ જન્મમરણનું આવાગમન છૂટતું નથી. જીવ કયારે

દરિદ્ર અવસ્થામાં ભટકે છે, તો ક્યારેક ઇંદ્ર સમાન [illegible] ભોગ પણ કરે છે. પરંતુ આ બધું સુખ અનિત્ય છે.

આથી અહીં ભકતકવિ કહે છે કે 'પ્રભુ સંબંધી જે [illegible] છે, તે સાચું છે અને અચલ છે. વળી, તે મસુદ્ર સમાન અપાર છે, જયારે જગતનું ક્ષણિક સુખ આખરે દુઃખ આપનારૂં છે. આવું પ્રભુ સંબંધી સુખ નથી, સ્વર્ગનું સુખ પુણ્ય હોય ત્યાં સુધી જ ભોગવાય છે, પુણ્યનો નાશ થતાં તે સુખનો પણ નાશ થાય છે. તેથી ફરી દુનિયામાં જન્મ લેવો પડે છે, મોક્ષના સુખમાં સ્વરૂપાનંદનો અનુભવ થતો નથી. તેમાં જીવના જન્મ-મરણનું દુઃખ મટી જાય છે, એટલો જ લાભ છે. વળી, આ બ્રહ્માનંદના સુખની પણ ગણત્રી છે. તેથી તેમાં નિત્ય નૂતન આનંદનો અનુભવ થતો નથી. પ્રભુ સંબંધી આનંદ ક્ષણે ક્ષણે નૂતન હોય છે. જેમ સમુદ્રમાં જળનો પાર નથી, તેમ પ્રભુના સ્વરૂપમાં આનંદનો પણ પાર નથી. તેથી પ્રભુ સંબંધી સુખ વિના, બીજું બધું સુખ રંચક છે અને દુઃખરૂપ છે. તે અનિત્ય છે.

ગીતાજીમાં ભગવાન અર્જુનને કહે છે કે: બ્રહ્મલોક પર્યંત બધું પ્રાકૃત હોવાથી અચળ નથી, તેથી તે સુખ પણ અચળ નથી.' બ્રહ્મલોકમાંથી પણ ફરી પાછા પ્રાકૃત પ્રપંચમાં આવવું પડે છે, તેથી તે બધા સુખને રંચક કહ્યું છે. આમ, પુષ્ટિ પુરુષોત્તમ વિના, બીજે ક્યાંય અચલ સુખ નથી. વળી; પુષ્ટિ પ્રભુ વિના. પુષ્ટજીવને માટે બીજો કોઈ સહાયક પણ નથી. આથી ભક્તકવિ કહે છે કે: 'જાસો હિત ધરી ધીર તું નિડર રહે.'

પ્રભુ સાથે પ્રેમ કરીને ધીરજ રાખવી. પ્રભુના બળમાં વિશ્વાસ રાખી, નિડરતાથી રહેવું. કાલનો પણ ડર રાખવો નહીં, કારણ કે પ્રભુ કાલના પણ નિયામક છે. ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં શ્રીગુસાંઈજીની સેવક, એક વૃદ્ધા વૈષ્ણવની વાર્તા છે. તેણે કાલને આઠ વખત પાછો મોકલ્યો હતો. ચૌદ લોકને

બનાવનાર બ્રહ્માજી પણ કાલથી ડરે છે આવા કાલને નોકરની જેમ હુકમ કરીને, વૈષ્ણવ માજી પાછો મોકલે છે. આવો પ્રતાપ પુષ્ટિપ્રભુના સંબંધનો છે. પુષ્ટીના દૈવી જીવો પ્રત્યે પ્રભુને, આવો પક્ષપાત છે. તેથી પુષ્ટિમાર્ગમાં કાલનું પણ કંઈ ચાલતું નથી. પ્રભુના ભક્તોની સામે કાલ નજર પણ નાખી શકતો નથી આમ, પ્રભુ જેના પતિ બન્યા હોય, તેને બીજા કોનો ડર હોય? તેથી હે જીવ, તું કેવળ પ્રભુ સાથે પ્રીત કર. કારણ કે તે પ્રીત અગણિત છે, તેમાં સુખની અવધિ છે, તે અપાર છે.

અહીં 'અગણિત' શબ્દ વાપર્યો તેનો એક અર્થ એ છે કે; પ્રભુ સંબંધી સુખ સાગર જેવું અપાર છે, તેનો પ્રવાહ અખંડ ચાલ્યા કરે છે, દિવ્ય સુખનો ક્ષણે ક્ષણે નવો નવો ભાવતરંગ જાગે છે. જે આ સુખસમુદ્રમાં ડૂબે છે, તે તેમાંથી બહાર નીકળી શકતા નથી. પરમાનંદ પ્રેમ સાગર મેં પર્યો સો લીન ભયો.

બીજો અર્થ એવો છે કે, આ પ્રેમમાર્ગમાં વિધિનિષેધને સ્થાન નથી. પ્રભુના પ્રેમીજનો લોક, વેદના વિધિનિષેધના નિયમોના બંધનમાં બંધાતા નથી. પ્રભુ પૂર્ણ સ્નેહી છે, અને તેથી પોતાના સ્નેહીજનને અધીન બનીને રહે છે. તેથી પ્રભુના સ્નેહમાં જ બધું સુખ છે. જ્યારે લૌકિક સ્નેહમાં ઘણાં વિઘ્નો છે, તેથી કહ્યું કે 'છાંડ તું ક્લેશ લેશ મન મેં ન આન કછૂ.'

હે જીવ, તું લેશમાત્ર ક્લેશ કરીશ નહીં. જેમની કૃપાથી સર્વ દેવલોકથી ઉપરનું પદ પ્રાપ્ત થયું છે, એ જ્યાં કેવળ અગણિત આનંદનો જ અનુભવ છે, એવા અલૌકિક પતિ સાથે સંબંધ થયા પછી, હવે કઈ વાતનો ક્લેશ હોય? જેમનું નામ શેષજી, શિવજી, બ્રહ્માજી વગેરે નિરંતર રટે છે, છતાં તેનો

પાર પામી શકતા નથી. એ બધા મર્યાદામાર્ગમાં મહાન ભક્તો કહેવાય છે, છતાં તેમને પુષ્ટિપ્રભુ સંબંધી રસદાનનો અધિકાર નથી. પુષ્ટિમાર્ગમાં શરણે આવેલા જીવ તો લીલાધામથી વિખુટા પડેલા છે, અને તેથી પુષ્ટિપ્રભુની રસરૂપ સેવાના અધિકારી છે. તેમનું ભૂતળમાં આવવું તેમની વિપ્રયોગ આર્તિ વધારવા માટે છે, કારણ કે વિપ્રયોગના અનુભવથી, મહારસ ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે.

પ્રભુનું અગણિત આનંદ સ્વરૂપ મહાસાગર જેવું છે. તેને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ કરવા માટે, પ્રભુ પોતાના જીવોને વિપ્રયોગનો અનુભવ કરાવે છે. વળી, કેટલાક ભક્તો પૃથ્વી પર દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે જન્મ્યા છે. એવા કૃપાપાત્ર ભગવદીયો, ભગવદ અવતાર તુલ્ય છે. તેથી પૃથ્વી પણ તેમના પ્રાકટ્યની અભિલાષા રાખે છે. કેટલાક દૈવી જીવો લીલામાં મહારસ રૂપી સૌભાગ્ય સુખનો અનુભવ કરવાથી અભિમાની બન્યા છે. તે રસ અનુભવમાં વિરોધી બાબત હોવાથી દોષરૂપ છે, કારણ કે અભિમાન થવાથી, બીજા કૃપાપાત્ર ભગવદીયો તરફ ઈર્ષા થાય. તેથી રસના અનુભવમાં હાનિ થાય. તેમનો આ અભિમાન દોષ દૂર કરવા તેમને ભૂતલમાં જન્મ લેવો પડયો છે. અહીં પૃથ્વી પર દૈહિક વિષયાનંદમાં ઘણો કલેશ પામવાથી, તેમને સાચી વાત સમજાઈ છે. પ્રભુ જેમને શિખામણ આપવા ભૂતળ પર મોકલે છે, તેવા જીવોને સંસાર વૈભવમાં કેમ ફસાવા દે ?

સ્નેહમાર્ગમાં જે દુઃખ છે, તે જ સાધક અને ફળદાયક છે. ભૂતળમાં રહેલ વિષયાનંદના સુખને નરક કહેવામાં આવ્યું છે. 'નરક' શબ્દમાં નર એટલે માણસ અને ક એટલે સુખ. મનુષ્યને દેહનું જે સુખ મળે તેનું નામ નરક. 'ન્યાસાદેશ' ગ્રંથમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે : 'સ્નેહીજનો માટે

પ્રભુના સ્વરૂપ વિના બધું પાપરૂપ છે.' શ્રી ભાગવતમાં મહાદેવજીનું વચન છે કે : 'નારાયણપરાયણ જે ભક્ત છે તેને સ્વર્ગ, મોક્ષ અને નરક એકસમાન છે. સ્વર્ગ અને મોક્ષના સુખની તુલના નરક સાથે કરવામાં આવે છે, તેથી શ્રીપ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરનારાઓ માટે, બીજા બધા સુખો નરક સમાન હોઈ, તુચ્છ અને ત્યાગ કરવા યોગ્ય છે. માટે ભક્તકવિ કહે છે કે તું ક્લેશ છોડી દે.

શ્રીપ્રભુના સ્વરૂપ વિના અન્યત્ર બધે ક્લેશ જ છે, તેથી ક્લેશરૂપ બધી સમજ છોડી દઈ, શ્રીગોકુલેશનું ભજન-સેવન કર.

અહીં પ્રશ્ન થાય કે આ ભજન કેવી રીતે કરવું ? કારણ કે ભજન તો અનેક જીવો કરે છે. છતાં સૌને એકસમાન ફળ મળતું નથી. પ્રભુએ અંગીકાર બધા જીવોનો કર્યો છે, પરંતુ જે અનન્ય પતિવ્રતભાવપૂર્વક ભજન કરે છે, તે જ શ્રેષ્ઠ છે, તેમને જ મહારસાત્મક સ્વતઃ સિદ્ધ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે.

પ્રભુનું આ સ્વરૂપ કેવું છે ? તેમનું ભજન-સેવન કેવી રીતે કરવું, તે આગળના કવિતમાં બતાવે છે.

કવિત-૧૦

નેહ તે નવલ ગોકુલેશ રસ ઢર આવે,
ભાવે જો એ નેહ એસો નેહ ઉર ધારિયે;
નિહેંતુક નિરૂપાધિ સાધનકો રૂપ આહિ,
દેહ ગેહ પ્રાણ ધન નેહ પર વારિયે. (૧)

રૂપ ગુણ ચાતુરી વિવેક ભાવ ભૂષણ એ,
દુષણ સમાન લગે નેહ પર જારિયે;
ગેહિ વિના ગેહ જૈસો પ્રાણ બિના દેહ તેસો,
નેહિ બિના નાતો કેસો હા તો કર ડારિયે. (૨)

ભાવાર્થ :

સ્નેહ અનેક પ્રકારના છે. એક મહાત્મ્ય જ્ઞાન સહિત, બીજો રસ સહિત અને ત્રીજો વાત્સલ્ય બાલભાવ સહિત. માતૃચરણ શ્રીદેવકીજીને પ્રભુ પ્રકટ થતાં પહેલાં, કાલના કાલ રૂપે દર્શન થયાં, જેથી પ્રભુ કાલના કાલ છે, એવો મહાત્મ્ય ભાવ થયો. પછી કંસનો ભય મનમાં પ્રકટ થયો. કંસ પ્રભુનું પ્રાગટય થયું જાણશે, ત્યારે કંઈક અમંગળ બનશે, એવા ભયથી દેવકીજીને પ્રભુ પ્રત્યે વાત્સલ્ય સ્નેહ પ્રકટ થયો. આથી તેમણે પ્રભુને વિનંતી કરી કે : 'આપ આપનું આ સ્વરૂપ છૂપાવી દો.' કંસના ભયથી શ્રી વસુદેવજી શ્રી ઠાકોરજીને મથુરાથી ગોકુળ પધરાવી લઈ ગયા. આ વાત્સલ્ય સ્નેહને કારણે થયું.

હવે વ્રજભકતો સ્નેહનું વર્ણન કરે છે. જયારે પ્રભુએ શ્રીગોવર્ધન ધારણ કર્યો, ત્યારે વ્રજભકતોએ પ્રભુનું મહાત્મ્ય જોયું, છતાં તેમના મનમાં મહાત્મ્યનો વિચાર ન આવ્યો; પરંતુ ગિરિરાજ ધારણ કરવાથી પ્રભુને શ્રમ થયો છે, તે જાણીને વ્રજભકતોએ પ્રભુના લલાટમાં દહીંનું તિલક કર્યું, તેમના શ્રીહસ્ત દબાવ્યા, રાઈલોણ ઉતાર્યું. એમ શ્રમ નિવારણ માટે અનેક ઉપચાર કર્યા, કારણ કે, વ્રજભકતોને પ્રભુ સૌથી અધિક પ્રિય છે. પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય છે. આવો રસભાવ સહિતનો માધુર્ય સ્નેહ વ્રજભકતોનો હતો. તેથી અહીં તે સ્નેહ માટે 'નવલ' શબ્દ વાપરવામાં આવ્યો છે.

'નવલ' એટલે સદા કિશોર વય. નવયૌવન જે રસરૂપ છે. આવા સૌંદર્ય, લાવણ્ય અને માધુર્ય શ્રી સઘન પ્રભુ મારા પતિ-પ્રિયતમ છે તેવો રસ સ્નેહભાવ વ્રજભકતોની જેમ આપણે હૃદયમાં ધારણ કરવો. રસ સહિત સ્નેહની અખંડ ધારા આપણા પ્રિય પ્રભુના સ્વરૂપી સાગરમાં, હંમેશ માટે મળેલી રહે.

સ્નેહની ધારા કદી ખંડિત ન થાય. તેથી 'ઢર આવે' એવો શબ્દપ્રયોગ કર્યો.

આ સ્નેહ કેવો હોવો જોઈએ, તેનું નિરૂપણ કરતાં ભકતકવિ કહે છે કે : 'નિર્હેતુક નિરૂપાધિ સાધન કો રૂપ આદિ.' નિર્હેતુક એટલે જે સ્નેહમાં આપણા સ્વાર્થનો કોઈપણ હેતુ ન હોય, પ્રભુના સુખની ભાવના જ, જેમાં નિરંતર રહેલી હોય, તેને નિર્હેતુક સ્નેહ કહે છે. આવા સ્નેહનું વર્ણન શ્રી ગોવિંદસ્વામીએ નીચેના પદમાં કર્યું છે:

'પ્રીતમ પ્રીત હિ તે પૈયે,
સત કુલ જન્મ કર્મ શુભ લચ્છન વેદ પુરાન પઢૈયે;
યદ્યપિ રૂપ ગુન શીલ સુઘરતા ઈન બાતેં ન રિઝૈયે,
'ગોવિંદ' બિના સ્નેહ સુવાલોં રસના કહાં નચૈયે.'

રસખાનજી પણ પ્રેમવાટિકામાં નિર્હેતુક સ્નેહનું સ્વરૂપ નીચે પ્રમાણે સમજાવે છે :

બિન ગુન જોબન રૂપ ધન બિનુ સ્વારથ હિત જાનિ,
શુદ્ધ કામના તે રહિત પ્રેમ સકલ રસખાનિ.

એક અંગી બિનુ કાર નહીં એક રસ સદા સમાન,
ગીને પ્રિય હિ સર્વસ્વ જો સોઈ પ્રેમ પ્રમાન.

ડરે સદા ચાહે ન કછુ સહે સબે જો હોય,
રહે એક રસ ચાહિકે પ્રેમ બનાનો સોય.

રસમય સ્વાભાવિક બિના સ્વારથ અચલ મહાન,
સદા એક રસ શુદ્ધ સોઈ પ્રેમ કહે રસખાન.

ઉપર કહ્યા પ્રમાણે, જેમાં આપણો જરાસરખો પણ સ્વાર્થ નથી અને પ્રિયતમના સુખમાં જ સુખ છે, તથા દુઃખમાં દુઃખ છે, એવો સર્વાત્મભાવવાળો સ્નેહ પ્રભુમાં અખંડ રહે તો તેને નિર્હેતુક સ્નેહ કહે છે પ્રિયતમના સુખે સુખી અને દુઃખે

દુઃખી એવા સ્નેહનું લક્ષણ શ્રીહરિરાયજી એક પદમાં બતાવે છે.

'લગન ઈન નયન કી બાંકી,
દેખે હિ દુઃખ બિન દેખે હિ દુઃખ, પીર હોત દુહુધાકી.
ટારિ ન ટરત જાય બિન દેખે જાહી ફૂલત હૈ સાકી,
રસિકરાય પ્રીતમ મન અટકયો કહું લગત નહીં ટાંકી.'

નિર્હેતુક સ્નેહની અનોખી વિલક્ષણ રીત આમાં બતાવી છે. પ્રભુના સ્વરૂપનું દર્શન થાય, ત્યારે પણ દુઃખ રહે છે અને ન થાય ત્યારે પણ દુઃખ રહે છે. અર્થાત્, પ્રભુના સંગમમાં પણ દુઃખ છે અને વિયોગમાં પણ દુઃખ છે, એવો આ વિલક્ષણ સ્નેહ છે. અહીં કોઈ શંકા કરે કે, પ્રભુના સંયોગમાં દુઃખ કેવું ? કારણ કે પ્રભુનો સંયોગ તો મહા સુખદાયક છે, પ્રભુના સ્વરૂપમાં સુખનો મહાસાગર ભરેલો રહે છે. તેના જવાબમાં કહે છે કે, આ દિવ્ય પ્રેમમાર્ગની રીત ઘણી વિલક્ષણ છે. અહીં પ્રભુ પોતાના ઈશ્વરપણાનું ઐશ્વર્ય-મહાત્મ્ય છોડીને પોતાના નિર્હેતુક સ્નેહીજનના સ્નેહપાશમાં બંધાય છે, અને તેને વશ થઈને રહે છે. અર્થાત્, ભગવાન અને ભક્ત બંનેમાં અરસપરસ માટે નિર્હેતુક સ્નેહ છે. તેથી જ્યારે પ્રભુનો સંયોગ થાય છે, ત્યારે સ્નેહી ભક્ત એવું વિચારે છે કે, પ્રભુને હવે મારા સંયોગમાં સુખ છે, પરંતુ જ્યારે પ્રભુને મારો વિયોગ થશે, ત્યારે અત્યંત દુઃખ થશે, કારણ કે મારા સ્નેહમાં પ્રભુનું મન બંધાયું છે. આમ, પ્રભુના સંયોગ સમયે પણ સ્નેહીજન પ્રભુના દુઃખની સમભાવના કરીને દુઃખ પામે છે. શ્રી હરિરાયજીએ 'શ્રીકૃષ્ણશરણાષ્ટક' સ્તોત્રમાં શ્રીસ્વામિનીજીના વિયોગમાં પ્રભુની કેવી સ્થિતિ થાય છે તેનું સુંદર વર્ણન કર્યું છે.

હવે વિયોગમાં દુઃખ કેવી રીતે થાય છે તે બતાવે છે. સ્નેહી ભક્ત પ્રભુના વિયોગ સમયે એવો વિચાર કરે છે કે

મારા વિયોગમાં અતિ સુકુમાર, અતિ કોમળ હૃદયવાળા પ્રભુને કેટલું દુઃખ થતું હશે ? આમ, પોતાના પ્રાણપ્રિય પ્રભુના દુઃખથી, સ્નેહી ભક્ત અસહ્ય દુઃખ પામે છે. બાહ્ય દૃષ્ટિથી તો એમ જ જણાય કે, આ સ્નેહી ભક્ત પ્રભુના વિયોગમાં દુઃખી છે, તેથી પ્રભુનો સંયોગ ચાહે છેઃ પરંતુ નિર્હેતુક સ્નેહી પોતાના પ્રિય પ્રભુના સુખમાં જ, પોતાનું સુખ માનનાર હોય છે, તેથી મારો મિલાપ પ્રભુને થાય તો પ્રભુને સુખ થાય એવી ભાવનાથી, તે પ્રભુના સંગમની ઈચ્છા કરે છે. જેમ આ સ્નેહી પ્રભુના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, તેમ પ્રભુ પણ પોતાના સ્નેહી ભક્તના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, કારણ કે, પ્રભુને પણ પોતાના ભક્ત તરફ નિર્હેતુક સ્નેહ છે. આમ, પ્રિય પ્રભુનો આત્મા નિર્હેતુક સ્નેહી ભક્ત છે, જ્યારે સ્નેહી ભક્તનો આત્મા પ્રભુ છે. આમ બંને અરસપરસ સુખે સુખી અને દુઃખે દુઃખી રહે છે. આ દિવ્ય પ્રેમમાર્ગના સંબંધની વિલક્ષણ ગતિ છે, જે સ્નેહી જ જાણી શકે છે.

આવો નિર્હેતુક સ્નેહ જ્યારે પ્રભુમાં થાય છે ત્યારે પ્રભુ જ આપણા આત્મારૂપ બની જાય છે. પ્રભુ આત્મારૂપ બનતાં પ્રભુના સુખમાં આપણે સુખી અને દુઃખમાં આપણે દુઃખી, એવો ભાવ જાગે છે. જેમ જીવ, પોતાના શરીરને જ આત્મા માને છે અને તેથી તેના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખનો અનુભવ કરે છે, તેમ પ્રભુમાં નિર્હેતુક સ્નેહ થતાં પ્રભુના આત્મારૂપ બને છે. અહીં એવો પ્રશ્ન થાય કે, પ્રભુમાં આવો સર્વાત્મભાવ કેવી રીતે થાય ? અથવા પ્રભુ જ આપણા આત્મારૂપ કેવી રીતે થાય ?

આ પ્રશ્નના જવાબમાં કહે છે કે, 'દેહ ગેહ પ્રાણ ધન નેહ પર વારિયે', આપણને આપણા દેહમાં, અહંતા-મમતા ન રહે અથવા આપણે એવું માનીએ કે, આ દેહ મારો નથી પણ પ્રભુ માટે જ છે, પ્રભુની સેવા માટે છે. આવી નિરંતર ભાવના

રાખવાથી, દેહમાં રહેલી અહંતા મમતા નીકળી જાય છે અને દેહ પ્રભુની સેવામાં અર્પણ થાય છે. સંસારી લોકોને ઘરમાં મમતા રહે છે, પરંતુ આપણે જ્યારે એવું સમજીએ કે, આ ઘર મારૂં નથી, બ્રહ્મસંબંધ સમયે મેં પ્રભુને સમર્પણ કર્યું છે, તેથી ઘરના સ્વામી પ્રભુ છે. આવી સતત ભાવના રહેતાં ઘરમાંથી આપણી મમતા નીકળી જાય છે. સ્નેહ સ્વરૂપ પ્રભુમાં આપણા પ્રાણોનું સમર્પણ કરવું જોઇએ.

અહીં ફરી પ્રશ્ન થાય કે, પ્રાણ કોને કહેવાય ? અને પ્રાણનું સમર્પણ કેવી રીતે થાય ? ત્યાં કહે છે કે, આપણી ઈંદ્રિયો જેવી કે આંખો, કાન, જીભ, વાણી, ચામડી, મન ભૌતિક વિષયોને ગ્રહણ કરે છે. આ ભૌતિક વિષયો ઇંદ્રિય અને મનના પ્રાણરૂપ છે, તેથી તેઓ તેમનું પોષણ કરે છે, જેમ કે નેત્ર ભૌતિક વિષયોને ગ્રહણ કરે છે, જીવ ખાનપાન દ્વારા વિષયોને ગ્રહણ કરે છે. આમ, બધી ઇંદ્રિયો ભૌતિક વિષયોના પ્રાણરૂપ છે. તેઓ ભૌતિક દેહનું પોષણ કરે છે. આ બધી ઇંદ્રિયોને ભૌતિક વિષયોમાંથી છોડાવીને, તેમને પ્રભુમાં લગાડવી તેનું નામ પ્રાણનું સમર્પણ. જ્યારે આપણી બધી ઇંદ્રિયોના વિષયો પ્રભુ સંબંધી બને, ત્યારે પ્રભુ પોતે આપણા પ્રાણરૂપ અથવા આત્મારૂપ બને છે. તેને સર્વાત્મભાવ કહેવાય છે આમ, પ્રભુ આપણા આત્મારૂપ બનતાં નિર્હેતુક સ્નેહ પ્રકટ થાય છે. તેથી સ્નેહી ભક્તે પોતાની બધી ઇંદ્રિયો પ્રાણપ્રેષ્ઠ સાથે જોડવી જોઈએ.

આપણને એવો પણ પ્રશ્ન થાય કે, આલોક પરલોક કેવી રીતે સિદ્ધ થાય ? તો તેના જવાબમાં કહેવાનું કે આપણા સ્વાર્થ માટે કે' આપણા સુખ માટે, મનમાં લોભ ન રાખવો, પ્રભુના સુખમાં જ આપણો સ્વાર્થ માનવો. આમ કરવાથી પ્રાર્થના કર્યા વિના જ, પ્રભુ સંબંધી બધું દિવ્ય સુખ આવી મળે છે. જગતમાં કોઈ માણસ, પોતાના સ્વાર્થ માટે, રાજાને

મળવા જાય ત્યારે રાજાના મહેલમાં અનેક પ્રકારની રચના વૈભવ અને રાગરંગ જુએ. તે વખતે ત્યાં રાજાના કોઈ સંબંધી પણ મહેલ જોવા આવ્યા હોય, તે સમયે જેના ઉપર રાજાની કૃપા હોય, તેને રાજા આગ્રહપૂર્વક હાથ પકડીને, પોતાનો બધો વૈભવ બતાવે, તેવી સહજ લૌકિકની રીત છે. જો લૌકિકમાં આવી રીત હોય તો, પ્રભુ તો, અનંત બ્રહ્માંડના રાજાધીરાજ છે અને સ્નેહનું પરિપૂર્ણ સ્વરૂપ છે, તેથી પોતાના સ્નેહી ભકતના સ્નેહને જાણે છે, માટે ભકતે આલોક કે પરલોકના કોઈપણ સુખ કે સ્વાર્થનો મનમાં લોભ રાખવો નહીં, કેવળ પ્રિયતમ પ્રભુમાં નિર્હેતુક સ્નેહ રાખવો. આમ, નિર્હેતુક સ્નેહ પ્રભુની પ્રાપ્તિનાં બધાં સાધનોમાં શ્રેષ્ઠ છે, તે મૂળ સાધન છે.

સાચો સ્નેહી ભકત પોતાનું સર્વસ્વ પ્રિયતમ પ્રભુ માટે ન્યોછાવર કરીને, પણ પ્રભુને જણાવતો નથી કે, મેં આપને મારૂં સર્વસ્વ ન્યોછાવર કર્યું છે. આવો પ્રભુ પ્રત્યેનો ઉત્કટ સ્નેહ વાણીથી વર્ણવી શકાય તેવો નથી

અહીં બીજો પ્રશ્ન થાય છે કે, આપણે આપણું સર્વસ્વ પ્રભુને ન્યોછાવર કરી દઈએ અને છતાં પ્રભુ તે જાણે જ નહીં, એ વાત કેવી રીતે બને ? ત્યાં કહે છે કે, પ્રભુ સર્વજ્ઞ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનારા છે. આવા પ્રભુથી કોઈ વાત ગુપ્ત રહી શકે નહીં; પરંતુ આ સ્નેહનો માર્ગ છે. સ્નેહના માર્ગમાં પ્રભુની સર્વજ્ઞતા રૂપી ઐશ્વર્ય ધર્મ બાધક બને છે, કારણ કે, સ્નેહના વિલાસમાં સમાનતા જોઇએ. પ્રભુમાં પોતાના ઈશ્વરપણાનું ઐશ્વર્ય છે, ત્યાં સુધી પ્રભુ સાથે સ્નેહ થઈ શકતો નથી. તેથી પ્રભુ પોતાનું ઐશ્વર્ય શ્રીયમુનાજીને સુપ્રત કરીને પોતાના સ્નેહી ભકતના, સમાન ધર્મવાળા બની ગયા, એટલું જ નહીં પણ પ્રભુ સ્નેહી ભકતને, આધીન બનીને રહેવા લાગ્યા. દિવ્ય સ્નેહસુધાનો આસ્વાદ શ્રીસ્વામિનીઓને આધીન બન્યા વિના,

પ્રાપ્ત થતો નથી એવું જાણીને, પ્રભુએ પોતાની ઠકુરાઈ શ્રીયમુનાજીને આપી દીધી અને આપ ભક્તજનોના દાસ બની ગયા. તેનું પ્રમાણ પોઢવાનાં પદોમાં પ્રાપ્ત થાય છે, જેમકે :

'ચાંપત ચરણ મોહનલાલ,
પલકા પોઢી કુંવરી રાધિકા સુંદરી નવબાલ.

બીજું પણ એવું જ પદ છે :

'પિય પ્યારો રાધાજુ કી કરત ખવાસી,
સૂરજમુખી સંગ લિયે ડોલત રાધા નામ ઉપાસી.'

પ્રભુ પોતાના ભક્તની ન્યોછાવરીને જાણતા નથી એવો પ્રસંગ દાનલીલામાં છે. એક વખત શ્રીચંદ્રાવલિજી પોતાના જૂથનાં સખીઓની સાથે ગોરસ વેચવા જઈ રહ્યાં હતાં, ત્યારે પ્રભુએ તેમને માર્ગમાં રોકીને કહ્યું : અમારૂં દાન આપીને જાવ.' દાનના મિષથી રસાવિષ્ટ થયેલા પ્રભુએ, શ્રીચંદ્રાવલિજી સાથે વિલાસ કર્યો. ત્યારે શ્રીચંદ્રાવલિજી કૃત્રિમ ભય બતાવીને કહેવા લાગ્યાં : આપે મારાં વસ્ત્રો ફાડી નાખ્યાં છે. હું ઘેર જઈને વડીલોને શું કહીશ ?' ત્યારે પ્રભુએ કહ્યું : નંદકુંવરે આવું કર્યું છે એમ કહેજો.' ત્યારે શ્રીચંદ્રાવલિજીએ જવાબ આપ્યો કે : હે પ્રભુ ! મારા પ્રાણ ચાલ્યા જાય તો પણ હું તમારૂં નામ બતાવીશ નહીં. કોઈ આપને માટે ગમે તેવાં વચનો કહે અને આપની નિંદા કરે તો મારાથી કેમ સહન થાય ! મને વડીલોનો જરાય ડર નથી' આમ પોતાના નિર્હેતુક સ્નેહને કારણે ગોરસ વેચવાના મિષથી પોતાના પ્રિયતમ પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા શ્રીચંદ્રાવલિજી પધાર્યાં હતાં. તેમણે પોતાનો આવો ભાવ હૃદયમાં છુપાવીને રાખ્યો હતો, પરંતુ સ્નેહમાર્ગ પર ચાલનારાં ભકતોને, પ્રભુના તત્સુખનું જ્ઞાન કરાવવા માટે તેમનો ભાવ તેમણે વચનો દ્વારા પ્રકટ કર્યો છે.

બાકી, આવો નિર્હેતુક સ્નેહ વાણીમાં પ્રકટ થાય નહીં. શ્રીચંદ્રાવલિજીના આવાં સ્નેહયુક્ત વચનો સાંભળીને, પ્રભુ પણ કંઈ કહી શકયા નહીં, કારણ કે, શ્રીચંદ્રાવલિજીનું મન પ્રભુના સુખની અને સ્નેહની ધારામાં ડૂબી ગયું હતું. જ્યાં મન જ ડૂબી જાય, ત્યાં વાણી કેવી રીતે પ્રકટ થાય? કારણ કે મન પહેલાં સંકલ્પ કરે છે, પછી વાણી પ્રકટ થાય છે. તેથી મનની સાથે વાણી પણ તત્સુખના સ્નેહમાં ડૂબી ગઈ હતી. આવો સ્નેહનો પાર જ્યારે પ્રભુ પણ પામી શકતા નથી, ત્યારે જીવ તો તેને શું સમજે?

શ્રીચંદ્રાવલિજીનાં વચનો સાંભળી પ્રભુ મૌન રહ્યા, કારણ કે પોતાના સ્નેહી ભકતોનો આવો મહાન દિવ્ય પ્રેમ બહાર પ્રકાશ કરવા યોગ્ય નથી. પ્રભુએ મૌન રહીને એમ બતાવ્યું કે, પોતાના પ્રિયતમ પ્રત્યે જે સ્નેહ હોય, તેને હંમેશા હૃદયમાં ગુપ્ત રાખવો, કારણ કે, દિવ્ય પ્રેમ મહાન નિધિ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, આવો તત્સુખી સ્નેહ ઘણો દુર્લભ છે, કારણ કે જીવમાંથી સ્વાર્થ છૂટવો કઠણ છે. તેથી આવો સ્નેહ કેવીરીતે પ્રાપ્ત થાય? ત્યાં કહે છે કે, નિર્હેતુક સ્નેહી ભકતો હોય, તેમનાં દર્શનની અભિલાષા રાખવી, તેમની પ્રાપ્તિ થતાં તેમની સેવા કરવી આવા સ્નેહી ભકતોના ચરણરજની હંમેશા અભિલાષા કરવી, સાથે સાથે દીનતા અને નિઃસાધનતાપૂર્વક આપણા જીવનને ધિકકારતાં રહેવું કે અરે, મારામાં આવો સ્નેહ નથી, મારૂં જીવન પ્રભુના સુખ માટે નથી. જ્યારે આવો પરિતાપ હંમેશ માટે બન્યો રહે, ત્યારે હૃદય શુદ્ધ બને. હૃદય શુદ્ધ બનતાં આવા સ્નેહી ભક્તનાં દર્શન થાય, પછી તેમની પાસે રહી, તેમની સેવા કરતા રહેવું, તેમનાં જીવનને નિરખતા રહેવું તેમ કરવાથી નિર્હેતુક સ્નેહના અનેક ભાવ જાણવામાં આવે છે. આમ થતાં, આવો સ્નેહ પ્રાપ્ત કરવાની

ઉત્કટ અભિલાષા પ્રકટ થાય છે. તેથી જ કહ્યુ છે કે, આવા ઉત્તમ ભગવદીયોનો સંગ મોટા ભાગ્યથી જ મળે છે; કારણુ કે, સંગનો રંગ લાગ્યા વિના રહેતો નથી. આવા નિર્હેતુક સ્નેહ વિના રૂપ, ગુણ, ચાતુરી–બધું વ્યર્થ છે. પ્રિયતમ પ્રભુના સુખે સુખી રહ્યા વિના રૂપ, ગુણ અને ચાતુરીથી, અનેક પ્રકારના હાવભાવ કરવાથી, વિષયી જીવ રીઝે છે, પરંતુ પ્રભુ રીઝતા નથી. કારણુ કે, પ્રભુ કેવળ શુદ્ધ સ્નેહને જ શોધે છે. જ્યાં આવો સ્નેહ છે, ત્યાં જ માધુર્ય છે, ત્યાં જ સર્વ પદાર્થ છે. આવા સ્નેહી ભક્તને કોઈપણ પ્રકારનો પ્રતિબંધ આવતો નથી, કારણ કે, પ્રિયતમ પ્રભુ પોતે આવા સ્નેહી ભક્તને વશ થયા હોય છે, ત્યારે બીજું કોણ પ્રતિબંધ કરી શકે?

જ્યાં રાજા હોય ત્યાં મોટા મોટા લોકો પણુ, તેમની પાસે રહે છે. તેઓ પોતાની ચતુરાઈથી રાજાને રીઝવે છે, પરંતુ તેમાં છળ હોય છે, કારણુ કે ચતુર લોકો પોતાનો સ્વાર્થ રાજા દ્વારા સિદ્ધ કરવા ઈચ્છે છે. જે ચતુરાઈમાં સ્વાર્થ હોય તે પાપરૂપ છે, જ્યાં સ્વાર્થ છે ત્યાં સ્નેહ રહેતો નથી. એટલે રૂપ, ગુણુ, ચતુરાઈ સ્નેહ વિના દુષણરૂપ છે. માટે તેમને હૃદયમાંથી બહાર ફેંકી દેવાં જોઈએ. જગતમાં પણ એવું જોવા મળે છે કે, સ્વાર્થી લોકોનો કોઈ વિશ્વાસ કરતું નથી. તેઓ જ્યાં જાય ત્યાં, તેમને કોઈ સન્માન આપતું નથી. જ્યારે મનુષ્યોને પણુ સ્વાર્થી મનુષ્ય ગમતો નથી, ત્યારે પ્રભુ તો મહા અલૌકિક સુખના સમુદ્રરૂપ ચતુરશિરોમણિ છે, તેમને સ્વાર્થી જીવ કેવી રીતે ગમે? તેથી સ્નેહ વિનાના રૂપ, ગુણ અને ચતુરાઈના અભિમાનને હૃદયમાંથી દૂર કરવાં, તો જ હૃદયરૂપ ઘરમાં, તેના સ્વામી પ્રભુ આવીને બિરાજશે.

જ્યારે ઘરમાં ઘરનો માલિક જ ન રહેતો હોય, ત્યારે તેવા સુના ઘરમાં ભૂતપ્રેતનો વાસ થઈ જાય, પરિણામે તે ઘર

બિહામણું લાગે તે ઘરમાં કોઈ જાય નહીં. આપણા હૃદયરૂપી ઘરમાં પ્રભુ જો ન બિરાજે તો આ દેહનું શું કામ? માટે જે જે પદાર્થોમાં પ્રભુ પ્રત્યે સ્નેહ નથી, તે બધાને દૂર કરવા. આમ થતાં જ પ્રભુ હૃદયમાં બિરાજશે. માટે પ્રાણવલ્લભ મહારસરૂપ સ્નેહના સમુદ્ર અને કોટિ–કંદર્પલાવણ્ય પ્રભુ સાથે જ એકમાત્ર સંબંધ રાખવો અને તેમને જ સ્નેહ કરવો.

હવે પ્રભુના વિયોગ સમયમાં સ્નેહી ભકતે કેવી રીતે રહેવું? કારણ કે વિયોગમાં સ્નેહી ભકતનું મન સ્વસ્થ હોતું નથી, પ્રભુના મિલનની ચિંતા રહે છે. આવી ચિંતા દૂર કરવા માટે આગળના કવિતમાં માર્ગ બતાવે છે.

કવિત – ૧૧

સત્ય સંકલ્પ અન્યથા ન કરે પ્રભુ,
સ્વકીય ઉપદેશ કહે વચન જો એ નિત્ય હૈ.
લૌકિક અલૌકિક ઔર કછુ કાહુ ભાંતિ,
ચિંતા મતી કરે એસે કહ્યો તામેં હિત હૈ. (૧)

એસે જાન બુઝ અનુભવ કર આપ મન,
આપ તુ કરત ચિંતા તોકુ અનુચિત હૈ.
હોત હૈ અવજ્ઞા આજ્ઞા ઉલંઘન કિયે;
સિદ્ધ ફલ ખોયે એકો ફલકી ન આશ હૈ, (૨)

ભાવાર્થ :

પ્રભુ સત્ય સંકલ્પ છે. બ્રહ્મસંબંધ વખતે તેમણે આપણો હાથ પકડયો છે. તેથી પ્રભુ પતિભાવથી આપણને વરેલા છે. પ્રભુનો આ સત્ય સંકલ્પ છે, તેથી પ્રભુ આપણને છોડશે નહીં અને અન્યથા કશું કરશે નહીં. પ્રભુની આ પ્રતિજ્ઞા ત્રણેય કાળમાં સત્ય છે.

જીવમાં આવું સામર્થ્ય નથી. જીવ કાળ અને માયાના

ગુણોને આધીન છે. તેથી જીવની પ્રતિજ્ઞા સત્ય બનતી નથી. જીવ **રાજસ**, તામસ અને સાત્વિક ભાવથી ચાલતા પ્રવાહમાં વહ્યા **કરે છે**, તેથી તેની પ્રતિજ્ઞા સ્થિર નથી.

પ્રભુ કાલ અને માયાના નિયામક તથા **સ્વામી છે**. **પરિણામે** કાલ અને માયા **પ્રભુને** આધીન નોકર સમાન છે. **માટે પ્રભુની પ્રતિજ્ઞા ત્રણેય** કાળમાં **અવિચલ રહે છે**. તેથી **આપણે** ચિંતા કરવાની જરૂર નથી. આવો **ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ શ્રીમુખથી** 'નવરત્ન' ગ્રંથમાં આપ્યો છે.

આપણને બે પ્રકારની ચિંતાઓ સતાવે છે. એક લૌકિક **અને બીજી અલૌકિક**. આપણે સંસારના **પ્રપંચમાં રહેલા છીએ**, તેથી **સ્ત્રી**–પુત્રાદિકના નિર્વાહ માટે, ધન કમાવાની ચિંતા રહે છે. **મારો પરલોક** કેમ સુધરે, **પરલોકમાં સુખ કેમ મળે** તેની અલૌકિક ચિંતા આપણને રહે છે. સ્વર્ગલોક, **બ્રહ્મલોક** અને **મોક્ષ** એ પરલોક છે. તેમાં સ્વર્ગલોક અને **બ્રહ્મલોકનું** સુખ અનિત્ય **છે. મોક્ષમાં જીવના** જન્મ મરણનું દુ:ખ નિવૃત્ત થાય છે. તેનાથી આગળ **બ્રહ્માનંદનું** સુખ છે, જે ગણિતાનંદ છે. **જીવ અજ્ઞાનતાને** કારણે આવાં બધાં સુખોની ઈચ્છા કરે છે.

પરંતુ પુષ્ટિજીવને પુષ્ટિપ્રભુએ પોતાનો કર્યો છે, તેથી **પુષ્ટિપ્રભુ** પુષ્ટિજીવને આવાં અનિત્ય સુખ આપતા નથી. પ્રભુ તેને **જે** સુખ આપે છે, તે પોતાનો ગણીને આપે છે, તેથી **જીવે** ચિંતા કરવાનું કોઈ કારણ નથી, પરંતુ **જીવનો** સ્વભાવ એવો છે કે, પોતાના સ્વાર્થ માટે **જીવ** ચિંતા કર્યા વિના રહી **શકતો** નથી. **જીવ** પોતાની અજ્ઞાનતાને કારણે, **જે** સુખ ઇચ્છે છે તે સુખ **જો** પ્રભુ તેને આપે, તો તેનો બગાડ થાય. **જીવ** ભૂત, **ભવિષ્ય કે** વર્તમાનને **જાણતો** નથી. તેને ખબર નથી કે, આ **કાર્ય** કરવાથી મને નર્ક પ્રાપ્ત થશે. **લોભને** લઇને જીવ અંધ **બન્યો છે, તેથી પોતાનું** હિત અને અહિત **જાણતો** નથી.

જેમ બાળક સાપને રમકડું સમજીને તેને પકડવા જાય, ત્યારે તેનાં માતા પિતા પકડવા દેતાં નથી. તેથી બાળક અજ્ઞાનતાને કારણે રડે છે. તેમ, સંસારનાં બધાં સુખ નાશવંત છે. તે ન જાણવાને કારણે, જીવ તે સુખોની પાછળ દોડે છે, ત્યારે પ્રભુ તે સુખોને હરી લે છે અને સંસારમાં જીવને માટે દુઃખ ઉત્પન્ન કરી, પોતાનામાં લગાવે છે. આમ, પ્રભુ દૈવી જીવોના પરમ હિતકારી છે.

રાજા ઘોડેસ્વાર બની લડાઈ જીતીને પાછો આવે છે, ત્યારે ઘોડાને ચારેય તરફથી કસીને બાંધે છે. તેને પાણીની તરસ લાગી હોય છતાં પાણી પીવા દેતો નથી, કારણ કે થાકેલો ઘોડો પાણી પીએ તો, ઘોડો તરત મૃત્યુ પામે છે. આ વખતે ઘોડાના મનમાં એમ થાય કે, મારી પીઠ પર રાજાએ સવારી કરી, લડાઈ જીતી છે, છતાં તે મને દુઃખ આપે છે; પરંતુ વાસ્તવમાં ઘોડો રાજાને પ્રાણથી પણ પ્યારો છે. તેથી ઘોડાના પ્રાણ બચાવવા તેને પાણી આપતો નથી. આ વાત ઘોડો સમજતો નથી.

આવી જ રીતે, દૈવી જીવને પ્રભુએ પોતાના ગણ્યા છે, તેથી જેમાં દૈવી જીવનું હિત હોય તે જ પ્રભુ કરે છે. પ્રભુ જીવને લાખ રૂપિયાનો હીરો આપવા ઈચ્છે, પણ જીવ પોતાની અજ્ઞાનતાથી તેને બદલે કાચની કણી માગે છે.

મથુરામાં પ્રભુ કુબજાના ઘેર પધાર્યા, ત્યારે કુબજાએ પ્રભુ પાસે વિષયાનંદનું સુખ માગ્યું. આ પ્રસંગનાં સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે કે : 'કુબજા દુર્ભાગી છે. મોક્ષનું સુખ અથવા તેનાથી પણ અધિક સુખ આપનારા પ્રભુ પાસે, તેણે વિષયાનંદનું અલ્પ સુખ માગ્યું.' માટે જીવે પ્રભુ પાસે કંઈપણ માંગવું નહીં. પ્રભુ જેવી રીતે પ્રસન્ન રહે તેમ જીવે કરવું.

પ્રભુ જીવને દંડ આપે છે, કારણ કે દંડ ન આપે તો જીવ પોતાનો અનર્થ કરી બેસે છે. પ્રભુએ જીવને પોતાનો ગણ્યો છે. તેથી પ્રભુ તેના હિતની ચિંતા કરે છે. આ વાત શ્રીહરિરાયજીએ વિસ્તારપૂર્વક છઠ્ઠા શિક્ષાપત્રમાં સમજાવી છે. પ્રભુ તો મહા દયાળુ છે જીવ જગતમાં જીવે છે ત્યાં સુધી, પ્રભુ તેનો લૌકિક નિર્વાહ કરે છે અને ત્યારબાદ પરલોકમાં પોતાના ચરણારવિંદની પ્રાપ્તિ કરાવે છે આ બધું જીવ પોતાનાં સાધનોથી કરી શકતો નથી. પ્રભુ પોતાના પ્રમેય બળથી જ જીવને પોતાના લીલાધામની પ્રાપ્તિ કરાવી; સાક્ષાત્ સેવાના સુખનું દાન કરે છે અને સંસારનાં સુખદુઃખ અને લેણદેણના ઋણાનુબંધને છોડાવે છે. માટે જીવે મનમાં એમજ વિચારવું કે, જેમાં મારૂં હિત હશે તે જ પ્રભુ કરશે. માટે દુઃખમાં ધીરજ રાખી, ચિંતા છોડવી. વ્યર્થ ચિંતા કરવાથી સેવા સ્મરણમાં પ્રતિબંધ થાય છે અને પ્રભુનું સ્વરૂપ હૃદયારૂઢ થતું નથી.

ભકતકવિ ગોપાલદાસભાઈ પ્રશ્ન કરે છે કે : 'હે જીવ, તુ જાણીબૂઝીને સાક્ષાત્ પ્રભુની કૃપાનો અનુભવ કરવા છતાં ચિંતા કેમ કરે છે?' જેને પ્રભુની કૃપાશકિત સમજાઈ છે, તેણે ચિંતા કરવી ઉચિત નથી. બીજા પાસેથી કોઈ વાત સાંભળવી અને જાતે અનુભવવી એ બેમાં મોટો તફાવત છે. શાસ્ત્રો દ્વારા સાંભળવાથી પણ તેમાં સમજણ ન પડે એવું બને. કારણ કે અનેક આચાર્યોએ અને ઋષિઓએ પોતપોતાના મત અનુસાર ઉપદેશ આપ્યો છે. તેથી મન તેમાં ભ્રમિત થઈ જાય. જીવની બુદ્ધિ અલ્પ હોવાથી, શાસ્ત્રોમાંથી પોતાના હિતનું શું છે, તેનો તે નિર્ણય કરી શકતો નથી, તેથી જીવને ચિંતા થાય છે. કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય અને માયાવાદી ગ્રંથો વાંચવાથી પણ વિમુખતા આવે છે. આ સંજોગોમાં શ્રીપ્રભુએ આપણો હાથ પકડ્યો છે, અને સાક્ષાત્ શ્રીમુખથી વચનામૃત

કહ્યાં છે, જે આપણે સાંભળતા આવ્યા છીએ. તે સાંભળ્યા પછી આપણે શા માટે ચિંતા કરવી જોઈએ. ?

ચિંતા કરવાથી પ્રભુની આજ્ઞાનું આપણે ઉલ્લંઘન કરીને પ્રભુનો અપરાધ કરીએ છીએ. શાસ્ત્રોની આજ્ઞાનું ઉલ્લઘંન એ પણ મોટો અપરાધ છે. ત્યારે શાસ્ત્રોના નિયામક સાક્ષાત પ્રભુના વચનામૃત શાસ્ત્રોથી પણ સર્વોપરી છે. એવા પ્રભુના વચનોનું ઉલ્લંઘન કરવાથી મહા ફળ ગુમાવીએ છીએ. એક વખત મહા ફળ ગુમાવવાથી, બીજું એક પણ ફળ મળતું નથી. પરિણામે જન્મમરણના ફેરામાં અથડાઈએ છીએ. પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પ્રભુનો આશ્રય છૂટી જાય છે. પછી બીજા દેવતા કે અવતાર પણ આવા જીવને ફળ આપી શક્તા નથી. કારણ કે, તે દેવતાઓના નિયામક પણ પૂર્ણ પુરુષોત્તમ છે.

આમ, પુષ્ટિપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર જીવ, ક્યાંયનો રહેતો નથી. માટે આપણે પ્રભુની આજ્ઞા અનુસાર જ ચાલવું. તેમાં જ આપણું પરમ હિત છે, તે જ આપણો પરમ ધર્મ છે, પુષ્ટિમાર્ગનો આ જ સિદ્ધાંત છે.

આગળના કવિતમાં પણ ભક્તકવિ ચિંતાની નિવૃતિ માટે મનને વિશેષ ઉપદેશ આપે છે.

કવિત—૧૨

મન સો પ્રબોધ અતિ મનુહાર કરિ કરિ,
માન મેરો કહ્યો તું તો ચિંતા મતી કરે રે.
ચિંતામણિ ગોકુલેશને ચિંતા કરી દૂર .
આપુ સમજતે યહ બચન ઉર ધાર રે. (૧)
આપ ચિંતા કિયે પાવે ચિત્તમેં કલેશ અતિ,
સોઇ ઉબરેગી તા તે ચિંતા પર હર રે,
પ્રબલ અતુલ પ્રતાપ પ્યારે પ્રાણવલ્લભ કૌ,
સોઇ ચિત્ત ધર ધીર ટેકતે ન ટર રે. (૨)

ભાવાર્થ :

સાત્વિક બુદ્ધિમાં પ્રભુના આશ્રયનું બળ રહે છે. આવી બુદ્ધિથી મનને વશ કરવા માટે, ઉપદેશ કરતાં ભકતકવિ ગોપાલદાસભાઈ કહે છે કે, હે મન, ચિંતામણિરૂપ શ્રીગોકુલેશ પ્રભુએ તને અપનાવીને તારી ચિંતા દૂર કરી છે, ત્યારે તું શા માટે ચિંતા કરે છે ? મનનો સ્વભાવ સંકલ્પ-વિકલ્પ કરવાનો છે. તેને હંમેશાં એમ થયા કરે છે કે, હું આ કરૂં કે ના કરૂં ? આવા સંકલ્પ-વિકલ્પથી નિશ્ચય કરાવનાર બુદ્ધિ છે. બુદ્ધિ શું સ્વિકારવું અને શું છોડવું એનો નિર્ધાર કરે છે. બુદ્ધિ વારંવાર આગ્રહ કરીને મનને શિખામણ આપે છે, કારણ કે, મનનો વેગ પવન કરતાં પણ કરોડોગણો અધિક છે. મન મહા ઉન્મત્ત હાથી જેવું છે. આવા મનને વશ કરવા માટે, શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતોરૂપી અંકુશ જરૂરી છે. બુધ્ધિ રૂપી હાથમાં આ વચનામૃત રૂપી અંકુશ લઈને, તેનાથી મનને વશ કરી શકાય છે. તિક્ષ્ણ શસ્ત્ર જે રીતે છાતીને ચીરે છે, તે પ્રમાણે તિક્ષ્ણ વચનામૃત મનને શિખામણ આપે છે.

મન તો જ્યાં ત્યાં ડોલતું ફરે છે. પહેલાં પ્રત્યક્ષ પ્રભુના સ્વરૂપમાં મનની આસકિત થઈ, તેથી પ્રભુના રૂપ-રસ-માધુરીનું પાન કર્યું. પછી પ્રભુ સ્વધામ પધારતા વિપ્રયોગ થયો. વિયોગમાં તો દુ:ખ જ હોય, ત્યારે મને વિચાર કર્યો કે, પ્રાણનાથ પ્રભુએ તેમના રસાત્મક ગુણોના અવલંબનમાં મને સ્થિર કર્યું છે, તેથી હવે પ્રભુનો સાક્ષાત અનુભવ થઈ શકે કે કેમ ? આમ મન ચિંતાતુર બન્યું. પ્રાણનાથના વિયોગનું દુ:ખ સહન ન થવાથી, સ્વસ્થતા માટે મન દોડી દોડીને ચારે બાજુ ભટકવા લાગ્યું. આમ, મન ચિંતા કરતું હતું, તેથી બુદ્ધિ મનને શિખામણ આપે છે.

શ્રીગોકુલેશ પ્રભુ માટે 'ચિંતામણિ' વિશેષણ વાપરવામાં

આપ્યું છે. ચિંતામણિ એવું રત્ન છે કે, મનુષ્ય જે ઈચ્છા કરે તે તેને તત્કાલ પ્રાપ્ત થાય છે. પરંતુ આ ચિંતામણી રત્ન પ્રાકૃત પદાર્થો આપનારૂં છે, અપ્રાકૃત પદાર્થો આપનારૂં નથી. કોઈ મોટો માણસ કે દેવતા આપણી ચિંતા દૂર કરે, પરંતુ, ફરી પાછી ચિંતા ઉભી થાય તો નવાઈ નહિ. કારણ કે, તેમના આપેલા પદાર્થ અચલ નથી. તેઓ લૌકિક પદાર્થો આપે છે, અલૌકિક પદાર્થો આપી શકતા નથી. જ્યારે પૂર્ણ પુરૂષોત્તમ સર્વસામર્થ્યવાન છે. કર્તુંમ અકર્તુંમ અન્યથાકર્તુંમ સર્વતંત્ર સ્વતંત્ર છે. તેમનામાં આવું અદ્ભુત સામર્થ્ય હોવાથી તેઓ એક વખત ચિંતા દૂર કરે છે, પછી ફરી જરા પણ કલેશ થતો નથી માટે તેમના માટે ચિંતામણિ વિશેષણ વાપરવામાં આવ્યું છે.

ચિંતામણિ શબ્દનો એક બીજો ભાવ પણ છે. જ્યારે ચિત્ત પ્રભુના સ્વરૂપમાં આસક્ત થાય, ત્યારે પ્રભુની સ્વરૂપમાધુરીના અનેક ભાવો ચિત્તમાં સહજ રીતે ઉત્પન્ન થાય છે. સ્વરૂપમાધુરીના અનેક ભાવોનો પછી અનેક વિધ અનુભવ થાય છે. તેનું કારણ એ છે કે, પ્રભુના સ્વરૂપસૌંદર્ય અને લાવણ્યમાધુર્ય અમૃતના સાગરરૂપ છે. તેથી જેમ સાગરમાં સહજ રીતે તરંગો પ્રકટે, તેમ ચિત્ત જ્યારે પ્રભુના સ્વરૂપમાં આસક્ત થાય, ત્યારે સ્વરૂપમાધુર્યના ભાવોનો સહજ અને અનેક વિધ અનુભવ થાય છે.

જ્યારે સ્વરૂપમાધુર્યનો હંમેશ અનુભવ હોય ત્યારે ચિંતા કેવી રીતે રહે? પરંતુ એવો નિરંતર અનુભવ જ્યારે વિપ્રયોગના અગ્નિથી પરિપકવ સ્થિતિ થાય, ત્યારે જ થાય છે. અથવા પ્રભુના સ્વરૂપમાં સર્વાત્મભાવ અર્થાત તન્મયતા સિદ્ધ થાય ત્યારે થાય છે. તેથી પહેલાં સંયોગ સમયમાં સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. તે તો મનને પ્રભુના સ્વરૂપમાં આસકત કરવા માટે કરાવ્યો. પછી પોતાના સ્વરૂપાનંદ રૂપી મહાફળનો અનુભવ કરાવવા માટે પ્રભુએ વિપ્રયોગનું દાન આપ્યું. આ વાત ન

સમજવાથી ચિંતા થાય છે.

જેમ શ્રીગોપીજનોને લઘુ રાસમાં પ્રભુએ સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. લઘુ એટલે સૂક્ષ્મ. જેમ સાગરમાં નાનું મોટું પાત્ર બોળવાથી તે પાત્રમાં જળ ભરાઈ જાય છે, તેમ શ્રીગોપીજનોને થોડો અનુભવ થયો, તેને જ તેઓ પૂર્ણ માનવા લાગ્યાં. પરંતુ સમુદ્ર જેવો વિશાળ સ્વરૂપાનંદ ગોપીજનો ધારણ કરી શક્યાં નહીં, તેથી તેમનામાં માન અને મદ ઉત્પન્ન થયો. આથી પ્રભુએ વિચાર્યું કે, જો ગોપીજનો થોડા આનંદમાં જ પૂર્ણતા માનવા લાગશે અને મારા સ્વરૂપમાં રહેલો અગણિત આનંદનો સાગર ધારણ કરવા માટે, તેઓ પાત્ર નહિ બને તો, બરાબર થશે નહિ, તેથી ગોપીજનોને એને માટે પાત્ર બનાવવા વિપ્રયોગનું દાન કર્યું. કારણ કે વિપ્રયોગના અનુભવ વિના પૂર્ણ રસ માટેની પાત્રતા થતી નથી. માટે વિપ્રયોગ મહા ફળને સિદ્ધ કરનાર છે.

લઘુ રાસનો ભાવ બીજી રીતે વિચારીએ તો, લઘુ રાસમાં થોડો અનુભવ કરાવીને, પછી વિપ્રયોગનો અનુભવ કરાવ્યો. કારણ કે, જેમ કોઈ નિર્ધન મનુષ્યને ધન પ્રાપ્ત થયા પછી, તે ધન ચાલ્યું જાય, ત્યારે તે મનુષ્ય રાતદિવસ તે ધનને મેળવવાની ચિંતા કરે છે. તેનું મન એ ચિંતામાં જ ડૂબેલું રહે છે. તેવી રીતે શ્રીગોપીજનોને પ્રિય પ્રભુના સ્વરૂપાનંદ રૂપી મહા અલૌકિક ધનની પ્રાપ્તિ થઈ, પછી તે ધન તેમના હાથમાંથી ચાલ્યું ગયું. ત્યારે શ્રીગોપીજનોનું મન સ્વરૂપાનંદ રૂપી મહા ધન પ્રાપ્ત કરવાની ચિંતામાં જ ડૂબી ગયું. જ્યારે પ્રભુ અંતરધ્યાન થયા, ત્યારે ગોપીજનો ઉન્મત્ત બનીને, પ્રભુને શોધતાં બ્હાવરાં બનીને પશુ, પક્ષી, વૃક્ષ, લતા વગેરેને પૂછવા લાગ્યાં કે તમે અમારા પ્રભુને જોયા છે ? પછી શ્રીયમુનાજીના કિનારે જઈને પ્રણય વ્યથાથી ગુણગાન કર્યું. તેઓ તેમાં પોતાની જાતને પણ ભૂલી

ગયાં. તેમનું મન પ્રિયતમના સ્વરૂપમાં ડૂબી ગયું. આમ થતાં તેમને તન્મયતા પ્રાપ્ત થઈ. તે જ વખતે મહાફળનો અનુભવ કરાવવા માટે પ્રભુ પ્રકટ થયા. આમ, વિપ્રયોગ દ્વારા તન્મયતાની સ્થિતિને પ્રાપ્ત કરાવીને, અગણિતાનંદને ધારણ કરવાની પાત્રતા પ્રભુ સિદ્ધ કરાવે છે. તેથી કોઈ વિરલ બડભાગી સ્નેહી ભક્તને જ પ્રભુ પહેલાં સંયોગનો અનુભવ કરાવી, પછી વિપ્રયોગનું દાન કરે છે. આવો વિપ્રયોગના દાનનો ગૂઢ આશય છે.

આવા ગૂઢ આશયને ન જાણવાથી હે મન, તું પ્રભુના સંયોગસુખની ચિંતા કરે છે. જ્યાં સુધી તું આવી ચિંતા કરીશ, ત્યાં સુધી તને ક્લેશ જ રહેશે. તેથી મહાફળનું દાન કરવાનો પ્રભુનો ગૂઢ આશય જાણીને, સંયોગ સમયમાં પ્રભુની સ્વરૂપમાધુરીનો જે અનુભવ કર્યો છે, તે અનુભવનું મનમાં ચિતન કરીને, મનને પ્રભુના ભાવાત્મક સ્વરૂપમાં જ લગાવી રાખ. જ્યારે મન પ્રભુના ભાવાત્મક સ્વરૂપમાં સતત લાગેલું રહેશે, ત્યારે પ્રભુના સ્વરૂપમાં તન્મયતા સિદ્ધ થશે. ત્યારે નિરંતર સ્વરૂપાનંદનો અનુભવ થશે પછી ક્લેશ રહેશે નહીં.

પ્રભુનું સ્વરૂપ **'રસો વૈ સઃ'** રસાત્મક છે. તે બે પ્રકારે છે. (૧) સંયોગાત્મક (૨) વિપ્રયોગાત્મક. સંયોગાત્મક સ્વરૂપ બહાર પ્રકટ છે, વિપ્રયોગાત્મક સ્વરૂપ અપ્રકટ અર્થાત ભાવાત્મક છે. સંયોગાત્મક સ્વરૂપ સાકાર છે, વિપ્રયોગાત્મક સ્વરૂપ ભાવાત્મક સાકાર છે. જેમ સંયોગમાં બહાર પ્રકટ સ્વરૂપથી રસાનુભવ થાય છે, તેમ વિપ્રયોગમાં ભાવાત્મક સ્વરૂપનો અંતઃકરણમાં માનસી ભાવ દ્વારા અનુભવ થાય છે. સંયોગાત્મક સ્વરૂપનો બહાર પ્રકટ અનુભવ દેહ અને ઈંદ્રિયો દ્વારા થાય છે, જ્યારે વિપ્રયોગમાં ભાવાત્મક સ્વરૂપનો અનુભવ, મનમાં માનસીમાં થાય છે. જેમ સંયોગ સ્વરૂપ બહાર પ્રકટ સાકાર છે, તેમ વિપ્રયોગમાં ભાવાત્મક સ્વરૂપ અંતઃકરણમાં પ્રકટ થઈને

સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. તેથી વિપ્રયોગના સમયમાં પ્રભુના ભાવાત્મક માનસી સ્વરૂપમાં મનને લગાડેલું રાખવું અથવા ભાવાત્મક સ્વરૂપનું નિરંતર ધ્યાન કરતાં રહેવું. આમ, જ્યારે મન પ્રભુના સ્વરૂપમાં લીન થઈ જાય, ત્યારે કીટભ્રમર ન્યાયથી પ્રભુના સ્વરૂપમાં તદાત્મક્તા થાય છે. પછી નિરંતર અગણિતાનંદનો અખંડ અનુભવ થાય છે, ત્યારે ક્લેશ રહેતો નથી.

સંયોગ સ્વરૂપની બહાર પ્રકટ થવાની અપેક્ષામાં સંયોગ પછી વિયોગના દુઃખનો અનુભવ થાય છે. પરંતુ વિપ્રયોગાત્મક ભાવાત્મક સ્વરૂપમાં જ્યારે મન લીન થાય છે, ત્યારે પ્રિય સ્વરૂપની તદાત્મકતા સિદ્ધ થવાથી, તેમનો અખંડ અનુભવ થાય છે. માટે બહાર પ્રકટ સ્વરૂપના સંયોગની ચિંતા છોડીને મહાફળનો અનુભવ કરાવનાર વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં મનને લગાડેલું રાખવું.

આવું મહાફળ પ્રાપ્ત કરવું ઘણું દુર્લભ છે. કરોડોમાં કોઈક વિરલા જ તેને પામે છે. શ્રીગોપીજનોને પણ ઘણા કષ્ટ પછી તે સિદ્ધ થયું હતું. તો આધુનિક જીવોને તે કેવી રીતે પ્રાપ્ત થાય ? આવી શંકાના જવાબમાં ભક્તકવિ સમજાવે છે કે, પ્રભુનું સામર્થ્ય અતુલિત છે. જ્યારે ઇંદ્રે કોપ કરીને વ્રજનો નાશ કરવા જલવર્ષા કરી, ત્યારે પ્રભુએ પોતાના શ્રીહસ્તની એક આંગળી પર શ્રી ગિરિરાજને ધારણ કરી, પોતાના સ્વકીય જનોનું રક્ષણ કર્યું હતું. આ સ્વકીય જનોના દેહનું રક્ષણ કરવા ઉપરાંત, દેહને અસહ્ય અધ્યાસ, પ્રાણનો અસહ્ય અધ્યાસ વગેરે ભૂલાવી સાત દિવસ સુધી, પોતાના સ્વરૂપાનંદનું અવિરત પાન કરાવી, સ્વકીય જનોના હૃદયમાં પોતાનું સ્વરૂપ સિદ્ધ કર્યું હતું. પ્રભુનો આવો અતુલ પ્રતાપ વિચારવો. અહીં ઈંદ્રે જે વૃષ્ટિ કરી તે કોઈ ભૌતિક જલની વૃષ્ટિ નથી, પરંતુ સ્વકીય જનોના હૃદયમાં સ્વરૂપ લાવણ્યામૃતનો અનુભવ કરાવવા, હૃદયમાં

રૂહેલા લૌકિક અલૌકિક સૂક્ષ્મ ભાવપ્રપંચો બહાર કાઢવા માટેની વૃષ્ટિ છે.

જો આધુનિક ભકતોને મહાફળની પ્રાપ્તિ ન થાય, તો વર્તમાન સમયમાં વિદ્યમાન પુષ્ટિમાર્ગનું કોઇ પ્રયોજન રહે નહીં. તેથી માર્ગની સ્થિતિ વિદ્યમાન હોવાથી, અર્વાચીન ભકતોમાં વીરલ બડભાગી ભકતોને, આ મહાફળ જરૂર પ્રાપ્ત થાય છે, પરંતુ આ મહાફળ વિપ્રયોગના અનુભવથી જ સિદ્ધ થાય છે, આ સિદ્ધાંત યાદ રાખવો.

હે મન, તેં પ્રભુનો આશ્રય કર્યો છે, તેં અનન્યતાની ટેક લીધી છે, તેને છોડીશ નહીં. જો તું અનન્ય પતિવ્રત ધર્મમાંથી ડગી જઈશ, તો તારો સર્વ ધર્મ નાશ પામશે. જે જે ભગવદીયોએ પ્રભુમાં અનન્ય ટેક રાખી છે, તે બધાના અનન્ય ધર્મનું રક્ષણ અને પોષણ પ્રભુએ કર્યું છે. જેમ મર્યાદામાર્ગમાં હનુમાનજી અને તુલસીદાસજી રામચંદ્રજીના અનન્ય ભક્ત હતા, કલિયુગમાં નરસિંહ મહેતા એવા અનન્ય ભક્ત થયા, સારસ્વત કલ્પમાં શ્રી ગોપીજનો આવાં અનન્ય ભક્ત હતાં, વર્તમાન સમયમાં શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલેશજી આદિના સેવક પરમ અનન્ય નિષ્ઠાવાળા ભકતો થયા છે. તેમણે તેમનું તન-મન-ધન પ્રભુને ન્યોછાવર કર્યું છે. તે બધાની અનન્યતાનું રક્ષણ અને પોષણ પ્રભુએ કર્યું છે, માટે પ્રભુના વિયોગના દુઃખમાં ધીરજ ધરીને, અનન્યતાની ટેક દૂર કરવી નહીં. અનન્ય ધર્મ મોટો ધર્મ છે. તેનામાં અદ્ભુત સામર્થ્ય છે. જેમ લોહચુંબક લોખંડને પોતાની તરફ ખેંચે છે, ત્યારે તેમાં લોહચૂંબકને કોઈ પ્રયાસ કરવો પડતો નથી, તેવી રીતે મન પ્રભુના ભાવાત્મક સ્વરૂપમાં અનન્યતાપૂર્વક લાગેલું રાખવાથી, સહજ રીતે પ્રભુનું સ્વરૂપ મનમાં સ્થિર થાય છે. પ્રભુમાં રહેલો ભક્તનો પ્રગાઢ પ્રેમ, દિવ્ય લોહચુંબક છે, જેની પાસે આવું લોહચુંબક છે, તેને કશી પ્રયાસ કરવો પડતો નથી. આથી રસિક ભકતોએ કહ્યું છે કે :

‘કમલ બુલાવન કબ ગયે કબ કીનો સન્માન,
નેહ નિમંત્રણ કે સગે અલિ અધીર ઉલટાન.’

ભ્રમરની કમળમાં પ્રીતિ છે, તેથી કમળ ભ્રમરને બોલાવવા જતું નથીઃ પરંતુ કમળના ભીતરમાં રહેલો મકરંદ વાયુ દ્વારા બધી દિશાઓમાં ફેલાય છે. કમળથી દૂર રહેલો ભમરો આ મકરંદ ગ્રહણ કરી, પોતાની જાતે જ કમળ પાસે પહોંચી જાય છે, કારણ કે ભ્રમર મકરંદનો ભોગી છે. તેવી રીતે પ્રભુમાં જેને અનન્ય પ્રગાઢ પ્રેમ છે, તે પ્રેમ જ દિવ્ય મકરંદ છે. તેનો ભોગ કરવા માટે પ્રભુ પોતે જ, પોતાની રીતે પધારે છે. દૂતિ દ્વારા તેમને નિમંત્રણ મોકલવું પડતું નથી. જેમ કમળની પાસે પહોંચેલો ભમરો, કમળના મકરંદનું પાન કરવામાં લોભાય છે, ત્યારે તેને બીજા પુષ્પોની સુગંધ લેવાનું પણ યાદ આવતું નથી, તેવી રીતે જ ભગવદીયોમાં દિવ્ય પ્રેમ રૂપી મકરંદ પ્રકટે છે, તેમનો ભોગ કરવામાં મકરંદના લોભી પ્રભુને, આ હૃદયકમળમાં જ હંમેશાં નિવાસ કરવાનું ગમે છે. મકરંદ પાનની મત્ત અવસ્થામાં, પ્રભુને બીજી કોઈ સ્મૃતિ રહેતી નથી. આ કથનમાં કોઈને અતિશયોક્તિ જણાય, તો તેનો સંદેહ દૂર કરવા માટે, શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણે ‘પ્રેમામૃત રસાયણ’ ગ્રંથમાં એક શ્લોક આપ્યો છે: ‘વલ્લવી વદનામ્ભોજ મધુમત્ત મધુવ્રતઃ’ (૨૭) વલ્લવી એટલે ગોપીજન. પ્રભુના કોટિકંદર્પલાવણ્ય સ્વરૂપને ગોપીજનોએ, પોતાના સર્વાંગમાં ધારણ કર્યું છે, તેથી ગોપીજનોના વદનકમળમાં પ્રભુની લાવણ્ય મધુરતા પ્રકટ થઈ છે. તેનું પાન કરીને પ્રભુનું મન ભ્રમરની મત્ત દશા જેવું બન્યું છે. ઉન્માદની સ્થિતિમાં, મનને બીજા કોઈની યાદ રહેતી નથી. જેને મધુપાનનું વ્રત છે, તે મધુપાનને છોડી શકતો નથી. ગોપીજનોના મુખકમળની મધુર મકરંદ પ્રતિ ક્ષણે નૂતન પ્રકટ થાય છે. પ્રતિ ક્ષણે પ્રકટ થતી નૂતન મધુર મકરંદનું પાન

કરવામાંથી પ્રભુનો મનરૂપી ભ્રમર નિવૃત્ત થતો નથી. આ બધી દિવ્ય પ્રેમરાજ્યની ગાથા છે. તે વાણીથી અગોચર છે. તે રસિકોની સંપત્તિ છે. તે કેવળ અનુભવથી જ સમજી શકાય છે, અથવા જે આ દિવ્ય પ્રેમના સાગરમાં ડૂબેલાં છે. તે જ જાણી શકે છે. કરોડો કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ કરવાનું જેમનામાં ઐશ્વર્ય છે, એવા પ્રભુ બધું ભૂલીને મધુર મકરંદને ભોગ કરવા માટે ગોપીજનોમાં બંધાયા છે.

દિવ્ય પ્રેમરાજ્યનો આ શ્રેષ્ઠ અધિકાર, પ્રભુના વિરહના અનુભવ વિના સિદ્ધ થતો નથી. વિરહમાં જ અનન્યતાની પૂર્ણતા હોય છે, અથવા તેમાં જ સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. સર્વના પરિત્યાગપૂર્વક, નિરંતર પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાથી આ સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. સર્વાત્મભાવની સિદ્ધ અવસ્થામાં પ્રેમી ભક્ત, પોતાને પણ ભૂલી જઈને, પ્રભુના સ્વરૂપ સાથે તાદાત્મ્ય અનુભવે છે. આ પ્રેમી ભક્તના રોમમાં પ્રભુ નિવાસ કરે છે. જેના રોમરોમમાં પ્રભુના કોટિકંદર્પ સ્વરૂપનો નિવાસ હોય, એવા ભકતોના મુખકમળની મધુર મકરંદનું પાન કરતાં પ્રભુનો મન રૂપી મધુકર, ઉન્મત્ત દશાને પ્રાપ્ત કરે તેમાં શો સંદેહ હોય ?

આથી ભક્તકવિ ગાય છે કે :

‘આનંદ સિંધુ બઢયો હરિ તન મેં,
રાધા મુખ પૂરન શશિ નિરખત
ઉમગ ચલ્યો રસ વૃંદાવન મેં.’

એક બીજા ભક્તકવિ ગાય છે કે :

‘રાધે જુકે બદન કી શોભા,
જાહી દેખ મયંક થકયો કૃષ્ણ મન લોભા.’

આ પદો અનુસાર સર્વાત્મભાવ પ્રાપ્ત કરનાર, ભગવદીયના મહિમાનો વિચાર કરવો જોઈએ. આવો મહાન સર્વાત્મભાવ

કોઈ બડભાગી ભગવદીયને, મહા ઉદાર પ્રભુ વિપ્રયોગ દ્વારા આપે છે, કારણ કે, આપણે અગાઉ જોઈ ગયા કે, વિપ્રયોગના અનુભવ વિના, મહાફળ પ્રાપ્ત થતું નથી. તે માટે પ્રથમ સંયોગ સુખનો અનુભવ કરાવે છે.

મનને આટલી શિખામણ આપ્યા પછી, ભક્તકવિ આગળના કવિતમાં હજી મનને વિશેષ શિખામણ આપે છે.

કવિત—૧૩

ઉદ્યમ કીયે તે ન હાથ આવે કછુ બાત જબ,
તબ મન આપુને કલેશ માન લીજિયે,
સ્વકીય કો બૂરો ના કબહુ વિચારે ઇશ,
શ્રીમુખ તે વચન કહ્યો સોઇ માન લીજિયે. (૧)

ચાહે સો કરત ઇચ્છા આપ અપને બલ,
તુ તો હે નિર્બલ બલ સોઈ માન લીજિયે,
જિય કો વિચાર્યો ન કરેગે કરે આપ બલ,
હિત અપનાયત કો પૈડો માન લીજિયે. (૨)

ભાવાર્થ :

જીવ વિચારો ઘણા કરે છે, પરંતુ ઉદ્યમ ઓછો કરે છે. તેથી કોઈ પણ વસ્તુ તેને કેવી રીતે પ્રાપ્ત થાય? ઉદ્યમ શબ્દનો અર્થ વિચારવા જેવો છે. જે જીવે ચિંતાનો ત્યાગ કરી, શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતોનું પાન કરી, તે આજ્ઞા પ્રમાણે તત્પર રહે છે, તેનું નામ ઉદ્યમ છે. આવો ઉદ્યમ કરતાં તે જીવ હંમેશા પ્રભુનું સ્મરણ કરતો રહે છે. સ્મરણનો અર્થ પ્રભુના સ્વરૂપ લાવણ્યનું નખથી શિખા સુધી ચિંતન કરવું, પ્રભુના પ્રત્યેક અંગમાં જે લાવણ્યમાધુર્ય રહેલું છે, તેમાં મનને પ્રવેશ કરાવી તે સ્વરૂપની ભાવનાનું ચિંતન કરવું. જીવાત્માએ આમ કરતાં કરતાં હંમેશાં મનમાં એવો વિચાર કરવો કે, પ્રભુ મારા પર

કઈ રીતે કૃપા કરશે ? પ્રભુ કેવી રીતે કૃપા કરશે ? આવો પરિતાપ હૃદયમાં હમેશાં રાખવો. આવો પરિતાપ કર્યા પછી, પ્રભુ જો કૃપા ન કરે તો મનમાં ક્લેશ કરવો.

હવે ભકતકવિ ગોપાલદાસભાઈ કૃપાનું સ્વરૂપ બતાવે છે. પ્રભુના રસરૂપ ચરિત્રનુ આપણે શ્રવણુ કરવું અને વિરહીજનોને શ્રવણ કરાવવું. નિત્ય નૂતન રીતે પ્રભુના સ્વરૂપ, ગુણુ અને ચરિત્રમાં પ્રતિક્ષણ મન વધુને વધુ રુચિવાળું બને, કારણ કે પ્રભુના રસાત્મક ગુણ પણુ પ્રભુના રસાત્મક સ્વરૂપની જેમ, સમાન રસનો અનુભવ કરાવનારા છે. આવા ગુણોના શ્રવણથી મનને તૃપ્તિ થતી નથી. આવા ગુણો અને ચરિત્રોનું શ્રવણ કરતાં કરતાં સ્વરૂપધ્યાન કરવાથી, પ્રભુના લાવણ્યામૃતનું પાન થાય છે, પરંતુ તેમાં તૃપ્તિ થતી નથી. જ્યારે આવું થાય ત્યારે પ્રભુની કૃપા થઈ છે તેમ જાણવું. શ્રી સર્વોત્તમજીમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ છે ‘કૃપયા તત્કથાપ્રદઃ’. પ્રભુની કૃપા થવાથી જ પ્રભુના સ્વરૂપ, ગુણુ અને ચરિત્રની સ્ફુરણા થાય છે.

પ્રભુના સ્વરૂપ, ગુણ અને ચરિત્રનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી ‘મધુરાષ્ટક’ સ્તોત્રમાં કરે છે. પ્રભુનું સ્વરૂપ જેમ અખિલમ્ મધુરમ્ છે, તેમ, તેમના ગુણ અને ચરિત્ર પણ અખિલમ્ મધુરમ્ છે. શ્રીગોપીજનો પણ આપસ આપસમાં મળીને, પ્રભુની રૂપમાધુરીનું વર્ણન કરે છે. એક ભકતકવિએ ગાયું છે કે : ‘પ્રીત બઢાવત છિન હી છિન, પુછ પુછ પિય અનુહાર.’ કોઈ ગોપીજન પ્રભુનાં નેત્રોનું વર્ણન કરે છે, તો કોઈ ગોપીજન નેત્રોની ભ્રમરોનું વર્ણન કરે છે. કોઈ પ્રભુના ગાલનું વર્ણન કરે છે, તો કોઈ નાસિકાનું વર્ણન કરે છે. પ્રભુનાં આ સર્વ અંગોમાં જે લાવણ્યસુધા છે, તેમનો અનુભવ કરીને ગોપીજનો આપસ આપસમાં વર્ણન કરતાં કરતાં, પોતામાં પ્રેમને વધારે છે. વિરહી ભકતોના જીવનનિર્વાહ વિયોગના સમયમાં આવા ગુણ અને

ચરિત્રના શ્રવણ-કીર્તનથી થાય છે, તેથી અહીં પ્રભુના સ્વરૂપ, ગુણ અને ચરિત્રનું શ્રવણ કરવાનું કહ્યું છે.

એક કવિ કહે છે: 'જલ બિન જીવે તે તો દાદુરડા કહેવાયે, મીન તો તુરત મરી જાય.' જળ વિના દેડકાં જ જીવી શકે, માછલાં નહીં. તેવી રીતે પ્રભુના સ્વરૂપ લાવણ્યામૃતનું પાન કરવું, એ જ જેમનું જીવન છે તેવા પ્રેમી ભકતોને પ્રભુના સ્વરૂપ, ગુણ અને ચરિત્ર વિના બીજાના ગુણ, સ્વરૂપ અને ચરિત્રમાં ક્યાંથી સુખ મળે?

વિપ્રયોગ અવસ્થામાં પ્રભુના બહાર પ્રકટ સ્વરૂપનો અનુભવ થતો નથી, તેની ચિંતા નથી, પરંતુ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં સર્વથા આસક્તિ થવી જોઈએ. વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો માનસી ભાવનામાં જે અનુભવ થાય છે, તે સાક્ષાત્ જેવો જ હોય છે. આવો અનુભવ કેટલાક વિરહી ભકતોને થયો છે. તેઓ બડભાગી છે, તેઓ પૂર્ણ રસને પાત્ર છે. સાધારણ જીવની પ્રભુમાં આસક્તિ થતી નથી. તેવા જીવના મનમાં થોડા સમય પ્રભુનું મહાત્મ્ય ટકે, તો તેને મોટું ભાગ્ય માનવું. તેમને પ્રભુના સ્વરૂપમાં આસક્તિ નથી. જ્યાં સુધી સ્વરૂપાસક્તિ નથી, ત્યાં સુધી તેને સ્વાદ પણ નથી. આવા ભકતોને પણ પોતાના સ્વરૂપાનંદનું દાન કરવાનું પ્રભુએ વિચાર્યું છે, તેથી તેમની આસક્તિ દૃઢ કરાવવાં માટે, તેમને દર્શન આપીને પછી વિયોગ કરાવે છે. પ્રભુનું દર્શન થતાં આસક્તિ પ્રકટે છે. વારંવાર દર્શન કરતાં દર્શનની અભિલાષા વધે છે. સાક્ષાત્ દર્શનમાં જેટલો વિલંબ થાય છે, તેટલી દર્શનની આર્તિ વધે છે. આ આર્તિ જેટલી વધે તેટલી ફળરૂપ છે. વિપ્રયોગ અવસ્થામાં પ્રભુનું જે દર્શન થાય છે, તે ભાવાત્મક માનસી સ્વરૂપે થાય છે. જેમ બહાર પ્રકટ સ્વરૂપનું સાક્ષાત્ દર્શન થાય છે, તેમ વિપ્રયોગ અવસ્થામાં હૃદયમાં ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થાય છે. જેમ સંયોગ

અવસ્થામાં બહાર પ્રકટ સ્વરૂપના સ્વરૂપાનંદનો અનુભવ થાય છે, તેમ વિપ્રયોગમાં હૃદયમાં ભાવાત્મક સ્વરૂપના સ્વરૂપાનંદનો અનુભવ થાય છે.

શ્રીઆચાર્યચરણે 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં પ્રેમ, આશક્તિ અને વ્યસનનું સ્વરૂપ સમજાવ્યું છે. જ્યાં સુધી આસક્તિ ન થાય, ત્યાં સુધી હંમેશ માટે સ્વરૂપ હૃદયારૂઢ થતું નથી. આ સ્થિતિમાં સ્વરૂપ વિના મન બીજે ભટકવાથી બહિર્મુખતા આવે છે. માટે ભક્તકવિ પોતાના મનને કહે છે : 'હે મન.! તું પ્રભુના મિલનની અભિલાષા રાખ. તેવી અભિલાષા રાખ્યા બાદ તને સ્વરૂપાનંદનું દાન ન થાય, તો તું ક્લેશ કરજે, કારણ કે સ્વરૂપાનંદનું પાન કર્યા પછી, ક્લેશ રહેતો જ નથી.' જેમ મધપૂડામાં ચોંટેલી માખી ત્યાંથી છૂટી શકતી નથી, તેવી જ સ્થિતિ મનની થાય છે.

શ્રીમહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છે કે, પ્રભુ પોતાના જીવનું ખરાબ વિચારતા નથી, કારણ કે આપ પોતાના સ્વકીય ભક્તોના સ્વામી છે. આપે જગતને પ્રકટ કર્યું છે, તેથી આપ જ જગતનું પાલન, પોષણ અને રક્ષણ કરે છે. તો સ્વકીયોનું પાલન કરે તેમાં નવાઈ શી? પ્રભુ પોતાના ભક્તોનું ક્યારેય ખરાબ કરતા નથી. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે, કર્તા હર્તા અંતર્યામી પ્રભુ છે. તેમની ઈચ્છા વિના કશું થતું નથી. પ્રભુ જગતમાં વ્યાપક છે, સાક્ષીવત છે. તેથી જીવના ભલાબૂરામાં પ્રભુ પોતે નિમિત્ત બનતા. નથી જીવ અવિદ્યાને વશ છે, તેથી દોષનિધાન છે, જ્યારે પ્રભુ ગુણનિધાન છે. જીવ જ્યારે પ્રભુથી છૂટો પડયો કે, તરત જ તે માયામાં ફસાયો છે. તે માયાને વશ થઈ દુઃખ પામે છે. પ્રભુનું પ્રાગટય ભક્તજનોના સુખ માટે છે, તેથી પ્રભુ પોતાના ભક્તોનું ખરાબ કેવી રીતે કરે? જીવ પોતાના દેહ અને દેહના સંબંધી સંસારમાં અહંતા-મમતા રાખે છે, તેથી તે દુઃખ

પામે છે. આ જ્ઞાનમાર્ગનો સિદ્ધાંત છે. પ્રભુ કોઈનું સારું-ખોટું કરતા નથી. પરંતુ આપણો માર્ગ તો સ્નેહમાર્ગ છે, સ્નેહમાર્ગનું સુખ એટલે પ્રભુનો સાક્ષાત્ સંગમ. જ્ઞાનમાર્ગમાં ભગવાન અંતર્યામી રૂપે રહીને, જીવના કર્મોમાં સાક્ષીભાવે રહે છે, જ્યારે ભક્તિમાર્ગમાં ભગવાન ભકતોના દુઃખે દુઃખી અને સુખે સુખી રહે છે. આવો સંબંધ જ્ઞાનમાર્ગીય જીવો સાથે પ્રભુ રાખતા નથી પુષ્ટિમાર્ગીય જીવો સાથે પ્રભુ પોતાના સ્નેહ સ્વરૂપનો સંબંધ જોડે છે, જ્ઞાનરૂપ બ્રહ્મનો નહીં. એકબીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી થવું, એ સ્નેહમાર્ગની રીત છે, તેથી પોતાના કૃપાપાત્ર અંગીકૃત જીવોનું, હંમેશાં પ્રભુ હિત જ કરે છે.

પ્રભુ ગોકુળમાં પ્રકટ થયા. ત્યાં અનેક બાલલીલાઓ કરીને ભકતોનો સ્નેહ વધારી, પોતાના સ્વરૂપમાં આસક્તિ દૃઢ કરી. આમ, ભકતો માટે પ્રભુએ પોતાનું સ્વધામ છોડયું, તેઓ પૃથ્વી પર પ્રકટ થયા અને અનેક પ્રકારની લીલાઓ દ્વારા અંગીકૃત ભકતોનો, પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવવા અનેક પ્રકારે શ્રમ કર્યો. આ સ્નેહમાર્ગમાં, પ્રભુ સાક્ષીવત રહ્યા નથી, તેઓ પ્રાર્થના કર્યા વિના જ સ્વતઃ પોતાના ભકતોના હિતની ચિંતા કરે છે અને ભક્તનું હિત થાય તેવું જ આચરણ કરે છે. છતાં તેઓ ભક્તને કયારે ય કહેતા નથી કે, મેં તારા માટે આમ કર્યું છે. આવા પ્રભુ પરમ હિતકારી છે. પોતાના સ્વકીય ભક્તને પ્રભુ પોતાની સમાન ગણે છે. જેમ પોતે રસસમુદ્ર છે, તેમ પોતાનો ભક્ત પણ રસસમુદ્ર ધારણ કરી શકે તેવી પાત્રતા પ્રભુ સિદ્ધ કરી આપે છે. આમ, નિજજનનું કાર્ય પ્રભુ, પોતાની ઇચ્છાથી કરે છે. પ્રભુ ભૂત, વર્તમાન અને ભવિષ્યને જાણે છે.

આમ, પ્રભુ પોતાના પ્રમેય બળથી ભકતનું સુખ કરે છે, જ્યારે જીવ નિર્બળ છે, પરતંત્ર છે. આમ, જીવે પોતાની

અયોગ્યતા સમજી લેવી જરૂરી છે. આવી સમજ સાથે જીવે પ્રભુને આધીન બનીને રહેવું જોઈએ. જો જીવ આવું ન વિચારે, તો તેને ક્લેશ થાય છે, કારણ કે તે પોતાની અલ્પ બુદ્ધિથી પોતાનો સ્વાર્થ વિચારે છે; જેમાં તેનું અહિત સમાયેલું છે. પ્રભુએ ભવિષ્યમાં તેને ઉત્તમ ફળ આપવાનું વિચાર્યું છે, તેનું જ્ઞાન અલ્પ જીવને નથી. આથી પ્રભુ કૃપા કરીને જીવને પોતે અપનાવ્યો છે, એવું એને જતાવે છે. તે માટે તેઓ જીવના હિતનું આચરણ કરે છે પરંતુ જીવ તેને ઉલટું માને છે.

પ્રભુ પોતાના ભક્તોનું હિત કેવી રીતે વિચારે છે એ સમજવા એક પ્રસંગ જોઈએ. જ્યારે પ્રભુ મથુરા પધાર્યા, ત્યારે ગોપીજનોને વિપ્રયોગનું દાન કર્યું. તેથી અનંત લીલા સહિત અને અગણિત આનંદ સહિત, પ્રભુ વિપ્રયોગ રસાત્મક સ્વરૂપે ગોપીજનોના હૃદયમાં બિરાજ્યા અને પોતાના અગણિત આનંદનો અનુભવ કરાવવાની ઈચ્છા કરી, કારણ કે, બહાર પ્રકટ સંયોગ સ્વરૂપથી, અગણિત આનંદનો અનુભવ થતો નથી, કારણ કે સંયોગમાં સંયોગ પછી વિયોગનો અનુભવ કરવો પડે છે અને વિયોગમાં દુઃખ રહેલું છે. ત્યાં અખંડ સુખ નથી. વિપ્રયોગમાં પ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન થવાથી, વ્યસન અવસ્થામાં પ્રભુના વિયોગની એક એક ક્ષણ સતયુગ જેવી લાંબી વ્યથાકારી લાગે છે. તે વખતે પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ, દીન ભક્તોના જીવનમાં અવલંબનરૂપ બને છે. કીટભ્રમર ન્યાયે પ્રભુના સ્વરૂપમાં તદ્રુપતા થાય છે, ત્યારે પ્રભુનું આ સ્વરૂપ અગણિત આનંદનો અનુભવ કરાવે છે. ગોપીજનોને આવો અનુભવ કરાવવાની પ્રભુની પરમ હિતકારી ઈચ્છાને, ગોપીજનો પણ જાણતાં ન હતાં.

પ્રભુને વિનંતી કરી, પોતાનું કાર્ય કરાવવું એ સ્નેહમાર્ગની રીત નથી, કારણ કે પોતાનું કાર્ય કરાવવામાં પ્રભુને

શ્રમ થાય છે. આમ થવાથી જીવનું પતન થાય છે. શ્રીમહાપ્રભુએ આ વિષયમાં શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરી કે : 'જે વખતે ઇંદ્રે કોપ કરી વ્રજનો નાશ કરવા માટે, પ્રલયકારી જલવર્ષા કરી ત્યારે વ્રજભકતોએ પોતાના રક્ષણ માટે, પ્રભુને પ્રાર્થના કરી હતી.' આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : 'વ્રજભકતોએ સ્નેહનો માર્ગ છોડયો, કારણ કે સ્નેહના માર્ગનો મુખ્ય સિદ્ધાંત એક જ છે, આપણું ગમે તેમ થાય, ભલે પ્રાણ ચાલ્યા જાય; પરંતુ આપણા સુખ માટે પ્રભુને શ્રમ કરાવવો જોઈએ નહીં.' સ્નેહી ભકતોને સ્નેહના આ ઉત્તમોત્તમ સિદ્ધાંતનું જ્ઞાન કરાવવા માટે જ, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે : 'વ્રજભકતોએ સ્નેહના માર્ગનો ત્યાગ કર્યો છે.'

શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં પ્રભુને પ્રાર્થના ન કરવાની આજ્ઞા કરે છે. વ્રજભકતોએ પોતાનું રક્ષણ કરવા પ્રભુને પ્રાર્થના કરી, ત્યારે તેમાં તેમનો હેતુ એવો હતો કે, અમારો દેહ નહીં રહે તો અમે આપની રસરૂપ સેવા કરી શકીશું નહીં. તેથી આપની સેવા માટે અમારૂં રક્ષણ કરો. વ્રજભકતોના હૃદયનો આવો ભાવ હોવા છતાં, પ્રાર્થનામાં મહાત્મ્ય ભાવ આવવાથી સ્નેહભાવ સૂકાઈ ગયો. વાસ્તવમાં તો વ્રજભકતોએ સ્નેહની રીતે પ્રભુનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો જોઈતો હતો, કારણ કે, તે વખતે પ્રભુએ સાત વર્ષના બાળકનું રૂપ ધર્યું હતું. આમ ન કરતાં વ્રજભકતોએ, પોતાના રક્ષણ માટે પ્રાર્થના કરી. એટલા અંશે તેમનો સ્નેહભાવ તિરોહિત થયો. માટે જ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે, વ્રજભકતો સ્નેહનો માર્ગ ચૂકી ગયા. આ પરથી સમજાય છે કે તત્સુખ સ્નેહને નિભાવવો એ ઘણી કઠણ સાધના છે.

એક નિર્ગુણ તત્સુખ ભાવમાં સ્થિર બનેલાં ગોપીજન,

તેમનો સંગ કરનારાં એક મુગ્ધ ગોપીજનને તત્સુખી સ્નેહની રીત શીખવે છે, જે શ્રી સૂરદાસજીએ નીચેના પદમાં ગાયુ છે :

'કૃપા એક લાલન હી કી ચહિયે,
અપનો દોષ વિચાર હી સજની ઈન સોં કછુ ન કહિયે,
વે જો કરે સોઇ સબ આછો અપને શિર પર સહિયે;
સૂર શ્યામ સો કછુ ન કહિયે જ્યોં રાખે ત્યાં રહિયે.'

એક મુગ્ધ ગોપીજનને પ્રભુના સંયોગ સુખનો અનુભવ થયા પછી, વિયોગ પ્રાપ્ત થયો છે. તે મુગ્ધાનું મન સંયોગસુખમાં વશ થયું છે, તેથી વિયોગમાં તે પ્રભુ વિના રહી શકતી નથી. ત્યારે તે પ્રભુને ઠપકો આપે છે. આ મુગ્ધ ગોપીજનની સમજમાં વિયોગ આપવાનો હેતુ આવતો નથી, તેથી નિર્ગુણ તત્સુખી ભાવવાળા ગોપીજન, તેમને સમજાવે છે કે આપણા પ્રભુ રસનો સમુદ્ર છે. એ રસસમુદ્રને ધારણ કરવાની તારી પાત્રતા સિદ્ધ કરવા પ્રભુએ, તને પહેલાં સંયોગનું સુખ આપ્યું અને તેમાં તારા મનને વશ કર્યું, પછી મનને પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ રીતે લગાડવા માટે, પ્રભુએ વિયોગનું દાન આપ્યું. કારણ કે વિયોગમાં જ તદાત્મતા સિદ્ધ થાય છે. જ્યારે તદાત્મતા સિદ્ધ થાય છે, ત્યારે પ્રભુના રસસમુદ્રને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. માટે નિર્ગુણ ભાવવાળા ગોપીજન મુગ્ધ ગોપીજનને કહે છે કે, પ્રભુના રસસમુદ્રને ધારણ કરવા હજી તું યોગ્ય બની નથી. તારી અયોગ્યતાનો વિચાર કરીને, અદેય દાન આપવામાં મહા ઉદાર પ્રભુએ તને વિયોગ આપ્યો છે. તેમના હૃદયના અભિપ્રાયને તું જાણતી નથી, માટે સંયોગસુખની અપેક્ષા રાખે છે. તારી અયોગ્યતાનો વિચાર કરીને, તું પ્રભુને ઠપકો આપીશ નહીં, વિયોગનું દુઃખ તો પ્રભુના સ્વરૂપનું સંપૂર્ણ દાન કરવા માટે છે, એમ સમજીને વિયોગના દુઃખને સહન કર,

દિવ્ય પ્રેમના ઉત્કૃષ્ટ શિખર પર પહોંચવાનો અધિકાર, નિર્હેતુક તત્સુખી પ્રેમભાવને જ છે. પ્રિય-વિયોગનું અસહ્ય દુઃખ નિર્હેતુક સ્નેહીજન સહન કરી શકે છે, કારણ કે તેમનો આત્મા નિર્બળ બનતો નથી. જ્યાં પોતાના સુખની અપેક્ષા છે ત્યાં આત્મબળનો અભાવ છે. જે પ્રભુ પાસેથી પોતાનું સુખ ઈચ્છે છે, તે પ્રભુના વિયોગના દુઃખને સહન કરી શકતા નથી. જે પ્રભુના સુખને જ પોતાનું સુખ માને છે, તેવા સ્નેહી ભક્તો જ વિયોગનું અસહ્ય દુઃખ સહન કરવા સમર્થ હોય છે. દિવ્ય પ્રભુપ્રેમની પરાકાષ્ઠા નિર્હેતુક સ્નેહમાં જ છે.

હવે, આગળના કવિતમાં પ્રભુને પ્રાર્થના શા માટે ન કરવી, તેસમજાવે છે.

કવિત—૧૪

પ્રાર્થના વર્જિત કહી હૈ જગદીશને,
તું તો આશા જિય કી કરત નિશ દિન રે,
આશા કો જો દાસ સો દાસ સબ જગત કો,
શ્રીમુખ શ્લોક કહ્યો એ બચન હૈ. (૧)

માનુષ કી પ્રીત કી પ્રતીતિ કરી આશા કિયે.
પાયો ઓર પાવેગો કલેશ પ્રતિ છિન રે,
ગોકુલેશ સો રતિ માન રસ સન્મુખ રહે,
તિન લોક કી મહિમા તું તૃણવત ગીન રે. (૨)

ભાવાર્થ :

જ્યાં પૂર્ણ સ્નેહ હોય, ત્યાં સ્નેહીને કશું પણ કહેવાની જરૂર પડે નહી. સ્નેહી તેને લડે તો પણ તે સ્નેહીનું કાર્ય કર્યા વિના રહે નહીં: પરંતુ જ્યાં સ્નેહી કાચો હોય છે, ત્યાં તે વિનંતી કરે છે. છતાં તેનું મનમાન્યું કાર્ય થતું નથી. તેમાં સ્વાર્થ મુખ્ય હોય છે. જ્યાં સ્વસુખ માટેનો સ્વાર્થ છે.

ત્યાં દિવ્ય સ્નેહ નથી. જેમ દૂધમાં પાણી મળેલું હોય, તોયે તે દૂધ જ દેખાય છે, કેવળ હંસ જ જાણે છે કે, દૂધમાં પાણી મળેલુ છે તેથી તે તેમાંથી દૂધ-દૂધ પી જાય છે અને પાણીને રહેવા દે છે. આવી રીતે જે જીવનો પ્રભુ પ્રત્યે સ્વાર્થી સ્નેહ છે, તેને પ્રભુ સારી રીતે જાણે છે. છતાં પ્રભુએ તે જીવનો અંગીકાર કર્યો છે, તેથી તેના સ્નેહની શુદ્ધિ કરવા માટે, લૌકિક અને અલૌકિક અગ્નિની ગરમી આપી, તેને શુદ્ધ કરે છે. આ જીવ જેટલું દુઃખ સહન કરે, તેટલું તેને ફળરૂપ બને છે. પ્રભુ પોતાના સ્નેહી ભકતના દુઃખને સહન કરી શકતા નથી, તેના મનની બધી વાતોને જાણે છે. માટે સ્નેહી ભકતે પ્રભુને કદાપિ પ્રાર્થના ના કરવી.

અહીં પ્રભુને 'જગદીશ' કહ્યા છે. તેનો અર્થ એ કે, પોતાના સ્વકીય ભકતોરૂપી જગતના તેઓ સ્વામી છે. જે જેનો સ્વામી હોય, તે વગર કહે જ પોતાના સેવકોની રક્ષા કરે અને રક્ષાની ચિંતા પણ કરે. જેમ ખેતરમાં ખેતરનો માલિક ખેતરની રક્ષા કરે, ત્યારે ખેતર પોતે પોતાના માલિકને કહેતુ નથી કે હું દુઃખી છું, ઘણુ દુઃખ સહન કરૂં છું. છતાં, ખેતરનો માલિક ખેતરની વગર પ્રાર્થનાએ રક્ષા કરે છે, તેમ ભક્તકવિ અહીં જીવને કહે છે કે, પ્રભુ પાસે પ્રાર્થના કરવામાં તું મોટી ભુલ કરી રહ્યો છે. તારે પ્રાર્થના કરવાની જરૂર જ ન હોય.

જીવ પ્રાણ ધારણ કરવા માટે, રાતદિવસ આશા રાખે છે, પરંતુ દેહ તો નાશવંત છે. દેહના સુખ માટે આશા રાખવી ઉચિત નથી, કારણ કે દેહના લૌકિક સુખમાં આખરે, તો દુઃખ જ ભરેલું છે. જ્યાં દેહનો જન્મ મરણ હોય, ત્યાં સુખ ક્યાંથી હોય? આવો મરણધર્મવાળો જીવ શરીરના સુખની આશા રાખે તે મોહ છે. મોહમાં અજ્ઞાનતા રહેલી હોય છે. તેથી જીવ પોતાનું હિત-અહિત સમજી શકતો નથી, જે દેહના

નિર્વાહ માટે અન્યની આશા રાખે, તે જગદીશનો દાસ નથી, જગતનો દાસ છે.

જ્યારે મનમાં આશાઓ ભરેલી હોય છે, ત્યારે મનમાં લોભ હોય છે. લોભના પરિણામે મન પાત્ર-કુપાત્રને સમજી શકતું નથી અને સર્વ સ્થળે રઘવાયો થઈને દોડે છે. કોઈ લૌકિક વ્યક્તિ તેના ગુરૂદેવ કે, ઈષ્ટ પ્રભુની નિંદા કરે છતાં પણ સાંભળીને તે ચૂપ રહે છે, કારણ કે તે સ્વાર્થને વશ થયેલો હોય છે. આમ કરવાથી તેનો સ્વાર્થ તો સિદ્ધ થતો નથી જ સાથે સાથે ઈષ્ટની નિંદા સાંભળવાથી સ્વધર્મ નાશ પામે છે, પ્રભુનો આશ્રય છૂટી જાય છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, બધાની આશા છોડીને પ્રભુનો દૃઢ આશ્રય રાખવો. ગીતાજીમાં પણ ભગવાને એ જ આજ્ઞા કરી કે બીજા બધાને છોડી તું કેવળ મારે જ શરણે આવ.

ભક્તકવિ વારંવાર મનને એક જ ઉપદેશ કરે છે કે, કોઈપણ પ્રકારે સમજીને, તું પ્રભુની સન્મુખ રહે અને દેહ આદિ લૌકિક વ્યક્તિઓ અને વસ્તુઓમાંથી આસક્તિ છોડી દે, જીવમાત્રમાં મોહ મમતા ન રાખ.

ભક્તકવિ અહીં શિખામણ આપે છે કે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર તદિય ભક્તો સિવાય, બીજા સૌને સામાન્ય જીવ જાણવા અને તેમની પાસેથી કોઈ આશા રાખવી નહીં. કારણ કે તેમાં અન્યાશ્રયનો દોષ થાય છે. બ્રહ્માદિક અને ઈંદ્રાદિક મોટા મોટા દેવો પણ, કાલના મુખમાં લીન થાય છે, જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે, આ બધા દેવતાઓ પણ અક્ષરબ્રહ્મમાં લય પામે છે, તો એ દેવતાઓ જીવને કાળના મુખમાંથી કેવી રીતે છોડાવી શકે? એક પુરુષોત્તમ વિના કાળના મુખમાંથી છોડાવવાનું સામર્થ્ય બીજા કોઈમાં નથી, કારણ કે કેવળ

પુરુષોત્તમ જ કાલાતિત અને કાલના નિયામક છે. તેથી કાલની સત્તા પુરુષોત્તમના અંગીકૃત ભક્તો ઉપર ચાલતી નથી.

વળી બ્રહ્મા, શિવ આદિ દેવતાઓને ભૂત, ભવિષ્યનું પૂર્ણ જ્ઞાન નથી. મહાદેવજીએ ભસ્માસુર રાક્ષસને વરદાન આપ્યું કે, તું જેના માથે હાથ ધરીશ તે બળી જશે. આવું વરદાન મળતાં જ, ભસ્માસુર વરદાન આપનાર મહાદેવજીના મસ્તકે જ હાથ ધરવા ગયો, ત્યારે મહાદેવજીને ભાગવું પડ્યું. કોઈએ તેમને મદદ ન કરી, ત્યારે તેઓ વૈકુંઠમાં ગયા. ત્યાં વૈકુંઠનાથે ભસ્માસુરને કહ્યું : 'મહાદેવજી તો ભોળા છે. તારામાં ખરેખર એ વરદાનની શક્તિ આવી છે કે કેમ, તે પહેલાં તારી જાત પર અજમાવી જો, તું તારા માથે હાથ મૂક, પછી મહાદેવજીના માથે હાથ મૂકજે.' ભસ્માસુરે પોતાના માથે હાથ મૂક્યો એટલે તે બળીને ભસ્મ થઈ ગયો. આવી જ રીતે બ્રહ્માજીએ રાવણને વરદાન આપ્યું હતું. બીજા પણ અનેકોને દેવોએ વરદાન આપ્યા હતા. તે પૈકી કોઈપણ વરદાન અચલ રહ્યું નથી. રાવણે સૌ દેવતાઓને કલેશ કરાવ્યો છે. આમ, અન્ય દેવો કે મનુષ્યો સાથે આપણા સ્વાર્થ માટે પ્રેમ રાખવો અને તેમની પાસેથી કંઈક મેળવવાની આશા રાખવી, એ અંતે દુઃખદાયક બને છે.

અહીં એક પ્રશ્ન થાય કે, જો બધા પાસેથી આશા છોડી દઈએ, તો પ્રભુની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ ? તેના જવાબમાં ભક્તકવિ ગોપાલદાસભાઈ સમજાવે છે કે, જ્યારે જીવ બધાની આશા છોડીને, પ્રભુની સન્મુખ રહેશે, ત્યારે તેને પ્રભુમાં પ્રેમ થશે. અનન્ય આશ્રય વિના પ્રભુમાં પ્રેમ થતો નથી. જ્યારે જીવ પ્રભુથી વિમુખ થઈને ભટકે છે, ત્યારે તે ક્યાંયનો રહેતો નથી. રસની રીતમાં પૂર્ણ પ્રીતિ છે, તેમાં સ્વાર્થ માટે ભક્તે પ્રભુની સાથે રસની રીત રાખવી જોઈએ. દ્રવ્યની રીતમાં જીવનો

નાયિકા સ્વપપનો ભાવ હોય છે. પ્રભુ મારા પરમ પ્રિયતમ છે. આવા ભાવથી જીવ પ્રભુમાં નિર્હેતુક સ્નેહ સહિત, રસવિલાસ કરે છે. આ શૃંગાર રસના સુખ પાસે ત્રિલોકનો વૈભવ પણ તુચ્છ છે, પ્રભુમાં જ અલૌકિક સુખ છે. પ્રભુ પૂર્ણ રસાત્મક અગણિત આનંદરૂપ છે. કરોડો બ્રહ્માંડોની દોરી તેમન હાથમાં છે. આવા પ્રભુ આપણને સ્વામી રૂપે મળ્યા છે, ત્યારે ત્રણેય લોકનો વૈભવ અને તેનું સુખ આપણા માટે તણખલા સમાન છે. 'તૃણ' શબ્દનો અર્થ અત્યંત તુચ્છ એવો થાય છે. માટે જેમનામાં દિવ્ય પ્રેમાનંદનો અપાર મહાસાગર ભર્યો છે, એવા નિત્યસખા પ્રભુને જ આપણે સ્નેહ કરવો જોઈએ જ્યારે પ્રભુમાં પ્રેમ દૃઢ થશે, ત્યારે આપણે કશું પણ કરવાનું બાકી રહેશે નહીં. કેમ કે દિવ્ય પ્રેમનો આસ્વાદ ન વર્ણવી શકાય તેવો છે. એક વખત આસ્વાદ કર્યા પછી, કોટિ ઉપાયે પણ તે સ્વાદ ભૂલાતો નથી. જેમ મધપૂડામાં રહેલી મધમાખી, ત્યાંથી બીજે જઈ શકતી નથી, તેમ, મન પ્રભુના સ્વરૂપમાધુર્યના પાનમાં ડૂબેલું રહે છે.

અહીં એક બીજો પ્રશ્ન પણ વિચારવા જેવો છે કે, પ્રભુના શરણે આવેલો જીવ આવા અપાર સુખદાતા પ્રભુને છોડીને, બીજા પાસે કેમ જાય છે? જે દૈવી જીવ લીલાધામમાંથી વિખૂટો પડયો છે, છે વિખૂટો પડતાં જ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. પ્રભુએ તેનામાંથી પોતાના છ દિવ્ય ધર્મો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય તિરોહિત કરી દીધા છે. તેથી આત્મા જીવ ભાવને પ્રાપ્ત થયો છે. ત્યારબાદ તે અનેક જન્મોના આવાગમનમાં અથડાતો રહ્યો, તેથી પોતાના દૈવી સ્વપરૂને પણ ભૂલી ગયો છે તેને એ ભાન નથી કે, દેહ અને આત્મા અલગ અલગ છે. દેહના સંબંધી સ્રી-પુત્રોને તે પોતાના માનીને તેમની મમતામાં બંધાયો છે. દૈવી જીવોનો અવિચલ સંબંધ,

કેવળ પ્રભુ સાથે છે, તેવું જ્ઞાન તેને રહ્યું નથી. દૈવી જીવો અજર અમર છે, તેનો નાશ થતો નથી. તેને જન્મ નથી, તેને મરણ પણ નથી; પરંતુ દેહ સાથે સંબંધ જોડાતા દેહમાં પોતાપણાની મમતા કરવાથી, જીવાત્માને જન્મ-મરણનું દુઃખ ભોગવવું પડે છે. જીવાત્માની આવી કરૂણ સ્થિતિ જોઈ પ્રભુને ઘણી કરૂણા ઉપજી, તેથી પોતે પૃથ્વી પર પ્રકટ થઇ, દૈવી જીવોને શરણે લીધા. શરણમંત્ર અને નિવેદનમંત્ર દ્વારા આપે પોતાની આધિદૈવિક કૃપાશક્તિનો દૈવી જીવોમાં પ્રવેશ કરાવ્યો. તે કૃપાશકિત દ્વારા, દૈવી જીવોને પ્રભુની સેવા, સ્મરણ, ગુણગાન આદિ સાધનોમાં તત્પર કરી, પોતાના સ્વરૂપાનંદનું દાન કરવાની કૃપા કરી. આમ કરવા માટે દૈવી જીવોને દેહ અને દેહ-સંબંધી સંસારથી ઉદાસીન બનાવવો જરૂરી છે. જે દૈવી જીવ પ્રભુની પ્રાપ્તિ માટે સેવા-સ્મરણ વગેરે સાધનો દ્વારા, જેટલી પ્રભુની સન્મુખ રહેશે તેટલું અલૌકિક સામર્થ્ય તેને પ્રાપ્ત થશે. આ અલૌકિક સામર્થ્યથી, પોતાના પ્રિય પ્રભુ સિવાય, તે બીજા કોઈની આશા નહીં કરે. આમ થતાં, અન્ય સૌની આશા છોડી, તે એકમાત્ર પ્રભુની જ આશા રાખીને રહેશે. ત્યારે પ્રભુ કૃપા કરીને તે જીવને, પોતાના સ્વરૂપમાં પ્રેમ ઉત્પન્ન કરશે. પ્રભુમાં આવો પ્રેમ થતાં જ, તે જીવમાં અપાર શકિત પ્રકટ થશે. લીલાધામમાંથી વિખૂટો પડતાં, તેનું જે અલૌકિક સામર્થ્ય તિરોહિત થયું હતું, તે પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થતાં, પાછું પ્રાપ્ત થશે. આ પ્રેમની શકિતથી તે લોક, વેદનો ત્યાગ કરી, પ્રભુમાં પોતાનો પ્રેમ વધતાં આસકિત, વ્યસન અને તન્મયતાની દશાને પ્રાપ્ત કરશે અને અંતે જેમનાથી અસંખ્ય વર્ષોથી છૂટો પડ્યો છે, તે પ્રભુને ફરી પ્રાપ્ત કરશે.

આથી દૈવી જીવોએ બીજી આશા છોડી, પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય તે માટે, તેમની સન્મુખ રહેવું. પ્રભુમાં પ્રેમ [illegible]

પોતાની અદ્ભુત શક્તિથી પ્રભુને સુગમતાથી મેળવી આપે છે. જેમ લોહચુંબક લોઢાને ખેંચે છે; તેમ પ્રભુમાં ઉત્પન્ન થયેલો પ્રેમ, પ્રભુ તરફ આપણને ખેંચે છે. તે માટે પછી કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.

દિવ્ય પ્રભુપ્રેમનો અદ્ભુત મહિમા નીચેના દોહાઓમાં વર્ણવેલ છે :—

પ્રેમ પ્રગટ જબ હોયહૈ ભૂલે જગત કો ભાન,
તું તું તું રહી જાય હૈ, હું કો મીટે નિશાન.
પ્રેમ ધામ પ્રીતમ વસે, પ્રીતમમેં રહે પ્રેમ,
દોનો એક સ્વરૂપ હૈ તહાં નહીં કોઈ નેમ.
પ્રેમ પયોધિ જો ડૂબે બને પ્રેમકો રૂપ,
રસાદ્વૈત યાકું કહે રહે ન ભિન્ન સ્વરૂપ.
જે દૃગ હરિ રંગ રંગીયા હૃદયમેં હરિ આપ,
નભ જલ અવની અનલ અનીલ સોમાં શ્યામકી છાપ.
પ્રેમ અગમ્ય અનુપમ અમીન સાગર સરીસ બખાન,
જો આવત યહી ઢિંગ બહુરી જાત નહિ રસખાન.
જગમેં સબ જાન્યો પરે અરૂ સબ કહે કહાય,
પે જગદીશ અરૂ પ્રેમ યહ દોઉ અકથ લખાય.
જેહી બિનુ જાને કછુ હી નહીં જાન્યો જાત વિશેષ,
સોઇ પ્રેમ જેહી જાનકે રહી ન જાત કછુ શેષ.
પ્રેમ હરિ કો રૂપ હૈ ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ,
એક હોય વ્હે યો લસૈ જ્યોં સૂરજ અરૂ ધુપ.
હરિ કે સબ આધિન પે હરિ પ્રેમ આધિન,
યાહીતે હરિ આપુહી યાહી બડપ્પન દીન.
તૃણ સમ સબ હૈ જાય પ્રભુતા સુખ ત્રિલોકકે,
યહ જાને મન માહી રંચક ઉપજે પ્રેમ જબ.

આવા દિવ્ય પ્રભુપ્રેમના મહિમાનો પાર પામી શકાતો નથી. આવા દિવ્ય પ્રેમની વ્યાખ્યામાં, સર્વસંમત નિર્ણય પણ રસિક કવિઓ કરી શક્યા નથી; કારણ કે, પ્રભુનું સૌંદર્ય પ્રતિક્ષણ નૂતનતાને ધારણ કરનારૂં છે. જેમ સમુદ્રમાં પ્રતિક્ષણ નવાં મોજાં ઉછળે છે, તેમ પ્રભુના રૂપ લાવણ્યરૂપી સમુદ્રમાં પણ પ્રતિક્ષણ નવા ભાવતરંગો પ્રકટે છે. આ તરંગોમાં કવિઓની પરિભાષા વિલિન થઈ જાય છે. તેઓ તેનો નિર્ણય કરી શકતા નથી. આ પ્રેમમાર્ગ–પુષ્ટિમાર્ગમાં આવીને, જે દૈવી જીવોએ આવો દિવ્ય પ્રભુપ્રેમ પ્રાપ્ત કર્યો છે, તેમનું જ જીવન ધન્ય છે.

કવિત – ૧૫

ઉદ્યમ કરનો હે કહા તોહી લૌકિકકો,
અબ અલૌકિક દીયો સોઇ ઉર ગહી રે.
ઉદ્યમ અલભ્ય વસ્તુકો કરનો હે જીય,
સુગમ ઓર સુલભ હે સોઇ શિખ લહી રે. (૧)

શ્રીગોકુલેશજુને કીયો હે લૌકિક દૂર,
સોઈ ચિત્ત આની અબ ભૂલ્યો જીત વહી રે;
શ્રીમુખ તે વચન પ્રકટ કરિ કહ્યો સોઈ,
તાહી આન અંતરમેં નીકો કર ગહી રે. (૨)

ભાવાર્થ :

જેમ સંસારી લોકો સંસારના ઉદ્યમમાં રચ્યાપચ્યા રહે છે, તેવું ભગવદીયો માટે હોતું નથી. ભગવદીયો માટે તો, શ્રીઆચાર્યચરણ '**ભક્તિવર્ધિની**' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : 'અવ્યાવૃત્ત બનીને પ્રભુનું સેવન કરવું,' એ મુખ્ય સિદ્ધાંત છે. જેમ શ્રી પદ્મનાભદાસજી શ્રીભાગવત કથાની વૃત્તિ કરતા હતા. તે છોડીને તેમણે શ્રીમથુરેશજીનું સેવન કર્યું. અને શ્રીગદાધરદાસજી અવ્યાવૃત્ત થઈને પ્રભુનું સેવન કરવા લાગ્યા. એમ

અન્યાવૃત્ત થઈને પ્રભુનું સેવા – સ્મરણ – ગુણગાન અહર્નિશ કરતાં કરતાં, ભગવદ્સન્મુખ રહેવું એ મુખ્ય સિદ્ધાંત છે.'

જો ભક્તને અન્યાવૃત્ત રહેવામાં વિશ્વાસ ન બેસે કે, મારો લૌકિક નિર્વાહ કેવી રીતે થશે ? એવી ચિંતા હોય તેમને માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : 'તેવા જીવોએ વ્યાવૃત્તિ કરવી, પરંતુ વ્યાવૃત્તિ કરતી વખતે ચિત્તને, પ્રભુમાં લગાડેલું રાખવું, પ્રભુને ભૂલવા નહીં.'

ઉત્તમ કક્ષાના ભગવદીયોને જે ચિંતા થાય છે, તે તો અલૌકિક હોય છે. લૌકિક કાર્ય કરવામાં પ્રભુને હું નહીં ભૂલી જાઉં, એવી ચિંતા ભગવદીયોને થાય છે. સાધનદશાવાળા જીવના મનમાં ચંચળતા હોય છે, કારણ કે પ્રભુના સ્વરૂપમાં તેમને પૂર્ણ આસક્તિ થઈ નથી. તેથી લૌકિક કાર્ય કરતી વખતે, પ્રભુમાં મનની સ્થિરતા રહેતી નથી માટે તેમને ચિંતા થાય છે. સ્વરૂપ આસક્તિ દઢ થયા પછી લૌકિકનાં બધાં કાર્યો અનાસક્ત ભાવથી થાય છે, તેથી તે બંધનરૂપ બનતાં નથી. જેમ શ્રીગોપીજનો તેમના ઘરમાં કાર્યો કરતી વખતે, પ્રભુની લીલાનાં ચરિત્રોનું સ્મરણ કરતાં હતાં, તેમ લૌકિક કાર્યો કરતી વખતે પ્રભુનું સ્મરણ કરવાથી, લૌકિક બાધકરૂપ બનતું નથી. કોઇપણ પ્રકારે મન અને ચિત્તને, પ્રભુમાં લગાવેલું રાખવું, એ જ સિદ્ધાંત છે.

આગળ એવા પણ ભગવદીયો થઈ ગયા કે, જેમણે લૌકિક ઉદ્યમ કર્યો છે, છતાં, તેમના સેવ્ય સ્વરૂપે, તેમને સાક્ષાત્ અનુભવ કરાવ્યો છે, તેમની પાસેથી માગી – માગીને આરોગ્યું છે. તેમનામાંના એક ૮૪ વૈષ્ણવ પૈકીના રામદાસજી હતા. રામદાસજી જળ પણ અપરસમાં લેતા. તેમણે વણકરોને વ્યાજે પૈસા આપેલા, તેમાંથી તેઓ નિર્વાહ કરતા. તેમના સેવ્ય સ્વરૂપે આજ્ઞા કરી કે : 'મને વણકરના ભરોંસે રાખશો ?' ત્યારે

રામદાસજીએ વેપાર છોડી, અવ્યાવૃત્ત બની સેવા કરી. ઘરનું બધું દ્રવ્ય ખર્ચાઈ ગયું. ત્યારે વાણિયાનું દેવું કરી સેવા કરી. દેવું ચૂકવવાનું દ્રવ્ય પણ, તેમની પાસે ન રહ્યું, તેથી તેમની દુકાન પાસેથી નીકળતાં પણ તેમને શરમ આવતી. ત્યારે શ્રીઠાકોરજીએ પધારી તેમનું દેવું ચૂકવ્યું. આથી રામદાસજીના મનમાં ધિક્કારની લાગણી થઈ. તેમણે સિપાઈગીરી શરૂ કરી. ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે : 'રામદાસ, તને ધન્ય છે. તેં પ્રભુને શ્રમ નથી કરાવ્યો.' તેમના સેવ્ય સ્વરૂપે તેમને ઉદ્યમ ઉદ્યમ કરતાં ઠપકો આપ્યો અને શ્રીઆચાર્યચરણે તેમને ઉદ્યમ કરતાં જોઈ પ્રસન્નતા વ્યકત કરી. તેનું કારણ એ છે કે પ્રભુ તો અત્યંત કોમળ સ્વભાવના છે. તેઓ પોતાના ભકતોનું દુઃખ જોઇ શકતા નથી, પરંતુ, તે સ્નેહની રીત નથી કે, પોતાને માટે પ્રભુ પાસે શ્રમ કરાવવો. તેથી રામદાસજીએ સ્નેહની રીતથી નોકરી કરી અને પ્રભુનો શ્રમ છોડાવ્યો. આથી શ્રીમહાપ્રભુજીએ તેમને ધન્યવાદ આપ્યાં. આમ, પ્રભુનું સ્મરણ કરતાં ઉદ્યમ કરવાથી, પ્રિય પ્રભુનું ક્ષણે-ક્ષણે સ્મરણ થતું રહે છે. સાથે સાથે પોતાના વિષે ધિક્કારની લાગણી થાય છે કે, હું લૌકિક કિચડમાં પડયો છું. આવો તાપ-ક્લેશ પણ લૌકિક ઉદ્યમ દ્વારા કરતા રહેવું જોઈએ. ઉદ્યમ દ્વારા મેળવેલી ઉત્તમ વસ્તુ પ્રભુને અર્પણ કરવી. અને તે દ્વારા ભગવદીયોની પણ ટહેલ કરવી. વૃક્ષની જેમ પરમાર્થયુક્ત જીવન જીવવું. આવી રીતે લૌકિકમાં રહેવાથી ભક્તનો બગાડ થતો નથી.

જે વિરક્ત બનીને ઘેર ઘેર માગીને ખાતો ફરે, દ્રવ્યનો સંગ્રહ કરે અને પ્રભુમાં અંશ જેટલી પણ આસક્તિ ન હોય, તો એવો ત્યાગ વ્યર્થ છે. વ્યસન અવસ્થામાં દેહના અનુસંધાનની વિસ્મૃતિ થતાં, કેવળ પ્રભુના અર્થે જે ત્યાગ થાય છે, તે ફળરૂપ છે. માટે, જ્યાં સુધી સ્વરૂપાસક્તિ દૃઢ ન થાય, ત્યાં સુધી

લૌકિકમાં રહીને, પ્રભુની સન્મુખતા ન છુટે એમ નિર્વાહ કરવો.

એક વખત સંતદાસજીએ શ્રી ગોકુલેશ પ્રભુને પૂછયું કે : 'મહારાજ, ભગવદીયો વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે. તેમને તે બાધક થાય કે નહીં ?' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'એક વખત પિતૃચરણ શ્રી ગુસાંઈજીએ કહ્યું હતું કે ઉત્તમ ભગવદીયો લૌકિકમાં જે-કંઇ કાર્ય-વ્યાવૃત્તી કે ઉદ્યમ કરે છે, તે પ્રભુના માટે કરે છે. તેથી તેમને તે બાધક થતો નથી. અગ્નિની એક ચિનગારી લાકડાને અને રૂને ભસ્મ કરી નાખે છે, તેમ વ્યાવૃત્તિ કરતી વખતે વારંવાર ભગવદ્નામ લેવામાં આવે તો થયેલા અપરાધોનો નાશ થાય છે. પરંતુ લૌકિક વ્યાવૃત્તી કરતાં પ્રભુ સાથે સાચો સંબંધ હોવો જોઇએ, જો પ્રભુ સાથે સંબંધ ન હોય તો બધું વિષ સમાન છે.'

અહીં અધિકારભેદનો વિચાર કરવા જેવો છે. અધિકારભેદે ભકતો ત્રણ પ્રકારના-ઉત્તમ, મર્યાદા અને કનિષ્ટ અથવા શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા અને પુષ્ટિ પ્રવાહ. શુદ્ધ પુષ્ટિ ભકતનો અધિકાર સૌથી ઉંચો છે, તેમને પ્રભુના સાક્ષાત સ્વરૂપ વિના બીજું બધું બાધક છે. પ્રિય પ્રભુમાં જ તેમનો પૂર્ણ પ્રેમ રહેલો હોય છે. તેથી પ્રભુ વિના તેઓ બીજું કશું ચાહતા નથી. પ્રભુને માટે દેહ-ગેહ વગેરે બધાનો ત્યાગ કરે છે, રાતદિવસ પ્રભુનું જ સ્મરણ-ધ્યાન કરે છે. પ્રભુના વિયોગની એક ક્ષણ એક યુગ જેવી દુઃખદાયક લાગે છે. આથી તેઓ હંમેશા વિકલતા અને અસ્વાસ્થયની સ્થિતિમાં રહે છે. આવા શુદ્ધ પુષ્ટિ ભકતોનું રક્ષણ કરવા પ્રભુ પોતે તેમની પાછળ પાછળ ફરે છે આવા ભકતોને પોતાના દેહના નિર્વાહની કોઈ ચિંતા હોતી નથી. આવા શુદ્ધ પુષ્ટિ ભકતો અત્યંત દુર્ભ છે .

પુષ્ટિ પુષ્ટિ ભકતોની પણ જ્યારે વ્યસન દશા થાય છે, ત્યારે તેમનાથી લૌકિક વ્યવહાર નભતો નથી. પ્રભુ આવા ભકતોનું

પણ રક્ષણ કરે છે. વ્યસન અવસ્થામાં આવા ભકતોને પોતાના દેહનિર્વાહની ચિંતા હોતી નથી.

પુષ્ટિ મર્યાદા અને પુષ્ટિ પ્રવાહ ભકતો સંસારમાં રહે છે. તેમને વ્યાવૃત્તિ કરવી પડે છે. એટલો તેમનો અધિકારભેદ છે.

શુદ્ધ પુષ્ટિમાર્ગ રસરૂપ છે. તેમાં સેવા અને કથા બંને કરવી. આમ કરતાં કોઈ વાતનો ઉદ્વેગ હોય તો ભગવદ્‌સ્વરૂપ હ્રદયારૂઢ થતું નથી. ઉદ્યમ કર્યા વિના દેહનિર્વાહ થતો નથી. ભુખ, તરસ, ઉંઘ વગેરે અધ્યાસ છૂટતા નથી. માટે અગાઉ પણ ભગવદીયોએ ઉદ્યમ કર્યો છે. આ સ્થિતિમાં જે પ્રકારે ભગવદ્‌ સન્મુખતા છૂટે નહીં, તે પ્રકારે ઉદ્યમ કરવો. આ ઉદ્યમ કરવાની વાત શુદ્ધ પુષ્ટિ ભક્ત માટે નથી, કારણ કે શુદ્ધ પુષ્ટિ ભકતને તો પ્રભુ જ બધા પ્રકારની અનુકૂળતા સિદ્ધ કરી આપે છે. તેથી તેમને દેહનિર્વાહની ચિંતા રહેતી નથી. તેમના માટે પ્રભુની પ્રાપ્તિ જ એકમાત્ર ઉદ્યમ છે.

અલભ્ય વસ્તુ કેવળ પુરૂષોત્તમનું જ સ્વરૂપ છે. તે સાધન સાધ્ય નથી, તે કૃપાથી જ પ્રાપ્ત થાય છે. અહીં કોઈ શંકા કરે કે જે વસ્તુ અલભ્ય હોય તેને માટે ઉદ્યમ કેવી રીતે કરવો? ત્યાં કહે છે કે, જો સ્નેહ આરતી સાથે પ્રિયના મિલનની અભિલાષા રાખવી, નિઃસાધન દીનતાપુર્વક નિરંતર પ્રભુનું ધ્યાન કરવું. મનને એમાં જ લગાડવું. પ્રભુ વિના એક ક્ષણ પણ રહી ન શકાય, એવો વ્યસન ભાવ જ્યારે થાય, ત્યારે અલભ્ય એવું ભગવદ્‌સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તેથી કેવળ પ્રભુના મિલનની અભિલાષા રાખીને, નિરંતર વિરહતાપપૂર્વક પ્રભુનું સ્મરણ–ધ્યાન કરવું. પ્રભુ અત્યંત દયાળુ છે. જેમ ગાય ઘાસ ચરવાના લોભે પ્રભુથી દૂર ચાલી જાય, ત્યારે પ્રભુ તેની પાછળ પાછળ પધારે છે, કારણ કે, આપ ગાયોના રક્ષક છે, તેવી રીતે અંગીકૃત જીવ લોભથી વશ થઈ, પ્રભુને ભૂલી જાય અને સંસાર સુખમાં આસક્તિ

કરે, ત્યારે પ્રભુ તેની સંસારાસક્તિ છોડાવી, તેના મનને પોતાનામાં લગાડે છે. આવા દયાળુ પ્રભુ ભક્તનો અંગીકાર કરી, વિના પ્રયાસે, તેને સર્વ સિદ્ધ કરી આપે છે. માટે હે જીવ, તું પ્રભુને ભૂલીશ નહીં.

પુષ્ટિપ્રભુ કર્તુંમ, અકર્તુંમ, અન્યથા કર્તુંમ સમર્થ છે. એવું જ્ઞાન જ્યારે થાય, ત્યારે ચિંતા રહેતી નથી, તે વાત આગળના કવિતમાં બતાવવામાં આવી છે.

કવિત-૧૬

પ્રબલ પ્રતાપ મહારાજ ગોકુલેશજુ કો,
જાની ઉર આની ફિર બહુત તુ કીત રે,
લોક પરલોક ચિંતા કાહુ ભાંતિ કરે મતિ,
એસો યહ બચન કહ્યો ભર હિત રે. (૧)
અપુનિ અજ્ઞાનતા તેં હોય તે અધીર અતિ,
કરત વિચાર ભૂલ્યો ડોલે જિત તિત રે.
કોન તુ હતો કહા કિયો પ્રભુ તોહિ,
અબ કરની હૈ તોહિ સોઇ કરની ઉચિત હૈ. (૨)

ભાવાર્થ :

પ્રભુનો પ્રબળ પ્રતાપ કેવો છે? પ્રભુ કર્તુંમ, અકર્તુંમ અન્યથા કર્તુંમ એવા સામર્થ્યવન છે. વળી અનંત ગુણગંભીર છે, અગણિત આનંદરૂપ છે, અદ્ભુત સ્વરૂપમાધુર્યવાળા છે, દયાળુતાની અવધિ છે, ઉદારતાની સીમા નથી, મધુર મધુર ભાષણ કરનારા છે, મેઘગંભીર વાણી છે. વાણી પણ રસાળ છે, અગણિત સ્નેહથી વશીકરણ કરનારા છે. સામી વ્યક્તિના મનના ગૂઢ આશયને જાણનારા છે, પરાકાષ્ઠાયુક્ત રતિ માણનારા છે. સ્વતંત્ર છે, નિરંકુશ છે, જીવના અલ્પ ગુણગ્રાહી છે, કૃપાના ઈશ છે. આવા--આવા અનંત દિવ્ય ગુણોનો પ્રતાપ જાણીને

અને હૃદયમાં ધારણ કરીને, તે આવા પ્રભુનો સાક્ષાત્ અનુભવ કર્યો છે, છતાં તું કેમ બીજે ભટકે છે ?

સાંભળેલી વાતમાં કદાચ સંદેહ થાય, પરંતુ જોયેલી વાતમાં સંદેહ કેવો ? પ્રભુએ તારા ઉપર કૃપા કરવામાં કોઈ કસર રાખી નથી. તારા લોક પરલોકની ચિંતા દૂર કરી છે. આવા પ્રભુએ શ્રીમુખથી તને આજ્ઞા કરી છે કે, તું કોઈપણ પ્રકારની ચિંતા કરીશ નહીં. જે કોઈ તેમની પ્રાર્થના કરે છે, તેનું હિત કરનાર છે. આ તો સાધારણ હિત છે, પરંતુ આપ પોતે કૃપાને વશ થઇ, કરૂણા કરી જીવનું હિત વિચારે છે, ત્યારે સ્વમુખે આજ્ઞા કરે છે કે, તું ચિંતા ન કર. પોતાના પ્રમેયબળનો વિચાર કરીને આપે આવાં વચનામૃત કહ્યાં છે, તેથી તેમાં તું વિશ્વાસ રાખ.

શ્રીગોપાલદાસજી અહીં સમજાવે છે કે, ચિંતા બે પ્રકારની હોય છે. પહેલી ચિંતા એ કે શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખથી વાચનામૃત કરી સમાધાન કર્યું. પછી પ્રભુ લીલામાં પધાર્યા ત્યારે વિયોગ થતાં અપાર દુઃખ થયું. ત્યારે વિયોગમાં પ્રભુના રસાત્મક ગુણોનો અનુભવ કરતાં કરતાં દિવસ વ્યતીત થવા લાગ્યા. પ્રભુએ લૌકિક નાટક રચી, સુખદુઃખ બધાનો અંગીકાર કરવાનું વિચાર્યું, ત્યારે લીલામાં પધારતાં પહેલા પંદર દિવસ મૂર્છાનો અંગીકાર કર્યો. તે વખતે શ્રીગોપાલદાસજીનાં પત્ની જયાદે, જેઓ અલૌકિક સ્નેહની અવધિરૂપ હતાં, તેમને એક ક્ષણના વિયોગમાં સતયુગનું દુઃખ થયું. એવા જયાદેએ પ્રભુના સ્વધામ પધારતાં પહેલાં પ્રવેશ કર્યો. આથી આવા સ્નેહી ભગવદીયનો સંગ છૂટયો. પછી પોતાના સર્વસ્વ એવા પ્રભુનો વિયોગ થયો. આમ થતાં શ્રીગોપાલદાસજીને છોડીને આપ લીલામાં પધાર્યા. ત્યારે ગોપાલદાસજીને ઘણી [illegible] તેમને અલૌકિક ચિંતા થઇ કે. પ્રભુ તેમની પાસે મને

ક્યારે બોલાવશે ? તેમને બીજી લૌકિક ચિંતા થઈ કે, લૌકિક વ્યવહાર આ સ્થિતિમાં છૂટી ગયો છે. લૌકિકમાં દ્રવ્ય વિના નિર્વાહ થવો કઠણ છે. પ્રભુના પધારવાથી લૌકિકમાં મનની સ્થિરતા રહેતી નથી. તેથી લૌકિક વ્યવહાર પણ સિદ્ધ નહીં થાય.

પ્રભુના સાન્નિધ્યમાં તેમની સ્વરૂપમાધુરીનો અનુભવ થયો હોય છે. પ્રભુના વિયોગમાં પ્રભુના ગુણગાન દ્વારા નિર્વાહ કરવો અસહ્ય હોય છે; પરંતુ પ્રભુ પોતાના વિયોગમાં રસાત્મક ગુણોથી નિર્વાહ કરાવે છે. તેનું કારણ એક જ છે કે તેમના અનુભવના અંકરૂપી ગ્રંથ પ્રકટ કરાવવો છે, જીવના હિત માટે લીલારસનો ગ્રંથ પ્રકટ કરાવવો છે. આ કાર્ય માટે જ, પ્રભુએ શ્રીગોપાલદાસભાઈને પૃથ્વી પર રાખ્યા છે. તેથી તેમને પ્રભુ પધારતાં એ પ્રકારની ચિંતા થઈ.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આવા મોટા ભગવદીયને ચિંતા કેમ થઈ ? ત્યાં કહે છે કે, વિપ્રયોગ સમયમાં પ્રભુ ભગવદીયોનો નિર્વાહ રસાત્મક ગુણો દ્વારા કરાવે છે. તેનો અનુભવ કરીને જીવો માટે હિતના ગ્રંથો પ્રકટ કરાવવાની પ્રભુની ઈચ્છા છે. અનુભવ વિના, આ ગ્રંથ પ્રકટ ન થાય અને થાય તો તે કેવળ શિખામણરૂપ હોય, તેમાં સૌનો પૂર્ણ વિશ્વાસ ન બેસે. શાસ્ત્રનો અભ્યાસ કરીને, બુદ્ધિની ચતુરાઈથી કરેલો ગ્રંથ લૌકિકવત્ છે, તેથી વિપ્રયોગ દ્વારા રસાત્મક ગુણોનો અનુભવ કરાવીને, શ્રીગોપાલદાસજી મારફત, ગ્રંથો દ્વારા રસ પ્રકટ કર્યો છે. આમ સ્વકીય જનોના પોષણ માટે તેમને ભૂતલ પર રાખ્યા છે. પ્રભુના આ અભિપ્રાયને ન જાણનારા અજ્ઞાની છે. તેથી શ્રીગોપાલદાસજી કહે છે કે, તું તો પ્રભુનો અભિપ્રાય જાણનાર છે, માટે અધીર બનીશ નહીં.

હવે શ્રીગોપાલદાસભાઈ મંદ અને મધ્યમ દુઃખનો પ્રકાર બતાવે છે. જીવ પોતાની અજ્ઞાનતાથી અધીરો બને છે. શ્રાગે

ક્ષણે વિચાર કરે છે, ભૂલતો-ભમતો ફરે છે મનમાં સંકલ્પ-વિકલ્પ કરવાનો તેનો સ્વભાવ છે, આગળ-પાછળનું કશું જાણતો નથી, જરા પણ દુઃખ સહન કરી શકતો નથી, ઘણો કાયર છે, તુચ્છ ફળની ઈચ્છા કરનારો છે. દરિદ્ર પુરૂષને એક રૂપિયો મળતાં તેમાં સુખ માને અને તેનુ અભિમાન કરે તેવો છે. ક્ષણમાં પોતાને રાજા સમાન ગણે છે, ક્ષણમાં પોતાને ભિખારી માને છે. છતાં, પ્રભુ આવા જીવને પોતાના સમાન બનાવવા વિચારે છે, ત્યારે વિપ્રયોગનો અનુભવ કરાવે છે. જેમ માટીના કાચા ઘડાને અગ્નિથી પકવવામાં આવે છે, ત્યારે તેમાં જળ ભરાય છે, તેમ પ્રભુનું સ્વરૂપ રસનો સમુદ્ર છે. તેને ધારણ કરવા માટે, વિપ્રયોગ જરૂરી છે. વિપ્રયોગના અગ્નિથી હૃદયરૂપી પાત્ર પૂર્ણ રસ માટે તૈયાર થાય છે. પછી પ્રભુ તેને સાક્ષાત્ અગણિત આનંદનો અનુભવ કરાવે છે. આવા મહાન ફળનો અનુભવ કરાવવા માટે પ્રભુ તેને વિપ્રયોગનું દાન આપે છે.

પ્રભુએ જ્યારે તારો અંગીકાર નહોતો કર્યો, ત્યારે તું મહા અધમ ૮૪ લાખ યોનિના ફેરામાં ભટકતો હતો. તું અતિ અપરાધી હતો. પ્રભુએ તને પોતાનો જાણીને ઉત્તમ કુળમાં જન્મ આપ્યો, પછી શુદ્ધ પુષ્ટિમાર્ગમાં શ્રીઆચાર્યજી દ્વારા અંગીકાર કરી રસરીતથી પોતાના પ્રમેય સ્વરૂપનું દાન કર્યું. હવે તારે કશું પણ કરવા જેવું ન રહ્યું, અથવા તારી કૃતાર્થતામાં કોઈ સંદેહ રહ્યો નથી. પ્રાણપ્રભુએ તારો સ્વીકાર કર્યો તેથી તારાં લૌકિક-અલૌકિક સર્વ કાર્યો સિદ્ધ થઈ ચૂક્યાં છે. હવે બ્રહ્માસ્ત્રની જેમ વિશ્વાસ રાખી, પ્રભુનાં વચનામૃતોનું પાન કર, નેત્રોમાં પ્રભુની સ્વરૂપમાધુરીને ભરી દે, આસક્તિપૂર્વક રાતદિવસ પ્રભુની સન્મુખ રહે, કોઈપણ પ્રકારની ચિતા કરીશ નહીં.

વિપ્રયોગના સમયમાં પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો નથી, પરંતુ સંયોગ સમયે પ્રભુના સ્વરૂપનો જે સાક્ષાત્ અનુભવ થયો છે, તે વિપ્રયોગમાં માનસી ભાવના કરી, જીવનનિર્વાહ કરવો જોઈએ. વિપ્રયોગ અવસ્થા તાપાત્મક છે. તેમાં ધીરજ રહેતી નથી. ક્ષણ ક્ષણમાં પ્રભુને મળવાની વ્યથા હૃદયમાં ભરાઈ આવે છે. તેથી જ સ્વાસ્થ્ય રહેતું નથી. આ સમયે પ્રભુના ભાવાત્મક સ્વરૂપની ભાવના કરી, મનનો પૂર્ણ નિરોધ કરવો. પ્રભુના ભાવાત્મક સ્વરૂપમાં મનનો પૂર્ણ નિરોધ થાય, ત્યારે પૂર્ણ રસપાત્રતા સિદ્ધ થાય છે. આ માટે કૃપાપાત્ર ભગવદીયોને, વિપ્રયોગનું પ્રભુ દાન કરે છે. પ્રભુનો અતિશય અનુગ્રહ જ આમાં જણાય છે.

હવે આગળના કવિતમાં શ્રીગોપાલદાસજી એમ સમજાવે છે કે, અંગીકૃત ભક્તો માટે, પ્રભુ પોતાની ઈચ્છાથી જ, સર્વ કાર્યો સિદ્ધ કરે છે.

ક વિ ત — ૧૭

તેરો તો વિચાર્યો નહીં હોત હે એક છિનુ
હોત હે ઇચ્છા કો કિયો ઇચ્છા કછુ ન્યારી હે,
તોહે નહીં જ્ઞાન હિત હાનિ કછુ જાનત નાહીં,
ન જાનત હે ઇચ્છા તેરે અતિ હિતકારી હે. (૧)
ઇચ્છા હી કો કિયો સબ માન લે ચઢાય શિશ,
સમજ મન હી મન યામેં સુખ ભારી હે.
ઇચ્છા કે આધીન તું વલ્લભ આધીન ઇચ્છા,
સોઈ સબ હોયગો જો વલ્લભ વિચારી હે. (૨)

ભાવાર્થ :

એક શંકા થાય કે બ્રહ્માદિક દેવતાઓથી ભગવદ્‌ભક્ત મોટા છે. શ્રીપ્રભુએ પણ એમ જ કહ્યું કે, મારાથી પણ મારા

ભકતો અધિક છે. શ્રીભાગવતમાં રાજા અમરિશને દુઃખ આપવા માટે દુર્વાસાએ કૃત્યા ઉત્પન્ન કરી, ત્યારે શ્રીપ્રભુએ રાજાના રક્ષણ માટે, સુદર્શન ચક્ર મોકલ્યું હતું. તે ચક્ર દુર્વાસાની પાછળ પડ્યું. તેનું તેજ દુર્વાસાને બાળવા લાગ્યું. કેમકે વગર અપરાધે તેમણે રાજાને દુઃખ આપ્યું હતું. દુર્વાસા બ્રહ્મલોક, શિવલોક વગેરેમાં ફરી આવ્યા, પણ કોઈ તેમનું રક્ષણ કરી શક્યું નહીં. પછી વૈકુંઠમાં પણ ગયા. ત્યાં વૈકુંઠનાથે પણ આજ્ઞા કરી કે : 'તમે રાજા પાસે જાઓ. તે જ તમારી રક્ષા કરશે. હું તો ભકતનો પણ દાસ છું. મારા દાસને આધીન છું.' રાજાએ દુર્વાસાની રક્ષા કરી. તેથી સૌથી મોટા ભકત છે, તો તેમનું વિચાર્યું કેમ ન થાય ? તેના જવાબમાં કહે છે કે, દેવતાઓ વિષે આપણે ઈશ્વરભાવ રાખીએ છીએ અને ભકત વિષે જીવધર્મ રાખીએ છીએ. દેવતાઓમાં અભિમાન છે અને તેઓ વિષયાસકત છે. તેમને ગરજ પડે છે અથવા દુઃખ આવી પડે ત્યારે તેઓ પ્રભુનું સ્મરણ કરે છે. પછી દુઃખ દૂર થતાં તેઓ પ્રભુને ભૂલી જાય છે. દેવતાઓ ભગવાનથી લડયા પણ છે. જયારે પારિજાત વૃક્ષ લેવા ભગવાન સ્વર્ગમાં ગયા, ત્યારે ઈંદ્ર પ્રભુ સાથે લડયો હતો. બાણાસુરની દીકરી અનિરૂદ્ધ સાથે સ્વપ્નમાં પરણી, પછી ચિત્રલેખા અનિરૂદ્ધજીને દ્વારકાથી લઈ આવી, ત્યારે ભગવાન સાથે બાણાસુરે યુદ્ધ કર્યું હતું. તે વખતે બાણાસુરનો પક્ષ લઈને મહાદેવજી ભગવાન સામે લડયા હતા. આથી સિદ્ધ થાય છે કે દેવતાઓમાં ભકિત નથી અને દીનતા પણ નથી, તેઓ સ્વાર્થી છે.

ભકતમાં જીવ ભાવ છે, તેથી ભૂત-ભવિષ્યની ખબર તેને નથી. જો ભૂત-ભવિષ્યની ખબર ભકતને રહે, તો ભકતનું જગતમાં માહાત્મ્ય વધે. આમ થતાં દાસભાવ રહે નહીં. માહાત્મ્ય વધતાં સ્નેહ પણ ન રહે. અને પ્રભુ તો હંમેશાં ભકતની પાછળ પાછળ

તેની રક્ષા કરતા ફરે છે, ભક્તને શિખામણ આપવા માટે જ દુઃખ આપે છે અથવા તેની દીનતા બનાવી રાખવા માટે પણ દુઃખ આપે છે.

લીલામાં ભક્તને મહારસનો અનુભવ થયો હતો, તેથી તે કંઈક રસમત્ત બનીને, બીજા ભક્ત સાથે ઘર્ષણમાં આવ્યો. બીજા ભક્તની તેને ઈર્ષા થઈ. આવો દોષ થવાથી રસની હાનિ થઈ. શ્રીમહાપ્રભુજી રાસપંચાધ્યાયીનાં સુબોધિનીમાં આજ્ઞા કરે છે કે, ભકતમાં જ્યાં સુધી ઈર્ષાભાવ હતો, ત્યાં સુધી પ્રભુ પ્રકટ ન થયા, જ્યારે તેમણે થાકીને રૂદન કર્યું ત્યારે પ્રકટ થઈ રસદાન કર્યું. તેથી પ્રભુ ભકતને ઈશ્વરતા આપતા નથી. ઈશ્વરતા મળતાં મહારસ પ્રાપ્ત થતો નથી.

ભક્ત પોતાની અપકવ દશામાં પ્રભુને પ્રાર્થના કરે, ત્યારે પ્રભુ તે સ્વીકારતા નથી, કારણ કે, પ્રભુ પોતાના ભકતને હીરો આપવાનો વિચાર કરતા હોય, ત્યારે જીવ કાચનો ટૂકડો માગે છે. તેમાં જીવની અજ્ઞાનતા છે, પરંતુ પ્રભુ મોટા હિતકારી છે, મહાન સ્નેહી છે. તેથી તેઓ જીવ શું વિચારે છે, તે તરફ ધ્યાન આપતા નથી, કારણ કે પ્રભુ તો પોતાનું સર્વસ્વ તેને આપીને, તેના વશ બનીને રહેવા ઈચ્છે છે, આમ, સાક્ષાત સંબંધ થતાં પ્રભુ હંમેશાં ભક્તના અધીન બને છે. ભકતના હૃદયમાં કોઈપણ મનોરથ પ્રકટ થાય છે, તે પહેલાં જ તે મનોરથને સિદ્ધ કરે છે.

લીલામાંથી વિખૂટો પડેલો દૈવી જીવ, પોતાના આધિદૈવિક સ્વરૂપના જ્ઞાનને ભૂલી ગયો છે. પ્રભુના મહાન અલૌકિક સ્વરૂપને પણ ભૂલી ગયો છે. તેથી આવા જીવમાં પ્રભુ સંબંધી મનોરથ કેવી રીતે પ્રકટે ? પરંતુ પ્રભુ પરમ હિતકારી, આત્મબંધુ છે, તેથી પોતે સ્વયં પોતાના સ્વરૂપાનંદના મનોરથની જીવના હૃદયમાં પ્રેરણા કરી, મનોરથ પ્રકટ કરી તેને સિદ્ધ કરે છે. તેથી પ્રભુ જીવની કાચી દશામાં જીવની ઈચ્છા પ્રમાણે આપતા

નથી, પણ પોતાની ઈચ્છા પ્રમાણે જ આપે છે. જીવ જ્યારે પૂર્ણ રસપાત્ર થાય છે, ત્યારે પ્રભુ જીવની ઈચ્છા પ્રમાણે વર્તે છે. તે વખતે પ્રભુનું વચન પાછું પડે છે, પરંતુ ભક્તનું વચન પાછું પડતું નથી. જ્યારે ભક્ત પોતાના માટે વિનંતી કરે છે, ત્યારે પ્રભુ તેની વાત માને પણ ખરા અને ન પણ માને; પરંતુ જ્યારે ભક્ત બીજા કોઈ વિરહી–દુ:ખી ભક્તના સુખ માટે વિનંતી કરે છે, ત્યારે પ્રભુ તેની વિનંતી અવશ્ય માને છે અને રસરીતથી ઉત્તમ ભગવદીય પ્રભુના મનની વાત જાણે પણ છે.

પોતાના માહાત્મ્યથી અખિલ બ્રહ્માંડનું કાર્ય કરવું કે ન કરવું, એ સંબંધી પ્રભુની ઈચ્છાને કોઈ જાણતું નથી. સ્નેહી ભકતને આ વાત જાણવાની ઈચ્છા હોતી નથી. તેનું કારણ એ છે કે અખિલ બ્રહ્માંડનું કાર્ય કરનાર સ્વરૂપ અક્ષરાત્મક પુરુષોત્તમ છે, જે મર્યાદા પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છે. જ્યારે સ્નેહી ભકતના અનુભવનું સ્વરૂપ રસાત્મક પુરુષોત્તમ છે. તે અક્ષરાત્મક પુરુષોત્તમથી ભિન્ન છે. તેથી સ્નેહી ભક્ત મર્યાદા-પુરુષોત્તમના કાર્યને જાણવાની ઈચ્છા જ કરતો નથી, કારણ કે, તેમાં રસ સ્વરૂપનો અનુભવ નથી. ભકત તો પ્રાણપ્રિય પ્રભુના સુખની વાત જાણવાની જ ઈચ્છા કરે છે, કારણ કે, રસ સ્વરૂપ પ્રભુની ઈચ્છા અનુસાર, નિર્વાહ કરવામાં જ પરમ લાભ છે.

શ્રીગોપાલદાસભાઇ કહે છે કે, હે જીવ, તું પ્રભુની પરમ હિતકારી ઈચ્છાને તારા મનમાં જ સમજ, તેનો પ્રકાશ કરીશ નહીં. પ્રકાશ કરવાથી મહારસ પ્રાપ્તિમાં પ્રતિબંધ થશે. પ્રભુ તો અદેય છે. જે ન આપી શકાય તેનું દાન કરનારા છે. માટે પ્રભુએ આપેલું અદેયદાન હૃદયરૂપી સંપુટમાં છુપાવી રાખવું જોઈએ. પ્રભુનું આ અદેય સ્વરૂપ વિરહાનુભવથી જ પ્રાપ્ત થાય છે, તેથી હે જીવ, તું જેટલું વિરહદુ:ખ સહન કરીશ તેટલા મહાસુખની તને પ્રાપ્તિ થશે, પ્રભુનું રસદાન અગાધ

પ્રાપ્ત થશે. વિપ્રયોગના દુઃખનો અનુભવ કરવા માટે, પૃથ્વી પર દૈવી જીવનો જન્મ થયો છે અથવા લીલાધામથી દૈવી જીવને પૃથ્વી પર મોકલવાનું એક કારણ એ છે કે, લીલામાં જેમનો ન્યૂન અધિકાર છે, તેવા ભક્તોને ઉંચો અધિકાર સિદ્ધ કરાવવો છે. આ અધિકારનું પરિવર્તન લીલાધામમાં શકય નથી. પૃથ્વી પર આવવાથી લીલાધામનું સુખ તિરોહિત થાય છે, તેથી દૈવી જીવ પૃથ્વી પર દુઃખ પામે છે. આ દુઃખનો અનુભવ કર્યા પછી લીલામાં મહાસુખ મળે છે. જેમ ઘણા દિવસથી ભૂખ્યાને ભોજન મળે, ત્યારે તેને તેમાં અત્યંત રૂચિ ઉપજે છે, તે ભોજન અમૃતતુલ્ય લાગે છે, તેમ, પ્રભુના વિયોગદુઃખનો અનુભવ કર્યા પછી જે સુખ મળે છે તેમાં અધિક રૂચિ થાય છે. બીજું કરણ એ છે કે, પ્રભુના સંયોગ સુખમાં જ્યારે સૌભાગ્યમદ થાય છે, ત્યારે રસની હાની થાય છે. સૌભાગ્યમદમાં પ્રભુના કૃપાપાત્રનું સન્માન કરવાનું ભૂલી જવાય છે, ત્યારે પ્રભુની અપ્રસન્નતા થાય છે, તેથી રસાનુભવમાં હાનિ થાય છે. આ સૌભાગ્યમદને દૂર કરવા માટે વિરહદુઃખ છે. વિરહના દુઃખથી દૈન્ય આવે છે, તેથી સૌભાગ્યમદ રહેતો નથી. ત્યારે પ્રભુની પ્રસન્નતા થતાં, તેમના રસવિલાસનો અનુભવ થાય છે. વિરહદુઃખથી દૈન્યતા પ્રકટે છે. આ દૈન્યતામાં માધુર્ય રહેલું છે. તેથી બીજા કોઈપણ ભકતનો અનાદર થતો નથી. પ્રભુના કૃપાપાત્ર ભગવદીયોનું આદર-સન્માન બની રહે છે. આવો ભક્ત પ્રભુ અને તેમના કૃપાપાત્રનું સુખ વિચારે છે. આમ બંનેની પ્રસન્નતા પ્રાપ્ત કરાવનારી દીનતા વિરહદુઃખમાંથી પ્રકટ થાય છે, ત્યારે રસવિલાસનો નિરંતર અનુભવ થાય છે. તેમાં કોઈ પ્રતિબંધ નડતો નથી.

વિરહદુઃખ માધુર્ય-સ્નેહરસને ઉત્પન્ન કરનાર છે. જેમ કેરી કાચી હોય ત્યારે તેમાં ખટાશ હોય છે, પરંતુ સૂર્યની ગરમીથી પાકે છે, ત્યારે તેમાં મધુરતા ઉત્પન્ન થાય છે, તેમ, પ્રભુના

વિયોગતાપથી દૈન્યતા અને મધુરતા પ્રકટે છે, ત્યારે મહા-રસના નિરંતર અનુભવમાં કોઈ પ્રતિબંધ રહેતો નથી. પ્રભુની સદૈવ પ્રસન્નતા રહેવાથી પ્રતિક્ષણ નૂતન-નૂતન રસાનુભવ થાય છે. આવો મધુર રસાનુભવ હંમેશા કરાવવા માટે પ્રભુ ભકતને વિરહદુઃખનું દાન કરે છે. તેથી પ્રભુની આવી હિતકારી ઈચ્છા જાણીને, તે ઈચ્છાને આધીન થઈને રહેવું જોઈએ.

પ્રભુની ઈચ્છા બે પ્રકારની હોય છે. એક ઈચ્છા રસમાં ઉપયોગી છે. શુદ્ધ પુષ્ટિ ભકતના મનોરથની પૂરક છે. બીજી ઈચ્છા ચૌદ લોકમાં વ્યાપેલી છે. તેને આધારે બ્રહ્મા, રૂદ્ર વગેરે દેવતાઓ, ઋષિઓ, આસુરી જીવોની નિયામક છે. આ ઈચ્છા પ્રભુ પોતે સાક્ષાત કરતા નથી· પ્રભુએ જગતને ચલાવવા માટે બનાવેલા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ જેવા દેવો દ્વારા પ્રભુ જગતનું કાર્ય કરે છે. જ્યારે પોતાના અંતરંગ રસમાર્ગીય ભકતોનું કાર્ય પ્રભુ પોતે કરે છે. આમ પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ, પોતાની ઈચ્છામાં આવે તે પ્રમાણે, ભકતનું જ કાર્ય કરે છે તે ઉતમ જ હોય.

અહીં વર્ણવેલી વિરહ અવસ્થા ઘણી કઠીન છે. તેમાં વિકલતા અને અસ્વસ્થતા હોય છે. પુહેલા કવિતમાં પ્રભુની ઇચ્છાને અધીન રહેવા મનને શિખામણ આપવામાં આવી, પછી પ્રાણવલ્લભના સાક્ષાત સંબંધના અભાવમાં. વિરહતાપનો તરંગ ઉઠયો, આથી સાક્ષાત સંબંધ વિનાના જીવનનો ભકતકવિ ધિક્કારે છે, જેનું નિરૂપણ હવે પછીના કવિતમાં કરવામાં આવ્યું છે.

કવિત - ૧૮

એરે જિય સુન સાવધાન હોય મેરી બાત,
મેરી શિખ સુન મેં નિદાન કી કહત હોં,
કઠિન વિયોગ સમે જીવનો તેરો ભયો,
સો તો અયોગ્ય છિન છિન એ લહત હો.(૧)

અંગી બિન અંગ બિન સંગ કે સહાય બિન
મનમેં વિચારી દુઃખ કાહે કો સહત હોં,
ગોકુલેશ પ્રાણધન જીવન આધાર બિન,
નિર્લજતા જાની બિના કાજ હું રહત હોં. (૨)

ભાવાર્થ :

હવે ભકતકવિ પોતાના જીવને શિખામણ આપે છે. આ કવિતમાં તેમણે 'મેરી મેરી' શબ્દ બે વાર પ્રયોજ્યો છે. જીવ પ્રભુનો સાક્ષાત સંબંધ ઈચ્છે છે. બીજી બાજુ મન ચંચલતા આચરે છે, તેથી મનને શિખામણ આપે છે. તેઓ કહે છે કે, હે મન, હવે હું તને છેલ્લી વખત કહું છું અને તે પણ વારંવાર કહું છું, કારણ કે, એક વખત કહ્યું તું માને કે ન માને. તું મૂળમાં શુદ્ધ પુષ્ટિ રસમાર્ગીય છે, તેં લીલામાં રૂપમાધુરીનું પાન કર્યું છે. તેથી મને વિશ્વાસ છે કે, આખરે તું મારી વાત માનીશ.

અહીં કોઈ શંકા કરે કે જીવ રસમાર્ગીય છે, તો તે ભટકતો કેમ ફરે છે? તેનું મન ચંચળ કેમ છે? તેના જવાબમાં કહે છે કે, જીવને મહારસનો જે અનુભવ થયો, તે પચાવી ન શકયો, તેથી તેને અજિર્ણ થયું, અર્થાત્, તેને માન અને મદ જન્મ્યાં. ગરમીની ઔષધિ આપવી જરૂરી છે. તો જ અજિર્ણ મટે. તેથી બહાર અને અંદર જીવને વિરહ અગ્નિની જવાળાઓથી પરિપકવ કરવો જરૂરી છે. જ્યારે વિરહની જ્વાળાઓ સહન નહીં થાય, ત્યારે તેનું મન સ્વસ્થ બનવા માટે, પ્રયત્નશીલ બનશે. પરંતુ સાક્ષાત્ સંબંધ વિના તેને કયાંય સ્વસ્થતા મળશે નહીં. જ્યારે તેનો હૃદયરૂપી ઘડો વિરહાગ્નિથી પરિપકવ થશે ત્યારે પ્રભુ તેમાં તેમના રૂપામૃતનું સિંચન કરશે, ત્યારે જીવ સર્વાંગ નવપલ્લવિત થશે.

પ્રભુના વિયોગમાં સ્નેહી ભકતનું જીવન બની રહેતું નથી, દેહમાં પ્રાણ ટકતા નથી. ત્યારે પ્રાણના સ્થાનમાં પ્રભુ પોતે બિરાજી, વિરહી ભકતનો પ્રાણ ધારણ કરે છે. જેમ જળ વિના માછલું તરફડે, તેમ વિરહમાં સ્નેહીજન પ્રભુ વિના તરફડે છે. તે પોતાના પ્રાણ ટકાવવા ઈચ્છતો નથી. પ્રભુ જ્યાં હોય ત્યાં જવાની તે ઇચ્છા રાખે છે. પોતાના પ્રાણને ધિક્કારે છે અને કહે છે કે પ્રભુથી વિખૂટો પડયો, કારણ કે મારી અયોગ્યતાનો પાર નથી.

આ કવિતમાં આગળ જણાવે છે કે 'અંગી બિન અંગ બિન સંગ કે સહાય બિન.' આમાં 'અંગ શબ્દ તેમનાં પત્ની જયાદે માટે વાપર્યો છે. જયાદે શ્રીગોકુલેશ પ્રભુનાં પરમ કૃપાપાત્ર હતાં. પૂર્ણ સ્નેહી મહારસ રમણ પાત્ર પ્રભુને રીઝવતા હતા. તેમની આગળ મનની બધી વાત કહી શકાય એવા રસિક ભકત હતા. તેમનો વિયોગ થયો. અહીં 'અંગી' શબ્દ બધા ભકતોના આત્મારૂપ પ્રાણવલ્લભ શ્રીગોકુલેશ પ્રભુ માટે વાપર્યો છે. આપ સ્વધામ પધાર્યા ત્યારે હે જીવ, તું હવે કેમ રહ્યો છે? પ્રાણનાથના સંગી તેમના કૃપાપાત્ર ભગવદીયો, પણ તેમની સાથે જ સ્વધામ ગયા છે. હવે તેમના વિના કેવી રીતે રહી શકાય? ભકતકવિ કહે છે કે, મારૂં સર્વસ્વ શ્રીગોકુલેશ પ્રભુ છે તે જ બધાના પ્રાણધન છે. ધન વિના જીવનની શોભા નથી. જીવનમાં મહા યૌવન હોય, કિશોર વય હોય, સૌંદર્ય હોય, પણ ધન ન હોય, તો તે જીવન નકામું છે. એમ અલૌકિક અચલ ધન વિના હાલ તારૂં જીવન છે. તું પ્રભુ વિના એકલો રહ્યો છે, તે તારી નિર્લજ્જતા છે. પ્રભુનો સાક્ષાત સંબંધ છૂટતાં, તું સેવારહિત બન્યો છે. હવે જ્યારે તું કોઇ કામનો રહ્યો નથી, ત્યારે તારે જીવવું ઉચિત નથી.

જ્યારે જીવ પ્રભુના સાક્ષાત્ સંબંધ માટે [illegible]

જાય છે, ત્યારે તેના મનમાં અસ્વસ્થતા વધે છે, ત્યારે ભકતકવિ એ સ્થિતિમાં મનના સમાધાન આગળના કવિતમાં કરે છે.

કવિત — ૧૯

તુ જો અપેક્ષા કરત સ્વાર્થ કો હેત માન,
બિન હોય આવત સો તેરી રક્ષા કરી હૈ.
તુ તો હૈ અજાન હાન અપુની ન જાનત હૈ,
ઉપકાર માન પ્રભુ તેરી ચિંતા હરી હૈ. (૧)
કૌન તુ કહાકો તુ આન કહા કિયો હૈ,
કૌન દાન દિયો બાત મનમાં જ ધરી હૈ.
ગોકુલેશજુ કો અનુરાગ સોં વિલાસ રસ,
યાહિ રસમાં જ ભાંતિ ભાંતિ નિધિ ભરી હૈ. (૨)

ભાવાર્થ :

હે જીવાત્મા, તું લૌકિક સુખની અપેક્ષા રાખીને, સ્વાર્થને તારૂં હિત માને છે. તેનું ફળ તને લૌકિક પ્રકારનું જ મળવું જોઇએ. તેવું ફળ પ્રભુ સિદ્ધ થવા દેતા નથી, કારણ કે લૌકિક દેહાદિકનું સુખ માણસને જન્મ-મરણના ફેરામાં પટકે છે. લૌકિક સુખમાં જીવાત્મા પ્રભુને ભૂલી જાય છે. તેથી જન્મ-મરણનું આવાગમન થાય છે જ. અને તેથી પ્રભુ આવું લૌકિક સુખ આપતા નથી. તેના બદલે જીવાત્માને લૌકિકમાં રાખીને સેવા વગેરેનું અલૌકિક સુખ આપીને તેની રક્ષા કરે છે. લૌકિક સુખ અચલ નથી, તેથી જીવના દુઃખ દૂર થતા નથી. જીવના જન્મમરણના દુષ્કૃતો સુકૃતોથી જ દૂર થાય છે. જીવાત્મા પોતાનું કર્મ મિટાવવા ઈચ્છે તો પણ, તે કદી દૂર થતું નથી. કયારેક જીવાત્મા એમ માને છે કે, હું આ કાર્ય કરૂં તો મારૂં ભલું થશે આમ વિચારી, તે પુણ્યનાં કાર્યો કરે છે. તેમાં પ્રભુનો આશ્રય રહેતો નથી. તેથી તે પુણ્યનાં કર્મો પણ બંધનરૂપ બને છે.

શ્રીભાગવતમાં નૃગ રાજાનો પ્રસંગ છે. તેઓ ઘણા ધર્મજ્ઞ હતા. તેમણે લાખો ગાયોનું દાન આપ્યું. તેમાં એક વખત એક બ્રાહ્મણને એક ગાય આપી. તે ગાય બ્રાહ્મણના ઘેરથી છૂટીને રાજાની બીજી ગાયોના ટોળામાં મળી ગઈ. રાજાએ તે ગાય બીજા બ્રાહ્મણને આપવાનું પુણ્ય કાર્ય કર્યું. ત્યારે પહેલો બ્રાહ્મણ રાજા પાસે આવ્યો અને કહ્યું : 'મારી ગાય તમારા ઘેર પાછી આવી છે, તે તમે બીજા બ્રાહ્મણને આપી છે.' આ સાંભળી રાજાએ તેને એક ગાયના બદલામાં ૧૦૦ ગાયો આપવા માંડી, પરંતુ, તે બ્રાહ્મણ પોતાને મળેલી ગાય જ પાછી માગવાનો હઠાગ્રહ રાખીને બેઠો. બીજો બ્રાહ્મણ પણ રાજાની વાત માનવા તૈયાર ન હતો. આ અપરાધને પરિણામે રાજાને બીજો જન્મ કાકીડાનો થયો. તેણે કરેલું અપાર પુણ્ય બધું વ્યર્થ ગયું.

પ્રભુ સૌના અંતર્યામી છે. તેથી પોતાના ભક્ત માટે બીજાનું મન ફેરવે છે. પરિણામે પ્રભુ ધર્મશાસ્ત્રની મર્યાદા રાખે છે. અહીં રસમાર્ગની રીત જુદી છે. પ્રભુ પોતાના ભક્તના અનેક દોષો દૂર કરે છે, જે ભક્ત રસરીતથી રહે છે, તેના જ દોષ દૂર થાય છે, બીજાના નહીં. શ્રીપ્રભુનો આશ્રય કરવાથી પ્રભુ પોતાના સ્વરૂપનું પણ દાન કરે છે. તેથી શ્રીઆચાર્યચરણે 'કૃષ્ણાશ્રય' માં કેવળ પ્રભુનો આશ્રય કરવાની આજ્ઞા કરી છે.

કોઈ ભક્ત પ્રભુની આજ્ઞા લઈને, દયા જાણી, દ્રવ્ય, વસ્ત્ર, અન્ન વગેરેનું દાન કરી, પુણ્ય કર્મ કરતાં ભગવદ આશ્રય રાખે અથવા તો પ્રભુની પ્રસન્નતા માટે સુકૃત કરે, તો તે બાધક થતાં નથી, પરંતુ પોતાની પ્રતિષ્ઠા માટે, કે ફળની આશા રાખીને સુકૃત કરે તો ભગવદાશ્રય છૂટે છે. માટે પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપને જ સન્મુખ રાખીને, સર્વ કાર્યો કરવાની રીત છે.

ભગવદાશ્રય વિના કરેલાં સુકૃતો નૃગ રાજાની જેમ હાની-

કારક બને છે, તેની જીવાત્માને સમજ નથી. તેથી ભકતકવિ કહે છે કે, હે જીવાત્મા, તું પ્રભુનો ઉપકાર માન કે, પ્રભુએ તારી ચિંતા દૂર કરી છે. અથવા લૌકિક–વૈદિક બધા સુકૃતોમાંથી છોડાવવા માટે, પ્રભુએ તને તેમનો આશ્રિત કર્યો છે. શ્રીઆચાર્યચરણે સેવામાર્ગ પ્રકટ કરીને, દૈવી જીવોને કેવળ ધર્મી સ્વરૂપના આશ્રયમાં રહેવાની અનુકૂળતા કરી આપવાની કૃપા કરી છે. માટે શ્રીવલ્લભનો ઉપકાર માન. જે કર્મો પ્રભુમાં વિનિયોગ ન થાય, તેવાં પુણ્યકર્મો પણ બંધનરૂપ બને છે. આ વાત ન જાણવાથી તેઓ અજ્ઞાની છે. માટે તું પ્રભુના આશ્રયમાં રહે, જેથી તને કોઇપણ કર્મનું બંધન રહે નહીં.

હે જીવાત્મા, તું સંસારસાગરમાં પડયો હતો, મહા અધમ અને આત્મઘાતી હતો. શ્રીમહાપ્રભુજી ‘સુબોધિનીજી’માં આજ્ઞા કરે છે કે, જીવ ભગવદ્ ભજનમાં આસકત નથી, તેથી આત્મઘાતી છે. તે ફરી ફરીને મરે છે અને જન્મે છે. તેથી આત્માની હત્યા કરે છે. આવો મૂઢ અધમ જીવ પ્રભુના પ્રમેય બળથી પ્રભુની નિકટ આવી, પ્રભુની સેવા મળતાં પ્રભુએ તેને ભગવદીય–સ્વકીય બનાવ્યો છે બ્રહ્મા અને લક્ષ્મી વગેરેને પણ દુર્લભ, એવા સ્વરૂપાનંદનું સેવા દ્વારા દાન કર્યું છે, આવા પ્રભુનો મહાન ઉપકાર માનવો જોઈએ.

ભકતકવિ કહે છે કે, શ્રીગોકુલેશજીએ તને પોતાનો જાણી, તારા પર સ્નેહ કર્યો છે. તે અનુરાગનો તું અનુભવ કરી તેમાં વિલાસ કર. અહીં ગૂઢ રહસ્ય સમજવા જેવું છે. જ્યારે પહેલા પ્રભુ જીવ પર સ્હને કરે છે, ત્યારે જીવને પ્રભુમાં સ્નેહ થાય છે. જીવનો પોતાનામાં સ્નેહ કરાવવા, પ્રભુ સેવ્ય સ્વરૂપે જીવના ઘરમાં બિરાજે છે અને જીવ પર સ્નેહની વૃષ્ટિ કરે છે. એવા પ્રભુને મન ભરીને નિરખો, કારણ કે, તેમનામાં જાતજાતના રસાત્મક સ્નેહ ભાવની નિધિ ભરેલી છે. પ્રભુમાં અપાર સુખસમુદ્ર લીલારસની

નિધિ ભરી છે તેનું પાન કરો. પ્રભુના વિયોગના સમયમાં જેમ ગોપીજનોએ પ્રભુની લીલાના ચરિત્રનું ગાન કરી સમય વીતાવ્યો અથવા ગુણગાન દ્વારા ગોપીજનો રસાત્મક ભાવાત્મક સ્વરૂપની માનસીમાં વિલાસ કરતાં, તેમ વિલાસ માટે શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિની' આદિ વચનામૃતો પ્રકટ કર્યાં છે. તેમાં અપાર રસ ભર્યો છે. તેનું પાન કરીને પ્રભુના ભાવાત્મક રસાત્મક સ્વરૂપનો અનુભવ કરો.

પ્રભુના સાક્ષાત્ સંબંધની આર્તિ અત્યંત વધતા સાક્ષાત્ સંબંધ વિના સ્નેહીને પોતાનું જીવન વ્યર્થ લાગે છે. ત્યારે તે પોતાના પ્રાણને પણ ધિક્કારે છે. તેનું નિરૂપણ આગળના કવિતમાં કરે છે.

કવિત – ૨૦

સુખકી અપેક્ષા પ્રીત સ્વારથ કો લોગ,
અબ મનોરથ કરવે મેં કૌન સમય રહ્યો હૈ,
પ્રીતમ મેં પ્રીત સું પ્રીત કે અભાવ હું મેં,
પ્રાણ રખિયત એસો કોને કહા કહ્યો હૈ. (૧)
તેરી અપમાન હાનિ આપ તુ ન જાનત હૈ,
તેરે પ્રાણ નિર્લજ્જ તેને કોન હઠ ગહ્યો હૈ.
ગોકુલેશ કે દરસ બિન અનુદિન જેતો,
આપ એનો દુઃખ કાહે પર સહ્યો હૈ. (૨)

ભાવાર્થ :

પ્રાણવલ્લભ પ્રભુ વિના શરીરસુખ, સ્ત્રી, પુત્ર, સંપત્તિના મોહનું સુખ, એવા અનેક લૌકિક સુખોની અપેક્ષા કે, તે સુખો મેળવવાનો મનોરથ તું શા માટે કરે છે? આ બધા સુખો નાશવંત છે. પ્રિયતમના વિયોગમાં બીજા સુખો ભોગવવા, તે સ્નેહીજનની રીત નથી.

અહીં શંકા થાય કે, પ્રભુ અનંત બ્રહ્માંડના સ્વામી છે. બ્રહ્માદિ દેવતાઓની સમાધિમાં પણ તેઓ આવતા નથી. આવા પ્રભુમાં આપણો સ્નેહ કેવી રીતે થાય ? ત્યાં કહે છે કે, બ્રહ્મા, મહાદેવ વગેરે મોટા મોટા દેવ હોવા છતાં, તેઓ મર્યાદામાર્ગમાં રહેલા છે, તેથી તેમને પ્રભુના સ્નેહરસનું દાન નથી. તેથી તેમને પ્રભુના સ્નેહ સ્વરૂપનું દર્શન થતું નથી. તેઓ બધા જ્ઞાની ભકત છે. તેમની ભકિતમાં જ્ઞાનની મુખ્યતા છે, તેથી તે બધા મુકિતમાર્ગીય છે. માટે તેમનામાં સ્નેહ પ્રકટ થવો દુર્લભ છે. તેઓ મર્યાદા ભકત હોવાથી, પ્રભુને પ્રિયતમ ગણીને બોલાવી શકતા નથી, કારણ કે મર્યાદામાં સ્વામી–સેવકનો ભાવ છે. તેમાં માહાત્મ્યની મુખ્યતા છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં રસાત્મક સ્નેહ સ્વરૂપ સાથે સંબંધ છે અને સ્નેહભાવની જ મુખ્યતા છે, માટે આવા મોટા મોટા દેવો, પ્રભુને પ્રિયતમ ભાવે ભજી શકતા નથી, જ્યારે પુષ્ટિજીવો આવા મોટા પુરૂષોત્તમને પોતાના પ્રિયતમ ગણીને, પ્રેમ કરવાને પાત્ર માને છે. જેમ લૌકિકમાં સહજ સ્નેહીઓ વચ્ચે સમાન વ્યવહાર હોય, તેમ પુષ્ટિજીવના પ્રભુ પરમ સ્નેહી છે. પુષ્ટિપ્રભુ સ્વયં પ્રેમસ્વરૂપ છે. તેમની બધી લીલા અને લીલાપરિકર પ્રેમરૂપ છે. માટે પુષ્ટિજીવનો પ્રભુ સાથે પ્રેમનો સંબંધ હોવાથી, તેઓ સમાનતાનો વ્યવહાર કરી શકે છે. આવો અધિકાર મર્યાદામાર્ગીય બ્રહ્મા, મહાદેવજી વગેરે મોટાઓને પણ નથી.

પરંતુ દૈવી જીવ અજ્ઞાનને કારણે, આ સ્નેહ સંબંધને ભૂલી ગયો છે અને પ્રભુના વિયોગમાં જીવનનિર્વાહ કરી રહ્યો છે. પ્રભુ સાથે સાક્ષાત્ સંબંધ નથી, ત્યારે પ્રાણ ટકાવવાનો લોભ કરવો તે સ્નેહીની રીત નથી. પ્રાણનાથના વિયોગમાં જીવવું વ્યર્થ છે. સ્નેહીજનોની આગળ સ્વમાનનો વિચાર હોય નહીં. સ્નેહીની રીત તો એ છે કે, પ્રિયતમના વિયોગમાં પોતાના પ્રાણ ત્યજી દે,

જ્યારે હે જીવ, તું પોતે નિર્લજ્જ થઈને પ્રાણ ટકાવી રહ્યો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, પ્રાણ ત્યાગ કરવાનો આત્મહત્યાનો દોષ લાગે. તેના સમાધાનમાં કહે છે કે, આ વાત મર્યાદા જ્ઞાનમાર્ગની છે. ત્યાં પ્રાણત્યાગ કરવો, એ મહાન અપરાધ છે, કારણ કે તેમાં સાક્ષાત પુરૂષોત્તમનો સંબંધ નથી, તેઓ સ્નેહમાર્ગીય નથી. તેથી તેમને આવો સંબંધ સંભવતો નથી જ. શ્રીગુસાંઈજી 'ગીતાતાત્પર્ય'માં આજ્ઞા કરે છે કે, જ્ઞાનીને મુક્તિ મળે, ત્યારે જીવાત્માનો પરમાત્મામાં લય થાય. સ્વામીસેવક ભાવથી અથવા ભોક્તા-ભોગ્ય ભાવથી પુરૂષોત્તમના રમણનો અનુભવ થતો નથી, તેથી ત્યાં દેહનો ત્યાગ કરવો, એ દુષણ છે, જ્યારે સ્નેહમાર્ગમાં સ્નેહીને છોડીને, એક ક્ષણ જીવી શકે તે પૂર્ણ સ્નેહી નથી. તેમાં નિરસતા રહેલી છે. સ્નેહમાર્ગમાં પ્રાણ સ્થાને પ્રભુ છે, તેથી પ્રાણરૂપ પ્રભુ વિના જીવન કેવી રીતે રહે ?

વિપ્રયોગનું દાન જેમને થયું છે, તેવા સ્નેહી ભક્તો પ્રાણ ધારણ કરી રાખે છે. ત્યારે પ્રાણરૂપ પ્રભુ, તેમના હૃદયમાં ભાવાત્મક રસાત્મક સ્વરૂપે બિરાજે છે. તે ભક્તોના પ્રાણરૂપ પ્રભુ હોવાથી, તેમને વિપ્રયોગનો અનુભવ કરાવે છે. જો પ્રભુ તેમના હૃદયમાં ન બિરાજતા હોય, તો તેમને તરત જ દશમી અવસ્થા પ્રાપ્ત થાત; જેમ પાંડવોની માતા કુંતાજીએ ભગવાન સ્વધામ પધાર્યાની શંકા થતાં માત્રમાં પ્રાણ છોડી દીધા, કારણ કે તેમના હૃદયમાં પ્રાણરૂપ બનીને પ્રભુ બિરાજતા ન હતા.

'અંતઃકરણ પ્રબોધ'માં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે, દેહ અને દેશનો પરિત્યાગ કરીને, લીલામાં પધારો એવી શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી. ત્યારે સંન્યાસ ગ્રહણ કરી, શ્રીઆચાર્યચરણ સ્વધામં પધાર્યા. **શ્રીગોકુલેશજી** આજ્ઞા કરે છે

કે, જ્યાં પ્રિયતમ ત્યાં જ સ્વજનનો વાસ. સ્નેહમાર્ગની આ જ રીત છે, તેથી હે જીવાત્મા, તું નિર્લજ્જ બનીને પ્રીતમ વિના પ્રાણ કેમ ટકાવી રાખે છે? શ્રીપ્રભુનાં દર્શન વિના તું દરરોજ દુઃખ શા માટે સહન કરે છે!

કોઈ શંકા કરે કે, પ્રભુ વિના પ્રાણ ટકાવે અને વ્યર્થ વિલાપ કરે, તો તેથી શું પ્રાપ્ત થાય, તેના જવાબમાં કહે છે કે, રસિક સ્નેહીઓની વાત તમે જાણતા નથી. પ્રાણ ટકાવવા કે નહીં, તે કેવળ તેમની ઈચ્છાનું જ કારણ છે. તેમનામાં કોઈ પણ પ્રકારે સ્નેહની ન્યૂનતા નથી, કારણ કે તેઓ વિપ્રયોગમાં પ્રિયતમ વિના પ્રાણ ટકાવે છે અને વિલાપ કરે છે. તેમાં રસને પુષ્ટ કરવાની પ્રભુની ઈચ્છા છે. વિપ્રયોગમાં જ રસની પૂર્ણતા રહેલી છે. પ્રભુ પોતે રસસમુદ્ર છે. તેને ધારણ કરવાની અથવા તેને પાત્ર બનવાની યોગ્યતા વિપ્રયોગ આપે છે. જ્યારે વિપ્રયોગમાં પ્રભુ વિના, એક ક્ષણ પણ રહી ન શકાય, ત્યારે મનનો સંપૂર્ણ પ્રવેશ પ્રભુના સ્વરૂપમાં થાય છે, ત્યારે પ્રભુના સ્વરૂપમાં તદાત્મકતા સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. ત્યારે મહારસસમુદ્ર પ્રભુના સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે, તેથી પ્રભુએ વિપ્રયોગનું દાન કર્યું છે. પ્રભુની આવી હિતકારી ઈચ્છા નહીં જાણવાથી, જીવ ચિંતા કરે છે અને અધીરો બને છે. પરંતુ, પ્રભુ તો પોતાના સ્વકીયોનું પરમ હિત જ કરે છે, તેથી સ્નેહીજનોએ, પ્રભુની ઈચ્છાને અધીન બનીને રહેવું, એમ ભકતકવિ શ્રીગોપાલદાસભાઈ પોતાના મનને શિખામણ આપતાં સ્નેહી ભકતોને પણ શિખામણ આપે છે.

કવિત-૨૧

ગોકુલેશપ્રભુને શિક્ષા કરી સ્વકીય હિત,
ઇચ્છાકે નિમિત ઈચ્છા પ્રગટ જનાય કેં.

ઇચ્છાહુકે પ્રગટ પ્રતાપકો પ્રગટ કરી,
લૌકિક અલૌકિક લો કહ્યો સમજાય. (૧)
ઇચ્છા વિના પાત નહિ ડોલત વૃક્ષનકો,
ઇચ્છા જો કરત સો તો કારણહી પાયકેં.
તુ તો હે અંગીકૃત અંગીકૃત હિત પ્રાગટ્ય હૈ,
તેરે હિત કરત સૌ તો ઈચ્છા મન ભાયકેં. (૨)

ભાવાર્થ :

પ્રભુએ પોતાના ભકતોના હિત માટે, જે ઇચ્છા કરી છે તે શ્રીગોકુલનાથજીએ શિખામણના રૂપમાં પોતાના ભકતોને સમજાવી છે, તે શિખામણ હિતકારી કેમ કહી? કારણ કે તે શિખામણ જીવની લૌકિક આસકિત છોડાવીને પ્રભુના સ્વરૂપમાં આસક્તિ કરાવનાર છે. શ્રી મહાપ્રભુજીએ સેવા માર્ગ પ્રગટ કરીને, તેમાં જીવનો અંગીકાર કર્યો છે. જીવને સેવામાં પ્રવૃત્ત કરીને, તેની લૌકિક આસક્તિ છોડાવવા, સેવામાં ભગવદ સ્વરૂપ પધરાવી આપ્યું છે. આ ભગવદ સ્વરૂપમાં જીવની આસક્તિ થાય એવું અલૌકિક દાન કર્યું છે. શ્રી ગોકુલેશપ્રભુચરણે માળા, તિલકના પ્રસંગમાં ચિદ્રુપના ઉપદ્રવનો સામનો કરી સેવા માર્ગનું રક્ષણ કર્યું છે.

પ્રભુ જયારે સ્વધામમાંથી પૃથ્વી પર પ્રગટ થાય, ત્યારે તેઓ લીલાધામમાંથી વિખુટા પડેલા, જીવોના ઉદ્ધાર માટે જ પ્રગટ થયા હતા. ઘણા વખતથી પોતાનાથી વિખુટા પડેલા દૈવી જીવોના દુઃખનું સ્મરણ કરીને, પ્રભુ પોતે ભૂતળ ઉપર પધાર્યા. ભૂતળ ઉપર પધારી પોતેજ ઈચ્છા કરીને, દૈવી જીવોના ઉદ્ધાર માટે સેવા માર્ગ પ્રગટ કર્યો. બ્રહ્મસંબંધ દ્વારા શ્રી મહાપ્રભુજીએ પોતાનું સામર્થ્ય દૈવી જીવોમાં મૂકી, તેમને ભગવદ સંબંધની દૃઢતા માટે સેવા પરાયણ કર્યા. આમ પોતાથી ઈચ્છાને પ્રબળ

પ્રતાપ પ્રગટ બતાવ્યો પછી ઉપદેશ દ્વારા રસાત્મક પુરુષોત્તમનું જ્ઞાન કરાવવા માટે સુબોધીની આદી અનેક ગ્રંથ પ્રગટ કર્યા. આ સર્વ કાર્ય આપે પોતે અંગીકાર કરેલા દૈવી જીવોના હિત માટે કર્યા છે.

દૈવીજીવ જ્યારથી પ્રભુથી વિખૂટો પડયો, ત્યારથી ઘણો સમય વિતતા તેનામાં સંસારની આસક્તિ વધતી ગઈ, તેથી તે પોતાના અલૌકિક સ્વરૂપને ભૂલી ગયો. શ્રી મહાપ્રભુજીએ દૈવી જીવને ઉપદેશ આપીને, આ અલૌકિક સંબંધનું જ્ઞાન કરાવી તેનું અજ્ઞાન દૂર કર્યું અને પ્રભુ સાથેનો સંબંધ યાદ કરાવ્યો. પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા માટે, સેવામાં ભગવદ્ સ્વરૂપ પધરાવી આપ્યું. આ બધું પોતાના ભક્તોના હિત માટે તેમણે પોતાની ઈચ્છાથી કર્યું છે. આમ ભવિષ્યમાં પણ તેઓ ભક્તના હિત માટે પોતાની ઈચ્છાથી જ બધું કરશે.

પ્રભુની ઈચ્છા વિના, વૃક્ષનું પાન પણ હાલી શકતું નથી. તો જીવ પ્રભુની ઈચ્છા વિના શું કરી શકે ? આ જીવ અજ્ઞાની હોવાથી, અભિમાની બનીને, બધો ભાર પોતાના માથે ઉંચકે છે. હું કરૂં છું તે વાત જ મીથ્યા છે. વળી આમાં એક બીજી અધમતા પણ છે. જે ઉત્તમ કાર્ય થયું તે મેં કર્યું અને જે મધ્યમ કાર્ય થયું તે ભગવાને કર્યું એમ તે માને છે. તે એમ માને છે કે, મેં તો એવી વ્યવસ્થા વિચારી હતી કે, હજારો વર્ષ સુધી ઉત્તમ કાર્ય જ થાય. પરંતુ ભગવાને તેમ ન થવા દીધું. જીવનો આવો દુષ્ટ સ્વભાવ છે. તે નથી જાણતો કે, પોતે દોષ નિધાન છે અને પ્રભુ ગુણ નિધાન છે. પ્રભુ એટલા દયાળુ છે કે જીવનો દોષ જોતા નથી. જીવને પોતાના સમાન બનાવી તે સ્વરૂપાનંદનું દાન કરે છે.

દૈવી જીવને પ્રભુએ પોતાના શ્રીઅંગમાંથી જ પ્રગટ કર્યા છે. તેથી તેના તન, મન, પ્રાણ બધું જ પ્રભુ છે. તેથી જીવનું

બધુ કાર્ય પ્રભુ કેવળ પોતાની ઇચ્છાના બળથી કરશે, માટે હે જીવ ! તું પ્રભુની ઈચ્છાને જ નિયામક માન. જગતમાં એવું કોણ છે, જે પોતાના જનનું ખરાબ કરે ? તારા પ્રાણરૂપ પ્રભુ જે કરશે, તે ઉત્તમ જ છે. તારૂં કાર્ય પ્રભુ મન લગાવીને કરે છે. સ્નેહ સંબંધની આજ રીત છે.

હવે પૃથ્વી પર કોઈ આસુરી જીવના કારણે આપણને દુઃખ થાય, તો તે સહન કરવાનો ઉપદેશ આગળના કવિતમાં આપે છે.

કવિત — ૨૨

તુ જો અપરાધ આપ સહેગો અતિ ઓરકો.
વાકો અપરાધ જગદીશ આપ જાનત હે.
અપરાધ જાની દોષ માની તું કહેગો વાસો,
તેરો દુઃખ જગદીશ મનમે ન આનત હે. (૧)

તેરો દુઃખ તેરે મન મન તું સહન કરિ,
સહનકો દુઃખ પ્રભુ નીકો કરિ માનત હે.
સહનમે સુખ હે હે સહનમે તેરો હિત,
સહન સહન એસી વલ્લભકી બાન હે. (૨)

ભાવાર્થ :

જો કોઇ આસુરી અથવા દૈવી જીવ તારો અપરાધ કરે, તને દુઃખ આપે, વિના કારણે તારી નિંદા કરે, તારૂં દ્રવ્ય લૂંટી લે, તે સંજોગોમાં તારે તેનો બદલો લેવો જોઇએ નહીં. તેને કઠોર વચન કહેવા નહીં. તેને દુઃખ આપવું નહીં. તે જીવે તારો જે અપરાધ કર્યો હોય, તે તારે સહન કરવો અને ચૂપ રહેવું. આમ કરવાથી જગદીશ તારૂં ભલું જ કરશે અને અપરાધીને દંડ આપશે.

અહીં કોઇ એમ કહે આમ કરવાથી અન્યાશ્રય થાય,

દુઃખ સહન કરવું એતો ઠીક નથી. દુઃખ આપનારને દુઃખ આપવું જોઈએ, એના જવાબમાં ભકત કવિ સમજાવે છે કે જેમ રાજા પ્રજાની ફરિયાદ સાંભળીને, તેનો ન્યાય ન કરે તો તેનો ધર્મ જાય, તેણે ઈશ્વરને જવાબ આપવો પડે. અહીં જગદીશ પદનો અર્થ જગતના ઈશ છે. જગદીશ એવા ભગવાન બધાના સ્વામી છે. સારા નરસા કર્મોના સાક્ષી છે. પ્રાણી માત્રના રક્ષક છે, તેઓ સૌના મનની બધી વાતો જાણીને ન્યાય કરે છે અને અપરાધીને દંડ આપે છે. જગદીશ એટલે રાજા, પણ આજ પ્રમાણે પોતાનો રાજધર્મ બજાવે છે. જો તે આમ ન કરે તો તેને પ્રભુને જવાબ આપવો પડે છે. કારણ કે પુરૂષોત્તમ જગદીશ, એવા રાજાના નિયામક છે. વળી તેઓ ભકત પક્ષપાતી અને ભકત વત્સલ છે. તેઓ શ્રી હરી અર્થાત્ ભકતનું દુઃખ દૂર કરનાર છે. તેથી અહીં ભકત કવિ કહે છે કે, જીવ તું બીજાના અપરાધ જોઈ ગુસ્સો કરી દુઃખ આપનારને કદી કહીશ અથવા તો બદલો લઇશ તો રાજા તારા દુઃખ વિષે વિચાર કરશે નહીં, કારણ કે તમે બંને બરાબર બન્યા. તે દુઃખ આપનારને દુઃખ આપી બદલો લઈ લીધો, વળી એક બીજું કારણ પણ સમજવા જેવું છે. દુઃખ સહન ન કરવાથી અભિમાન વધશે, ત્યારે મનમાં તામસ ભાવ આવશે. તેથી બુદ્ધિ મંદ બનશે. પરિણામે હૃદયમાં ભગવદ ધર્મ સ્ફૂરશે નહીં. તેનાથી ઉલ્ટુ સામા માણસને ક્ષમા કરીને દુઃખ સહન કરીશ, તો પ્રભુ હૃદયમાં પધારી અનુભવ કરાવશે, કારણ કે જ્યારે હૃદયમાં દુઃખ સહન કરવાથી સાત્વિક ભાવનું રક્ષણ થાય છે. ત્યારે પ્રભુનો હૃદયમાં આર્વિભાવ થાય છે. તામસ ભાવમાં પ્રભુનો તિરોભાવ થાય છે.

પ્રભુ જીવની દીનતા જાણી તેને જ્ઞાન કરાવે છે કે, ભકતને સુખ અને દુઃખ પ્રભુની ઈચ્છાથી જ થાય છે. માટે જો કોઈ આપણને દુઃખ આપે તો પણ મનમાં એમ વિચારવું કે, હું

તેને લાયક હોઈશ, કારણ કે મારામાં ઘણા દોષ ભરેલા છે. આવો વિચાર કરી સામા માણસને ક્ષમા કરવાથી, દુઃખ આપનાર શરમાશે. બીજા લૌકિક મનુષ્યો, આ પ્રસંગમાં સામાવાળાનો દોષ સમજી તેને શિક્ષા કરશે. અને તેથી લૌકિકમાં આપણો યશ વધશે તથા અલૌકિકમાં પ્રભુની પ્રસન્નતા થશે. આમ થતા બન્નેનું ભલું થશે.

જ્યારે પ્રભુની પ્રસન્નતા થાય, ત્યારે બાકી શું રહે. બીજાના કઠોર વચન બાણની જેમ સહન કરી લેવા. બાણ, ગોળી, બરછી વગેરે હથીયારોના ઘા રૂઝાઈ જાય, પરંતુ શબ્દોના ઘા રૂઝાતા નથી. આને લઈને ભૂતકાળમાં મોટા મોટા રાજાઓમાં કલેશ થયો હતો. તેમણે રાજ્ય ગુમાવ્યા હતા. ઈન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞના મંડપમાં મયદાનવે સભાગૃહ બનાવ્યો, તેમાં એવી રચના કરી કે, જળના સ્થાને સ્થળ દેખાય અને સ્થળના સ્થાને જળ દેખાય. જ્યારે દુર્યોધન આ સ્થળમાં આવ્યો ત્યારે તેને સ્થળના સ્થાને જળનો ભ્રમ થયો, તેથી તે પોતાના કપડાં ઉંચા કરી ચાલવા માંડયો. તે જોઈ દ્રૌપદી, ભીમસેન વગેરે હસ્યા અને કહ્યું કે આંધળાના ત્યાં આંધળો જન્મ્યો. આ કઠોર વચનનું ખુન્નસ દુર્યોધને મનમાં રાખ્યું. તે દિવસથી કૌરવો અને પાંડવો વચ્ચે વેર વધ્યું. તેમાંથી મહાભારતનું યુદ્ધ થયું. બધો વંશ નાશ પામ્યો. યુધિષ્ઠિર, અર્જુન વગેરેએ ઘણું સહન કર્યું. તેમના પક્ષમાં ભગવાન પોતે હોવાથી તેઓ સંસાર સાગર તરી ગયા.

અહીં એક પ્રશ્ન થાય કે ભીમસેન વગેરે પાંડવોએ દુર્યોધનને કઠોર વચન કહ્યા તે યોગ્ય હતું ? તેના જવાબમાં કહેવાનું કે પાંડવો જે કંઈ બોલ્યા, તે ભગવાનની ઈચ્છાથી બોલ્યા હતા, કારણ કે પ્રભુને પૃથ્વીનો ભાર ઉતારવો હતો. તેથી આ પ્રસંગ બન્યો. પાંડવો જે બોલ્યા, તેના પરિણામે તેમને ઘણું દુઃખ સહન કરવું પડયું, પરંતુ ભગવાન તેમની નજીક રહી [illegible]

સલાહકાર બન્યા તેથી પાડવો પરમપદને પામ્યા, માટે સહનશીલતા મોટો ગુણ છે.

આપણે પણ જે જે દુઃખ આવી પડે, તેમાં પ્રભુની ઇચ્છા જાણીને, તેને સહન કરવા. જેમ ગજેન્દ્રને અજગરે પકડયો, ત્યારે ગજેન્દ્ર અજગર સાથે ઘણું લડયો. આખરે તે હારી ગયો. ત્યારે તેણે પ્રભુનું સ્મરણ કર્યું. આથી પ્રભુએ તેની રક્ષા કરી. માટે અહીં ભક્ત કવિ કહે છે કે, તું સહન કરતા શીખ. સહન કરવું એ ભક્તનો મૂળ ધર્મ છે. ભૂતકાળમાં પણ મોટા મોટા ભકતોએ ઘણું સહન કર્યું છે. જગતે તેમની ઘણી નીંદા કરી છે. છતાં તેઓ ભગવદ્ રસમાં મગ્ન રહ્યા છે તેમનું કશું બગડયું નથી. બીજી બાજુ ઋષિઓ અને દેવતાઓ મહાન તેજસ્વી કહેવાય છે. પરંતુ તેમનામાં રાજસ અને તામસ ભાવ હોવાથી તેમણે શાપ આપ્યા છે. તેથી તેમને જન્મ લેવા પડયા છે. દેવોમાં ઈર્ષા અને અભિમાન ઘણું હોવાથી, તેમને જન્મ-મરણ, સ્વર્ગ-નરક ભોગવવા પડે છે.

અત્યારના સમયમાં નરસિંહ મહેતા થયા, તેમને શ્રી કૃષ્ણમાં અનન્યતા હતી. જુનાગઢના રાજા માંડલીકે, તેમને એક વખત રામનામ લેવા કહ્યુ. નરસિંહ મહેતાએ તેમ ન કર્યું. ત્યારે રાજા માંડલીક ખડગ લઈ તેમને મારવા આવ્યો, છતાં નરસિંહ મહેતાએ રાજાને કંઈ કહ્યું નહીં. ત્યારે પ્રભુ પોતે પ્રગટ થયા. દર્શન આપી નરસિંહ મહેતાને માળા પહેરાવી, તેમનું સંકટ દૂર કર્યું. રાજા માંડલીક આ અપરાધથી મ્લેચ્છ બન્યો. તેની મહાઅધમ ગતી થઈ માટે ક્ષમા મહાન છે.

ચિદ્રુપ સાથેના પ્રસંગમાં શ્રી ગોકુલેશ પ્રભુએ પોતે ભારે ઉપદ્રવ સહન કર્યો અને ભકતોને પણ સહન કરતા શીખવ્યું.

પ્રભુને લૌકિક કલેશ જરાપણ રુચતો નથી. લૌકિક કલેશ પણ પ્રભુની ઈચ્છાથી જ થાય છે. પ્રભુની ઈચ્છા ભકતો માટે

હિતકારી છે, એવું મનમાં જાણીને, લૌકિક કલેશ સહન કરવો અને પ્રભુના વિયોગના દુઃખના કલેશને પણ સહન કરવો, એવી શીખામણ ભક્ત કવિ આગળના કવિતમાં આપે છે.

કવિત—૨૩

જો કલેશ તે કલેશ પ્રતિ છિનુ બાઢત હે,
સો કલેશ કિયે તે કલેશ હાથ આવેગો.
સો કુલેશ કર જો કલેશ હરે આદિ હુતે,
રહત ન કલેશ લેશ ગોકુલેશ મન ભાવેગો. (૧)

વિપ્રયોગ રસ અનુભવકો કલેશ કર,
યા કલેશમાં જ છિનુ છિનુ સુખ પાવેગો.
યા કલેશમાં જ કલેશ તેરો ન રહેગો કુછ,
જો તુ યા કલેશ મન નીકો કર લાવેગો. (૨)

ભાવાર્થ :

આપણે સ્ત્રી, પુત્ર, ધન, શરીર વગેરેથી સુખો માટે કલેશ કરતાં રહીશું, તો આપણો કલેશ વધશે. ક્ષણે ક્ષણે દુઃખ વધતું રહેશે. આવો કલેશ કરવામાં આપણું કોઈ પણ પ્રકારે હિત થશે નહીં. કારણ કે, પ્રભુએ જે વિચાર્યું હશે તે જ થશે. આપણું ધાર્યું કંઈ પણ થવાનું નથી, માટે આપણે લૌકિક કલેશ છોડી દેવો જોઈએ. આપણા પ્રાણવલ્લભ હંમેશ માટે આપણા પરમ હિતકારી પાત્ર છે. તેમનો આપણને વિયોગ થયેલો છે. એમનું આપણને ફરીથી મિલન થાય, એ અત્યંત જરૂરી છે. માટે એમના મિલન માટે કલેશ કરવો જોઇએ. તેમ કરવાથી આપણને લૌકિક કલેશ રહેશે નહીં. અને લૌકિક કલેશનો મૂળમાંથી નાશ થશે. જ્યારે સર્વાત્મભાવપૂર્વક પ્રભુમાં આપણો સ્નેહ થશે, ત્યારે જ લૌકિક અને અલૌકિક સર્વ પ્રકારના કલેશ દૂર થશે.

પ્રભુ જે જીવનો અંગીકાર કરે છે, તેને લૌકિક સંસારમાં અને વૈદિક કાર્યોમાં ક્લેશ આપે છે. આ પ્રભુનો અનુગ્રહ છે, કારણ કે જીવ જ્યારથી પ્રભુથી વિખુટો પડયો છે, ત્યારથી તેનું મન લૌકિક સંસારમાં આસક્ત થયું છે. તેની આસક્તિ છોડાવવા માટે. પ્રભુ લૌકિકમાં ક્લેશ આપે છે. તેવી જ રીતે જીવને વૈદિક ધર્મ સિદ્ધ થવા દેતા નથી. આમ કરીને પ્રભુ પોતાના કેવળ ધર્મી સ્વરૂપોમાં જ જીવની આસક્તિ કરાવે છે. આ પ્રભુની પરમ કૃપાનું લક્ષણ છે. તેથી લૌકિક વૈદિક કાર્યોમાં ક્લેશ આવી પડે, અથવા તે કાર્યો સિદ્ધ ન થાય, ત્યારે તેમાં પ્રભુની કૃપા છે, એમ માની તે ક્લેશ છોડી દેવો અને પ્રભુના વિયોગનો ક્લેશ સદા મનમાં ધારણ કરવો.

અહીં કોઇ એવી શંકા કરે કે, એક બાજુ લૌકિકમાં ક્લેશ થતો હોય અને બીજી બાજુ તમે અલૌકિક કરવાનું કહો છો. આમ કરવાથી બંને બાજુનું દુઃખ જ રહે. આમાં સુખ ક્યાં છે ? આવા દુઃખમાં પુરુષોત્તમના સ્વરૂપનો અનુભવ કેવી રીતે થાય ? એક બાજુ તમે એમ કહો છો કે શ્રી ગોકુલેશ મારા મનને ભાવ્યા છે અને બીજી બાજુ તેમનો ક્લેશ કરવાનું કહો છો, આમાં તમારો શો અભિપ્રાય છે તે સમજાતું નથી.

આ શંકાનું સમાધાન એ છે કે, પ્રભુના વિયોગનું દુઃખ એ દુઃખ નથી, કારણ કે વિયોગ શૃંગાર રસનું જ સ્વરૂપ છે. તેથી તે રસરૂપ છે. પરિણામે ક્ષણે ક્ષણે સુખનો અનુભવ કરાવે છે શૃંગાર રસના બે દળ છે. (૧) સંયોગાત્મક શૃંગાર (૨) વિપ્રયોગાત્મક શૃંગાર. જેમ સંયોગ શૃંગારમાં સુખ રહેલું છે, તેમ વિપ્રયોગ શૃંગારમાં પણ સુખ જ છે. કારણ કે પ્રભુનું સ્વરૂપ રસરૂપ અર્થાત આનંદ રૂપ જ છે. તેવા સંયોગમાં પ્રગટ સ્વરૂપના આનંદનો અનુભવ થાય છે. જ્યારે વિયોગમાં ભાવાત્મક માનસી, સ્વરૂપનું ધ્યાન કરવાથી અને તેમના રસરૂપ તાપાત્મક

ગુણગાન કરવાથી આનંદનો અનુભવ થાય છે. વિપ્રયોગનું દુઃખ કહેવા પુરતું જ છે. બહારથી દેખાવમાં ક્લેશરૂપ લાગે છે પરંતુ અંદરથી હૃદયમાં પ્રભુના ભાવાત્મક રસાત્મક સ્વરૂપનો સ્પર્શ થવાથી, હૃદયમાં સુખનો અનુભવ થાય છે.

જેવી રીતે પરદેશથી આવતો મિત્ર પાછો આવે, ત્યારે તેને ભેટતા સાત્વિક ભાવ વધે છે. પરિણામે નેત્રોમાં આંસુ આવે છે. શરીરમાં રોમાંચ થાય છે. અને હૃદયમાં અતિ આનંદ થાય છે. બાહ્ય રીતે જોતા આંસુ આવવાની ક્રિયા દુઃખનો ભાસ કરાવે છે, પરંતુ વાત્સવમાં મિત્ર મળતા હૃદયમાં આનંદ ભરાઇ આવે છે. માટે વિપ્રયોગના રસનો અનુભવ કરવા ક્લેશ કરવાનું કહ્યું છે.

અહીં બીજી એક શંકા થાય છે. મિત્ર મળતા આનંદના કારણે આંસુ આવતા હોય, ત્યારે તેમાં સુખ રહેલું છે. એ વાત સમજી શકાય છે. પરંતુ જીવને પ્રભુનો સાક્ષાત સંબંધ તો થયો જ નથી. ત્યારે વિયોગમાં તેને સુખ કેવી રીતે થાય ?

આ પ્રશ્નનું સમાધાન એ છે કે, આવો પ્રશ્ન કરનાર વ્યક્તિ નીરસ છે. તેઓ રસમાર્ગની વાત જાણતા નથી. લૌકિકમાં જીવ કોઈને મળવાની આશા કરે તે તો અત્યંત તુચ્છ વસ્તુ છે. કારણ કે લૌકિક સુખ નાશવંત અને પરતંત્ર છે. તેમાં કેવળ આનંદનો પડછાયો છે. સાચો આનંદ નથી. લૌકિક સુખ આખરે દુઃખ રૂપ જ બને છે. લૌકિક સુખની વાસનાથી જન્મ મરણના ફેરા છુટતા નથી. તેથી લૌકિક સુખ દુઃખરૂપ બને છે. જ્યારે અલૌકિકમાં પૂર્ણ પુરુષોત્તમનો અગણિત આનંદ છે. તેમનું લાવણ્ય સૌન્દર્ય કરોડો કામદેવો કરતા પણ અધિક છે. તેઓ નિરંકુશ અખંડ રસલીલા કરનારા છે. તેથી તેમના વિપ્રયોગમાં કરવામાં આવતું ધ્યાન, ગુણગાન, સ્મરણ,

પરમસુખરૂપ છે. તે સાક્ષાત્ સ્વરૂપના સંગમ સમાન હોવાથી સુખરૂપ છે. જેમ સંયોગમાં પ્રભુનું સ્વરૂપ બહાર પ્રગટ છે તેમ વિપ્રયોગમાં પ્રભુનું પ્રગટ સ્વરૂપ અનુભવાતું નથી. પરંતુ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ, સર્વદા હૃદયમાં અતિ નિકટ રહે છે. આથી એક રસિક વિરહી ભકતે, આ વાત નીચે પ્રમાણે ગાઈ છે.

સંગમ રસ સમ સંગમ નહીં પરી વિરહજુ રસકી રાસ,
જહાં વિરહ પ્રિતમ તહાં રહત નિરંતર પાસ.
વિરહ અનલ યાતે કહત સબ ગુન પુરણ યેહ,
પકવદશા કર દેતે હે તારદે નિરવધિ નેહ.
વિરહ તપતકી વાસના રહત હે આઠો યામ,
અજરી ઉઠે કહુ છિનકમેં નહીં કાહુસો કામ.

સંયોગમાં પ્રભુનો પ્રત્યક્ષ પ્રગટ સંગમ હોય છે. તેનું સુખ વર્ણવી શકાતુ નથી. આ સંગમથી પ્રભુની સ્વરૂપ માધુરી હૃદયમાં જડાઈ જાય છે, પછી પ્રભુનો વિયોગ થાય છે. વિયોગમાં પ્રભુનું ભાવાત્મક માનસી સ્વરૂપ હંમેશા સ્નેહી ભકતની નજીક જ રહે છે, કારણ કે જો વિરહમાં પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો, હૃદયમાં સંબંધ ન રહે તો, તે ભક્તની દશમી અવસ્થા એટલે કે મૃત્યુ થાય છે. આથી પ્રભુ પહેલાં પોતાના ભક્તને સંયોગ સુખનો અનુભવ કરાવીને, પછી તે વિરહી ભક્તના હૃદયમાં પોતાનું ભાવાત્મક સ્વરૂપ પધરાવી, તેને વિપ્રયોગનો અનુભવ કરાવે છે. આ વિપ્રયોગ ભક્તને મહારસને પાત્ર બનાવવા માટે છે. સંયોગમાં પ્રભુની જે રૂપ માધુરીનો અનુભવ કર્યો છે. તે રૂપ માધુરીને વિપ્રયોગમાં ભકત પોતાના નેત્રોમાં લાવીને તેનું પાન કરે છે. તેથી તેનું રોમે રોમ રસમય બને છે. જેમ જેમ તે આ સ્વરૂપ માધુરીનું પાન કરે છે. તેમ તેમ તેને મહા વિરહ થાય છે. પ્રભુને પ્રગટ મળવાની આર્તી વધતી જાય છે. આમ થતાં તેનું રોમે રોમ રસમય બને છે.

ત્યારે પ્રભુ સાક્ષાત્ પ્રગટ થઈ પૂર્ણ રસનો અનુભવ કરાવે છે. માટે અહીં ભક્ત કવિ કહે છે કે, આ આનંદરૂપ ક્લેશને મનમાં લાવીશું, તો તેનાથી લૌકિક અને અલૌકિક બંને પ્રકારના ક્લેશ રહેશે નહીં. આ તાપક્લેશ હૃદયમાં કેવી રીતે રાખવો, તે સમજાવતા ભક્ત કવિ **નીકો કર લાવેગો** એવો શબ્દ પ્રયોગ કરે છે. તેનો ભાવ એ છે કે, રસરૂપ પ્રભુનું પ્રત્યેક અંગ મધુર છે. તેની મધુરતાની ભાવના મનમાં કરીને, પ્રભુના અખીલમ્ મધુરમ્ સ્વરૂપનો અનુભવ કરવો. જેમ ગદ્ય મંત્રમાં કહ્યું કે, તાપ ક્લેશનો આનંદ તીરોભાવ થઈ ગયો છે. એવા જીવને બ્રહ્મ સંબંધ એટલે તે પુરૂષોત્તમનો સંબંધ કરાવી, તાપ ક્લેશના આનંદનું દાન કર્યું છે. આમ પ્રભુના વિયોગનું દુઃખ આનંદરૂપ રસરૂપ છે.

જ્યારે વિપ્રયોગની સ્થિતિમાં, પ્રભુના ભાવાત્મક સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે કીટભ્રમર ન્યાયથી પ્રભુના સ્વરૂપમાં તદાત્મકતા થાય છે. પ્રભુના વિયોગનું દુઃખ આમ થવાથી રહેતું નથી. મનમાં હંમેશા અખંડ રીતે પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ થયા કરે છે. આ આનંદ અગણિત છે. જ્યારે સંયોગમાં મળતો આનંદ અગણિત નથી. કારણ કે, સંયોગમાં પ્રભુના એકજ સ્વરૂપનો અનુભવ થાય છે. જ્યારે વિપ્રયોગમાં પ્રભુના અનેકાનેક સ્વરૂપનો અનુભવ થાય છે. સમસ્ત વિશ્વ પ્રભુના સ્વરૂપથી ભરાઇ જાય છે. આવા અગણિત આનંદનો અનુભવ કરાવવા માટે જ, આપણા પરમ હિતકારી નિત્ય સખા એવા પ્રભુએ, વિપ્રયોગનું દાન કર્યું છે. તેથી તેના તાપ ક્લેશને સારી રીતે મનમાં ધારણ કરવો જોઇએ.

અહીં એક શંકા થાય છે કે, આપણે જીવ સ્વભાવવાળા છીએ, એથી આપણામાં સ્વાર્થ રહેલો છે. માટે આપણે પ્રભુને વિનંતી કર્યા વિના રહી શકતા નથી, કારણ કે વિરહ દુઃખનો

અનુભવ કરવામાં અને તેને સહન કરવામાં આપણે કાયર છીએ. આ સ્થિતિમાં આપણે વિનંતી કર્યા વિના, પ્રભુ પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કેવી રીતે કરાવશે. આ શંકાના સમાધાનમાં ભક્ત કવિ આગળનું કવિત કહે છે.

કવિત — ૨૪

આપુને અજ્ઞાનહુતે સ્વારથ સુખારથકો,
વિનતી કરત સો વિનતી ન માનીયે.
તુમ સર્વજ્ઞ સબ ભૂત-ભાવિ વર્તમાન,
નીત હિત ચિત્ત ઠાન મેરો હિત આનીયે. (૧)

જોઇ જોઇ વિચારો હોસો નીકો વિચારી હોજુ,
યાહીમેં કલ્યાણ મેરો યાહીમે નિદાન હે.
જામેં મેરો હિત સોઈ કીનો તુમ આપ હીતે,
કરત હો કરોગે સબ તુમારી યહ બાન હે. (૨)

ભાવાર્થ :

જીવ અજ્ઞાની છે, એમ આ કવિતમાં કહેવામાં આવ્યું છે. તેનું કારણ શુ ? જો તે અજ્ઞાની હોય, તો તેનામાં વિવેક અને ચતુરાઈની વાતો ક્યાંથી આવે ? તે વાસ્તવમાં ખોટું કવર કરી તેનું અજ્ઞાન બતાવે છે. આવી શંકા કોઈ કરે તો તેનું સમાધાન કરતાં કહે છે કે, ખરેખર જીવમાં આવું કવર નથી. પરંતુ પ્રભુને પામવાનો સ્વાર્થ છે. કારણ કે, તેને પ્રભુના વિયોગનું દુઃખ છે. જેમ દર્દીને વિવેક રહેતો નથી અને ધીરજ પણ રહેતી નથી, તેથી તેનું મન પણ ભમતું રહે છે. તેમ પ્રભુને મેળવવા તત્પર જીવને પણ વિવેક અને ધીરજ પણ નથી. તેથી તેનું મન ભ્રમીત છે. પ્રભુના સંગમનું સુખ કઈ રીતે મને મળે, એ વિચારમાં તે વ્યથિત છે. તેથી તેને આગળ પાછળનો વિચાર સૂઝતો નથી. વિયોગના દુઃખમાં બુદ્ધિ શુન્ય થઈ જાય છે.

આ સ્થિતિમાં તે પ્રભુને વિનંતી કરે છે કે, હે પ્રભુ આપ સર્વજ્ઞ છો. બધું જાણો છો. ભૂતકાળમાં જે બન્યું તે ભવિષ્યમાં પણ બનનારૂં છે અને વર્તમાનમાં પણ બને છે. ત્રણે કાળની વાત કેવળ આપ જ જાણો છો.

અહીં એવી શંકા થાય કે ભૂત, ભવિષ્યનું જ્ઞાન કેવળ ઈશ્વરને જ છે એમ શા માટે કહ્યું ?

તેનું સમાધાન કરતા કહે છે કે, સાકરના પાણીમાં કોઈ ઝેર મેળવી દે તો જીવ તેને જાણી શકતો નથી. તેવી રીતે કોઈ માણસ આપણને મીઠી મીઠી વાતો કરી છેતરે, તો પણ આપણે તેને જાણી શકતા નથી, કારણ કે, ભગવદીયનું હૃદય કોમળ હોય છે. તેઓ પારકાનું દુઃખ જોઈ શકતા નથી. આથી કપટી માણસ ભગવદીયની બડાઈ કરી તેમને છેતરે છે. ભગવદીયનો સત્સંગ કપટ રાખીને કરે છે. તેમાં તેનો હેતુ સંસારનો સ્વાર્થ મેળવવાનો હોય છે. આ કામ સાકરના પાણીમાં ઝેર મેળવવા બરાબર છે. આ વાત ભક્ત જાણતો નથી. પરંતુ ભગવાન જાણે છે. માટે આવું છળ કપટ કરનાર માણસોથી પ્રભુ ભગવદીયનું રક્ષણ કરે છે. તેથી ભક્ત કહે છે કે, જેમાં મારૂં હિત હોય તે જ આપ કરો છો અને ભવિષ્યમાં પણ મારા માટે જે વિચારશો તે ઉત્તમજ હશે.

અહીં ફરી પાછી શંકા થાય કે સ્ત્રી, પુત્ર, ધન અને પ્રતિષ્ઠાનો નાશ થાય. શરીરમાં પણ રોગોનું કષ્ટ વધે, એવું મોટા મોટા ભકતો માટે જોવા મળે છે. ત્યારે પ્રભુએ તેમનું શું હિત વિચાર્યું કહેવાય ?

એના જવાબમાં કહે છે કે, ભકતોને દુઃખ પડે એમાં પ્રભુને કદી પ્રસન્નતા હોતી નથી. તેમજ પ્રભુ એવું ઈચ્છે પણ નહીં, કારણ કે, પ્રભુ પરમ દયાળુ છે. તેમણે ભક્તોનો અંગીકાર

કરેલો છે. તેથી પ્રભુએ ભકતને મહાપદાર્થ રૂપી, પોતાના સ્વરૂપાનંદનું દાન કરવાનું વિચારેલ છે. બીજી બાજુ જીવ તેના અજ્ઞાનના કારણે સ્ત્રી, પુત્ર, ધન અને તેના નાશવંત દેહના સુખમાં આસકત બન્યો છે. તેનું ચિત્ત જેમાં આસકત બને છે તેનો પ્રભુ નાશ કરે છે અને તે દ્વારા નાશવંત સુખમાંથી તેના મનને કાઢીને, પ્રભુ પોતાના ચરણારવિંદમાં તેનો નિરોધ કરાવે છે.

આ સંજોગોમાં જીવને જે દુઃખ થાય છે, તે તેની અજ્ઞાનતાને કારણે થાય છે. જેમ બાળક સાપને રમકડુ માનીને પકડવા જાય છે, ત્યારે તેના માતાપિતા તેને રોકે છે. ત્યારે બાળક રડે છે. કારણ કે, તેને ખબર નથી કે, આ સાપ છે. તે મૃત્યુનું કારણ બનશે. તેને એ પણ ખબર નથી કે, મારા માતાપિતા મારા હિતકારી છે. તેથી તેઓ મને મૃત્યુના મુખમાંથી બચાવે છે. તેવી જ રીતે જીવને પ્રભુએ પોતાનો કર્યો છે, તેથી જીવની બાળક બુદ્ધિ જાણીને, પ્રભુ તેનું કાળથી રક્ષણ કરે છે. આમ કરતા જીવના લૌકિક સુખ નાશ પામતા, તેને દુઃખ થાય છે. કારણ કે, જીવ જાણતો નથી કે, લૌકિક સુખ નાશવંત છે, તેથી તેમાંથી છોડાવી, પ્રભુ મને એવું સુખ આપવા માંગે છે કે, જે કદી નાશ ન પામે, આવું અલૌકિક સુખ એટલે પ્રભુનું સ્વરૂપાનંદ. અજ્ઞાની જીવ આ વાત જાણતો નથી. પરંતુ પ્રભુ તેનું હિત વિચારી લૌકિક સુખની આસકિત છોડાવી, મનને અલૌકિકમાં પ્રભુ વિષે આસકત કરે છે, પછી જીવને લૌકિક સંપત્તિ ઝેર સમાન લાગે છે. જે સ્ત્રી, પુત્ર વગેરે પ્રભુના સંબંધવાળા હોય, પ્રભુની સેવામાં અનુકુળ હોય અને પ્રભુમાં આસકત હોય તો તેમનામાં સ્નેહ રાખે છે. પ્રભુને એટલી જ ઈચ્છા છે કે જીવ પોતાનામાં આસકત રહે.

આમ બધી વાતોની મૂળ વાત એક જ છે કે, પ્રભુ જે કરશે તે ઉત્તમ જ કરશે. જેમાં આપણું હિત હશે એ જ કરશે.

પ્રભુ કાલે પણ એ જ પ્રમાણે કરતા હતા, આજે પણ એ જ કરશે. અને આવતી કાલે પણ એમ જ કરશે. આમ કરવામાં પ્રભુ પોતે જ નિયામક છે. આ સિદ્ધાંતને સરખી રીતે સમજીને, આપણે પ્રભુની ઈચ્છા જ પ્રમાણ રાખવી જોઈએ.

પ્રભુની ઇચ્છા પોતાના ભકતોને પોતાના સ્વરૂપાનંદનું દાન કરવાની છે. તે અનુભવ કેવી રીતે પ્રાપ્ત થાય, તે વાત આગળના કવિતમાં કહે છે.

કવિત — ૨૫

પ્રથમહી જગકી ડોર જોર પ્રાણવલ્લભસો,
નીકો અરૂઝાય પાછે પાછે ઓર કરીએ.
તન મન પ્રાણ વચન કર્મ ભાવાધીન કર,
રસહીમેં છાંનકે રસીલે આગે ધરીએ. (૧)
ઇન્દ્રિય સકલકો પ્રબોધ કર નિરોધ કર,
પ્રણય સહિત ઉતહીમેં અનુસરીએ.
સ્વરૂપસોહી રતિ અરૂ ગતિ હું સ્વરૂપહીમેં,
યામેં રસ બસ હોય આન પરહરીએ. (૨)

ભાવાર્થ :

જગતના પ્રપંચોમાંથી આપણી બધી ઈન્દ્રિયો અને મનની તથા ચિત્તની બધી વૃત્તિઓને ખેંચી લઈ, પ્રભુના સ્વરૂપમાં જોડવાથી, પ્રભુની સ્વરૂપમાધુરીનો મનમાં અનુભવ થાય છે. માટે આપણા તન, મન, પ્રાણ, વચન અને કર્મ એ બધાને ભાવાત્મક પ્રભુના સ્વરૂપમાં અધિન કરવા, પ્રભુના રસસ્વરૂપમાં એ બધાને ડૂબેલા રાખવા, તેમ કરવાથી રસ પ્રાપ્ત થાય છે. આ રસ પણ પ્રભુને જ અંગીકાર કરાવવો અને બધી ઈન્દ્રિયોનો પ્રભુમાં નિરોધ કરી પ્રેમપૂર્વક પ્રભુના સ્વરૂપનો અનુભવ કરવો. પ્રભુના

સ્વરૂપમાં જ કેવળ પ્રેમ રાખવો. ચિત્ત ગતિ પણ પ્રભુના સ્વરૂપ તરફ જ આપવી, બાકી બધાનું વિસ્મરણ કરવાથી સ્વરૂપાનંદની પ્રાપ્ત થાય છે.

હવે આગળના કવિતમાં આ રીતે રસ પ્રાપ્તિ કરનાર ભગવદીયોના લક્ષણ કેવા હોય તેનું વર્ણન કરે છે.

કવિત - ૨૬

સોઇ ભગવદી ભગવદ ગુણ ગાય કહે,
સોઇ જ્ઞાન પુરો સુરો પરમ ઉદાર હે.
સોઇ રસ લીન ઔર કુલીન વિદ્યાવાન જાન,
સોઇ પ્રેમ પાનરૂપ ભાગ્યકે અપાર હે (૧)
વેદ ભાવત ભેદ ગીતા ગ્રંથ દોહનકો,
જાન્યો જગમાં જ તીન સારહુકો સાર હે.
વલ્લભકે પદ રેણુ સન્મુખ રત હે જાકી,
વાકી મતિ સમ કોન કીજે અનુહાર હે. (૨)

ભાવાર્થ :

પ્રભુના વિયોગમાં બીજી બધી વાતો છોડી દઈને, પ્રભુના રસાત્મક સ્વરૂપનું તાપપૂર્વક ગુણગાન કરે છે. તે જ ભગવદીયનું ગુણગાન સાચું છે. જે પ્રભુના રસાત્મક સ્વરૂપને જાણે છે, તે જ જ્ઞાની છે. પોતાનું સર્વસ્વ પ્રભુ માટે ન્યોછાવર કરી દે છે. તે જ શુરવીર ને પરમ ઉદાર છે આવો ભક્ત પ્રભુના રસસ્વરૂપનો રસ પામવા અધિકારી છે. રસાત્મક પુરુષોત્તમ સાથે જેનો નિત્ય સંબંધ છે, તે જ કુલીન કહેવાય છે. પ્રેમ સ્વરૂપ પુરુષોત્તમને જાણનાર વિદ્યાવાન છે. આવા પ્રેમ સ્વરૂપને જાણીને તેમની પ્રેમ સુધાનું પાન કરનાર, અપાર ભાગ્યવાન છે. વેદ, ભાગવત, ગીતા વગેરે શાસ્ત્રોના દોહનમાંથી, એક જ સાર નીકળ્યો છે કે, પ્રભુના ચરણ કમળની રજને પ્રેમ કરવી, આવો પ્રેમ જે ભક્તામાં છે તેના સમાન કોઈ ભાગ્યશાળી નથી.

અહીં પદરેણું શબ્દનો ગૂઢભાવ સમજવા જેવો છે. રેણું અનુરાગનું સ્વરૂપ છે. રેણું રૂપ અનુરાગ, સમુદ્રના પ્રવાહની જેમ અખંડ પ્રવાહીત હોય છે. પ્રભુનું પદકમળ, લીલાધામરૂપ છે. આ ધામમાં કરોડો સ્વામીનીઓનો વાસ છે. આ સ્વામીનીઓને પ્રભુમાં જે અનુરાગ છે, તેના સમાન કોઈ ભાગ્યવાન નથી. રસાત્મક ગુણગાનનો રસાત્મક સારનો ભગવદ્ ગીતા વગેરે બધા શાસ્ત્રોનો સાર એક જ છે. અને તે પ્રભુની પદરેણુંમાં પ્રીતિ કરવી. આ પદરેણુંમાં પ્રીતિ કરીને, જેણે તો પ્રાપ્ત કરી છે, તેના ભાગ્યની પ્રસંશા કોણ કરી શકે?

આવા પ્રભુના નામ, રૂપ, ગુણ અને લીલામાં જ જેનું મન લાગી રહ્યુ છે એવા અનન્ય ભગવદીયનું સ્વરૂપ આગળના કવિતમાં વર્ણવેલ છે.

કવિત-૨૭

જામે શ્રી વલ્લભજુ કે નામ-ગુણ-લીલા નાવે,
સોઈ પદ અક્ષરકો કોન કાજ ગાઈએ.
જાકે મન વચ કર્મ યેહી પુરૂષારથ નીકો,
યે સ્વરૂપ સુહાતો નાતો તાસો તક જઈએ. (૧)

જેસે તૃષા આતુરકો આરત સમાયવેકો,
કહા સચુ પાવે મૃગજલ પાછે ધાઈ એ,
યેહી ફલ સાધન યેહી ફલ સર્વોત્તમ,
શ્રી વલ્લભકે નામ પ્રતિ છિનુ અવગાહીએ. (૨)

ભાવાર્થ :

શ્રી વલ્લભનું નામ, ગુણ કે લીલા જેમાં ન હોય, એવી વાણીને શ્રી વલ્લભના અનન્ય ભક્તો સ્વીકારતા નથી. જેને શ્રી વલ્લભનુ સ્વરૂપ, મન, વાણી અને કર્મ રૂચે છે, તે જ પરમ પુરુષાર્થ છે, જેને પાણીની તરસ લાગી હોય છે તેની

તરસ મૃગજળથી છીપતી નથી, કારણ કે મૃગજળ સત્ય નથી. તેવી રીતે પ્રભુની સ્વરૂપ માધુરી વિનાના, મોક્ષ પર્યંતના બીજા સુખ, પ્રભુના સ્નેહી ભકતોને મન મૃગજળ સમાન છે. જે લોકો મૃગજળની આશા કરીને, પોતાની તરસ છીપાવવા મૃગજળની પાછળ દોડે છે, તેઓ અંતે નિરાશ થાય છે. આવી જ રીતે પ્રભુના સ્વરૂપામૃત વિના બીજા બધા આનંદ પાછળ દોડનારાઓને પણ નિરાશા મળે છે. માટે પ્રભુના સ્વરૂપગાન અને તે લીલાઓનું સ્વરૂપ જાણીને, પ્રભુના નામામૃત અને સ્વરૂપામૃતનું ક્ષણે ક્ષણે અનુભવ દ્વારા પાન કરવું, એ જ સર્વોત્તમ ફળ છે.

હવે પ્રભુના નામનો અદ્ભૂત મહીમા, ભક્ત કવિ સમજાવે છે. વિરહી ભક્તને પ્રભુનું નામ, કેવી રીતે પ્રભુનો અનુભવ કરાવે છે, તેનું વર્ણન આગળના કવિતમાં કરે છે.

કવિત – ૨૮

યેહી નામ નિર્ભય અભયદાન દાયક હે,
યેહી નામ ધામ-ધામ રહો આઠો યામ હે.
યેહી નામ ઉદિત સુધાકર. પ્રભાકર.
સો સાગર ઉજાગર તે જગત અભિરામ હે. (૧)

યેહી નામ ભવતિ રસબોધક નિરોધક જાનો,
પ્રબોધક પ્રણય રસ પુષ્ટિ રસ ધામહે.
અખિલ અલૌકિક કો અસીમ સુખ જીવન હે,
શ્રી વલ્લભ શ્રી વલ્લભ ભજનકો નામ હે. (૨)

ભાવાર્થ :

શ્રી વલ્લભનું નામ કાલનો ભય દૂર કરી, અભયનું દાન આપનાર છે. તે નામમાં અમૃતનો સમુદ્ર ભરેલો છે. આ નામ લેનાર ભક્તને જ્યારે તે અમૃત પ્રાપ્ત થાય છે. ત્યારે તેમનો દેહ અજર, અમર, અલૌકિક બની જાય છે. શ્રી વલ્લભનું

નામ ધામરૂપ છે. ધામ એટલે રસાત્મક ગોલોક ધામ, ગોલોક ધામમાં અનંત દિવ્ય કુંજ-નિકુંજો છે. અનંત સ્વામીનીઓ અને સખી સહચરીઓ છે. શ્રી ઠાકોરજીના અનંત સ્વરૂપો છે. અને અનંત લીલા સામગ્રી છે. આ સર્વ ગોલોક ધામમાં દિવ્ય સ્વરૂપે રહે છે. આવું મહા અલૌકિક રસાત્મક ધામ. શ્રી વલ્લભના નામનું સ્મરણ કરનાર ભક્તના હૃદયમાં પ્રગટ થાય છે. માટે અહીં કહ્યું કે આવા અતુલિત મહીમાવાળા શ્રી વલ્લભના નામનું સ્મરણ રાત-દિવસ કરવું જોઈએ.

શ્રી વલ્લભનું નામ મહાઅલૌકિક ચન્દ્રરૂપ છે. અને અતિ તેજસ્વી સૂર્યરૂપ છે. સૂર્યરૂપથી તે આપણા હૃદયના અંધકારને દૂર કરે છે અને રસાત્મક ધામ અને તેની દિવ્ય લીલાનો પ્રકાશ કરે છે. સૂર્ય તાપાત્મક હોવાથી, પ્રભુના સાક્ષાત્ સંગમનો રસરૂપ તાપ ઉત્પન્ન કરે છે. આવો રસરૂપ તાપ ઉત્પન્ન થયા પછી, ચન્દ્રરૂપે શીતળ કિરણો દ્વારા, પ્રભુની સ્વરૂપ માધુરીની અમૃત વર્ષા કરે છે.

શ્રી વલ્લભનું સ્વરૂપ સૌંદર્ય અને લાવણ્ય માધુર્ય અમૃતના સાગરરૂપ છે તેનો પ્રત્યક્ષ અનુભવ, આજ પર્યન્ત શ્રી વલ્લભે પોતાના નામ દ્વારા, અનેક ભકતોને કરાવ્યો છે. શ્રી વલ્લભના નામમાંથી, દિવ્ય પ્રેમરૂપી સુધારસની ધારા પ્રગટે છે. તેથી ભકતને, શ્રી વલ્લભના રસાત્મક સ્વરૂપનું જ્ઞાન થાય છે. જેમ વેણુનાદ દ્વારા, શ્રી ગોપીજનોમાં ભગવદ સુધાનો પ્રવેશ થયો. ત્યારે શ્રી ગોપીજનોની પંચપર્વા-અવિદ્યા દૂર થઈ અને તેમને સ્વરૂપાનંદનો અનુભવ થયો, તેમ અહીં શ્રી વલ્લભના નામ-સ્મરણથી થાય છે. આવી રસધારા જેને પ્રાપ્ત થાય છે, તેના મનનો નિરોધ પ્રભુના સ્વરૂપમાં થઈ જાય છે. તેના દિવ્ય પ્રેમરસનો પ્રચુર બોધ કરાવનાર, પ્રભુના ધામરૂપ શ્રી વલ્લભનું નામ છે. તે અગણિત દિવ્ય સુખનો અનુભવ કરાવે

છે. શ્રી વલ્લભના નામ સ્મરણ દ્વારા, વિપ્રયોગનો અનુભવ કરનારા વિરહી ભકતોને આ નામ ફલીત થાય છે.

હવે પ્રભુના સાક્ષાત્ સ્વરૂપ વિના, પ્રભુના સ્નેહી ભકતોને ક્યાંય સુખ થતું નથી, તેનું નિરૂપણ આગળના કવિતમાં કરે છે.

કવિત - ૨૯

પ્રમેય પ્રગટ પ્રાણવલ્લભ સુખદ યે,
સ્વરૂપકે સંબંધ વિના સુખકો ન લેશ હે.
સબ દુઃખ દાયક ન લાયક સહાયક કો,
લૌકિક-અલૌકિક એ દુઃખકો વિશેષ હે. (૧)

સેવા સુખ સંગ ભગવદીકો આઠો યામ,
મન વિરામવેકો ઉલટો કલેશ હે.
જસ-ગુણ કથા ગ્રંથ ભાવ ભગવદ નામ,
નેહી કે વિરામવેકો યે વૃથા ઉપદેશ હે. (૧)

ભાવાર્થ :

પ્રભુનું સાક્ષાત્ સ્વરૂપ પ્રયેય રૂપ છે. જેનું વરણ પ્રમેયમાં થયું છે, એવા પ્રભુના સ્નેહી ભકતને પ્રભુના સાક્ષાત્ સંબંધ વિના કોઈપણ સ્થાને જરા પણ સુખ મળતું નથી, કારણ કે તેને માટે સર્વ સુખના દાતા તેના પ્રિય પ્રભુ છે. આવા ભકતને પ્રભુ પોતાના સ્વરૂપથી પોષણ આપે છે. તેને બીજા ભકતની પણ જરૂર રહેતી નથી, કારણ કે તે સર્વની આશા છોડીને કેવળ એક પ્રભુનો જ અનન્ય આશ્રય રાખે છે, તેનું સર્વ પ્રકારે સાક્ષાત પ્રભુ રક્ષણ પોષણ કરે છે. ગીતાજીમાં પણ પ્રભુની આ જ આજ્ઞા છે. પ્રભુના સાક્ષાત સ્વરૂપ વિના આવા ભકતને લૌકિક અલૌકિક સર્વ કંઈ દુઃખ રૂપ જ લાગે છે. લૌકિકમાં લૌકિક સુખોની તેને ઈચ્છા રહેતી નથી. અલૌકિકમાં

સેવા, ભગવદીયનો સંગ, ગ્રંથોનું અવલોન, કથા-વાર્તા, નામ સ્મરણ આ બધું કરવાનો ઉપદેશ તેને માટે જરૂરી નથી, કારણ કે, આવા ભકતને પ્રભુના સાક્ષાત્ સંબંધ વિના, અન્ય કોઈ બાબતથી સુખ મળતું નથી. શ્રી સુબોધીનીજીમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,

ગોપીના પરમાનંદ આસીદ ગોવિંદ દર્શન,
ક્ષણં યુગસતમિવ યાસાં યેનવિનાભવત્.
સુ. ૧૦, ૧૯-૧૯)

આવા ભકતના મનને આ પ્રકારના ઉપદેશ વૃથા છે.

પ્રિય સંગમ સહિત્યાદ વ્યર્થાઃ સર્વે મનોરથ,
નિરપત્રપતા સિદ્ધ્યૈ જીવામી સખિ સાંપ્રતમ.
(વિ. ૩૦૮)

અહીં સાથે સાથે આ વાત પણ ધ્યાનથી સમજવાની ખાસ જરૂર છે કે, જે જીવોનું પ્રમેયમાં વરણ થયેલ નથી તેમણે સેવા, ભગવદીયોનો સંગ, ગ્રંથોનું અવલોકન કથા-વાર્તા, નામ સ્મરણ, જેવા સાધનો છોડી દેવાના નથી જ. પ્રમેયમાં વરણ વિના આ બધા સાધન છોડી દેવાથી, જીવની સ્થિતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે, માટે પોતાનું જે પ્રકારે વરણ થયું હોય, તે માર્ગે ચાલવું જરૂરી છે.

હવે બ્રહ્મસંબંધ સમયે, શ્રી વલ્લભે જીવોને જે અલૌકિક દાન આપ્યું છે, તેનું નિરૂપણ આગળના કવિતમાં કરે છે.

કવિત-૩૦

જો લોં પ્રાણવલ્લભ કે ધનકો ન જ્ઞાન તોહી,
તો લોં તુ અજ્ઞાન ભૂલ્યો ફિરત જીત તીતરે.
મારગકી રીતહીમેં સાધનકી સાધ્ય રહે,
આરાધન આધુનિક કીયે જાત ચિત્તારે. [illegible]

યથારથ યે પ્રગટ સ્વરૂપકો જો જાને હેત,
તો તો હેત ધનહીકો જાને આપ હિત રે.
જાને તુ તો તુચ્છ કરી માને સબ સાધન હુકો,
માધુરી સ્વરૂપકી જો ચાખી હોય મીષ્ટ રે. (૨)

ભાવાર્થ :

બ્રહ્મસંબંધ સમયે, શ્રી વલ્લભે પ્રભુના ભાવાત્મક અને રસાત્મક સ્વરૂપનું, આપણને દાન કર્યું છે, તેનું જ્ઞાન નહીં હોવાથી, આપણે જ્યાં ત્યાં સુખની આશામાં દોડીએ છીએ. શ્રી મહાપ્રભુજીએ, આપણને બ્રહ્મસંબંધ કરાવીને, પ્રભુનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું છે. તે સ્વરૂપ સાક્ષાત છે, એવું જ્ઞાન નહીં હોવાથી, આપણને તે સ્વરૂપમાં વિશ્વાસ નથી. માટે સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ થતો નથી, પરિણામે સુખની આશામાં ઠેક ઠેકાણે દોડીએ છીએ.

શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલો, પુષ્ટિમાર્ગ સાક્ષાત્ ધર્મી સ્વરૂપનો અનુભવ કરાવનાર છે. સેવામાં પ્રભુ પોતે સાધનરૂપ બને છે. પ્રભુની પ્રાપ્તિમાં પ્રભુનું સ્વરૂપ જ, જ્યારે સાધનરૂપ બને, ત્યારે પ્રભુની પ્રાપ્તિ થવામાં જરાપણ વિલંબ થતો નથી. તેથી પુષ્ટિ માર્ગમાં, પ્રભુ જ સાધનરૂપ અને ફલરૂપ છે. સાધન અને ફળ અલગ અલગ નથી. ફલરૂપ પ્રભુ જ સાધનરૂપ બન્યા છે. જેવી રીતે પ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઈને વ્રજભકતોનો નિરોધ કર્યો, તેવી રીતે સેવ્ય સ્વરૂપે પ્રગટ બીરાજીને, સેવકના મનનો સંસારના પ્રપંચમાંથી નિરોધ કરે છે. તેથી સેવ્ય સ્વરૂપે પ્રભુ સાક્ષાત બિરાજે છે એવી મનમાં શ્રદ્ધા રાખવી. આ જ પ્રભુ મારું સર્વસ્વ છે અને તેઓ મને સાક્ષાત્ અનુભવ કરાવશે એવો વિશ્વાસ રાખવો. મારા સેવ્ય પ્રભુ સાક્ષાત્ છે, આવી ભાવના જેના મનમાં દઢ છે, તેને પ્રભુનો સાક્ષાત્ અનુભવ થાય છે. આ માર્ગમાં ભાવના મુખ્ય છે. જીવનો જેવો ભાવ હોય

તેવો અનુભવ થાય છે. સેવામાં જે સ્વરૂપ બીરાજે છે, તેમાં પ્રેમ પૂર્વક સાક્ષાત્ ભાવના થવાથી પ્રભુનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. પ્રેમ જ્યારે હૃદયમાં પ્રગટ થાય છે, ત્યારે પ્રભુ બહાર પ્રગટ થઈ, પોતાની સ્વરૂપ માધુરીનો આસ્વાદ કરાવે છે, ત્યારે આ સ્વરૂપ માધુરી પાસે બીજા સાધનો તુચ્છ લાગે છે. નિરંતર પ્રભુના સ્વરૂપની લાવણ્ય સુધાનું પાન કરવામાં મન ડૂબેલું રહે છે. જેમ મધપુડામાં ચોટેલી માખી ત્યાંથી છૂટી શકતી નથી, તેમ આપણું મન પણ પ્રભુમાંથી અલગ થઈ શકતું નથી.

જેના ઘરમાં પોતાનું સેવ્ય સ્વરૂપ ન બિરાજતું હોય, તેણે જે સ્વરૂપમાં આસક્તિ હોય તે સ્વરૂપનું માનસી ધ્યાન કરવાથી અને તે સ્વરૂપની હૃદયમાં ભાવના કરવાથી, તેને પણ પોતાના સ્વરૂપ માધુર્યનો પ્રભુ અનુભવ કરાવે છે. ચોર્યાસી વૈષ્ણવ પૈકીના અચ્યુતદાસજી માનસીમાં મગ્ન રહેતા. તેમને માનસી ભાવનામાં સર્વ લીલાનો અનુભવ થતો. આમ માનસીમાં પ્રભુનું જે ભાવાત્મક સ્વરૂપ છે, તે સાક્ષાત્ જ છે, કારણ કે, પ્રભુનું સ્વરૂપ સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક બંને પ્રકારે બિરાજે છે. સંયોગાત્મક સ્વરૂપ બહાર પ્રગટ બિરાજી અનુભવ કરાવે છે. વિપ્રયોગાત્મક સ્વરૂપ ભાવાત્મક રીતે માનસી ધ્યાન દ્વારા અનુભવ કરાવે છે.

લીલાધામથી વિખૂટો પડેલો દૈવીજીવ, જ્યારે બ્રહ્મસંબંધ લે છે, ત્યારે શ્રી મહાપ્રભુજી ભાવાત્મક સ્વરૂપે, ત્યાં પ્રગટ થઇ, પ્રભુના ભાવાત્મક સ્વરૂપને, તે જીવના હૃદયમાં પધરાવે છે. તે સ્વરૂપની પ્રેરણાથી દૈવીજીવ સેવા, સ્મરણ, ગુણગાન વગેરે સાધનોમાં તત્પર થાય છે. તે જ સ્વરૂપ બહાર પ્રગટ સેવ્ય સ્વરૂપના રૂપમાં બિરાજે છે. આમ મહાકારૂણીક શ્રી મહાપ્રભુજીએ, પૃથ્વી પર પ્રગટ થઈ, અગણિત વર્ષોથી વિખૂટા પડેલા દૈવીજીવને, પરમ પુરૂષાર્થરૂપ પ્રભુના સ્વરૂપનું દાન કર્યું છે.

પરંતુ તેનું જ્ઞાન જીવને નથી. આ જ્ઞાન મેળવવા માટે આપણે પ્રભુના કૃપાપાત્ર ભકતોનો સંગ કરવો જોઈએ. શ્રી મહાપ્રભુજીએ 'નવરત્ન' ગ્રંથમાં આ આજ્ઞા કરી છે. જ્યારે પ્રભુ પોતે કૃપા કરી પોતાના જીવને, પોતાના સ્વરૂપનો અનુભવ કરાવવાની ઇચ્છા કરે છે. ત્યારે તેવા ભાગ્યશાળી જીવને, પ્રભુના કૃપાપાત્ર ભકતનો સંગ મેળવી આપે છે.

હવે માનસીમાં સ્વરૂપ ચિંતન કરવું જોઇએ, તેનો અદ્ભુત પ્રભાવ કેવો છે, તે આગળના કવિતમાં બતાવે છે.

કવિત–૩૧

એક બેર ચિંતન કીયે તે ચિન્તા દુર હોત,
આશ ના રહે ના જો અપેક્ષા રસ દાનકી.
અક્ષર જો ચાર ચાર યુગમે પ્રસિદ્ધ સિદ્ધ,
સિદ્ધ હૂકી નિધિ કોન કહે યા સમાનકી. (૧)

ભક્તિ અરૂ લીલાયુત સ્વરૂપ યા અક્ષરમેં,
યામે ગતિ મિલન વિયોગ રસ પાનકી.
શ્રી વલ્લભ પદ નામ પુરણ સકલ કામ,
માન મેરો કહ્યો હોં કહત નિદાનકી. (૨)

ભાવાર્થ :

બધી બાજુએથી મનને નિવૃત કરીને, શુદ્ધ મનથી પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાથી, મનમાં પ્રભુના ભાવાત્મક રસાત્મક સ્વરૂપનું પ્રાગટય થાય છે. તે ક્ષણે ત્રિવિધ માયાનો પ્રલય કરીને, ભકતને તેનું આધિદૈવિક સ્વરૂપ પ્રાપ્ત કરાવી, લીલાધામમાં પ્રવેશ કરાવે છે. ત્યારે ભકતની બધા પ્રકારની ચિંતાઓ દૂર થાય છે. અને તે ભાવાત્મક માનસી પ્રકારથી નિરંતર સ્વરૂપાનંદનો અનુભવ કરે છે, તેથી પ્રભુના બહાર પ્રગટ સ્વરૂપની અપેક્ષા રહેતી નથી. જેમ પ્રગટ સ્વરૂપથી રસદાન થાય છે તેમ ભાવાત્મક

સ્વરૂપથી માનસી રસદાન થાય છે. માનસીમાં ભાવાત્મક સ્વરૂપ સર્વ પ્રકારની લીલાના આનંદનો અનુભવ કરાવે છે, એટલે બહાર પ્રગટ સ્વરૂપની અપેક્ષા રહેતી નથી.

અહીં એમ સમજવું જોઈએ કે, ભકત કવિ ગોપાલદાસજીએ કવિતમાં જે કહ્યું છે અને પોતે કર્યું છે, તે પ્રભુના વિયોગ સમયમાં કર્યું છે, તેમને તે સમયે, પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થયો છે, તેથી તેઓ તેમનો અનુભવ જ આ કવિતમાં બતાવે છે.

પહેલાં પ્રગટ સ્વરૂપની વાત કરીને હવે ભાવાત્મક સ્વરૂપનો મહીમા કહે છે. વિપ્રયોગના સમયમાં, જ્યારે સ્વરૂપ પ્રગટ હોતું નથી, ત્યારે વિરહી ભક્ત પ્રભુના રસાત્મક ગુણગાનથી તેમનું જીવન વિતાવે છે. જેમ ગુણગાન જીવન નિર્વાહરૂપ છે, તેમ પ્રભુના નામનું સ્મરણ પણ, જીવન નિર્વાહરૂપ છે. તેથી હવે નામનો મહીમા સમજાવે છે.

ભકત કવિ ગોપાલદાસજી કહે છે કે : ગોકુલેશ અથવા શ્રી વલ્લભ નામમાં ચાર અક્ષર છે. તેનું કારણ એ છે કે, તેમનું નામ ચારે યુગમાં પ્રસિદ્ધ છે. અહીં ચાર યુગનો અર્થ : રાજસ, તામસ, સાત્વિક અને નિર્ગુણ એવા ચાર ભાવવાળા સ્વામીનીઓનો પ્રભુ સાથેનો સાક્ષાત યોગ છે. અથવા પુષ્ટિ સૃષ્ટિના ચાર પ્રકાર છે. (૧) શુદ્ધ પુષ્ટિ (૨) પુષ્ટિ પુષ્ટિ (૩) પુષ્ટિ મર્યાદા (૪) પુષ્ટિ પ્રવાહ, આવા ચાર પ્રકારથી વરાયેલા ભકતોમાં, શ્રી વલ્લભનામ પ્રસિદ્ધ છે. આ પ્રસિદ્ધિનું કારણ એ છે કે, આ પુષ્ટિ માર્ગ પ્રેમ માર્ગ છે. ચારે પ્રકારના ભકતોને પ્રભુનો જે અનુભવ થાય છે, તે પ્રેમ દ્વારા જ થાય છે. શ્રી વલ્લભનું સ્વરૂપ પ્રેમ સ્વરૂપ છે. તેથી શ્રી વલ્લભનું નામ ચારે પ્રકારના ભકતોમાં પ્રસિદ્ધ છે. વળી ભકતોને માટે, શ્રી વલ્લભનું નામ જસનીધિ છે. જેમ જલનીધિ સાગર અખૂટ જળથી ભરેલો

હોય છે, તેમ શ્રી વલ્લભના નામમાં દિવ્ય પ્રેમાનંદનો સાગર ભરેલો છે. તેથી તેને સિદ્ધ ભકતોની નીધિ કહી છે. અથવા બીજી રીતે જોઈએ તો, પ્રભુનું સ્વરૂપ જેમ અગણિત આનંદ રૂપ છે, તેમ પ્રભુના નામમાં પણ અગણિત આનંદ ભરેલો છે, કારણ કે, નામ અને નામીમાં ભેદ નથી. જેવી રીતે પ્રભુનું બહાર પ્રગટ સ્વરૂપ છે, તેવી રીતે પ્રભુના નામમાં તેમનું ભાવાત્મક સ્વરૂપ ગુપ્ત છે. જેમ બીજમાંથી વૃક્ષ પ્રગટ થાય છે, ત્યારે તે વૃક્ષ સુક્ષ્મરૂપે બીજમાં છુપાયેલું હોય છે. બીજને વાવવાથી અને તેને પાણી સિંચવાથી, તેમાં છુપાયેલું વૃક્ષ અંકુર રૂપે પ્રગટ થાય છે. અને પછી વૃક્ષ રૂપે ફેલાય છે, તેમ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ પ્રભુના નામમાં છુપાયેલું છે. નામ સ્મરણથી જ્યારે હૃદય શુદ્ધ બને છે, ત્યારે નામમાં છુપાયેલું ભાવાત્મક સ્વરૂપ પ્રગટ થઈને, બહાર અને અંદર એમ બંને પ્રકારે ભક્તને, સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. માટે પ્રભુના નામમાં આનંદ નીધિરૂપ બધી રસાત્મક લીલાઓ ભરેલી છે.

પ્રભુના નામનો આવો મહીમા છે. તેની સમાનતા કોઈ કરી શકતું નથી. ભકિત એટલે સ્નેહ આ નામમાં છે. સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક અનેક પ્રકારની લીલાઓ પણ આ નામમાં છે. પ્રભુનું સ્વરૂપ પણ આ નામમાં છે. સંયોગાનંદ અને વિપ્રયોગાનંદનો અનુભવ પણ, આ નામથી થાય છે. માટે શ્રી વલ્લભનું નામ, સર્વ પ્રકારની ઈચ્છાઓને પૂર્ણ કરનારૂં છે. આથી શ્રી ગોપાલદાસજી આવો અનુભવ કરીને, પોતાના મનને ઉપદેશ આપવાના નીમિત્તે, શ્રી વલ્લભના સ્વકીય ભકતોને શીખામણ આપે છે કે, મેં પ્રભુના નામમાં રહેલા રસાત્મક વૈભવનો અનુભવ કર્યો છે. તે અનુભવના આધારે હું કહી શકું છું કે, પ્રભુના સ્વરૂપ સમાન પ્રભુનું નામ છે. શ્રી વલ્લભ નામની અંદર, પ્રભુનું સ્વરૂપ, લીલાધામ, લીલા પરીકર અને લીલા સામગ્રી

રહેલા છે. બીજમાંથી જેમ વૃક્ષનું થડ, ડાળીઓ, પાન, ફૂલ, ફળનો વિસ્તાર થાય છે તેમ પ્રભુના નામમાંથી શૃંગાર કલ્પવૃક્ષ પ્રગટ થઈને, લીલાધામના રસાત્મક વૈભવનો અનુભવ કરાવે છે. આમ વિરહી ભક્તને પ્રભુનું નામ સ્મરણ ફલીત થાય છે.

ભક્ત કવિ આગળના કવિતમાં, શ્રી વલ્લભના નામનો વિશેષ મહીમા વર્ણવે છે.

કવિત – ૩૨

શ્રી વલ્લભ શ્રી વલ્લભ શ્રી વલ્લભ યહ નામ,
રટના તુ આઠો યામ અંતરમેંહી રટરે.
પર હુ તે પર પરન્તર આન નાહિ કોઉ,
ન જાને કોન કૃપા હુ તે આયો તેરે બટરે. (૧)
સ્વરૂપ સહિત તુ ઉચ્ચાર યાહી ભાંત કરી,
શ્વાસ આવાગમને એસે દિન કટરે.
સમય વિચાર સાવધાન હોય સુરત કર,
મનકે સ્વભાવકી તુ છાંડ ખટ પટ રે. (૨)

ભાવાર્થ :

શ્રી વલ્લભનું નામ રાત દિવસ અંતરમાં જ રટતા રહેવાનું કહ્યું. આ નામ પરથી પણ પર છે. અવતારી બધા અવતારોના શિરોમણી છે. તેમનું આ નામ છે. શ્રી વલ્લભના નામ સમાન, કોઈ અવતાર પણ કાર્ય કરી શકતો નથી. તો સ્વરૂપની સમાનતા કેવી રીતે કરે ? આવું મહા અલૌકિક નામ અનેક જન્મોના પુણ્યોને કારણે પ્રાપ્ત થયું છે. તેથી તેને રાત દિવસ રટયા કરો.

અહીં એ વાત વિચારવી જોઈએ કે, શ્રી વલ્લભનું પ્રાગટ્ય પૃથ્વી પર લીલાધામથી વિખૂટા પડેલા દૈવી જીવોના ઉદ્ધાર માટે જ થયું છે. આ પુષ્ટિ દૈવી જીવોને જ શ્રી વલ્લભના નામનું મહા અલૌકિક દાન મળ્યું છે. તેમણે દૈવી જીવોનો પક્ષપાત

કરીને, બ્રહ્મસંબંધના સમયે, પોતાનું મહા અલૌકિક નામ દાનમાં આપ્યું છે, પરંતુ દૈવી જીવ પોતાના અજ્ઞાનને કારણે, તે જાણતો નથી.

ગદ્યમંત્રમાં જે પંચાક્ષર મંત્ર છે, તે આપનું જ નામ છે કારણ કે શ્રી વલ્લભનું સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક કૃષ્ણનું છે. અને પંચાક્ષર મંત્ર પણ વિપ્રયોગ ભાવાત્મક છે. તેથી પંચાક્ષરના દાનમાં, આપે પોતાના જ નામનું દાન આપ્યું છે. આવું આ નામ નીધિરૂપ હોવાથી, હૃદયમાં ગુપ્ત રીતે તેનું રટણ કરવું જોઇએ, કારણ કે નીધિને ગુપ્ત રાખવાથી, તેનું આરક્ષણ થાય છે. આથી શ્રી હરિરાયચરણ કહે છે કે

શ્રી વલ્લભનામ અગાધ હૈ જહાં તહાં મતી બોલ,
જબ ગ્રાહક હરિજન મીલે તિન આગે તું બોલ.

આમ શ્રી વલ્લભના નામનો, રસરૂપ મહીમા અગાધ છે. તેનું સ્વરૂપ સહિત રટણ કરવું જોઈએ. આમ કરવાથી તે નામમાંથી, રસાત્મક ભાવની ધારા પ્રગટ થાય છે. પરિણામે સ્વરૂપ લાવણ્ય માધુરીનો અનુભવ થાય છે. આથી નામ સ્મરણ સાથે, સ્વરૂપ ધ્યાન પણ કરવું. પ્રભુના વિયોગના સમયમાં સાવધાન બનીને, એક ક્ષણ પણ નકામી ન જવા દેવી. મનની બધી ખટપટ છોડીને પ્રભુની પ્રાપ્તિ માટે હંમેશા સન્મુખ રહેવું. મનને નકામી ખટપટમાં રાખી, જીવન વિતાવવાથી પ્રભુ પ્રાપ્તિમાં જન્માંતરનો અંતરાય આવે છે. જયાં સુધી પ્રભુમાં દઢ આસક્તિ થઈ નથી, ત્યાં સુધી મનમાં ખટપટ રહે છે. તેથી ભકત કવિ દુષ્ટ સ્વભાવવાળા મનથી, સાવધાન રહેવાની શીખામણ આપે છે.

જ્યારે મનમાં પ્રભુની સ્વરૂપ માધુરીનો અનુભવ થાય છે, ત્યારે મન પ્રભુમાં પરવશ બને છે. જેમ વહાણુ પર બેઠેલુ

પંખી, જગ્યાની શોધમાં ચારે દિશામાં ઉડીને વહાણ પર પાછું આવે છે, તેમ પ્રભુના સ્વરૂપ માધુર્યનો અનુભવ થયા પછી, વ્યસન ભાવ ઉત્પન થાય છે. ત્યાર પછી એક ક્ષણનો વિયોગ પણ સહન થતો નથી. મન પરવશ બનતાં, કોઈ પ્રતિબંધ રહેતો નથી. આમ ન થાય ત્યાં સુધી મનની ખટપટોથી સાવધાન રહી, મનને બળપૂર્વક, પ્રભુના સ્વરૂપમાં, નામ સ્મરણમાં અને સ્વરૂપ ધ્યાનમાં લગાવતા રહેવું.

પ્રભુના સ્વરૂપમાં પૂર્ણ પ્રમેય બળ છે, તેવું પ્રમેય બળ પ્રભુના નામમાં પણ છે. તેનું નિરૂપણ આગળના કવિતમાં કરવામાં આવ્યું છે.

કવિત-૩૩

પૂરણ પુરૂષોતમ પ્રગટ પ્રમેય જેસો,
તેસો નિજનામ સ્વ પ્રતાપકે ઉમંગમે.
જેસે દિન મણિ આપ કિરણ સહિત રાજે,
પ્રગટ ઉદ્યોત જીત આભા જો તરંગમે. (૧)

સ્વરૂપ પ્રભાવ યુત લીલા ગુણ વાત્સલ્યકે,
નામ ધરે પ્રગટ યે પ્રમાણ કરે સંગમે.
યે કાહૂ નહીં કહ્યો કાહુ ધર્યો ન નામ યે,
શ્રી વલ્લભ નામ આપ લિયે આયે સંગમે. (૨)

ભાવાર્થ :

જેમ પૂર્ણ પુરૂષોતમમાં પ્રમેય પ્રગટ રહેલું છે અને તેનો પ્રતાપ એટલે કે, સામર્થ્ય પણ પ્રગટ છે, તેમ એવું જ પ્રમેયબળ પ્રભુના નામમાં પણ રહેલું છે. જેમ સૂર્યના ઉદયથી તેનો પ્રકાશ પ્રગટ દેખાય છે. કિરણો દ્વારા જગતને પ્રકાશિત કરી, અંધકારને દૂર કરે છે, તેમ આપનું નામ સૂર્યની જેમ પ્રગટ પ્રકાશ કરનારૂં છે. જેમ આપના સ્વરૂપમાં અલૌકિક

પ્રભાવ કરોડો કામદેવોનું સૌંદર્ય, દિવ્ય લીલા, માધુર્યભાવ અને વાત્સલ્ય રહેલાં છે. તેમ આપના નામમાં પણ, ભાવાત્મક સ્વરૂપે આ બધું ગુપ્તરૂપે રહેલું છે. પોતે પોતાનું શ્રી વલ્લભનામ સાથે લઇને પૃથ્વી પર પધાર્યા છે. કોઈએ પૃથ્વી પર તેમનું આ નામકરણ કર્યું છે એવું નથી વલ્લભ શબ્દનો અર્થ પ્રિય થાય છે. માટે સૌ ભક્તોને પોતાના આત્મા કરતા પણ આ નામ અધિક પ્રિય છે. લીલાધામમાં પણ શ્રી વલ્લભ સર્વ લીલા પરિકરના આત્મારૂપે સૌની અંદર બિરાજમાન છે. શ્રી વલ્લભ નામ, લીલાધામ સંબંધી છે. પ્રભુનું નામ મનુષ્યની જેમ પાડવામાં આવતું નથી. પરંતુ પ્રભુના ગુણ, લીલા, કર્મ અનુસાર સ્વતઃ સિદ્ધ હોય છે અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ હોય છે, આજ પ્રકારે શ્રી વલ્લભ નામ પણ સ્વતઃ સિદ્ધ છે.

હવે શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ કોને કહેવામાં આવે છે, તે આગળના કવિતમાં બતાવે છે.

કવિત—૩૪

પુષ્ટિ પુષ્ટિ મારગ એ પ્રગટ દિશા પ્રગટ,
પ્રમેય સ્વરૂપ જહાં રસકો વિલાસ હે.
સંભાષણ ઇક્ષણ સ્પર્શ નિત્ય હાવભાવ,
રસહી પરમ નિત્ય નવીન હુલ્લાસ હે. (૧)
સાધન સ્વરૂપ ઓર ફલહું સ્વરૂપ જહાં,
વિરહ સંયોગભોગ અધરામૃત આશ હે.
યેહી શુદ્ધ પુષ્ટિ આન પૂજા મર્યાદ સબ,
શ્રી મુખતે આપ બાત કહી યે પ્રકાશ હે. (૨)

ભાવાર્થ :

જેમને પ્રભુના સાક્ષાત્ સ્વરૂપના રસ વિલાસનો અનુભવ

હોય, તેમને શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ કહે છે. પ્રભુની સાથે મધુર વાણીથી બોલવું, આપના કૃપા કટાક્ષમાં પ્રગટ થતાં અનેક પ્રકારના રસનો પ્રગટ અનુભવ કરવો અને આપના શ્રી અંગનો સાક્ષાત સ્પર્શ કરવો એવું અલૌકિક સામર્થ્ય આવા ભક્તોમાં પ્રગટ થાય છે. જેમ પારસમણીના સ્પર્શથી, લોખંડ પણ પારસમણીરૂપ બને છે, તેમ પ્રભુના સ્પર્શથી ભક્ત પણ રસ સમુદ્ર સમાન બને છે. પ્રભુ ભક્તને પોતાના સમાન બનાવે, તે પ્રભુનું પ્રમેયબળ છે. કરવા જેવું અને અન્યથા કરવા જેવું કરવાનું સામર્થ્ય એટલે પ્રમેયબળ. પ્રભુ પોતાના ભક્તને પોતાના પ્રમેય બળથી, પોતાના સમાન બનાવે છે. પછી આ ભક્ત પ્રભુને અનેક પ્રકારે, રસવિલાસનો અનુભવ કરાવે છે ત્યારે ક્ષણે ક્ષણે પ્રગટતા નવીન રસનો અનુભવ કરીને, ભકત ઉલ્લાસમાં રહે છે.

જ્યાં સાધન / પણ સ્વરૂપ છે અને ફળ પણ સ્વરૂપ છે એવો શુદ્ધ પુષ્ટિ માર્ગ છે. આ માર્ગમાં ફળરૂપ પ્રભુ પોતાની પ્રાપ્તિ કરાવવા, સાધનરૂપ બને છે. સાધનરૂપ બનીને સંયોગ, વિયોગ દ્વારા પોતાના દુર્લભ અધારમૃતનું પાન કરાવે છે. જેમને આવો અનુભવ થાય છે, તે શુદ્ધ પુષ્ટિ ભક્ત છે. જેમને આવો સાક્ષાત અનુભવ થતો નથી, તે બધા પૂજા અને મર્યાદા માર્ગીય છે. તેમનો શુદ્ધ પુષ્ટિમાં અંગીકાર નથી.

કવિત – ૩૫

આરત અસહ્ય પ્રાણ વલ્લભકો દેખવેકી,
દેખે હું ના ચૈન નૈનનહીમેં સ્વરૂપ પાગ્યો હે.

જહાં જહાં પલક પસારૂં તહાં પ્રાણ પ્રિય,
ભાવઉદ્દબોધ રસમાંજ અનુરાગ્યો હે. (૧)

યેહી રસ આરતકો સ્વરૂપ ન કહ્યો જાત,
અક્ષરમે નાવે ઈનહીમેં મન લાગ્યો હે. (૨)

ભાવાર્થ :

આ કવિતમાં શુદ્ધ પુષ્ટિ ભક્તના લક્ષણુ અને તેમની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. શુદ્ધ પુષ્ટિ ભક્તને પ્રભુના સ્વરૂપના દર્શનની, અસહ્ય ઇચ્છા રહે છે. દર્શન થતા પ્રભુની સ્વરૂપ માધુરીનું પાન કરે છે. ત્યારે તેને તૃપ્તિ થતી નથી. જેમ જેમ રૂપ સુધાનું પાન કરે છે, તેમ તેમ તરસ વધતી જાય છે. દિવ્ય પ્રેમ માર્ગની આ અનોખી રીત છે. તેનું કારણુ એ છે કે, દિવ્ય સુધામાં અલૌકિક અગ્નિ રહેલો છે. જેમ અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિ વધે છે, તેમ પ્રભુના શ્રીમુખના સૌંદર્યના દર્શન કરતાં તાપ વધે છે. પ્રભુનું મુખ સૌંદર્ય પ્રતિક્ષણુ નવું રૂપ ધારણુ કરે છે. નવીન પદાર્થ વિશેષ રૂચિ ઉત્પન કરે છે. તેથી પ્રભુની રૂપ સુધાનું પાન કરતા તૃપ્તિ થતી નથી. એક રસિક કવિએ કહ્યું છે કે :

પિબત પિબત રૂપ રસ બઢત હિત આશ,
દૈ દૈ નહીં દ્રગત અજબ અનોખી પ્યાસ.

પ્રભુ પોતાના પ્રેમી ભકતોના નેત્રોમાં, સ્વરૂપામૃતની વિલક્ષણુ પ્રકારની તરસ પ્રગટાવે છે. તેથી રૂપસુધાનું પાન કરતાં, પ્રેમી ભક્તના નેત્રોમાં, પ્રભુનું સ્વરૂપ જડાઇ જાય છે. અથવા તેમના નેત્રો પ્રભુમય બની જાય છે. તેથી તેઓ જયાં જયાં નજર કરે છે, ત્યાં ત્યાં પ્રભુનું સ્વરૂપ જ દેખાય છે. તેમના નેત્રોમાં, સ્વરૂપ માધુરીનું પાન કરવાની ઉત્કટ ઈચ્છા રહ્યા કરે છે. કારણુ કે નેત્રો દ્વારા જે મધુર સુધાનું તેમણે પાન કર્યું છે, તેનું વર્ણન વાણીથી થઈ શકતું નથી. તે અનુભવ ગમ્ય છે. જેમ સાકરનો સ્વાદ વાણીથી સમજાવી શકાતો નથી, તેમ મધુર રસના સ્વાદનું વર્ણન થઈ શકતું નથી.

કવિત - ૩૬

નેહ નિરવધિ નિરહેતુક નિરંતર જહાં,
સાધન રહિત જહાં સ્વરૂપ સુહાયો હૈ.
આરત અસહ્ય ઉર આતપ સહિત અંગ,
સ્વારથ ના લેશ સુખ અપુનો ન ભાયો હૈ, (૧)

વાત્સલ્ય વિવિધ રસ વલ્લભ કે હેતમાંજ,
હેતુ ન વિચારે કછુ યામે હેતુ પાયો હૈ.
યેહી શુદ્ધ પુષ્ટિ આન પૂજા મર્યાદ સબ,
સિદ્ધાંત મત ઓર કહો મેરે મન ન સુહાયો હૈ. (૨)

ભાવાર્થ :

કવિત-૩૫માં શુદ્ધ પુષ્ટિ ભક્તના લક્ષણો બતાવ્યા. આ લક્ષણ ફળ અવસ્થાના છે, હવે આ કવિતમાં સાધન અવસ્થાનું વર્ણન કરે છે.

પુષ્ટિ સૃષ્ટિના ચાર પ્રકારના વરણ-અધિકાર છે. (૧) શુદ્ધ પુષ્ટિ (૨) પુષ્ટિ પુષ્ટિ (૩) પુષ્ટિ મર્યાદા (૪) પુષ્ટિ પ્રવાહ. તેમાં શુદ્ધ પુષ્ટિ વરણીય જનની સાધન દશાનું આ કવિતમાં વર્ણન કરે છે.

"નેહ નિરવધિ નિરહેતુક નિરંતર જહાં" "નેહ નિરવધિ" નેહ એટલે પ્રભુ પ્રત્યેનો સ્નેહ અને નિરવધિ એટલે સાગર સમાન. જેમ સાગરના જલનો પાર નથી-તેમાં અપાર જલ ભરેલું રહે છે. તેનો નિરંતર પ્રવાહ ચાલતો હોય છે. આવો સ્નેહ પ્રભુમાં જેને થયો, તેને નિરવધિ કહેવાય છે. હવે આવો સાગર ભરેલો સ્નેહ, ભકતોને કયારે પ્રાપ્ત થાય, કે જ્યારે પ્રભુના સ્વરૂપ સિવાય, અન્ય સર્વમાંથી સ્નેહ નીકળી જાય અને પ્રભુના સ્વરૂપમાં જ સ્નેહ રહે, ત્યારે આ સ્વરૂપ રૂપી સ્નેહના સાગરમાંથી, એક ઝરણું પ્રગટ થઈ જાય છે. આ સ્નેહનું ઝરણું

(પ્રવાહ) સાગરમાંથી આવતું હોવાથી અને તેનો પ્રવાહ અખંડ ચાલતો હોવાથી અને દિવ્ય સ્નેહમાં અલૌકિક મધુર અગ્નિ વ્યાપ્ત રહેતો હોવાથી, તેના અનુભવમાં તૃપ્તિ થતી નથી. જેમ જેમ સ્વરૂપામૃત સુધાનું પાન થાય છે, તેમ તેમ રૂપસુધા પાનની પ્યાસ બઢતી જાય છે. દિવ્ય પ્રેમ આવો વિલક્ષણ છે.

હવે આવા સ્નેહનો અનુભવ થયા પછી, ભક્તનું મન બીજા વિષયોને ભૂલીને, વારંવાર પ્રિયતમના સ્વરૂપામૃત પાનમાં જ લાગેલું રહે છે. ત્યારે આ પ્રેમ વધીને આસક્તિનું રૂપ ધારણ કરે છે. આસક્તિ થતા, દેહ અને દેહના સંબંધી સંસાર પ્રપંચ ભૂલાઇ જાય છે. અને મનની સ્થિતિ સમુદ્રમાં ચાલતા જહાજના પક્ષી જેવી થઈ જાય છે. એટલે કે જહાજ ઉપર બેઠેલું પક્ષી, જહાજને છોડીને ચારે દિશામાં ઘુમે છે, પણ કોઈ જગ્યાએ બેસવાનું સ્થાન નહીં મળવાથી, પાછું જહાજનો જ આશ્રય લે છે, તેમ આસક્તિમાં મનને પ્રભુના સ્વરૂપ સિવાય, બીજે કંઈ પણ સ્વસ્થતા થતી નથી. અથવા પ્રિયતમના સ્વરૂપ લાવણ્યામૃત પાન વિના, બીજું કાંઈ પણ કરવાને મન અશક્ત થઇ જાય છે. જેમ કે એક રસિક મહાનુભાવે કહ્યું છે કે—

દેખ સખી ચાતક કથા પ્રીત રીત લપટાય,
નવ ઘનકે ફંદા પરે અબ કહું ઉડયો ન જાય,

પ્રિયતમના રૂપામૃતસુધા સ્વાદમાં ફસેલું મન, અન્ય જગાએ જવામાં અશક્ત થઈ જાય છે. આવો અશક્તિવાળો સ્નેહ થયા પછી, આ સ્નેહ વ્યસનરૂપ ધારણ કરે છે. વ્યસન દશામાં પ્રિયતમના રૂપામૃત પાન વિના, તેની એક એક ક્ષણ સો યુગ જેવી વ્યથા ભરેલી અનુભવાય છે, એટલે કે એક ક્ષણ પણ રૂપસુધા પાન વિના, જીવન ટકાવી શકાતું નથી. જેમ જલ વિના મીન તરફડે, તેવી સ્થિતિ થાય છે. હવે જ્યારે આવો વ્યસન ભાવવાળો સ્નેહ થાય છે, ત્યારે પ્રિય પ્રભુના સ્વરૂપના નિરંતર

ધ્યાનથી આ પ્રેમી ભક્ત પ્રિય પ્રભુના સ્વરૂપ સાથે, તદાકાર થઈ જાય છે. એટલે કે પોતે પોતાને ભૂલીને, પ્રિયતમમય બની જાય છે. આવી અવસ્થાને તદાત્મકતા કહેવાય છે. હવે જ્યારે તદાત્મકતાની અવસ્થાએ ભક્ત પહોંચે છે, ત્યારે પ્રિય પ્રભુના સ્વરૂપમાં જે સાગર જેવો સ્નેહ ભરેલો છે, તેને ધારણ કરવાનું સામર્થ્ય આ ભક્તને પ્રાપ્ત થાય છે. આવો સાગર જેવો સ્નેહ, જેણે પ્રાપ્ત કર્યો છે, તેને નિરવધિ સ્નેહ કહેવાય છે.

હવે આ સ્નેહને "નિરહેતુક" કહ્યો. નિરહેતુક એટલે પ્રિય પ્રભુથી પોતાને સુખ લેવું છે, તેવી ભાવના નહીં, પરંતુ પ્રિયતમને મારાથી સુખ કેમ થાય, આવી જેની નિરંતર ભાવના રહે, તેને નિરહેતુક સ્વાર્થ વગરનો સ્નેહ કહેવાય છે. પરંતુ આવો સ્વાર્થ વગરનો સ્નેહ, પ્રિય પ્રભુમાં ત્યારે જ પ્રગટ થાય છે કે, જ્યારે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ થઈ ગઈ હોય, અથવા ભૌતિક દેહના અધ્યાસો અને આધ્યાત્મિક ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણના અધ્યાસો, નિવૃત થઈને આ અધ્યાસો પ્રિય પ્રભુ સંબંધી બને, ત્યારે સ્વાર્થ વગરનો સ્નેહ પ્રગટ થાય છે.

અહીં એમ પ્રશ્ન થાય છે કે દેહ, પ્રાણ, ઈન્દ્રિયો અને અંતઃકરણના અધ્યાસો નિવૃત થઈને, તે અધ્યાસો પ્રભુ સંબંધી કેવી રીતે બને ? આ પ્રશ્નના જવાબમાં દેહને પ્રભુની સેવામાં જોડવાથી, દેહના ભૌતિક અધ્યાસો દૂર થાય છે. અને તે પ્રભુ સંબંધી બને છે.

હવે ઈન્દ્રિયોના અધ્યાસો, પ્રભુમાં જોડવા તે એવી રીતે કે, નેત્ર ઈન્દ્રિયથી પ્રિયતમના સ્વરૂપનું જ નિરંતર ધ્યાન કરવું. જગતના વિષયોનું કે જગતના મનુષ્યોને આપણા નેત્રથી ન જોવા, તેને નેત્ર ઈન્દ્રિયનો અધ્યાસ પ્રિય પ્રભુ સંબંધી થયો કહેવાય, "કર્ણ" ઈન્દ્રિયથી પ્રિયતમની લીલાઓનું જ શ્રવણ

કરવું. લૌકિક વિષયનું શ્રવણ ન કરવું. "રસના" એટલે જીભ ઈન્દ્રિયથી, પ્રભુના ગુણગાન અને આપના નામનું સ્મરણ કરવું. આ રીતે ઈન્દ્રિયોના વિષયોમાં, પ્રિય પ્રભુનો સંબંધ રહી આવવાથી–ભૌતિક અધ્યાસો દૂર થાય છે.

હવે અંતઃકરણના અધ્યાસોમાં, મનમાં જે સંકલ્પ વિકલ્પ લૌકિક વિષયમાં થાય છે, તેની જગ્યાએ પ્રભુના સુખના જ સંકલ્પ થવાથી, મનના લૌકિક અધ્યાસો દૂર થાય છે. મન પછી બુદ્ધિ તત્વ છે. તે બુદ્ધિનો ગુણ નિશ્ચય કરવાનો છે, તે બુદ્ધિનો નિશ્ચય, પ્રિય પ્રભુના સ્વરૂપમાં જ કરવાનો એટલે કે મારા આત્માના પતિ પ્રભુ છે. પ્રભુ જ મારા સર્વસ્વ છે. તેવો નિશ્ચય કરી, બુદ્ધિને લૌકિક વિષયોમાંથી છોડાવી, પ્રભુમાં જ સ્થિર કરવી. બુદ્ધિ પછી "ચિત્ત" તત્વ છે. ચિત્તનો ગુણ જ્ઞાન કરવાનો છે. આ ચિત્તમાં પ્રિય પ્રભુના સ્વરૂપનું જ જ્ઞાન રહે, લૌકિક વિષયનું જ્ઞાન ન રહે, તેથી ચિત્તનો અધ્યાસ પ્રભુ સંબંધી થાય છે. હવે ચિત્ત પછી 'અહંકાર' નામનું તત્વ છે. આ અહંકાર દેહના સંબંધનો છોડાવીને, પ્રભુના સંબંધવાળો કરવો, એટલે કે હું પ્રભુનો દાસ કે દાસી છું. તેથી મારે મારા આત્માના સંબંધી પ્રિય પ્રભુની, સેવા–સ્મરણ–ગુણગાન સ્વરૂપ ચિંતન વગેરે કરવું જોઈએ. આવી રીતે અંતઃકરણમાં રહેલા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર નામના, ચારે તત્વોને પ્રિય પ્રભુ સાથે જોડી રાખવાથી અને દેહ–ઈન્દ્રિયો તથા પ્રાણમાં પણ પ્રભુનો જ સંબંધ રહી આવવાથી, પ્રિય પ્રભુ જ આપણા આત્મારૂપ થઈ જાય છે. ત્યારે સ્વાર્થ વગરનો સ્નેહ પ્રભુમાં થાય છે. જેમ ભૌતિક અધ્યાસવાળો જીવ, પોતાના દેહને જ આત્મા માનતો હોવાથી, દેહના સુખમાં પોતાનું સુખ માને છે. તેમ જ્યારે પ્રભુ જ આપણા આત્મરૂપ બને, ત્યારે પ્રભુના સુખમાં જ આપણને સુખ થાય છે. આવા સ્નેહને સ્વાર્થ વગેરેનો

"નિરહેતુક" સ્નેહ કહેવાય છે પરંતુ આવો સ્વાર્થ વગરનો સ્નેહ, પ્રાપ્ત કરવામાં જે દેહ-ઈન્દ્રિયો-પ્રાણ અને અંતઃકરણના અધ્યાસો દૂર કરવાના છે. તે જીવની શક્તિથી દૂર થતા નથી, પણ પ્રિય પ્રભુના સામર્થ્યથી દૂર થાય છે. તે માટે પ્રભુનો આશ્રય સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા કરવો જોઈએ. અથવા પ્રિય પ્રભુની સાનિધ્યમાં રહેવાથી, આપનું સામર્થ્ય આપણામાં જ પ્રવેશ કરે છે, ત્યારે ઉપરોક્ત અધ્યાસો દૂર થઈને, પ્રભુ સંબંધી અધ્યાસો થાય છે.

પ્રિય પ્રભુની પ્રાપ્તિ માટે અથવા નિરહેતુક સ્નેહ પ્રાપ્ત કરવા માટે, પ્રિય પ્રભુનું સ્વરૂપ જ સાધનરૂપ છે. બીજા કોઈપણ સાધનથી આપના સ્વરૂપની કે નિરહેતુક સ્નેહની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી કહ્યું—

"સાધન રહિત જહાં સ્વરૂપ સુહાયો હૈ."

અહીં એમ પ્રશ્ન થાય કે, પ્રિય પ્રભુ જ સાધન રૂપે કેવી રીતે થઈ શકે ? કારણ કે આપનો સાક્ષાત સંબંધ તો છે નહીં, તો પરોક્ષ અવસ્થામાં, પ્રિય સ્વરૂપ સાધન રૂપે કેવી રીતે થઈ શકે ? આ પ્રશ્નના જવાબમાં સેવ્યરૂપે સેવામાં પ્રભુ પોતે જ સાધનરૂપ થયા છે. તેમજ ધ્યાન-ગુણગાન-સ્મરણ સ્વરૂપના અનુસંધાન પૂર્વક કરવું, તેમાં પણ પ્રભુ સાધનરૂપ થાય છે. અને દિવ્ય પ્રેમ ઉત્પન્ન કરી, પોતાના સ્વરૂપમાં ભકતોનો નિરોધ કરે છે, આ રીતે જ્યારે પ્રભુ જ સાધનરૂપ થાય છે, ત્યારે પોતાના અદ્ભુત મહાત્મ્યથી, પોતાની પ્રાપ્તિમાં સમગ્ર પ્રતિબંધો દૂર કરીને, પોતાના સ્વરૂપમાં નિરહેતુક સ્નેહથી, નિરંતર પ્રિયતમના સ્વરૂપામૃત માધુર્ય સુધાનું પાન થાય છે. બીજું કંઈ સોહાતું નથી. જે રસિક પ્રિયજન છે, તેનું જીવન તો પ્રિયના સ્વરૂપામૃતથી જ નભે છે. સ્વરૂપામૃત પાન સિવાય

પોતાના જીવનને જે નિભાવે, તે પ્રેમીજન કહી શકાય નહીં. તેથી પ્રેમી ભક્તનું સાધન તો, પ્રિય પ્રભુનું સ્વરૂપ જ છે. તેથી કહ્યુ "સાધન રહિત જહાં સ્વરૂપ સુહાયો હે"

હવે સ્વરૂપ જ જ્યારે જીવનરૂપ બને છે, ત્યારે આ પ્રેમીજનની કેવી અવસ્થા થાય છે તેને કહે છે—

"આરત અસહ્ય ઉર આતપ સહિત અંગ" પ્રિયતમના સંબંધની અસહ્ય આર્તિ, આ પ્રેમીજનમાં સદૈવ બની રહે છે. પ્રિયતમ જ તેના જીવનરૂપ હોવાથી, એક ક્ષણનો વિયોગ અસહ્ય થઈ પડે છે. અને આવી અસહ્ય આર્તિથી તેનું સર્વ અંગ વિરહાગ્નિથી તપેલું રહે છે. આવો તાપ પ્રિયતમે આ પ્રેમી ભક્તમાં કયા હેતુથી ઉત્પન્ન કર્યો છે? જેમ રજના કાચા ઘડાને નિભાડાના અગ્નિથી પકાવવામાં આવે છે અને પાકયા પછી તેમાં જલ ભરી શકાય છે તેમ અગણિત–નિરવધિ અને નિરહેતુક સ્નેહનું પાત્ર પ્રિય પ્રભુના વિયોગની અસહ્ય આર્તિથી સિદ્ધ થાય છે. અથવા જેમ સૂર્યના ઉગ્ર તાપથી આમ્રફળમાં રહેલી ખટાશ દૂર થઈને, તેમાં મધુરતા ઉત્પન્ન થાય છે, તેમ પ્રિય વિયોગની તાપાગ્નિથી પ્રેમીજનની, પોતાના સુખની ઈચ્છારૂપી ખટાશ દૂર થઈને તત્સુખી સ્નેહરૂપી મધુરતાને ઉત્પન્ન કરે છે. આવો પ્રિયના સુખનો મધુર સ્નેહ પ્રાપ્ત થયા પછી પણ આ તત્સુખી પ્રિયજનમાં પ્રિયતમના સુખની આર્તિ બની જ રહે છે, તેથી આગળ કહે છે—

"સ્વારથના લેશ સુખ આપુનો ન ભાયો હે" પોતાના સુખની ગંધ માત્ર પણ, આ પ્રેમીજનમાં રહેતી નથી. જેમ અરૂચિ કરનારી વસ્તુ મનુષ્યને ગમતી નથી, તેમ આ તત્સુખી પ્રેમીજનને પોતાના સુખની ગંધ પણ ગમતી નથી. તે તો પ્રિયના સુખમાંજ પોતાનું સુખ માને છે. વિરહની અસહ્ય આર્તિથી આ પ્રેમીજને, પોતાના રોમ રોમને શુદ્ધ કરી પ્રિયના સુખની ભાવના-

વાળો મધુર સ્નેહ, રોમ રોમમાં ભરેલો છે. તેથી પોતાના સુખની ગંધ પણ તેનામાં રહેતી નથી. તો આ પ્રેમીજન પોતાનું સુખ શેમાં માને છે ? એવું જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે કે—

"વાત્સલ્ય વિવિધ રસ વલ્લભકે હેતમાંજ" "વાત્સલ્ય વિવિધ રસ" એટલે જેમ લૌકિકમાં માતાનો વાત્સલ્ય સ્નેહ, પોતાના પુત્રમાં હોય છે. પોતાના બાલકને અનેક પ્રકારે લાડ કરાવે છે. વાત્સલ્ય સ્નેહમાં સ્વારથ હોતો નથી. માતા પોતાના બાલકને સુખી કરીને જ, પોતે સુખી થાય છે. બાલકને રંચક દુઃખ થતા, માતા પોતે દુઃખી થઇ જાય છે. હર પ્રકારે બાલકને સુખી જોવાનું જ ઈચ્છે છે. આવા સ્નેહને સ્વારથ વગરનો વાત્સલ્ય સ્નેહ કહેવાય છે. આવો વાત્સલ્ય સ્નેહ આપણા પ્યારા પ્રાણ વલ્લભમાં હોવો જોઈએ.

હવે લૌકિક માતામાં પોતાના બાલક પ્રત્યે જે સ્નેહ છે તે તો સાગરના એક બિંદુ જેવો છે. કારણ કે લૌકિક છે. પરંતુ વલ્લભના સંબંધ વાળો, પ્રિયજનમાં જે વાત્સલ્ય સ્નેહ છે, તે તો દિવ્ય–અલૌકિક હોવાથી, સાગર સમાન છે. તેથી જેમ સાગરમાં ક્ષણે ક્ષણે તરંગો ઉઠયા કરે છે, તેમ આ પ્રિયજનમાં વાત્સલ્ય સ્નેહના ક્ષણે ક્ષણે નૂતન નૂતન ભાવ તરંગો પ્રગટ થયા જ કરે છે. આવા અસંખ્ય–વાત્સલ્ય સ્નેહના ભાવોથી પ્યારા વલ્લભને સુખી કરીને જ, પોતાનું સુખ માને છે. વળી લૌકિક માતામાં પોતાના બાલક તરફ લૌકિક સ્નેહ હોવાથી આ સ્નેહની અખંડ ધારા ચાલતી નથી. કારણ કે લૌકિક કાર્યમાં હોય, ત્યારે બાલક તરફના સ્નેહને ભૂલી પણ જાય છે. પરંતુ જે દિવ્ય સ્નેહ પ્યારા વલ્લભ માટેનો છે, તે તો સાગર સમાન હોવાથી, તેની ધારા અખંડ ચાલતી હોય છે. કારણ કે, દિવ્ય સ્નેહ પ્રિયતમને ભુલાવે, તેવા લૌકિક પ્રપંચને નાબુદ [illegible] થાય છે. તેથી વાત્સલ્ય સ્નેહની અખંડ ધારા

આ પ્રેમીજનમાં ચાલતી હોય છે. અથવા આ પ્રેમીજનના હૃદયમાં દિવ્ય પ્રેમનો સાગર લહેરાતો હોય છે. તેથી વાત્સલ્ય સ્નેહની અખંડ ધારાથી, પ્રિયતમને સુખ આપે છે. આવા દિવ્ય તત્સુખી મધુર સ્નેહથી, શ્રી વલ્લભને સુખ આપીને જ આ પ્રિયજન, પોતાનું સુખ માને છે તેથી કહ્યું “વાત્સલ્ય વિવિધ રસ વલ્લભકે હેતમાં જ.”

હવે અહીં એમ પ્રશ્ન થાય છે કે, શ્રી મહાચાર્યચરણે “પુષ્ટિ પ્રવાહ મર્યાદા” ગ્રંથમાં આજ્ઞા કરી છે કે “શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભ” આવો મહાન દિવ્ય તત્સુખી સ્નેહ પ્રાપ્ત કરવો અતિ દુર્લભ છે. આ સ્નેહ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? પ્રશ્નના જવાબમાં આ સ્નેહ, શ્રી વલ્લભના અનન્ય આશ્રયથી જ મેળવી શકાય છે. કારણ કે, આ સ્નેહનો સાગર શ્રી વલ્લભના સ્વરૂપમાં જ રહેલો છે. તેથી શ્રી વલ્લભનો અનન્ય આશ્રય કરનાર પ્રેમીજનમાં, આ સ્નેહ ધારણ કરવાનું સામર્થ્ય હોય છે. અનન્ય આશ્રય વિના, આ સાગર સમાન સ્નેહને ધારણ કરી શકાતો નથી. વળી જેમ સરીતા સરોવર, કૂપમાં પણ જલ ભરેલું છે અને સાગરમા પણ જલ ભરેલું છે. પરંતુ સાગર સમાન સરિતા–સરોવર–કૂપનું જલ ન કહેવાય. આ ત્રણની આશા રાખીને જીવનારને સાગર જલનો સંબંધ ન થાય. પરંતુ આ બધાયની આશા છોડીને, સાગરના તટ પર નિવાસ કરે, ત્યારે જ સાગરના જલનો અનુભવ થાય. તેમ સરિતા–સરોવર–કૂપ જેવા બીજા જે અલૌકિક આનંદો છે તેની આશા છોડીને, શ્રી વલ્લભનું જ ભજન–સેવન–સ્મરણ–ગુણગાન ધ્યાન કરવામાં આવે, ત્યારે જ શ્રી વલ્લભનો અનન્ય આશ્રય કર્યો કહેવાય. એટલે કે આવા પ્રકારના અનન્ય આશ્રયથી વાત્સલ્ય સ્નેહના સાગર તટ પર, આપણે નિવાસ કર્યો કહેવાય હવે જ્યારે આ સાગરના તટ પર જ, આપણે નિવાસ કરીએ છીએ તો, સહેલાઈથી આ સાગરનો અનુભવ થવાનો જ. તેથી

આવા મહાન દુર્લભ સ્નેહને મેળવવા માટે, કેવલ શ્રી વલ્લભની જ આશા રાખીને, શ્રી વલ્લભનું જ ભજન-સેવન-સ્મરણ-ગુણગાન-ધ્યાન કરતા રહેવું જોઈએ.

શ્રી વલ્લભના આવા સ્નેહનો અનુભવ કરીને, આપણી જેવા જીવોને તેનો અનુભવ કરાવવા શ્રી હરિરાય પ્રભુ એક પદમાં કહી રહ્યા છે—

"શ્રી વલ્લભ મહા સિન્ધુ સમાન,
દાસ સુમરત હોત સબકો અભયપદકો દાન. (૧)
કૃપા જલ ભરપુર હે જહાં ઉઠત ભાવ તરંગ,
રત્ન ચૌદહ સબ પદારથ ભક્તિ દશવિધ સંગ. (૨)

આ પદમાં શ્રી હરિરાય પ્રભુએ, પોતાનો અનુભવ જણાવેલ છે કે, શ્રી વલ્લભ વાત્સલ્ય સ્નેહના મહા સિન્ધુ સમાન છે. તે શ્રી વલ્લભનો જેણે અનન્ય આશ્રય કર્યો છે અને તેવા જનો આપનું સેવન-ભજન કરે છે, તેને શ્રી વલ્લભ અભયતાનું દાન કરે છે. "અભયતા" એટલે જન્મ-મરણને મટાડીને દિવ્ય અજર-અમર દેહનું દાન કરીને, લીલાધામમાં પ્રવેશ કરાવીને પોતાના મહા સિન્ધુ જેવા આનંદનો નિરંતર અનુભવ કરાવે છે. આનું નામ અભયતા કહેવાય છે. અથવા અભયતાનો અર્થ જેમ સંયોગ લીલામાં ભકતને પ્રભુનો સંયોગ હોય, ત્યારે સુખનો અનુભવ થાય છે અને વિયોગ હોય, ત્યારે વિયોગ દુઃખનો અનુભવ થાય છે. તેવો વિયોગ દુઃખનો પણ જેમાં અનુભવ કરવો પડતો નથી. પણ નિરંતર-અખંડ સુખનો જેમાં અનુભવ થાય છે, તેને અહીં અભયતા કહેલ છે. શ્રી વલ્લભના સ્વરૂપમાં આવો અખંડ આનંદ અનુભવાતો હોવાથી, સરિતા-સરોવર-કુપ જેવા જે બીજા અલૌકિક આનંદો છે, તેની આશા છોડીને દિવ્ય આનંદના મહા સિન્ધુ સમાન, શ્રી વલ્લભની જ આશા રાખીને, અનન્ય ભાવથી શ્રી વલ્લભનું જ ભજન-સ્મરણ કરવું તેથી બીજા પદમાં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે—

બનજા હરિદાસા હરિદાસા રે મન છોડ સબનકી આશા,
સુધા સિન્ધુ કે નિકટ બસત હે કયો મરત મૂઢ પ્યાસા.
શ્રી વલ્લભકે પદ કમલમેં મહા રસકી હે રાસા,
પદ કમલકો આશ્રય કરલે કટ જાય ભવકી ફાંસા.
રસિક જન તુ પાન કરલે અમૃત રસકો પ્યાસા.

હે મેરે મન ! તું કૂપ-સરોવર-સરિતા જેવા અલૌકિક આનંદની અને ગદલા ગડેલા ભરેલા, લૌકિક વિષયના આનંદોની આશા છોડીને, હરિનો દાસ બનીને, હરિની જ આશા કર. અહીં જે “હરિ” કહ્યા છે, તે શ્રી વલ્લભ પ્યારાનું જ સ્વરૂપ છે. “હરિ” શબ્દનો અર્થ બધાય પ્રકારના દુઃખોને હરવા તેવો જેનો સહજ સ્વભાવ છે, તેને હરિ કહેવાય છે. તો આ હરિરૂપ શ્રી વલ્લભ કેવા છે ? તો કહે છે કે લીલાધામના યુગલ સ્વરૂપોના પણ વિરહ દુઃખને દૂર કરીને, તેમને પ્રચુર નૂતન સ્નેહ સુધાનો અનુભવ કરાવનાર છે. તેવા હરિ સ્વરૂપ શ્રી વલ્લભની જ હે મન, તું આશા કર. આ શ્રી વલ્લભ આપણા આત્મારૂપે આપણા હૃદય ભીતર જ બીરાજતા હોવાથી કહે છે કે—

“સુધા સિન્ધુ કે નિકટ બસત હે કયોં મરત મૂઢ પ્યાસા.”

હે મન ! દિવ્ય પ્રેમ-સુધાના સિન્ધુ સ્વરૂપ શ્રી વલ્લભ તારી નીકટ જ નિવાસ કરે છે. છતાં તું મૂઢ-અજ્ઞાની હોવાથી તેને જાણ્યા વગર પ્યાસો રહે છે અને મૃગજલ જેવા લૌકિક સુખોની અને સરિતા-સરોવર-કૂપ જેવા અલૌકિક સુખોની આશા કરે છે. તે તારી મૂર્ખતા જ છે. કૂપ-સરોવર-સરિતામાં જ જે જલ ભરેલું છે, તે સાગરનું જ આપેલું છે. એટલે કે કૂપ-સરોવર-સરિતા પરાધિન છે. સાગર તેને જલ આપે ત્યારે જ તેમાં જલ ભરાય છે. પણ સાગરને કોઈની અપેક્ષા રહેતી નથી. કારણ કે પોતે પૂર્ણ અને અમાપ જલથી ભરેલો રહે છે.

સાગરમાંથી ગમે તેટલું જલ ખેંચી લેવાય, તો પણ તેમાંથી જલ ખૂટતું જ નથી. જ્યારે કૂપ-સરોવર-સરિતાના જલો ઘટી જાય છે. તેનું કારણ આ સર્વ પરાધિન છે. સાગરની આશા કરનારા છે. તેથી શ્રી વલ્લભ જે દિવ્ય પ્રેમાનંદના મહાસાગરરૂપ છે, તેમાંથી જ લીલાલોકમાં શ્રી ઠાકુરજી, શ્રી સ્વામીનીજીઓ તથા સખી-સહચરી-પશુ-પક્ષી સર્વને આનંદનો અનુભવ થાય છે. માટે હે મેરે મન-તું પ્યારા વલ્લભની જ આશા કર.

હવે અહીં એમ શંકા થાય કે, પ્રાણ પ્રિય શ્રી વલ્લભ દિવ્ય પ્રેમાનંદના મહા સિન્ધુરૂપ છે અને આપ આત્મારૂપથી દૈવી જીવોની નિકટ હૃદય ભીતર જ બીરાજી રહેલ છે. તો તેનો અનુભવ દૈવી જીવ કેમ કરી શકતો નથી ? આ શંકાના જવાબમાં, જેમ કે સાગરના તટ પર એક શહેર છે. આ શહેરમાં આપણે પણ નિવાસ કરીએ છીએ. અને આપણુ નિવાસ સ્થાન સાગરના તટ પર જ છે. તે આપણા નિવાસ સ્થાન-મકાનનો એક દરવાજો શહેર તરફનો છે અને બીજો દરવાજો સાગર તરફનો છે. હવે સાગર તરફનો દરવાજો તો આપણે બંધ કરી રાખ્યો છે. અને શહેર તરફનો દરવાજો ખુલ્લો રાખ્યો છે. તો જ્યારે શહેર તરફનો દરવાજો બંધ કરીને સાગર તરફનો ખોલીએ, તો જ સાગરમાં ભરેલા જલનો અનુભવ થાય. તેવી રીતે જ્યારે લૌકિક પ્રપંચમાંથી, મનને ખેંચીને શ્રી વલ્લભના સ્મરણ ભજનમાં જોડીએ, ત્યારે આપણી ભિતર બીરાજતા દિવ્ય પ્રેમાનંદના મહાસિન્ધુ શ્રી વલ્લભ પ્યારાના સ્વરૂપનો અનુભવ થાય છે. માટે લૌકિક-અલૌકિ બધાય સુખોની આશા છોડીને આપણા હૃદય ભીતર જ, આપણા આત્મારૂપે દિવ્ય પ્રેમાનંદના મહાસિન્ધુ સ્વરૂપ, શ્રી વલ્લભ બિરાજી રહ્યા છે. તેની જ આશા રાખીને શ્રી વલ્લભનું જ સ્મરણ-ભજન-ગુણગાન-ધ્યાન કરતાં રહેવાથી પ્રેમસુધા સિન્ધુ, શ્રી વલ્લભના સ્વરૂપનો અનુભવ સહે-

લાઈથી થાય છે શ્રી વલ્લભમાં જે દિવ્ય આનંદ રહેલો છે, તે વાત્સલ્ય સ્નેહનો જ મહાસિન્ધુ છે. તેવા વાત્સલ્ય સ્નેહથી જ, શ્રી વલ્લભના સુખની ભાવનાથી જ, શ્રી વલ્લભનું સ્મરણ-ભજન કરવું. તેથી આગળ તૂકમાં કહે છે કે.

‘‘હેતુ ના વિચારે કછુ, યામે હેતુ પાયો હે.

‘‘હેતુ ના વિચારે કછુ’’ તેનો અર્થ શ્રી વલ્લભ પ્યારાના સુખના વિચારો સિવાય, બીજા પોતાના સુખ સ્વાર્થના વિચારો મનમાં ઉત્પન્ન થવા ન દે. શ્રી વલ્લભના સુખમાં જ પોતાનું સુખ માને, આવો જે પ્રેમીજન છે, તે બધાય પ્રેમીજનોમાં શિરોમણી છે. આવા પ્રભુના સુખમાં જ પોતાનું સુખ માનનારા પ્રેમીજન કોટીમાં કોઈ એક જ હોવાથી ‘‘શુદ્ધ પ્રેમ્ણાતિ દુર્લભ’’ કહ્યા છે. અને આવો સ્વાર્થ વગરનો જેનામાં સ્નેહ નથી, તેવા બધાયની શુદ્ધ પુષ્ટિ ભક્તમાં ગણતરી થઈ શકતી નથી. જે પોતાના પ્રિયતમના સુખમાં જ સુખી છે અને પ્રિય પ્રભુ સિવાય બીજુ કંઈપણ જેને સ્મરણ જ નથી તે ‘‘શુદ્ધપુષ્ટિ’’ કહેવાય છે. આવા પ્રેમીજનો પોતાની દુનિયા નિરાલી જ રચે છે. એટલે કે આ પ્રેમી ભક્તની દુનિયામાં, તેના પ્રાણ પ્યારા વલ્લભ સિવાય બીજુ કંઈ દેખાતું નથી. જ્યાં જ્યાં તેની દૃષ્ટિ પડે છે, ત્યાં ત્યાં પ્યારા વલ્લભને જ નિહાળે છે. દિવ્ય પ્રેમની કક્ષાનું આ શિખર છે. અથવા દિવ્ય પ્રેમની શિખર અવસ્થા આને જ કહેવાય છે કે, પ્રેમીજન પોતાની દુનિયા પોતાના પ્રિયતમમય નિરાલી જ બનાવે. શ્રી વલ્લભમાં જેનો આવો અનન્ય ભાવપૂર્વકનો તત્સુખી સ્નેહ છે, તેવા પ્રેમીજન પોતાની નિરાલી દુનિયા રચવાનું સામર્થ્ય મેળવી શકે છે. તેથી પ્યારા વલ્લભના અનન્ય આશ્રયનો આવો મહાન પ્રભાવ જાણીને, શ્રી વલ્લભના જનોએ શ્રી વલ્લભ સિવાય બધાયની આશા છોડીને, શ્રી વલ્લભનું જ ભજન-સેવન-સ્મરણ-ગુણગાન કરવું. ઉચ્ચ કોટીના પ્રેમીજનો પોતાના પ્રિયતમના સુખમાં જ પોતાનું

સુખ માનતા હોવાથી છેવટમાં શ્રી ગોપાલદાસજી કહે છે કે, "સિદ્ધાંત મત ઔર કહો મેરે મન ન સુહાયો હે" તત્સુખી સ્નેહ સિવાયના સ્વાર્થ ભરેલા સ્નેહના સિદ્ધાંતો મને રૂચતા નથી. તેમ ગોપાલદાસજી અહીં દિવ્ય સ્નેહના ઉચ્ચ કોટીના સિદ્ધાંતનો પ્રેમીજનોને પરિચય કરાવી રહ્યા છે. તત્સુખ–વાત્સલ્ય પ્રેમ જ દિવ્ય પ્રેમનું શિખર છે. અને આવા તત્સુખી પ્રેમનો મહાસિન્ધુ શ્રી વલ્લભના સ્વરૂપમાં જ રહેલો છે. બીજે કયાંય આ પ્રેમ મેળવી શકાય તેમ નથી. તેથી જેને શિખરનો દિવ્ય પ્રેમ મેળવવો હોય, તેણે શ્રી વલ્લભનો જ અનન્ય આશ્રય રાખવો. એવું રહસ્ય આ કવિતથી જાણવામાં આવે છે.

અહીં એક આ રહસ્ય પણ જાણી લેવું કે, સંયોગના પણ સુખોને છોડીને, જે નિરંતર વિરહના અનુભવમાં ડૂબ્યો રહે છે. તેવો પ્રેમીજન જ દિવ્ય પ્રેમના શિખરે પહોંચી શકે છે. કારણ કે વિરહના અનુભવમાં પ્રેમીજન નિરંતર પ્રિયતમના સ્વરૂપનું ધ્યાન કરી, પ્રિયતમના સ્વરૂપથી તદાત્મક થઇ જાય છે. ત્યારે દિવ્ય પ્રેમના સિન્ધુરૂપ, આ પ્રેમીજન પોતે જ બની જાય છે. અને નિરાલી દુનિયા રચવાનું સામર્થ્ય પણ મેળવી શકે છે.

'ગોપી પ્રેમકી ધ્વજા' શ્રી ગોપીજનોએ દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય ધ્વજા ફરકાવવાનું જે સામર્થ્ય મેળવ્યું છે, તે વિરહના દુઃસહ અનુભવથી જ **'કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિ રૂચ્યતે'** ભકિતની સર્વોત્કૃષ્ટતા સ્વતંત્ર ભકિતની પ્રાપ્તિમાં છે. આ સ્વતંત્ર ભકિતની પ્રાપ્તિ, તેનું જ નામ દિવ્ય પ્રેમ રાજ્ય ઉપરનો વિજય છે. આ દિવ્ય પ્રેમના શિખરે પહોંચાડનાર વિરહાનુભવ છે. આથી વિરહાનુભવ પરમ પુરૂષાર્થરૂપ છે. અને શ્રી વલ્લભાગ્નિની અતિશય કૃપાથી વિરહભાવનું દાન થાય છે. આ અધિકાર અતિ દુર્લભ છે. **'શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભ'** તેથી વિરહનો અનુભવ જ દિવ્ય પ્રેમના શિખરે પહોંચાડનાર છે. **"મનપ્રબોધ"** ગ્રંથની આ ફલશ્રુતિ છે. (૭૧) * *

રાગ — રામકલી

જો પેં શ્રીવલ્લભ ચરણ ગહે;
તો મન કરત વૃથા ક્યોં ચિંતા,
હરિ હિયેં આય રહે. ૧

જન્મ જન્મ કે કોટિક પાતક,
છિનહીં માંઝ દહે;
સાધન કર સાધો જિન કોઉ,
સબ સુખ સુગમ લહે. ૨

કોટિ કોટિ અપરાધ ક્ષમા કર,
સદા નેહ નિબહે;
અબ સંદેહ કરો જિન કોઉ,
કરુણાસિંધુ લહે. ૩

અબલોં બિન સેવેં શ્રી વલ્લભ,
ભવદુઃખ બહુત સહે;
'રસિક' મહાનિધિ પાય ઓર ફલ,
મન વચન ક્રમ ન ચહે. ૪

— શ્રી હરિરામ મહાપ્રભુ